

# ગુજરાતની સ્થાપત્યકલા





# ગુજરાતની સ્થાપત્યકલા




પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

મુદ્રક : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.

વર્ષ : ૨૦૧૯-૨૦

પ્રસ્તુત પુસ્તકમાં વાચકોને ગુજરાતના સ્થાપત્ય અંગેની વિગતો પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમ છતાં અદ્યતન અને વધુ વિગતો માટે પુરાતત્ત્વ અને સંગ્રહાલય ખાતું, ગાંધીનગર અથવા જે તે જિલ્લાની વેબસાઈટ કે વહીવટી કચેરીનો સંપર્ક કરવો.



सत्यमेव जयते

# ગુજરાતનો સ્થાપત્યકલા વારસો બહુમૂલ્ય છે

ગુજરાતનો સ્થાપત્ય, કલા અને સાંસ્કૃતિક વારસો બહુમૂલ્ય અને ગૌરવવંતો છે. ગુજરાતમાં વિકસેલી વિવિધ પ્રાચીન સંસ્કૃતિઓ, વસાહતો તેમજ વિવિધ રાજવીઓએ પોતાના શાસનકાળ દરમિયાન વિવિધ સ્મારકો જેવા કે, મહેલો, મંદિરો, મસ્જિદો, મકબરા, ઐતિહાસિક પ્રવેશદ્વારો, ઉજાણીગૃહો, વાવો, કૂવા, તળાવો, સરોવરો તેમજ પોળો, ગુપ્તમાર્ગો અને ગુફાઓનાં નિર્માણ કાર્ય કર્યા છે.

ગુજરાતની સ્થાપત્ય કલાના આ ભવ્ય અને સમૃદ્ધ વારસાને તેમજ અનૂઠા ઈતિહાસને ઉજાગર કરવા પુરાતત્ત્વ વિભાગે આવાં સ્થળો માટે ઉત્ખનન કરી શોધી કાઢી તેમને રક્ષિત સ્મારકો જાહેર કર્યા છે. રાજ્ય સરકાર સમયાંતરે રક્ષિત સ્મારકોની જાળવણી પણ કરે છે.

ગુજરાતના આ ભવ્ય વારસાના ઈતિહાસથી ગુજરાતના લોકો તેમજ દેશ-વિદેશના સહેલાણીઓ-પર્યટકો માહિતગાર થાય તે માટે માહિતી ખાતા દ્વારા **ગુજરાતની સ્થાપત્યકલા** સચિત્ર પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી રહી છે. તે જાણી આનંદની લાગણી અનુભવું છું.

મને વિશ્વાસ છે કે, આ પુસ્તિકા ગુજરાતના ભવ્ય ઐતિહાસિક સ્થાપત્ય, કલા વારસાના ચાહકો, સંશોધકો અને ગુજરાતના પ્રવાસીઓ માટે ઉપયોગી નીવડશે.

**(વિજય રૂપાણી)**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

## ગુજરાતના સ્થાપત્ય સ્થળો ભારતની સાંસ્કૃતિક ઓળખ

ગુજરાતમાં આવેલા પુરાતત્ત્વીય સ્મારકો સ્વયંમાં ભૂતકાળ સાચવીને જાણે કથાકાર બની ભૂતકાળની ભવ્ય ગાથાઓ સાચવી આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાના પ્રતીક બન્યા છે. આપણા ઐતિહાસિક જળમંદિરોની પરંપરાઓ, રાજાઓની પ્રજાજનો માટેની ઉદારતા દર્શાવતા વિશિષ્ટ કોતરણીવાળા તળાવો, રાજાઓએ પોતાના રાજ્યની સુરક્ષા માટે બનાવેલા કિલ્લાઓ તથા રાજ્ય કિલ્લો સુહક્ષિત કરતા દરવાજાઓ, પૂજા-આરાદના માટેના ધાર્મિક દેવાલયો ઇત્યાદીથી વર્તમાનની તથા ભવિષ્યની પેઢીને આ પુરાતન સ્તળો મજબૂતપણે જોડી આપતા સેતુ છે.

ભારત તરફથી વિશ્વને પ્રાપ્ત થયેલું પહેલુ-વહેલું 'વૈશ્વિક હેરિટેજ શહેર' બનવાની ખ્યાતિ ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરને ફાળે જાય છે. સોલંકી વંશમાં નિર્માણ પામેલી સુંદર અને વિશાળ પાટણની 'રાણકી વાવ' તથા પંચમહાલની લોકપ્રિય 'સાત કમાનો' ભારત તરફથી 'વર્લ્ડ હેરિટેજ' સાઈટ તરીકે વિશ્વને મળેલી ભેટ છે. અમદાવાદનું પ્રાચીન બંદર લોથલ, કચ્છનું પ્રાચીન શહેર ધોળાવીરા, જૂનાગઢનો સુપ્રસિદ્ધ અશોકનો શિલાલેખ તેમજ મહેસાણા સ્થિત મોઢેરાનું સૂર્યમંદિર જેવા વધુ જાણીતા પુરાતન સ્થળો તથા ઓછા જાણીતા રાજ્યભરના વિવિધ પુરાતન સ્મારકો પ્રત્યે લોકજાગૃતિ ફેલાય તે માટે લેવામાં આવતા તમામ પ્રયાસો આવકારદાયક છે.

પ્રવાસન ક્ષેત્રે ગુજરાતનો પુરાતત્ત્વીય વારસો રાજ્યને લોકપ્રિય બનાવે છે. ગુજરાતના નાગરિકો તથા પુરાતત્ત્વ વિષયના રાજ્ય અને દેશભરના વિદ્યાર્થીઓ સુધી ગુજરાતની આ સાંસ્કૃતિક ધરોહર પહોંચે તે માટે માહિતી વિભાગ દ્વારા **'ગુજરાતની સ્થાપત્યકલા'** પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકાનું પ્રકાશન કાર્ય તેના ઉમદા હેતુને પરિપૂર્ણ કરે એવી શુભેચ્છા પાઠવું છું.

**(ઈશ્વરસિંહ પટેલ)**
રાજ્ય કક્ષાના મંત્રી, રમત-ગમત,
યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.



# પુરાતત્ત્વીય વારસાના જતન દ્વારા ઐતિહાસિક મૂલ્યોની સુપેરે જાળવણી

પ્રત્યેક પ્રદેશનો સાંસ્કૃતિક, કલા અને સામાજિક વારસાનો ઈતિહાસ હોય છે. સ્થાપત્ય અને કલા ઐતિહાસિક વિરાસતોનો બોલતો દસ્તાવેજ છે. વર્તમાન પેઢીને ઐતિહાસિક વારસાની વિગતોથી અવગત કરાવવા માટે પુરાતત્ત્વીય અવશેષો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

આપણા અગત્યના પુરાતત્ત્વીય વારસાને બરકરાર રાખવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પુરાતત્ત્વીય વિભાગ દ્વારા મહત્ત્વના સ્મારકોને રક્ષિત સ્મારકો જાહેર કરી તેની જાળવણી કરી આધુનિક પેઢી તથા દેશ-વિદેશના પર્યટકોને ભવ્ય ઐતિહાસિક વારસાની સુપેરે ઝાંખી પ્રસ્તુત કરે છે. શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકાર મહામુલા ઐતિહાસિક વારસાને પ્રતિબિંબિત કરતાં સ્મારકોને જાળવવા અને તેના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે.

મને એ જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના નાગરિકો પણ પ્રાચીન વારસાને સાચવવા પ્રયત્નશીલ છે ત્યારે ગુજરાતના દરેક જિલ્લામાં આવેલા સ્મારકો અને પ્રાચીન સ્થળોની માહિતી આપતું પુસ્તક **'ગુજરાતની સ્થાપત્યકલા'** માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે. મને આશા છે કે, આ પુસ્તક પર્યટકો, વિદ્યાર્થીઓ, ઈતિહાસવિદો, સ્થાપત્ય કલાના ચાહકો તેમજ નાગરિકોને ઉપયોગી બનશે.

**(અશ્વિની કુમાર)** (આઈ.એ.એસ.)
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



## પ્રકાશકીય

પુરાતત્ત્વ એટલે પ્રાચીન કાળના માનવીઓની પ્રવૃત્તિઓનું તેના દ્વારા નિર્મિત કૃતિઓ, અવશેષોનું અધ્યયન દ્વારા આલેખન. ગુજરાતમાં હડપ્પીય અને સિંધુ સભ્યતાની મોટી વસાહતો આવેલી છે. જેમાં લોથલ, રોઝડી, સુરકોટડા અને ધોળાવીરાનો સમાવેશ થાય છે. ગુજરાતે ભવ્ય સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય વારસાને જાળવી આવનારી પેઢીને ભેટ આપી છે.

દરેક દેશનાં ઈતિહાસના સંશોધન માટે તે દેશનો પુરાતત્ત્વીય વારસો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતીમાં પ્રાગૈતિહાસિક કાળથી લઈ ગાંધીયુગ સુધીના વિવિધ સ્થળો, અવશેષો અને સ્મારકો વિદ્યમાન છે.

આ પુરાતત્ત્વીય વારસો જે તે સ્થળના કલા, સ્થાપત્ય અને સાંસ્કૃતિક પાસાઓને અભિવ્યક્ત કરે છે. આપણા પ્રાચીન વારસાને સાચવવાની દરેક નાગરિકની ફરજ છે. ગુજરાતમાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરના વિવિધ પ્રાચીન સ્મારકોની જાણકારી આપતું **'ગુજરાતની સ્થાપત્યકલા'** પુસ્તક માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે જે વિદ્યાર્થીઓ અને પુરાતત્ત્વવિદો તેમજ નાગરિકોને ઉપયોગી નીવડશે.

**(અશોક કાલરીયા)**
માહિતી નિયામક

# ❖ "ગુજરાત"- ઐતિહાસિક સાંસ્કૃતિક પરિચય

ભારતીય સાંસ્કૃતિક વારસો તેના ભવ્ય ઐતિહાસિક ધરોહરથી સદાય હર્યોભર્યો રહ્યો છે. ગુજરાતમાં વિવિધ માનવ સંસ્કૃતિઓ નિખાર પામી હતી. જેમાં વિવિધ ભાષા, બોલી, પહેરવેશ, જીવનશૈલી, સંસ્કાર, સભ્યતાની કલાઓનો સમાવેશ થાય છે. જેમાં સ્થાપત્ય, કલા વારસો વિવિધ પ્રદેશના પ્રજાવત્સલ રાજાઓ, મહારાજાઓ, સુબા અને દિવાનો તેમજ પ્રજાઓએ ગુજરાતમાં વસવાટ દરમિયાન સ્થાપેલ પોતાની વિવિધ કલા-સંસ્કૃતિઓના અવશેષો જોવા મળે છે.

ગુજરાતના આનર્ત, લાટ, માળવા, પાંચાલ, સોરઠ, કચ્છ, બન્ની જેવા વિવિધ પ્રદેશો તેની લોક સંસ્કૃતિઓ અને પ્રતાપી રાજવીઓએ પ્રજા માટે આરામ કરવાના સ્થળો, હવા મહેલો, રજા ગાળવા ઉજાણી ગૃહો, પીવાના પાણી માટે કૂવા, તળાવો, વાવો, ધાર્મિક મંદિરો અને મસ્જિદો વગેરેની બેનમૂન સ્થાપત્ય-કલા વિકસાવી હતી. તે જે તે પ્રદેશોની પ્રજા અને સંસ્કૃતિની આગવી ઓળખ બનીને ઐતિહાસિક ગવાહી પૂરે છે.

આ પુરાતત્ત્વીય વારસો અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, રેલ તેમજ ક્લાયમેટ ચેન્જ જેવા ભૂસ્તરિય અને હવામાન ફેરફારોના કારણે લુપ્ત થતી જાય છે. આ મહામૂલા વારસાને જાળવવા સરકારનું પુરાતત્ત્વ ખાતું સંશોધનો અને ઉત્ખનન કરી તેનું રક્ષણ થાય તે માટે સ્મારકોને રક્ષિત જાહેર કરી તે અંગેની નવી પેઢીને જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેની ઝાંખી આપણે આ પુસ્તકમાં નીહાળીએ.

## ● 'ગુજરાત' નામકરણ :

સૌ પ્રથમ 'ગુજરાત' શબ્દ 'અબુરાસ' (Aaburas) (ઈ.સ. ૧૨૩૩) માં જોવા મળે છે. સોલંકી કાળ દરમિયાન આ દેશ 'ગુર્જરદેશ' તરીકે ઓળખાતો હતો. આ સમય પહેલાં ગુજરાતના વિવિધ ભાગો આનર્ત, લાટ, સુરાષ્ટ્ર, અપરાન્ત તરીકે ઓળખાતા હતા. લાટ એ નર્મદા અને તાપી નદી વચ્ચેનો પ્રદેશ અથવા સામાન્ય રીતે દક્ષિણ ગુજરાત 'લાટ' તરીકે ઓળખાતું હતું. સૌરાષ્ટ્ર પ્રાકૃતમાં 'સુરઠ્ઠ' અથવા 'સોરઠ' તરીકે ઓળખાતો હતો. એનું સંસ્કૃત રૂપાંતર 'સુરાષ્ટ્ર' અથવા સૌરાષ્ટ્ર છે. ઉત્તર ગુજરાતનો  આબુથી સાબરમતી નદીનો પ્રદેશ 'આનર્ત' તરીકે ઓળખાતો હતો. મરાઠા શાસનમાં સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' તરીકે ઓળખાતું હતું. ત્યારબાદ બ્રિટિશ શાસનમાં પણ આ નામ ચાલુ રહ્યું. આઝાદી બાદ તે સૌરાષ્ટ્ર તરીકે ઓળખાય છે.

પ્રાચીન ભારતનું પાંચ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું હતું. તેના પેટા વિભાગમાં કેટલાક જનપદોનું વિભાજન કરવામાં આવ્યું હતું. હાલના ગુજરાતનો તે સમયના પ્રદેશને 'અપરાન્ત'માં સમાવેશ થયો હતો. 'અપરાન્ત' એટલે ભારતની ઉત્તર દરિયાઈ સીમાનો અંત આવે છે. કેટલીકવાર તેમાં મધ્યપ્રદેશનો પણ સમાવેશ કર્યો હતો. આ સમય બુદ્ધકાળનો હતો. બૌદ્ધ સાહિત્યમાં આ પ્રદેશનો ઉલ્લેખ 'લાટ' અને 'સૌરાષ્ટ્ર' પ્રદેશ તરીકે થયો છે.

## ● 'લાટ'- 'સુરઠ્ઠ' પ્રદેશ :

'લાટ' શબ્દની ઉત્પત્તિ માટે વિદ્વાનોમાં મતભેદ જણાય છે. પરંતુ રટ્ટ-લટ્ટ નામે જાતિના નામ પરથી થઈ હોવાનો મત સહુથી વધુ સંભવિત જણાય છે. સુરઠ્ઠ સુરાષ્ટ્ર અને મહારઠ્ઠ- મહારાષ્ટ્ર એ બે પ્રદેશના નામોના મૂળમાં પણ એ જ 'રટ્ટ' શબ્દ રહેલો છે. 'લાટ' નામ ઈ.સ. ની પાંચમી સદીથી અભિલેખોમાં જોવા મળે છે.

આ પ્રદેશ માલવદેશની પશ્ચિમે, ગુર્જર દેશની દક્ષિણે અને અપરાન્ત-ત્રિકુટ દેશની ઉત્તરે આવેલા સમસ્ત ગુજરાતના પ્રદેશ માટે પ્રયોજાતું હતું. એનો ઉલ્લેખ ટૉલેમીની ભૂગોળ અને વાત્સ્યાયનના કામસૂત્રમાં જોવા



મળે છે. લાટ દેશમાં સુરાષ્ટ્ર અને પશ્ચિમ માલવનાનો પણ સમાવેશ થતો હતો. આઠમી સદી સુધી લાટનો વિસ્તાર કચ્છ-સૌરાષ્ટ્રથી શરૂ કરીને ઉજ્જૈન સુધીનો પ્રદેશ આવી જતો હતો. કર્ણાટકના રાષ્ટ્રકુટોએ આ પ્રદેશ પર શાસન સ્થાપતાં તેની હેઠળના શાસનના ભાગને 'લાટ મંડળ' નામ અપાયું હતું. આગળ જતાં માત્ર દક્ષિણ ગુજરાત માટે જ 'લાટ' નામ વપરાતું હતું.

### ● આનર્ત દેશ :

ભગવદગોમંડલમાં જણાવ્યા અનુસાર 'આનર્ત' ભારતનો આ નામનો દેશ. વૈવસ્વત મનુનો પૌત્ર અને યયાતિનો દીકરો. આ સૂર્યવંશી રાજાના નામ પરથી ગુજરાતના કેટલાક ભાગનું નામ આનર્ત પડ્યું. તેનો પુત્ર રેવત કુશસ્થલી અથવા દ્વારકા નામની રાજધાનીમાં રહીને આખા આનર્ત પ્રદેશ પર રાજ કરતો હતો. આનર્તનું મુખ્ય શહેર દ્વારકા હતું. પાછળથી તેણે વડનગર પાસે આનર્તપુર વસાવી ત્યાંથી રાજ કરતો હતો. આ સંદર્ભો જોતાં સમગ્ર સૌરાષ્ટ્ર-કાઠીયાવાડ અને આખો ગુજરાત તે સમયે આનર્તનો એક ભાગ હતો.

આગળ જતાં સૌરાષ્ટ્રથી અલગ એવા ગુજરાતના પ્રદેશ માટે વપરાતું હતું. રૂદ્રદામાના લેખમાં આનર્તને સુરાષ્ટ્ર સાથે સંયુક્ત નામે બોલાવાતું હતું. પરંતુ બીજી સદીના શિલાલેખોમાં આનર્તને સૌરાષ્ટ્રથી અલગ દર્શાવ્યું છે. પુરાણોમાં આ નામ ઉત્તર ગુજરાતના મર્યાદિત અર્થમાં વપરાયું છે. તેની રાજધાની આનર્તપુર એ ઉત્તર ગુજરાતમાં આનંદપુર (વડનગર)ને દર્શાવી છે. આમ "આનર્ત" નામ સમગ્ર ગુજરાત માટે વપરાતું હતું. પરંતુ આગળ જતાં માત્ર ઉત્તર ગુજરાત માટે જ વપરાયું.

### ● ગુર્જર દેશ

આ 'ગુર્જર' શબ્દની ઉત્પત્તિ માટે અનેક મતો સુચવાયા છે. એમાં ગુજ પરથી 'ગુર્જર' થયું એમાં અરબી પ્રત્યય 'आत' ઉમેરાયો ત્યારે 'ગુજરાત'માં રૂપાંતર થયો. રાષ્ટ્રકુટોના દાનપત્રોમાં गूज्जरेश्वरपति અને गूज्जरेश्वर શબ્દો મળે છે. જે ગુર્જર રાજાને ઉદ્દેશીને લખાયા છે. અહીંયાં गुर्ज्ञर વંશવાચક શબ્દ છે. હર્ષચરિતના બાણ પ્રભાકરવર્ધન (ઈ.સ. ૬૦૦ની આસપાસ)ને गुर्ज्ञरप्रगार કહે છે. આ શબ્દમાં 'ગુર્જર' પ્રજા અને દેશ હોવાનો સંકેત કરે છે. ગુજરાતના ચૌલુક્યોની પૂર્વે આ ઉત્કીર્ણ લેખોમાં પણ 'ગુર્જર', 'ગુર્જરવંશ', 'ગુર્જરદેશ', 'ગુર્જરમંડલ' ગુર્જરભૂમિ गुर्ज्ञरत्रा, गुज्ञव्ज्ञरत्ता શબ્દો જોવા મળે છે.

આચાર્ય ગિ.વ.ના 'ગુજરાતના ઐતિહાસિક "ઉત્કીર્ણ લેખો" ગ્રંથ-૧માં ગુર્જરવંશના લેખો-લેખ નં. ૧૦૯માં દર્શાવ્યું છે કે, નાંદોદ-દક્ષિણ ગુજરાતનો રાજવંશનો સ્થાપક દદ્ ૧લો ગુર્જર બ્રાહ્મણ હરિચંદ્રનો ક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયેલો પહેલો પુત્ર હતો તેના બીજા પુત્રે ભિન્નમાલમાં ગુર્જર પ્રતિહાર વંશની સ્થાપના કરી હતી. આ રીતે ગુર્જર ઈ.સ. ૫૦૦થી પ્રસિદ્ધ થયો છે. દદ્ ૧લો ચાંદોદ-દક્ષિણ ગુજરાતમાં સ્થિર થયો છતાં તે પ્રદેશનું નામ 'ગુર્જરદેશ' રાખ્યું ન હતું. પરંતુ બીજા પુત્રે ભિન્નમાલને રાજધાની બનાવી આબુના ઉત્તર દિશાના વિશાળ મરૂપ્રદેશને 'ગુર્જરદેશ' તરીકે જાણીતો કર્યો હતો. ઈ.સ. ની ૧૦મી સદીમાં આબુના ઉત્તર બાજુના પ્રદેશ માટે गुर्ज्जरत्रा કે गूर्ज्जरवा प्रा. गुज्जरता અને અરબી गुव्ज्ञात શબ્દો પ્રચલિત હતા. આરબ પ્રવાસી અલ્બીરૂની એ (ઈ.સ. ૧૦૩૦) પોતાની પ્રવાસ નોંધમાં આબુથી ઉત્તર જૈપુર સુધીના પ્રદેશ માટે गुव्ज्ञात શબ્દ પ્રયોજ્યો હતો. આરબો પશ્ચિમ ભાગના પ્રદેશો ઉપર અવારનવાર હુમલાઓ કરતાં હતાં. આબુની ઉત્તરના પ્રદેશમાં રહેતી પ્રજા 'ગુર્જર' હોવાથી આરબોએ આ પ્રદેશ માટે પ્રજાવાચક નામ गुज्ज्ञ નું બહુવચન અરબી ભાષામાં गुव्ज्ञात થતું હોય આરબોએ આ પ્રદેશને આપેલ નામ ગુજરાત પ્રચારમાં આવ્યું. પ્રાકૃત गुज्ज्ञरता કે સંસ્કૃત गुर्ज्ञरत्रा નામ પ્રજામાં વપરાતું ન હતું. પરંતુ અરબી પ્રવાસીએ આપેલ નામ गुज्रात ગુજરાત વધારે પ્રસિદ્ધ થયું હતું.



## • આબુની ઉત્તરની પ્રજા કે પ્રદેશને માટે ‘ગુર્જર’ કે ‘ગુર્જરવા’ નામ આબુની દક્ષિણના પ્રદેશ માટે ક્યારે વપરાયું ?

શ્રીમાલ કે ભિન્નમાલમાં ‘ચવોટક’ અને ચાપોત્ક્ટ એટલે ચાપવંશના રાજાઓ રાજ કરતાં હતાં. આ ચાપ-ચવોટક એટલે ચાવડાવંશ. તેમના ગુર્જર દેશની રાજધાની ભિન્નમાલ હતી. એ આજે ગુર્જરદેશની આબુની ઉત્તર-પશ્ચિમે હાલનો રાજસ્થાનના દક્ષિણ ભાગમાં આવેલો મરૂપ્રદેશ હતો, આ ચાવડાવંશમાં જયશીખરીના પુત્ર વનરાજે અણહિલ પાટક કે અણહિલપત્તન અર્થાત્ અણહિલવાડ પાટણમાં નવું રાજધાની નગર વસાવ્યું. ચાવડા વંશનું રાજ્ય ૧૯૬ વર્ષ સુધી રહ્યું હતું. ચાવડા વંશના છેલ્લા રાજાનો અનુગામી મૂળરાજ સોલંકી વિ.સ.૯૯૮માં ગાદીએ આવ્યો. આ સોલંકી વંશને લગતા અભિલેખોમાં તથા ગ્રંથોમાં વંશનું નામ ‘ચૌલુક્ય’ આપેલું છે. આ ચૌલુક્યને ગુજરાતીમાં ‘સોલંકી’ રૂપે પ્રયોજાયું છે. અણહિલવાડના ચૌલુક્ય (સોલંકી) વંશનો સ્થાપક મૂળરાજ સોલંકી હતો. મહાકવિ ક્ષેમેન્દ્ર (ઈ.સ. ૯૯૭) પોતાના ગ્રંથમાં માલવસિંહને ગુર્જરપતિ મૂળરાજ તરીકે ઓળખાવે છે. આ મૂળરાજે આબુની પાસે આવેલા સત્યપુરમંડલ (ભિન્નમાલ પ્રદેશ)નો સ્વામી હતો. આથી તેને ‘ગુર્જરેશ્વર’ કહ્યો હતો. વિશાળ ગુર્જર દેશનો દક્ષિણ પ્રદેશ આબુ સુધીનો મૂળરાજના શાસન નીચે હતો.

મૂળરાજે પોતાની સત્તા પ્રાચીન ગુર્જરદેશની દક્ષિણે આવેલા પ્રદેશોમાં વિસ્તારી અને તે પ્રદેશને તેણે ‘ગુર્જરદેશ’ નામ આપ્યું. જે જે નવા પ્રદેશો આ વંશના રાજાઓ જીતતા ગયા તેમ ‘ગુર્જરદેશ’, ‘ગુર્જરભૂમિ’, ‘ગુર્જરધરા’ ગુર્જરમંડલ જેવા નામ અપાતા હતા. મૂળરાજ સોલંકીએ મારવાડ ઉપરાંત અણહિલવાડમાં સત્તા સ્થાયી એના વંશજોએ સત્તા સમસ્ત લાટ સુધી વિસ્તારી. આ ઘટનાઓએ આ પ્રદેશને ‘ગુજરાત’ નામ અપાવ્યું હોઈ ગુજરાતના શતકોથી પ્રચલિત એવા વર્તમાન નામનો મૂળ સંબંધ સોલંકી વંશ સાથે રહેલો જણાય છે. સોલંકી વંશના સિદ્ધરાજ જયસિંહે ધારાપતિ યશોવર્માને હરાવી માલવા પ્રદેશ જીતી લીધો. આમ ‘અંવતિમંડલ’ પણ ગુર્જરદેશ સાથે ભળી ગયું. ઈ.સ. ૧૧૩૮ના ઉજ્જૈનના ઉત્કીર્ણ લેખમાં ‘અંવતિમંડલ’ તરીકે માલવાનો નિર્દેશ થયો છે. ઉત્તરે જયપુર તેમજ પૂર્વમાં ગ્વાલિયર અને કોટા પણ આ ‘ગુર્જરદેશ’ના મહારાજ્યમાં સામેલ હતા. આ સોલંકી વંશના કુમારપાળે ગુર્જર મહારાજ્યને સારી રીતે સાચવી રાખ્યું. દૂર દૂરના પ્રદેશોમાં  તે પ્રતિનિધિઓ નીમી રાજ કરતો હતો. ઈ.સ. ૧૧૭૩માં કુમારપાળનું મૃત્યુ થયું. ત્યારબાદ આ વંશનો છેલ્લો રાજા ભોળોભીમ ગુર્જરેશ્વર થયો. ભોળાભીમના કાળમાં તેનો પ્રદેશ મર્યાદિત થયો. જિનદત્તસૂરિ (ઈ.સ. ૧૧૫૪)ના તેના ગણધરશતકમાં આ વિશાળ પ્રદેશને ગુજ્જરતા કહ્યું છે. ત્યારબાદ ઈ.સ. ૧૨૧૬માં પ્રભાસ પાટણમાંથી શ્રીધરની દેવપાટણ પ્રશસ્તિમાં ‘ગુર્જરાત્રા’ શબ્દ મર્યાદિત પ્રદેશને માટે થવા લાગ્યો. આજ સમયના અજમેરના નાલ્હ કવિ વીસબદેવરાસા (ઈ.સ. ૧૨૧૬)માં કરેલ નિર્દેશ નોંધનીય છે.

**दीपोदेश भंडोवरी सपंद सोरठ सारी गुजरात ॥ १६ ॥**

અહિ “સોરઠ” અને “ગુજરાત” બન્નેનો ઉલ્લેખ છે. પરંતુ સોરઠનો પણ ગુજરાતમાં સમાવેશ કર્યો છે.

વાઘેલાવંશની સત્તા પછી દિલ્હી સલ્તનતોનું શાસન આવ્યું. મહંમદ બેગડાએ ગુજરાતના ધ્વજ નીચે સમગ્ર પ્રદેશને ‘ગુજરાત’ હેઠળ એકત્રિત કર્યો. ૧લી મે, ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે જે પ્રદેશ માટે ‘ગુજરાત’ રાજ્ય વપરાયો તે આ જ પ્રદેશ હતો.

## • ગુર્જર જાતિ :

જે પ્રદેશને ગુર્જર દેશ- ગુર્જરત્રા કે ગુજરાત કહીએ છીએ તે ‘ગુર્જર’ જાતિની ઉત્પત્તિ વિષે ઘણા મતભેદો છે. એક મત એવો છે કે ‘ગુર્જર પ્રજા મૂળ ભારતીય પ્રજા છે. જ્યારે બીજો મત તેને પરદેશી હોવાનું ઠરાવે છે.



જ્યારે શ્રી કનૈયાલાલ મુનશી તેમના "The glory that was Gujarat desh" માં પરમાર-પ્રતિહાર, ચૌલુક્યો, ચૌહાણ, ગોહિલ-ગેહલોત, ચાવડા વગેરે મૂળ બ્રાહ્મણ હતા. આ લોકો સિંધ, મેવાડ, મારવાડ, સૌરાષ્ટ્ર અને હાલના ગુજરાતમાં વસતી પ્રજાના કેન્દ્રમાં હરિચંદ્ર નામના બ્રાહ્મણ પ્રતિહારો અને ક્ષત્રિય સ્ત્રીથી જન્મેલા પુત્રોને ગુર્જર-પ્રતિહાર ક્ષત્રિયો કહ્યા છે. જ્યારે શ્રી રસિકલાલ પરીખ કહે છે કે - મહાભારતમાંની જાતિઓની યાદીમાં હર્ષચરિત્રની પૂર્વેના કોઈ સંસ્કૃત ગ્રંથમાં ગુર્જરોનો ઉલ્લેખ મળતો નથી. આથી ગુર્જરો પરદેશી હોવા જોઈએ. 'ગુર્જરો' ભારતીય હોવાનો મત રજૂ કરતાં રાહુલ સાંકૃત્યાયન કહે છે કે, ઈ.સ. પૂર્વેની બીજી સદીથી શરૂ કરીને ચોથી સદી સુધીના યૌધેય પ્રજાના સિક્કા મળે છે. આ સિક્કાઓ ઉપર यौधेय गणस्य यौधेयाना जयमैत्रसालिना શબ્દો અંકિત થયેલા છે.

યૌધેય નામની એક શક્તિશાળી 'ગણતંત્ર'ની વીર પ્રજાનું રાજ્ય યમુના, સતલજ તથા ચંબલ-હિમાલયની વચ્ચે આવેલું છે. તેઓના સિક્કાઓ મથુરાથી સહરાનપુર સુધીના પ્રદેશમાંથી મળી આવ્યા છે. કનિષ્કના સિક્કાઓ જેવા આ સિક્કા ઈ.સ.ના ત્રીજા સૈકાની આસપાસના છે. આ સિક્કાની એક બાજુ જમણો હાથ પ્રસારી દયાભાવ દર્શાવતા પુરુષની આકૃતિ છે અને બીજી બાજુ કાર્તિક સ્વામીની આકૃતિ છે. આ આકૃતિની ચારેબાજુ यौधेय गणस्य એવા અક્ષરો અંકિત થયેલા છે. યૌધેય પ્રજાનું ગણતંત્ર રાજ્ય હતું એ તેના સિક્કા પરથી જાણી શકાય છે. આ સમયે દેશમાં ઘણા પ્રજાસત્તાક રાજ્યો હતા જેવા કે માલવા, આભીરો, પ્રાર્જુનો, ગિરનારના રૂદ્રદામનના લેખમાં આ પ્રમાણેનો યૌધેય માટે ઉલ્લેખ છે.सर्वक्षत्राविष्कृत वीरशब्द जीतोत्सकाना यौधेयाना ૧૦/૧ યૌધેય લોકો બહુ મુશ્કેલીથી ગુલામી સ્વીકારે છે અને सर्वक्षत्रियोમાં તેઓ 'વીર'ની ઉપાધિ સાર્થક કરી ગર્વ લે છે. આ રીતે યૌધેય પ્રજા 'વીર' ઉપાધિ માટે ગર્વ લેતી હતી.

ગણતંત્ર રાજ્યમાં સામાજિક સમાનતાને મહત્ત્વ આપવામાં આવતું હતું. આથી તે રાજ્યમાં નાત-જાત કે ઊંચ-નીચના કે વર્ણના ભેદ ન હતા. રાજ્યના બધા જ લોકોની એક જ જાતિ ગણાતી. જ્યારે સનાતની સમાજ વ્યવસ્થામાં અસમાનતા અને જાતિભેદ પાળવામાં આવતો હતો. આથી યૌધેય, માલવ, આભીરો અને લિચ્છવીઓના ગણતંત્રમાં સામાજિક સમાનતાનો સ્વીકાર થયો હતો. પ્રસિદ્ધ ઈતિહાસકાર ડૉ. જયસ્વાલ લખે છે કે, વિશ્વજનીન સમાનતાના પ્રવર્તક અને પોષક મહાત્મા બુદ્ધ હતા.

'માલવો' આબુથી જયપુર સુધીના પ્રદેશમાં હતા. આ પ્રદેશનું મારવાડ નામ આ માલવોના નિવાસ પરથી મળ્યું હોય તેમ ડૉ. જયસ્વાલ માને છે. માલીવ + વાટક ઉપરથી માલવવાડ = મારવાડ બન્યું એમ તે કહે છે. આ માલવ પ્રજા પણ ગણતંત્રી હતી. તેમની ઉપરના ભાગમાં યૌધેય લોકો વસેલા હતા.

'આભીર' લોકોનું પણ ગણતંત્ર હતું. ભાગવત પુરાણમાં सौराष्ट्रआवन्त्यआभीरा આભીર પ્રજા ગુજરાતમાં - સૌરાષ્ટ્રમાં વસતી હતી. આહીરોની ઉત્પત્તિ આભીરમાંથી થઈ હોય તેમ જણાય છે. સૌરાષ્ટ્રમાં ચુડાસમા રાજવંશ મૂળ આભીર વંશનો હતો. આ સ્થાનિક લોકોનો વંશ હતો. લોકો વાર્તામાં તેમને 'આહેર રાણા' કહે છે.



આ ગણતંત્રોનો નાશ થતાં આ પ્રજા નજીકના પ્રદેશમાં જઈને વસી હતી. ડૉ. જયસ્વાલના મતે સમુદ્ર ગુપ્તે માલવ અને યૌધેય ગણતંત્રનો નાશ કર્યો હતો. જ્યારે પં. રાહુલ સાંકૃત્યાયન ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને આ માટે જવાબદાર ગણે છે. યૌધેયો સિંધ અને મારવાડમાં સ્થળાંતર કરી ગયા. તેઓએ સતલજ નદીના પ્રદેશ સિંધમાં નવો પ્રદેશ શોધી કાઢ્યો. કેટલાક મારવાડમાં વસ્યા હતા.

મુંબઈ ગેઝેટિયરની નોંધ પ્રમાણે કચ્છ અને કાઠિયાવાડ ઉપર સિંધમાંથી આક્રમણો થતા હતા. આ આક્રમણોમાં 'જાડેજાઓ' કચ્છમાં અને ચુડાસમા સોરઠમાં આવી વસ્યા હતા અને પોતાની સત્તા સ્થાપી હતી.

યૌધેય સિંધમાં ગયા ત્યાં મુસ્લિમ આક્રમણના કારણે જૌધેય (જાડેજા) નામ પાડી કચ્છમાં આવી વસ્યા. આ રીતે કચ્છના જાડેજા યૌધેયવંશના હોવાનો મત છે. યૌધેય સાથે આભીર ગણતંત્રનો પણ નાશ થતા ગુજરાતમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા. મારવાડમાં કેટલાક યૌધેયો ભિન્નમાલ પ્રદેશમાં આવી વસ્યા. આ યૌધેયોને 'ગુર્જર'- શત્રુનો નાશ કરનારા એવો ખિતાબ જનતા તરફી મળ્યો અને તેઓ 'ગુર્જર' કહેવાયા. 'ગુર્જરો'ની શૂરવીરતાને ગણતંત્રી યૌધેયમાં જોઈ શકાય છે.

પંડિત રાહુલ સાંકૃત્યાયનનો મત છે કે, ગુર્જરો યૌધેયના સંતાનો છે. તેમણે ગણોચ્છેદ પછી ફરજિયાત તલવાર ત્યજી ત્રાજવાં પકડ્યા છે. આ પ્રજાએ તલવાર છોડી વૈશ્ય જાતિના ધંધાઓ અપનાવી અગ્રવાલ, અગ્રહરી, રોહતકી, રસ્તોગી, શ્રીમાલ, ઓસવાલ જેવી વૈશ્ય જાતિમાં આવ્યા. પં. રાહુલજીના મતે યૌધેયની શાખા રાજસ્થાનના ભિન્નમાલ પ્રદેશમાં વસી 'ગુર્જર' નામ પામી. આમ યૌધેય લોકો અહીંયાં 'ગુર્જર' નામથી ઓળખાય છે.

જેઓ 'ગુર્જર' જાતિના લોકો ભારતીય છે તેઓ આ મત-વિચારનું સમર્થન કરે છે. તેઓ 'ગુર્જરો'ને પરદેશી માનતા નથી. આ શોધમાં મુખ્ય સંશોધક બૌદ્ધભિક્ષુ પં. રાહુલ સાંકૃત્યાયન છે. તેમના ગ્રંથ- ''જય - યૌધેય''માં આ મત પ્રગટ કર્યો છે. તેઓ યૌધેયના સંતાનો ગુર્જરો છે એવો સ્પષ્ટ મત વ્યક્ત કરે છે. જેઓ 'ગુર્જરો' પરદેશી છે એવો મત ધરાવે છે તેમાંના કેટલાક વિદ્વાનોના મતને અહીંયાં સંક્ષિપ્તમાં રજૂ કર્યા છે.

કેટલાક વિદ્વાનોના મતે શક, કુષાણ, હુણ જાતિઓ ભારતમાં આવીને વસી હતી. આ પ્રજાઓ ભારત બહારથી આવી હતી. તેમાં હુણ જાતિમાંથી ગુર્જરોનો જન્મ થયો છે તેવો મત ધરાવે છે. આ હુણ જાતિને બ્રાહ્મણોએ ક્ષત્રિય-રાજપૂત બનાવ્યા હતા. આ રાજપૂત જાતિના લોકો રાજસ્થાનમાં આવીને રહ્યા હતા. આ રાજપૂત જાતિમાંથી ગુર્જરોની ઉત્પત્તિ થઈ હતી.

કેટલાક વિદ્વાનો લખે છે કે, 'ગુર્જરો' પ્રથમ પંજાબમાં આવી વસ્યા હશે અને ત્યાંથી તેઓ રાજસ્થાન-ભિન્નમાલ અને પશ્ચિમ ભારતમાં વસ્યા હશે. પંજાબમાં ગુજરાનવાલા ભિન્નમાલ રાજસ્થાનના 'ગુર્જરવા' અને 'અણહિલવલ'નો ગુર્જરદેશ આ રીતે ગુર્જરો પરથી નામાનિધાન પામ્યા છે. મિ. સ્મિથ ગુર્જરોને શ્વેતહુણો (white huns) સાથે લોહીનો સંબંધ હતો એમ માને છે.

ગુર્જરોએ ત્રીજી સદીના અંત પહેલાં જર્યોર્જિયા-ગુર્જિસ્તાનથી ભારત આવવાનું શરૂ કર્યું હતું. તેઓએ પાંચમી સદીમાં પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું હતું. મૌલાના અબુઝફર નકવી- ''તારીખે ગુજરાત''માં લખે છે કે, ગુર્જરો ઈરાનના ગુર્જિસ્તાનમાંથી આવ્યા હતા. આ રીતે ગુર્જિસ્તાન (જ્યોર્જિયા)માંથી ભારત આવેલી લડાયક પ્રજા ગુર્જન નામે ઓળખાઈ એમ ઘણા વિદ્વાનો માને છે.

કેટલાક વિદ્વાનોનો મત છે કે, મધ્ય એશિયાની 'ખજ-ખિઝર' પ્રજાને બ્રાહ્મણો 'ગુજ્જર' કહેતા હતા. બ્રાહ્મણોએ તેમને ક્ષત્રિયનો દરજ્જો આપ્યો. 'ખિજર' શબ્દ અરબી ભાષાનો છે. આરબો કાસ્પિયન સમુદ્રને 'બંદરેખિઝર' કહેતા હતા અને એ સમુદ્રકાંઠે આવેલા ગુર્જિસ્તાનમાં રહેનારાઓને 'ખિજર' કહેતા.

ગુલામ હુસેન મુસ્તુફા તેમના 'ગુર્જર જાતિ'માં 'ગુરજ્જર' શબ્દની ઉત્પત્તિ વિષે લખે છે કે ગુરજ (શત્રુ) + ઉજ્જળ (ઉજ્જડ કરનારાને)માંથી આ શબ્દ બન્યો છે. તેનો અર્થ શત્રુનો સંહારક થાય છે. ગુર્જર શબ્દ આમ વિશાળ અર્થમાં શૂરવીર બહાદૂર પ્રજા-જાતિ દર્શાવે છે. આ રીતે ગુર્જર શબ્દ વીર ક્ષત્રિય શાસકોનો 'ખિતાબ' બન્યો હતો.



શ્રી જેઠાલાલ ત્રિવેદીના મતે ગુર્જરોનો પાંચમા સૈકા પૂર્વેનો ઈતિહાસ મળતો નથી. તેમ યૌધેયોનો તે પછીનો ઈતિહાસ મળતો નથી તેનું સમાધાન એ છે કે, યૌધેયોમાંથી જાડેજા અને ગુર્જરો થયા અને નવા નામે તેમનો ઈતિહાસ લખાયો. 'ગુર્જર' પ્રજાના પૂર્વજો બૌદ્ધ હતા ? આ માટે પં.રાહુલ સાંકૃત્યાયન લખે છે કે, ઈતિહાસ લેખકોએ (યૌધેય) વિષયમાં ઘણુ મૌન સેવેલું છે, પણ જે સિક્કાઓ જાણે-અજાણે ધરતીના પેટાળમાં દટાઈ ગયા હતા. તેનાથી વિસ્તૃત યૌધેયો આપણી સમક્ષ પ્રકટ થઈ ગયા. યૌધેયોનું સંતાન ગુર્જરો હતા. યૌધેય પ્રજા ''ગણતંત્ર-પ્રજાસત્તાક'' શાસનમાં માનતી હતી. તેઓ ભગવાન બુદ્ધના અનુયાયીઓ હતા. ભારતમાં જે ગણતંત્રો હતા તેઓ બુદ્ધના અનુયાયીઓ હતા. આથી જ ડૉ. કાશીપ્રસાદ અગ્રવાલ નોંધે છે કે, ''વિશ્વજનીન ધર્મ અને વિશ્વજનીન સમાનતાના પ્રવર્તક અને પોષક મહાત્મા બુદ્ધને જનમ આપનાર એ બીજ કોશ હવે ન રહ્યો.''

## • ગુર્જર દેશ વંશાવલી

અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં 'ગુર્જરદેશ રાજવંશાવલી' નામની ૯૫ પદોના કાવ્યની બે હસ્તલિખિત પ્રતો તેમના સંગ્રહોમાં છે. આ કાવ્યના કર્તા પં. રંગવિજયજી જૈન મુનિ છે. તેમણે આ કાવ્યમાં ગુર્જર દેશમાં થયેલા રાજાઓની નામાવલી પદોમાં લખી છે. તેમણે આ કાવ્યની રચના સં. ૧૮૬૫માં કરી હતી. આ કાવ્યમાં (૧) મગધના રાજવીઓ અને તે પછી ઉજ્જૈનની ગાદીએ આવેલા રાજવીઓ અને તેમના રાજકાળના વર્ષો આપ્યા છે. (૨) ચાપોત્કટ વંશ (૩) ચૌલુક્ય વંશ (૪) વાઘેલા વંશ (૫) યવનવંશના રાજવીઓનું વર્ણન આપ્યું છે. જેમાં મગધરાજના નંદ-મૌર્યથી લઈને વિક્રમાદિત્યના પુત્ર સુધીના રાજાઓ છે. ચાપોત્કટ વંશના વનરાજ ચાવડાથી લઈને સાંમતસિંહ છેલ્લા રાજાનું શાસન બતાવ્યું છે. ચૌલુક્ય વંશના મૂળરાજ સોલંકીથી શરૂ કરીને બાલમૂળરાજ સુધીના તેના વંશના શાસકોનું વર્ણન છે. વાઘેલા વંશના વીરધવલથી લઈને કર્ણદેવ સુધીના રાજાઓના વંશના નામ આવ્યા છે. ગુજરાતનો ઈતિહાસ મૌર્યકાળથી શરૂ થાય છે અને વાઘેલાકાળ સુધી ચાલે છે. ત્યારબાદ આવેલા યવનવંશીય ખિદરશાહ ખિલાચીથી શરૂ કરીને મહમ્મુદે ૧૭૬૯ સુધીની નોંધ છે. તેમાં પ્રત્યેક રાજાના રાજ્યકાળના વર્ષો દર્શાવ્યા છે.

આ કાવ્યના આરંભમાં મગધ અને ઉજ્જૈનીના રાજવીઓના નામ ગણાવ્યા છે. વસ્તુતઃ આ સમયે 'ગુજરાત' નામ અસ્તિત્વમાં આવ્યું નહોતું, પરંતુ તે સમયે ગુજરાતને સૌરાષ્ટ્ર, આનર્ત, લાટ, અપરાન્ત જેવા વિભાગીય નામો હતા. એ પ્રદેશો ઉપર એ રાજવીઓનો સીધો નહિ તો આડકતરો અમલ હશે એવું અનુમાન કરવાને કર્તા આપણને દોરવે છે.



## • ગૌજર - ગુજરી ભાષા :

ગુજરાતી ભાષાનો ઉદ્‌ગમ અપભ્રંશના પશ્ચિમી સ્વરૂપમાંથી (જેને વિદ્વાનોએ ગૌજર કે નાગર અપભ્રંશનું નામ આપ્યું છે) થયો છે. ગુજરાતી ભાષાના ઊદગમકાળની પ્રાચીન ગુજરાતની સીમાઓ વર્તમાન સમય કરતાં ભિન્ન હતી, ત્યારે ગુજરાતનો પ્રદેશ દક્ષિણ રાજસ્થાનથી (મેવાડ-મારવાડના દક્ષિણ ભાગથી) મહી-નર્મદા સુધી વિસ્તરેલો હતો. સૌરાષ્ટ્ર છેક સિદ્ધરાજના સમય સુધી ગુજરાતથી રાજકીય રીતે અલગ હતું અને દક્ષિણ ગુજરાતનો સંબંધ કોંકણ સાથે સવિશેષ હતો. આ સમગ્ર પ્રદેશમાં અપભ્રંશોત્તર યુગમાં એક જ ભાષા બોલતા.

અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાના વિકાસના સદ્‌સાક્ષર નરસિંહરાવ દિવેટિયાએ નીચે પ્રમાણેના યુગો પાડ્યા છે. (૧) અપભ્રંશ વિ.સં. ૧૧મી સદી પર્યન્ત (૨) મધ્યઅપભ્રંશ વિ.સં. ની ૧૩મી સદી સુધી (૩) પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની વિ.સં. ૧૩મી સદીથી વિ.સં. ૧૫૫૦ સુધી (૪) જુની ગુજરાતી વિ.સ. ૧૫૫૦ થી વિ.સં. ૧૬૫૦ સુધી (૫) મધ્યકાલીન ગુજરાતી વિ.સં. ૧૬૫૦ થી વિ.સં. ૧૭૫૦ સુધી (૬) અર્વાચીન

ગુજરાતી વિ.સં. ૧૭૫૦ પછી ઈ.સ. ૧૩૦૦ માં અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત ઉપર આક્રમણ કરી જીત્યું. બે સદી સુધી દિલ્હી સલ્તનત ગુજરાતનો રાજ્ય વહીવટ નાઝિમો દ્વારા કરતાં હતા. નાઝિમોના નિમંત્રણથી ઈસ્લામના ઉપદેશકો પણ મઝહબના પ્રચારાર્થે આવતા તથા રાજ્યના અમલદારો, નોકર-ચાકરો અને ફોજી લોકો આવતા. આ બધા સ્થાનિક પ્રજા સાથે જાણે-આજાણે પોતાની ભાષાના શબ્દો વાપરતા હતા. આ રીતે અરબી-ફારસી તેમજ તૂર્કી શબ્દનો ઉપયોગ ગુજરાતની સ્થાનિક ભાષામાં થવા લાગ્યો. આમ ગુજરાતના સ્થાનિક લોકોની ભાષાના શબ્દોના મિશ્રણવાળી અને તેનાથી અસર પામેલી જે ભાષાનો ઉપયોગ તેમણે કર્યો તેને તેમણે 'ગુર્જરી' નામ આપ્યું હતું. ગુજરાતી ભાષાની ઉત્પત્તિ હેમચંદ્રાચાર્યે નોંધેલા અપભ્રંશમાંથી ક્રમશઃ વિકાસ પામીને થઈ છે. અપભ્રંશમાંથી વિકાસ પામેલી આ પશ્ચિમ ભારતીય ભાષાને 'ગુજરાતી' એવું વિશિષ્ટ નામ ગુર્જરો ઉપરથી મળ્યું છે. એટલે કહી શકાય કે, ગુર્જર લોકોની ભૂમિ એ ગુજરાત તો એમની ભાષા તે ગુજરાતી. 'ગુજરાત' પ્રદેશનામ તરીકે પ્રચારમાં આવ્યું હશે એ પછીના સમયમાં તેમની ભાષાને ગુજરાતી ભાષા એ નામે ઓળખવાનું શરૂ થયું હશે.

ઈ.સ.ની ૧૧મી સદી સુધી અપભ્રંશ ભાષા પ્રચલિત હતી ત્યાર પછીની બે સદી સુધી આ અપભ્રંશ અને જૂની ગુર્જરી વચ્ચે અન્તરાલ રૂપ જેને વિદ્વાનો અંતિમ અપભ્રંશ કહે છે તે પ્રચારમાં હતી. ૧૪મી સદીથી જૂની ગુજરાતી અને પશ્ચિમી રાજસ્થાનીનો ઉદ્‌ભવ થયો. ૧૭મી સદીના મધ્યથી ગુજરાતી ભાષા અર્વાચીન સ્વરૂપ તરફ ઢળે છે. નર્મદના સમયમાં અંગ્રેજી ભાષાના સંપર્ક અને અસરથી એ સંપૂર્ણપણે અર્વાચીન સ્વરૂપને પામી છે.

આ ગુર્જરી ભાષાનું અંતિમ સ્વરૂપ ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને કડી પ્રાંતમાં ભવૈયા કે તરગાળા ભવાઈ ભજવે છે તેમાં વ્યક્ત થતી ગઝલ, જકડી અને ગરબામાં જોવા મળે છે. ગુર્જરી ભાષાના અવશેષો મેનાગુર્જરીના ગરબામાં જોવા મળે છે.

*કે કાબુલસે બાદશાહ ચઢે, ને સારી દિલ્હીકા દીવાન રે.*
*કે બાદશાહ રે ઉત્તરે બાગ મેં, મે ક્યા મસુ દેખને જાઉ રે*
*કે છટી મટકીમેં દહીં જમાયો, દૂધ લીઓ, ખૂબ સારો રે*
*કે ચલી ગુજરી દહીં બેચનકુ, આઈ બાદશાહ કે દરબાર રે*
*કી અઈયર લો કોઈ મહીયર લો, કોઈ લોને મીઠડા દૂધ રે*
*કે સાસુરે કેવે સુણો બાવરીઆ લશ્કર મેં મત જાવ રે.*

*(નોંધ - માત્ર ગરબાનો પ્રથમ અંતરો મૂક્યો છે)*

ગુર્જરીનો શબ્દકોષ - 'લુગાતે ગુર્જરી' અંજુમને ઈસ્લામ ઉર્દુ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (મુંબઈ)ના ડાયરેક્ટર પ્રોફેસર નજીબ અશરફ નદવીએ ગુજરી શબ્દોના એક કોશનું ઈ.સ. ૧૯૬૨માં પ્રકાશન કરેલું છે. તેમાં ગુર્જરીમાં વપરાતા અરબી-ફારસી તથા દેશી (તૃંદી) શબ્દોના મૂળ અર્થ અને સમાનાર્થી શબ્દો આપ્યા છે.

અર્વાચીન ગુજરાતી ભાષાની મુખ્ય ચાર પ્રાદેશિક બોલીઓ છે. ઉત્તર ગુજરાત (પાટણ, સિદ્ધપુર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા)ની પટ્ટણી બોલી, મધ્ય ગુજરાતની (ખેડા, નડિયાદ, આણંદ)ની ચરોતરી બોલી, દક્ષિણ ગુજરાત (ભરૂચ, સુરત, વલસાડ, દમણ પ્રદેશ)ની સુરતી બોલી. સૌરાષ્ટ્ર- કાઠિયાવાડની સૌરાષ્ટ્રની બોલી (સૌરાષ્ટ્ર- કચ્છ આવી જાય છે.)

બૌદ્ધ ધર્મના ગ્રંથો ત્રિપિટકની ભાષા પાલી તથા જૈન પ્રાચીન ગ્રંથોની અર્ધમાગધી અને અશોકના ગિરનાર શિલાલેખની પ્રાકૃત ભાષા હતી.



પાલિ એટલે ગ્રંથની પંક્તિ, રાજવાડેના મતે प्रकट / पाअड / प्राअक / पाल = (સામાન્ય લોકો)માંથી પાલિ ઉત્પન્ન થઈ છે. ધર્માનંદ કોંશાબી पाल (રક્ષવું) ઉપરથી पालि કહે છે. પાલ એટલે ધર્મથી રક્ષણ કરનારા ભાષા. પાલિને કેટલાક पल्लि એટલે ગામડાની ભાષા કહે છે. પાલિભાષા આમ સામાન્ય જનતાની ગામડાની ભાષા છે. બુદ્ધે જે ભાષામાં ધર્મઉપદેશ આપ્યો તેને પાછળથી પાલિ ભાષા નામ આપવામાં આવ્યું.

ભગવાન બુદ્ધે ભિક્ષુઓને પોત-પોતાની ભાષામાં (सकाय निरुतिया) એમનો બોધ સમજે એ ભાષામાં ઉપદેશ આપવા કહ્યું હતું. ભગવાન બુદ્ધ પ્રાદેશિક લોકભાષામાં જ ધર્મોપદેશ કરવાનું કહેતા હતા. આ રીતે સામાન્ય જન ભાષા એ પાલિનું સ્વરૂપ લીધું વિન્ડિશ પાલિને માગધી ભાષા ઉપરથી એના કેટલાક લક્ષણો લુપ્ત થઈને ઉદ્‌ભવેલી સાહિત્ય ભાષા માને છે. કુહનના મતે અશોકના પુત્ર મહેન્દ્રે સિલોનમાં જઈને બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો તે સમયે તે જે ધર્મ ગ્રંથો લઈ ગયો તેની ભાષામાંથી પાલિભાષાની ઉત્પત્તિ થઈ. મહેન્દ્રનું જન્મસ્થાન ઉજ્જૈન હતું. આથી ધર્મગ્રંથોમાં ઉજ્જયની ભાષા પણ શ્રીલંકા ગઈ. જ્યારે ફ્રાન્ક પાલિ ભાષાની અશોકના શિલાલેખોથી વિભિન્નતા જોઈને શિલાલેખોના સ્થળોની વચ્ચેના પ્રદેશથી અર્થાત્ ઉજ્જયની એ પાલિ ભાષા હશે એવું માને છે.

ડૉ. સુનીતકુમાર ચેટરજીના મતે બુદ્ધના સમસ્ત ઉપદેશ જે મૂળ માગધીમાં હતા તે ઈ.સ. પૂર્વે ૨૦૦ આસપાસ મધ્યદેશની શૌરસેની પ્રાકૃતમાં ઉતારવામાં આવ્યા. જે પાછળથી પાલિ નામથી પ્રસિદ્ધ થયા. પં. હરગોવિંદદાસ અશોકના ગિરનારના લેખ સાથે પાલિનું સામ્ય જોઈને એને પશ્ચિમ ભારતની ભાષા ગણે છે. જે પછીના સમયમાં સિલોન લઈ જવામાં આવી અને ત્યાં ક્રમશઃ પાલિનું સ્વરૂપ ધારણ કર્યું.

## • પાલિ ત્રિપિટકની ભાષા શું ગિરનાર લેખ (ગુજરાત)ની છે ?

પંડિત રાહુલ સાંકૃત્યાયન તેમના વિનય પિટક ગ્રંથમાં લખે છે કે - “સિંહલના પ્રથમ પ્રવાસી ગુજરાત (લાટ)થી ત્યાં પહોંચ્યા હતા. તેમની ભાષામાં रा શબ્દ પ્રયોગ થતો નથી. તેઓ र ના બદલે ल નો પ્રયોગ કરતાં જે માગધી વિરુદ્ધ શબ્દ પ્રયોગ હતો. મહેન્દ્રનું સિંહલમાં આગમન ૨૪૭ ઈ.પૂર્વેમાં થયું ત્યારે સિંહલના ગુજરાતી પ્રવાસીઓએ ત્રિપિટકને ૨૫૦ વર્ષ સુધી કંઠસ્થ કર્યું. જે વટ્ટગામણીના સમયમાં ત્રિપિટક લિપિબદ્ધ થયું તેમાં માગધી વ્યાકરણના स ના સ્થાન પર ल કાયમ રહ્યો. આ રીતે બુદ્ધ ઉપદેશની ભાષા માગધીની વિશેષતાઓ માગધી રહેતા પ્રાચીન (ગુજરાત) પ્રદેશની ભાષાનું ત્રિપિટક છે.



રાહુલ સાંકૃત્યાયનના મતને ઉપરોક્ત દર્શાવ્યું તેમ પં. હરગોવિંદદાસનો મત છે. પાલિભાષા આ પ્રદેશની પ્રાચીન ભાષા હતી જ્યારે આ પ્રદેશનું નામ ‘ગુજરાત’ ન હતું. ગુજરાતી ભાષા આગળ જોયું તેમ ઈ.સ. ૧૩૦૦ પછી આવી છે. જેનો વિકાસ થતાં અર્વાચીન ગુજરાતી ૧૭મી સદી બાદની છે. ત્યારે પ્રશ્ન થાય કે ઈ. પૂર્વે ૬ઠ્ઠી સદીથી સમ્રાટ અશોકના સમય સુધી અને ત્યારબાદ ઈ.સ. ની ૫મી સદી સુધી આ પ્રદેશમાં કઈ ભાષા બોલાતી હશે ? આ વિષે રાહુલ સાંકૃત્યાયન અને પં. હરગોવિંદાસ આ પ્રદેશની ભાષાનો ‘ત્રિપિટક પાલિ’ પર અસર પ્રભુત્વ પુરવાર કરે છે. આજ મતને વધારે પ્રબળ રીતે થી વેસ્ટર ગાર્ડ તથા ઈ. કુહાન પાલિને ઉજ્જયનીની ભાષા માને છે જે ગિરનાર (ગુજરાત)ના અશોકના શિલાલેખોની ભાષાની નિકટની છે અને મહેન્દ્રની માતૃભાષા છે. જે સિંહલમાં બૌદ્ધ ધર્મ લઈને ગયા હતા.”

શ્રી આર.ઓ. ફ્રેંક આજ વિચારધારાના વિદ્વાન છે. તેઓ “પાલિનો મૂળ સ્રોત વિન્ધય પર્વતમાળાના મધ્યભાગથી લઈને પશ્ચિમભાગ સુધી (ગુજરાત) ફેલાયેલ માને છે. જે જે સાચી પ્રાકૃત ભાષા છે અને અશોકના ગીરનાર (ગુજરાત) શિલાલેખની ભાષાની નજીક છે.

એક સંભાવના એ છે કે મૂળ ત્રિપિટક માગધી- પાલિ- ઉજ્જયની ભાષા ગિરનાર શિલા લેખની ભાષા

(ગુજરાત)માં પરિવર્તન પામી હશે. જૈન સમ્રાટ અશોકના પુત્ર ભિક્ષુ મહેન્દ્ર શ્રીલંકામાં લઈ ગયા ત્યારે ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે પાઠ પરિવર્તન કરીને (પોતાની ભાષામાં પરિવર્તન કરી) લઈ ગયા હશે. જેને કંઠસ્થ કરનાર લાટ (ગુજરાત)ના લોકો હશે. આજ ભાષા લિપિબદ્ધ થઈ "ત્રિપિટક પાલી" બની. જે વર્તમાન સમયમાં "ત્રિપિટક પાલી" જગતના બૌદ્ધધર્મના પવિત્ર ગ્રંથની ભાષા બની છે. તેનું શ્રેય સમ્રાટ અશોક તેનો પુત્ર ભિક્ષુ મહેન્દ્ર અને લાટના લોકોને જાય છે.

## ◆ ગુજરાતમાં પાષાણ યુગ અને પ્રાગ ઇતિહાસ :

પથ્થર યુગનો સમાવેશ પ્રાગ ઇતિહાસમાં કરવામાં આવ્યો છે. પ્રાગ ઇતિહાસ મનુષ્યના આગમન સાથે શરૂ થાય છે અને ઐતિહાસિક કાલ-સમય સુધી લંબાયેલો છે. ઇતિહાસની શરૂઆત આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે મનુષ્યે લખવાની કળા હાંસલ કરી ત્યારથી ગણવામાં આવે છે.

ભારતમાં પ્રાગ ઇતિહાસનો સમય પાંચ લાખ વર્ષથી માંડી આજથી પાંચ હજાર વર્ષ પહેલાં હોવાનું મનાય છે. જ્યારે ઇતિહાસની શરૂઆત પૌરાણિક સમયથી અથવા ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થયાની ગણતરી છે. જો કે, મોહેં-જો-ડેરો અને હડપ્પાની સિંધુ ઘાટીની સંસ્કૃતિમાં લેખન કળાનો ઉદય વહેલો થયો હતો, પણ સિંધુલિપિ અણઉકેલ રહી હોવાથી તેનો સમાવેશ ઇતિહાસમાં ન થતાં પુરાઇતિહાસ અથવા પ્રોટો-હિસ્ટરી (Proto History)માં કરવામાં આવે છે. પુરાઇતિહાસ એ પ્રાગઇતિહાસ અને ઇતિહાસ વચ્ચેનો મધ્યસ્થ ગાળો છે. સિંધુસભ્યતા પાકિસ્તાનના સિંધ અને પંજાબ અને ભારતમાં પંજાબ, હરિયાણા, પશ્ચિમ, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં પાંગરેલી છે.

ગુજરાતમાં અનેક હડપ્પીય અથવા સિંધુ સભ્યતાની મોટી વસાહતો આવેલી છે. જેમાં લોથલ, રોઝડી, સુરકોટડા અને ધોળાવીરાનો સમાવેશ થાય છે. હડપ્પીય સભ્યતા સાથે કેટલીક સંસ્કૃતિઓને પણ પુરાઐતિહાસિક ગણવામાં આવે છે, જેમાં મુખ્યત્વે ખેતી કરીને ખોરાક મેળવવાની શરૂઆત કરનાર નવ પાષાણ સંસ્કૃતિઓ છે.

ભારતમાં માણસે હથિયારો બનાવવાની કળામાં પ્રગતિ સાધી હતી. જો કે તેમ કરતાં તેને હજારો વર્ષ લાગ્યા. હથિયારોના ઘાટ તેને બનાવવાની તકનિકી અને પ્રાચીનતાને આધારે પાષાણ યુગ અથવા અશ્મ યુગના મુખ્ય ત્રણ તબક્કા છે. આદિપાષાણ કાલિન ઓજારો વજનમાં ભારે અને કદમાં મોટા હોય છે. મધ્ય અને લઘુપાષાણ યુગ અથવા અંતાઅશ્મ યુગના ઓજારો કદમાં નાના, ઘાટીલા અનેક પ્રકારના મળી આવે છે.

(૧) આદિ અશ્મ યુગ : ૫,૦૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ વર્ષ પ્રાચીન

(૨) મધ્ય અશ્મ યુગ : ૫૦,૦૦૦ થી ૧૦,૦૦૦ વર્ષ પ્રાચીન

(૩) અંતા અશ્મ યુગ : ૧૦,૦૦૦ થી ૪,૦૦૦ વર્ષ પ્રાચીન

મનુષ્યે ઓજારો બનાવવાના લાંબા અનુભવને કારણે જરૂરિયાત પ્રમાણે ઓજારોના કદ, આકાર અને વજન નક્કી કર્યા. શિકાર કરવા માટે અમુક પ્રકારના જ ઓજારોનો ઉપયોગ થતો, જ્યારે ઝાડ કાપવા કે કંદમૂળ ખોદવા વિભિન્ન પ્રકારના ઓજારો વપરાતા. પ્રાણીઓ અને ઝાડ-પાનની પ્રકૃતિ પર હથિયારોના ઘાટ અને પ્રકારોનો આધાર હતો.

ભારતમાં અશ્મ યુગ અંગેનું સંશોધન ઈ.સ.૧૮૬૩માં થયું હતું અને એ રીતે આપણે યુરોપથી એ બાબતમાં બહુ પાછળ નથી. રોબર્ટ બ્રુસ ફૂટ નામના ભૂસ્તરવેતાએ ઈ.સ.૧૮૬૩માં મદ્રાસ નજીકથી આદિ અશ્મ યુગના હથિયારો શોધી કાઢ્યા. બ્રુસ ફૂટે ૧૮૯૩માં ગુજરાતના ભૂસ્તરીય અન્વેષણ દરમિયાન સાબરમતી નદીના તટમાંથી આદિ અશ્મ યુગના હથિયારોની શોધ કરી. એ રીતે ગુજરાતમાં પ્રાગ ઐતિહાસિક સંશોધન ઘણું વહેલું હાથ ધરાયું હતું. એ નોંધપાત્ર છે. બ્રુસ ફૂટે દક્ષિણ ભારતના પ્રદેશો અને નદીઓની ઘાટીઓ ખૂંદી પાષાણકાલિન ઓજારો એકઠા કર્યા, પણ બ્રુસ ફૂટ પછી પ્રાગ ઐતિહાસિક સંશોધન પર પડદો પડી ગયો.



૧૯૩૦માં યેલકેમ્બ્રીજની સર્વેક્ષણ ટુકડીએ ઉત્તર ભારતમાં સર્વેક્ષણ હાથ ધરી પ્રાગ ઇતિહાસિક સંશોધનને નવું જીવન બક્ષ્યું. ઈ.સ.૧૯૪૧-૪૨માં ડૉ. હસમુખ ધીરજલાલ સાંકળીયાએ પ્રથમ ગુજરાત પ્રાગ ઐતિહાસિક સર્વેક્ષણ કર્યું. તે પછી ૧૯૪૪ અને ૧૯૪૫માં ડૉ. સાંકળિયાએ બીજા બે અન્વેષણ હાથ ધરી અનેક નવા પાષાણ યુગ કાલીન સ્થળો ગુજરાતમાં શોધ્યા.

ડૉ. સાંકળિયા ડેક્કન કૉલેજમાં પુરાતત્ત્વના પ્રાધ્યાપક અને નિયામક રહી ચૂક્યા છે. અનેક શોધ-સંશોધનના પરિણામે તેઓ વિશ્વમાં અનેક અગ્રિમ પંક્તિના પુરાતત્ત્વીય અને પ્રાગ ઇતિહાસકાર તરીકે ખ્યાતિ પામ્યા છે. તેમની રાહબરી હેઠળ પ્રાગ ઇતિહાસ સંબંધી અભ્યાસ ખૂબ જ વિકાસ પામ્યા છે અને પુરાતત્ત્વની એ શાખામાં અનેક કાર્યકરો થયા છે. તેઓના મતે પાષાણ યુગને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચે છે. જેમાંથી પહેલો વિભાગ એટલે આદિપાષાણ યુગ (Early Stone Age or Polaeolithic)ના ત્રણ પેટા વિભાગ છે.

(૧) ઉચ્ચ આદિપાષાણ યુગ - Upper Palaeolithic

(૨) મધ્ય આદિપાષાણ યુગ - Middle Palaeolithics

(૩) નિમ્ન આદિપાષાણ યુગ - Lower Palaeolithic

ગુજરાતમાં પાષાણ યુગના ઉપર દર્શાવેલ બધા તબક્કા મળતા નથી એટલે આપણે પાષાણ યુગને સરળતા ખાતર આદિમ યુગ, મધ્યઅશ્મ યુગ અને અંતા અશ્મ યુગ અને તે પછી નવા નવા અશ્મ કે પાષાણ યુગ એવા ચાર ભાગોમાં ગોઠવીશું. ડૉ. સાંકળિયાના મતે ઉચ્ચ આદિઅશ્મ યુગ સાથે ગુજરાતનું આદિઅશ્મ યુગ સંલગ્ન છે. મધ્યપાષાણ યુગ સાથે મધ્યઅશ્મ યુગ અને આંતરપાષાણ યુગ અને અંતાઅશ્મ યુગ સમકાલીન છે.

## ◆ ગુજરાતમાં અશ્મ યુગ :

ગુજરાતમાં અશ્મ યુગને લગતું સંશોધન પહેલવહેલું એટલે કે ઈ.સ.૧૮૯૩માં કરાયું હતું. જ્યારે રોબર્ડ બ્રુસફૂટને સાબરમતીના તટમાંથી આદિઅશ્મ યુગના ઓજારો મળેલા ત્યાર બાદ કાઠિયાવાડ ઉત્તર અને મધ્ય ગુજરાતમાંથી પણ અંતાઅશ્મ યુગના લઘુ ઓજારો સાંપડ્યા. ત્યાર બાદ ઈ.સ. ૧૯૪૧ સુધી ગુજરાતમાં પ્રાગઐતિહાસિક સંશોધન સ્થગિત બન્યું. ઈ.સ. ૧૯૪૧-૪૨માં ડૉ. સાંકળિયાએ પ્રથમ પ્રાગઐતિહાસિક સર્વેક્ષણ હાથ ધર્યું અને ઈ.સ. ૧૯૪૪ અને ઈ.સ. ૧૯૪૫માં બીજા બે સર્વેક્ષણો કરી, ઘણા પાષાણકાલીન સ્થળો શોધી, ગુજરાતના પાષાણ યુગ પર નવો પ્રકાશ પાડ્યો.

## • ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ :



તત્કાલિન સમયે ગુજરાતને ત્રણ પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા, જેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ ત્રણ વિભાગોની આબોહવા ભૌગોલિક બાંધણી અને પરિવેશ એકમેકથી ભિન્ન છે. તળ ગુજરાત મહદ્અંશે લીલો અને ખેતીપ્રધાન પ્રદેશ છે. નર્મદા, તાપી, સાબરમતી જેવી બારેમાસ વહેતી નદીઓને કારણે પાણીની અછત વર્તાતી નથી. આના પ્રમાણમાં સૌરાષ્ટ્રનો પ્રદેશ સૂકો છે અને તળ ગુજરાત કરતાં ઓછા વરસાદવાળો છે. ભાદર અને શેત્રુંજી બારમાસી નદીઓ છે. ભાદરકાંઠાની જમીન ખેતી માટે અત્યંત ફળદ્રુપ છે. જ્યારે કચ્છ તળ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તેના મોટાં અને નાનાં રણપ્રદેશના કારણે થોડો જુદો પડે છે. સૌરાષ્ટ્રની જેમ કચ્છને લાંબો સમુદ્રકાંઠો છે. આમ ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાઈ વિસ્તાર છે. કચ્છના રણ રાજસ્થાનના મરુ પ્રદેશ થારના રણ જેવા રેતીના ઢગલાવાળા નથી, પણ કરોડો વર્ષ પૂર્વે હયાત પણ આજે અદશ્ય થયેલ સમુદ્રના ભાગરૂપ છે. રેતી ખારાપાણીના મિશ્રણથી તડકામાં સૂકાઈ એક સરખી જામી જાય છે અને રણના કેટલાક ભાગો સપાટ મેદાન જેવા લાગે છે. કચ્છનું સફેદ રણ સૌના આકર્ષણનું કેન્દ્ર છે. ચોમાસા દરમિયાન આ રણમાં ક્યાંક ક્યાંક ઢીંચણસમું પાણી રહે છે. જેમાં ઊંટ જ વાહન વ્યવહારનું એક માત્ર સાધન છે. કચ્છમાં ઓછા વરસાદ અને રેતાળ જમીનના કારણે ખેતી અમુક ભાગોમાં જ સીમિત છે જ્યાં ભૂગર્ભમાં રહેલ પાણી મળી રહે છે.

તળ ગુજરાતની ભૂસ્તરીય બાંધણી, કાંઠાથી રેતી અને કાંપનો ભાગ છોડીએ તો કાળમીંઢ પથ્થર છે.

આ પથ્થર પ્રાચીન લાવાના ઠરેલાં રસના બનેલાં છે અને બેજાલ્ટ (Busalt) અથવા ડેક્કન ટ્રેપ (Deccan Trapના નામે ઓળખાય છે. ઉત્તર ગુજરાતની મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓની જમીન રેતાળ છે. કેટલાક ભાગોમાં રેતીના ટિંબા (Sand dunes) નજરે ચડે છે. જેના પર અંતાઅશ્મ  યુગ કાલીન મનુષ્યે વસવાટ કર્યો હતો. સૌરાષ્ટ્ર કિનારો રેતાળ છે. ત્યાં દરિયા નજીક ચુનાના પથ્થરો મળે છે. પોરબંદર પાસે આ પ્રકારના પુષ્કળ પ્રમાણમાં બાંધકામ માટેના પથ્થરો ખોદીને કાઢવામાં આવે છે. સૌરાષ્ટ્રના મધ્યભાગમાં બેસાલ્ટ ખડકોના ભંગારમાંથી બનેલી કાળી માટી ઘઉં, બાજરી અને કપાસ માટે અનુકૂળ છે. કચ્છ મોટે ભાગે જુરેસીક નામના ખડકોથી બંધાયેલો પ્રદેશ છે, જેમાં રેતીયાં પથ્થર (Sand Stone)નો સમાવેશ થાય છે. કિનારાનો કાંઠા વિસ્તાર જૂના કાંપનો બનેલો છે. કાળમીંઢ (basalt) ખડકો મધ્ય અને પશ્ચિમ કચ્છના કેટલાક ભાગોમાં ફેલાયેલા છે. કચ્છના લખપત તાલુકામાં ઉમિયા ખડકો તે વિસ્તારના ઉમિયા નામના ગામ પરથી પ્રચલિત થયા છે.

સૌરાષ્ટ્ર, કચ્છમાં પ્રાગ ઇતિહાસમાં ઐતિહાસિક મનુષ્ય શિકારની શોધમાં એક સ્થળેથી બીજા સ્થળે રખડતો, તે શિકાર માટે તથા કંદમૂળ ખોદી કાઢવા પથ્થરના ઓજારો બનાવતો અને ઉપયોગમાં લેતો, તે માટે સ્થાનિક પથ્થરોને ઉપયોગમાં લેતો. આવા પથ્થરોમાં બેસાલ્ટ, રેતીયાં પથ્થરો અકીક જેવા પથ્થરોનો ઉપયોગ વધુ કરતો હતો. આ પથ્થરમાંથી ઓજારો બનાવવા સહેલા પડતાં અને ઓજારો અત્યંત ધારદાર બનતાં. આ વિસ્તારમાં જંગલો ગાઢ અને વિસ્તૃત હતા. આ વિસ્તારમાં આજે પણ હરણો, સસલાં, શિયાળ, વરૂ, જંગલી ડુક્કર ક્યાંક ક્યાંક છૂટા છવાયા જોવા મળે છે. સાથે અનેક પ્રકારના પક્ષીઓ પણ ચોમાસા અને શિયાળામાં નળ સરોવર અને કચ્છના રણકાંઠામાં જોવા મળે છે. એક સમયે ગુજરાતમાં જંગલી હાથી અને ગેંડા જોવા મળતા તેનો પણ ઉલ્લેખ સાહિત્યમાં મળે છે. લાંઘણજમાં અંતાઅશ્મ યુગ દરમિયાન ગેંડા હોવાના પ્રમાણ મળ્યા છે.

## ◆ આદિ અશ્મ યુગ :

ગુજરાતમાં આદિ અશ્મ યુગના ઓજારો તળ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી મળે છે તે ઉપરથી લાગે છે કે ગુજરાતમાં સર્વત્ર આદિ અશ્મકાલિન મનુષ્યની વસતી હતી.

**તળ ગુજરાત :** પુરાતત્ત્વવિદ બ્રુસફુટને સાબરમતીમાં અન્વેષણ દરમિયાન સડોલીયા ગામ પાસેથી એક પથ્થરના છીલકામાંથી બનેલ ઓજાર અને એક હાથ કુહાડી મળેલા. ડૉ. સાંકળિયાએ સાબરમતીમાં વિસ્તૃત સર્વેક્ષણ કરી બીજા કેટલાક સ્થળો શોધી કાઢ્યા, જેમાં પેઢમાળી પાસેના લુહારનાળા નામના સ્થળ પરથી પ્રાગ ઐતિહાસિક માણસ જે સ્થળે હથિયારોનું નિર્માણ કરતો તે સ્થળ મળી આવ્યું. સાથે સાથે અનેક ઓજારો પણ મળ્યા. પેઢમાળી ઉપરાંત વલસાણા પાસેથી પણ આદિ અશ્મ યુગના હથિયારો મળ્યા છે. આ હથિયારોમાં નદીના પટમાંથી મળતા ગોળ પથ્થરોને એક છેડે ભાંગીને બનાવેલા ઓજારો, હાથકુહાડીઓ અને ભિન્ન પ્રકારની ફરસી (cleavers) છે. આ ઓજારોમાં ગોળ પથ્થર (Pebble tools) પ્રાચીનતમ છે. સાબરમતી સિવાય મહી અને ઓરસંગ નદીઓના તટમાંથી પણ આદિ અશ્મ યુગના ઓજારો સાંપડ્યા છે. મહી નદીના સ્થળોમાંથી હાથકુહાડી મળેલ છે. જ્યારે ઓરસંગ પર આવેલ સંખેડા નજીક બહાદુરપુર નજીકથી અશુલીયન પ્રકારની હાથકુહાડી તેમજ પથ્થરના છીલકામાંથી ધારદાર ચપ્પુના પાના જેવા ઓજાર ક્વોર્ટઝ જેવા પથ્થરમાંથી બનેલા હથિયારો મધ્ય અને નિમ્ન આદિ અશ્મ યુગના મિશ્ર લક્ષણો બતાવે છે. કરજણ નદી જે નર્મદાની એક શાખા છે. તેના પાયામાંથી મળેલા હથિયારોમાં હાથકુહાડીઓ અને ફરસીઓ મળેલ છે. હાથકુહાડીઓમાં એક લાંબા કદના પ્રકારની અને બીજી મૂળ પથ્થરની છાલ કાઢ્યા વિનાની ગોળાઈવાળા હાથાના આકારની મળેલ છે. તે સિવાય ગોળ અને ચારે બાજુથી છાલ ઉતારેલ પથ્થરના ઓજારો પણ મળ્યા છે.

સૌરાષ્ટ્રમાં ભાદર નદી સૌથી લાંબી નદી છે. ભાદર નદી પર રોઝડી (હાલનું શ્રીનાથગઢ) નામના ગામ પાસે એક વિસ્તૃત હડપ્પીય વસાહત આવેલી છે. આ વસાહત નજીકથી ભાદરના તટમાંથી અનેક આદિ અશ્મ યુગકાલીન ઓજારો મળી આવ્યા છે. જેમાં હાથકુહાડી, ફરસીઓ, ખુરપીઓ, પથ્થરના લાંબા છીલકા અને પથ્થરોનો ગર્ભસંકુલનો (core) સમાવેશ થાય છે.



ભાદર સિવાય ડેક્કન કૉલેજ દ્વારા હાથ ધરાયેલ હિરણ અને સરસ્વતી નદીના સર્વેક્ષણ દરમિયાન અમુક ઓજારો મળ્યાની માહિતી છે. જૂનાગઢમાં ઉપરકોટ નજીકથી પણ થોડાક હથિયારો ડેક્કન કૉલેજના પુરાતત્ત્વવિદોને મળેલા. ભાવનગર જિલ્લામાં પણ કાળુભાર નદીનું સર્વેક્ષણ કરતા અનેક ઓજારો મળ્યા છે. આ ઉપરાંત મોરબી જિલ્લાના હળવદ ગામથી અઢી કિ.મી. દૂર ડૉકમર્ડો નાળામાંથી થોડાક હથિયારો મળેલા છે. આ હથિયારો ક્વાર્ટઝમાંથી બનેલા છે. તેમાં આસુલીયન હાથકુહાડીઓ, સોયા જેવા અણિદાર હથિયારો, નાની કુહાડીઓ, ફરસીઓ અને ખુરપીઓનો સમાવેશ થાય છે.

### ● કચ્છ વિસ્તાર :

કચ્છમાંથી ત્રણ સ્થળેથી આદિ અશ્મ યુગના ઓજારો મળ્યા છે. (૧) ભૂજોડી (૨) ભૂખી નદી (અંગિયા ગામ પાસે) (૩) ઘરૂડ નદી (દેશલપર ગુંતલી પાસે) અહીંથી મળેલા ઓજારોમાં હાથકુહાડીઓ, ખુરપીઓ, ફરસીઓનો સમાવેશ થાય છે. મોટા ભાગના ઓજારો ક્વાર્ટઝમાંથી બનેલા છે. ભૂજોડી પાસેથી બીજા અનેક ઓજારો મળ્યા છે, જેમાં ખુરપીઓ મુખ્ય છે. આ ઓજારો આદિ અશ્મ યુગના અંત અને શરૂઆતના ભાગમાં હોય તેવું જણાય છે.

નખત્રાણા તાલુકાના અંગિયા ગામ પાસે ભૂખી નદીમાંથી ડોલેરાઈટ નામના કઠણ પથ્થરમાંથી કાઢેલા છીલકાઓ તથા એકાદ ફરસી મળી આવ્યા છે. ઘરુડ નદીના કાંઠેના નખત્રાણા તાલુકાના દેશલપર ગુંતલી ગામની નજીક ગુતલીગઢના મધ્યકાલીન અવશેષો મળ્યા છે. અવશેષોની નજીક અને ઘરુડ નદીના કાંઠે ૩ હાથ કુહાડીઓ મળી આવી છે. ત્રણ કુહાડીઓમાં બે કુહાડીઓ ઘેરા લાલ રંગ અને એક સહેજ પીળા કલરના ક્વોર્ટ્જીટીક સેન્ડ સ્ટોન અથવા રેતીયાં પથ્થરમાંથી બનેલી છે.

ગુજરાતના અનેક હિસ્સામાંથી આદિ અશ્મ યુગના ઓજારો મળ્યા છે. આમાંના ઘણાખરા આગવી તકનિકી સૂઝથી બનાવેલા છે, જે પરથી લાગે છે ગુજરાતમાં આદિ પાષાણ યુગકાલીન માણસ લાંબા સમયથી પથ્થર યુગના ઓજારો બનાવવાની રીતોથી વાકેફ હતો અને જ્યારે ગુજરાતમાં તે આવ્યો ત્યારે તેનો ઓજારો બનાવવાનો અનુભવ પરિક્ષમતાના આરે પહોંચેલો હતો.



સાબરમતી નદીના ઓજારોમાંના કેટલાંક ભૂસ્તરીય ગણતરી મુજબ મધ્ય પ્લૉસ્ટોસીનના અંતના છે. આ ઓજારો નદીની ભેખડમાંથી ભૂસ્તરીય પડોના એક પડ જેને બોઉલ્ડર કોન્ગ્લોમીરેટ કહે છે તેમાંથી ખોદી કાઢવામાં આવેલા, બોઉલ્ડર કોન્ગલોમીરેટ મોટા પથ્થરોના પ્રાચીન થરને કહે છે. આ થર ઉપર જણાવ્યા પ્રમાણેના મધ્ય પ્લેસ્ટીશ્યિન યુગના હોવાનું મનાય છે. જેથી ગુજરાતમાં આદિ અશ્મ યુગના ઓજારો લાખથી દોઢ લાખ વર્ષ જૂના છે. ભાદર નદીમાં રોઝડી પાસે પણ ઓજારો નાના ગોળ પથ્થરના થરમાંથી મળ્યા છે. કચ્છના ભૂજોડી નજીક ઓજારો નદીના તટમાંથી મળ્યાં છે.

ગુજરાતમાં આદિપાષાણકાલીન મનુષ્ય જંગલો અને તેમાં શિકાર કરવા યોગ્ય અનેક પ્રાણીઓ હોવાના કારણે વસતો હશે. તે વખતની આબોહવા કંઈક અંશે આજે છે તેનાથી ભિન્ન હશે તેવું પ્રાપ્ય ભૂસ્તરીય પ્રમાણો પરથી લાગે છે. વરસાદ વધારે હોવાનું મનાય છે, ગાઢ જંગલો હોવાના કારણે માણસને શિકાર મળી રહેતો હોય તેવું અનુમાન કરી શકાય છે.

## ● મધ્ય અશ્મ યુગ :

ગુજરાતમાં મધ્ય અશ્મ યુગના સ્થળોની સંખ્યા ઓછી છે. પાવાગઢના ડુંગરો નજીક રેતીના ટિંબા આવેલા છે, જેમાંથી મળેલા ઓજારોમાં ખુરપીઓ, ચપ્પુના લાંબા પાના, પથ્થરના છીલકા, પથ્થરના ગર્ભસંકુલ અને નાની પથ્થરની છીણીનો સમાવેશ થાય છે. આ હથિયારો ક્વોર્ટઝ પથ્થરમાંથી બનાવેલાં છે. પાવાગઢના મધ્ય અશ્મ યુગ લગભગ ૪૦,૦૦૦ વર્ષ જેટલો પ્રાચીન હોવાનું કેટલાક પુરાતત્ત્વવિદો માને છે.

સૌરાષ્ટ્રમાં રોઝડીમાં પણ કેટલાંક મધ્ય અશ્મકાલીન ઓજારો મળ્યાં છે. વ્યવસ્થિત સર્વેક્ષણ હાથ ધરાય તો વધારે સ્થળો મળવાની શક્યતા છે. કચ્છમાં પણ અનેક સ્થળેથી હથિયારો મળ્યા છે. આ ઓજારોમાં ખુરપી વધારે છે. ખાસ કરીને ભૂજોડી પાસેથી અનેક ઓજારો મળ્યા છે, તે કદમાં મોટા અને વજનમાં ભારે છે.

ભૂજથી ૫ કિ.મી. દૂર ગઢ ગામ નજીકથી ભુખી નદીના પટમાં લાંબા ચપ્પુના પાના જેવા ઓજારો મળ્યાં છે. ગડા પાસે ભુખી નદી બહુ પહોળા નહી તેવા ઊંડા કોતરમાંથી પસાર થઈને વહે છે અને કાંઠાની બન્ને બાજુએ રેતીના પથ્થરની ભેખડો છે. ભેખડો ચાર મીટર જેટલી ઊંચી છે. રેતીયાં પથ્થર પર માટીનો પાંચેક મીટર જેટલો થર છે.



ભૂજોડીથી મળેલા ઓજારો લીસ્સા પથ્થર રોલ અથવા પોરસીલેનાઈમાંથી બનેલા છે. તે સિવાય જેસ્પર અને કવાર્ટઝાટીક સેન્ડસ્ટોન અથવા ચકમક મિશ્રિત રેતીયાં પથ્થરના ઓજારો મોટી સંખ્યામાં જોવા મળે છે. ભૂજોડી નજીકથી ઓજારો માટેના પથ્થરો લેવાતા હશે. મધ્ય યુગમાં આ સ્થળે જંગલો અને પ્રાણીઓ હોય તેવું અનુમાન કરી શકાય. ભૂજોડી સિવાય છુટા છવાયા ઓજારો લાખોદ, કેરા, બીટા, દેશલપર, મથલ વગેરેથી મળ્યાં છે.



## ● અંતા અશ્મ યુગ :

અંતા અશ્મ યુગના ઓજારો ગુજરાતમાં અનેક સ્થળોએથી મળેલા છે. એ યુગ દરમિયાન ઓજારો બનાવવાની તકનિકમાં મહત્ત્વના ફેરફાર જોવામાં આવે છે. હથિયારો કદમાં અત્યંત નાના અને નાજુક હોઈ લઘુ અશ્મ ઓજારો અથવા Microlithsના નામે ઓળખાય છે. ઓજારોનો ઉપયોગ સમૂહમાં થતો હોવાનું માનવામાં આવે છે. ચપ્પુના પાના જેવા ધારદાર નાના ઓજારોને એક લાકડાના ટૂકડામાં એક સરખી હારમાં ભરાવી અથવા મજબૂત ચોંટાડી લાંબા ધારદાર દાંતરડા જેવા ઓજારો બનાવવાના ઉપયોગમાં લેવાતા હશે તેવું લાગે છે.

લઘુ ઓજારો બનાવવા ગુજરાતમાં અંતા અશ્મ યુગકાલીન માણસ અત્યંત લીસા અને કાચ જેવા પથ્થરોનો ઉપયોગ કરતો, જેમાં ખાસ કરીને અકીકનો સમાવેશ થાય છે. અકીકના સિવાય અકીકને લગતા અન્ય પથ્થરો જેવા કે ચાલ્સીડેની અને કાર્નિલિયન અથવા લાલ અકીકના ઓજારો બનાવવાના ઉપયોગમાં લેવાતા એવા પથ્થરના નાના ભરાવદાર ટૂકડાની ચારે બાજુએથી સમતળ જીણી, લાંબી છાલોમાંથી ચપ્પુના પાના જેવા ઓજારો બનતાં ચપ્પુના પાના સિવાય લઘુ ખુરપીઓ, અર્ધચંદ્રાકાર ઓજારો, ત્રિકુણીયા ઓજારો. ઓજારોના આકારના આધારે લઘુ ઓજારોને બે સમૂહમાં વહેંચવામાં આવે છે.

(૧) **ભૂમિતિકાર ઓજારો :** જેમાં અર્ધવર્તુળ, જુદા જુદા ખૂણા જેવા હથિયારોનો સમાવેશ થાય છે.

(૨) **અન્યાકાર ઓજારો :** આમ ગુજરાતમાં સૌરાષ્ટ્ર કચ્છમાં અનેક સ્થળેથી લઘુપાષાણ ઓજારો છૂટાછવાયા જમીન પરથી મળી આવે છે, પણ ઉત્તર ગુજરાતમાં લાંઘણજની લઘુપાષાણનું સ્થળ અત્યંત મહત્ત્વનું સાબિત થયું છે. અહીં પદ્ધતિસરનું ઉત્ખનન કરી અંતા અશ્મ યુગ પર નવો પ્રકાશ પડ્યો તે ઉપર એક નજર કરીએ.

## ● લાંઘણજ :

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં લાંઘણજ આવેલું છે. ગામની નજીક રેતીના ટિંબા આવેલા છે. જેની ઉપર અંતા અશ્મ યુગકાલીન મનુષ્ય રહેતા હોવાના અસંખ્ય પુરાવા મળ્યા છે. ઉત્ખનન દરમિયાન ૧૪ જેટલી માનવ કબરો મળી આવી છે, જેમાં હાડપીંજરો દટાયેલાં મળી આવ્યાં. આ કબરોમાં અનેક પ્રાણીઓના હાડકાંઓ પણ હતા, જે પરથી તે સમયે કયાં પ્રાણીઓ હયાત હતા તે કહેવું શક્ય બન્યું છે. તેમાનાં કેટલાક હાડકાંઓ બળેલા હોવાથી અંતા અશ્મ યુગકાલીન મનુષ્ય શિકારને શેકીને ખાવાનું જાણતો હોવાનું પુરાતત્ત્વવિદો માને છે. માણસે હજી ઘર કે ઝૂંપડાં બાંધવાની જાણકારી હાંસલ કરી ન હતી એટલે અર્ધજંગલી અવસ્થામાં તે રહેતો.





લાંઘણજમાં ઉપરના થર પરથી થોડા ઘણા માટીના વાસણો અને ઠીકરા પણ મળી આવ્યા છે. લાંઘણજના અંતા અશ્મ યુગ કાલીન મનુષ્ય અનેક

પ્રકારના લઘુ ઓજારો બનાવી જાણતો, જેમાં અર્ધચંદ્રાકાર ચપ્પુના પાના જેવા ઓજારો, લાંબા છીલકા, લઘુ ખુરપીઓ, સોયા જેવા હથિયાર, કરવતની ધાર જેવા પાના વગેરેનો સમાવેશ થાય છે. આ ઓજારો ચર્ટ, ચાલ્સીડની કારનેલીયન અને ક્વાર્ટ્ઝ જેવા પથ્થરોમાંથી બનેલા છે.

લાંઘણજનો અંતા અશ્મ યુગકાલીન મનુષ્ય માછીમાર અને શિકારી હતો. તેવી પ્રતીતિ થાય છે, જે પ્રાણીઓના હાડકાં મળે છે તે પરથી લાંઘણજના વિસ્તારોમાં એ સમયે ગેંડા, હરણ, નીલગાય, ગાય તથા ભેંસ વગેરે હયાત હતા. જેમાના કેટલાકનો શિકાર લઘુ ઓજારોમાંથી બનેલા ભાલા અને બાણ વડે અંતા અશ્મ યુગનો માનવી કરતો.

લાંઘણજમાં અંતા અશ્મ યુગ ઇ.સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ જેટલો પ્રાચીન હોવાની ગણતરી કરવામાં આવી છે. લાંઘણજ સિવાય ઉત્તર ગુજરાતમાં લઘુપાષાણ યુગના ઓજારોના અનેક સ્થળો મળી આવ્યા છે, જેમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર નજીક મળી આવેલા અંતા અશ્મ યુગકાલીન શૈલાશ્રયો ખાસ નોંધપાત્ર છે. આ શૈલાશ્રયો કે ગુફામાંથી લઘુઓજારો તો મળ્યા છે, પણ શૈલાશ્રયોની દીવાલો પર અંકિત અનેક ભીંતચિત્રો પણ શોધી કઢાયા છે. ગેરુથી દોરેલા આ ચિત્રોમાં ઢોર, હાથી, મોર, સૂર્ય, ચંદ્ર, તિરકમાન, હાથના પંજા વગેરેનો સમાવેશ થાય છે. કુલ ૧૩ ગુફાઓમાં બધા મળી ૭૧ ચિત્રો અંકિત છે. લઘુ ઓજારો તેમજ આ ચિત્રો વધારે તલસ્પર્શી અભ્યાસ માંગી લે છે.

કચ્છ સૌરાષ્ટ્રમાં પણ અનેક સ્થળે અંતા અશ્મ યુગકાલીન ઓજારો મળ્યા છે. સૌરાષ્ટ્રમાં રોઝડી, સંકજપુર, ગારિયા અને રંગપુર, કચ્છમાં અંજાર, રતનાલ, ઉકરડા, નાગલપુર, બેરાજા, ભૂજોડી અને મથલ. આ ઓજારોમાં નાની ખુરપીઓ અને ચપ્પુના પાના જેવા હથિયારો વધારે પ્રમાણમાં જોવા મળે છે. કચ્છમાં રતનાલ ગામ પાસેથી મળેલ હથિયારો લોહયુક્ત જેવા કઠણ પથ્થરમાંથી બનેલા છે.

લઘુ ઓજારો વિશે એક બાબત અત્યંત મહત્ત્વની છે. બધા જ લઘુ ઓજારો અંતા અશ્મ યુગના જ હોય તેવું અનિવાર્ય નથી. સિંધુ સંસ્કૃતિ દરમિયાન પણ ચપ્પુઓના પાના જેવા ઓજારોનો ઉપયોગ થતો, જે શરૂઆતમાં ચર્ટ નામના પથ્થરમાંથી બનાવેલા હતા. બીજી તામ્રકાલીન સંસ્કૃતિઓ પણ ચપ્પુ જેવા ઓજારોનો ઉપયોગ કરતી.

## ◆ ધોળાવીરા



કચ્છ જિલ્લાના પાટનગર ભૂજથી ૨૨૫ કિલોમીટર દૂર સ્થિત ધોળાવીરા પૂર્વ કચ્છના ખડીર બેટમાં આવેલું છે. ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં કચ્છમાં પડેલા દુષ્કાળના સમયમાં ખડીર વિસ્તારમાં ચાલી રહેલા એક રાહત કામ દરમિયાન એક મુદ્રા મળી અને આ પછી આરંભાઈ અતિતના સ્પંદનો ઝીલવાની કવાયત. ઈ.સ. ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન જગતપતિ જોશીએ ધોળાવીરાનું આરંભિક મોજણી કાર્ય હાથ ધરતા આ સ્થળે વિશાળ હડપ્પીય નગર હોવાનું શોધી શકાયું.



તે પછી છેક ઇ.સ.૧૯૯૧ના ગાળામાં ભારત સરકારના પુરાતત્વીય સર્વેક્ષણના શ્રી બીસ્ટ અને તેમના સાથીદારોએ ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુસંસ્કૃતિનું નગર પ્રકાશમાં આવ્યું. તમામ દૃષ્ટિએ જોતાં કંઈક ને કંઈક વિશિષ્ટતાવાળું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો પૂરવાર થયો અને જેણે કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દીધી. હડપ્પીય નગર ધોળાવીરાની ખાસ ધ્યાન ખેંચે તેવી તેની કિલ્લેબંધી છે. મુખ્ય મહેલ કે જેને 'સિટાડેલ' કહેવામાં આવે છે તે ખૂબ જ મજબૂત કિલ્લાથી રક્ષવામાં આવ્યો છે. બીજો કિલ્લો આ મહેલ તેમજ ઉપલા નગરની સુરક્ષા માટે બાંધવામાં આવ્યો છે.

આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે પણ કચ્છનું આ શહેર દુશ્મનોથી સાવધ હશે તે આ ઉપરથી અંદાજ કરી શકાય છે. અહીંના સુશોભિત સ્તંભો પણ વિશેષ છે. આ સ્તંભો શાના હોઈ શકે તે સંશોધનનો વિષય છે પરંતુ પુનાની ડેક્કન કોલેજના પૂર્વ નિયામક ડૉ. એમ.કે. ધવલીકરનું માનવું છે કે, આ શંકુ આકારના સ્તંભો કોઈ સ્મારક સ્તંભો હોઈ શકે છે. સિંધુકાલિન લોકો કલાના ઉપાસક ન હતા એવી માન્યતાને ધોળાવીરાએ જબરી શિકસ્ત આપી છે. ધોળાવીરાના મહેલના ચારે દરવાજા કોતરણીવાળા પથ્થરોના બનેલા છે અને આ પ્રકારનું સ્થાપત્ય બીજે ક્યાંય પણ જોવા મળ્યું નથી.

ધોળાવીરામાંથી મળી આવેલું એક વિશાળ બોર્ડ પણ રસપ્રદ છે. જેના પર સિંધુ લિપીમાં અક્ષરો લખવામાં આવ્યા છે. આ બોર્ડ પર લુગદી જેવા પદાર્થ વડે ચોડીને સફેદ પદાર્થથી લખાયેલા ૧૦ અક્ષરો કે સંજ્ઞાઓ છે. જ્યારે પણ લિપી ઉકેલાશે ત્યારે આ બોર્ડ પરની સંજ્ઞાઓનો ઉકેલ ખૂબ જ રસપ્રદ નીવડશે એ ચોક્કસ છે.

અહીંના પાણીની બચત કરવા માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવાના અને દૂરની નદી તેમજ ઝરણામાંથી પાણી લઈ આવવાની સુંદર યોજના અહીં જોઈ શકાય છે. મહેલમાં પાણીનો એક મોટો ટાંકો છે જેમાં વિશાળ ગરનાળા દ્વારા નદીનું પાણી લાવવાની વ્યવસ્થા છે અને આ ગરનાળું ભૂગર્ભમાં હોવાથી કિલ્લો બંધ હોવા છતાં પણ પાણીનો આ પ્રવાહ ચાલુ રહે છે. વરસાદી પાણી ભેગું થઈ તળાવમાં ભરાય તેવી રચના પણ છે. ન્હાવાનો એક મોટો હોજ પણ અહીં છે.

મહેલની બાજુમાં રમત-ગમતનું વિશાળ મેદાન છે. એ મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યક્તિઓ અને બીજી તરફ નગરજનો બેસીને રમત-ગમત કે અન્ય કાર્યક્રમો જોઈ શકે. મહેલથી થોડે દૂર ઉપલું નગર છે, જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બેથી પાંચ ઓરડાવાળા મોટા મકાનો પથ્થરોના બનેલા છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલા પાણીના નિકાલ માટે અહીં સુંદર ગટર વ્યવસ્થા જોવા મળે છે. દરેક ઘરમાંથી નીકળતું પાણી ઘરની બહાર રહેલી ભોંખાળ જેવા માટલામાં અને ત્યાંથી ગટરમાં લઈ જવાતું.

ઘરેણાં બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણાં પાડવાની હાર પણ અહીં જોવા મળી છે.

આ ઉપલા નગરથી દૂર એક ગરીબ વસતી હોવાનું જણાય છે. જેને પુરાતત્વવિદો નીચલું નગર કહે છે. અહીં કાચા-પાકા નાના મકાનો દેખાય છે. શ્રમિક વર્ગ માટે પણ મેલાં પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે. અહીંથી હડપ્પીય મુદ્રાઓ, વજનીયાંઓ(કાટલાં), હથિયારો, મણકા, સોનાના આભૂષણો મળ્યા છે. એક માતૃકા પણ મળી છે.



છીપની એક ગોળાકાર રીંગ મળી છે, જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઊભા કાપા કરવામાં આવ્યા છે.

વિદ્વાનો આને પંચાંગની બાર રાશિઓના પ્રતિક અથવા નેવીગેશન કંપાસ (હોકાયંત્ર) હોવાનું તારણ કાઢે છે.

સુમેરિયન ઇતિહાસમાં સિંધુ કાંઠે મહાબંદર હોવાનો ઉલ્લેખ છે તે ધોળાવીરા હોઈ શકે છે. છેલ્લે થયેલું સંશોધન અહીંની કબરો બાબતનું છે. સામાન્ય રીતે એ સમયે ઉત્તર-દક્ષિણે કબરો થતી પરંતુ અહીં તે ઉપરાંત પૂર્વ-પશ્ચિમ અને ઈશાન-નૈઋત્ય કબરો મળી છે. જે અહીંની મિશ્ર વસતીનું દ્યોતક છે.

(૧) સ્થાપત્યની કલાત્મકતા અહીંનું આગવું લક્ષણ છે. (૨) આ શહેર નદી કાંઠે આવેલું નથી અને તેથી જ કદાચ ખેતી તેનો મુખ્ય વ્યવસાય નહીં હોય. (૩) જમીનની અંદરથી પાણી લઈ આવવાના ગરનાળા પણ અહીં જ જોવા મળે છે. (૪) સંરક્ષણની આટલી મજબૂત વ્યવસ્થા મોહેં-જો-ડેરો કે હડપ્પામાં પણ જોવા મળતી નથી. (૫) લોથલમાં મૃતદેહો ભેગા દફનાવવાની પ્રથા જોવા મળે છે. તો અહીં અગ્નિદાહ આપ્યા પછી વધેલા અવશેષોને દફનાવવામાં આવ્યા છે. (૬) તો વળી લોથલમાંથી મોટા પ્રમાણમાં સિંધુ-લિપીવાળી મુદ્રાઓ મળી છે. જ્યારે અહીંથી જૂજ મુદ્રાઓ મળી છે. સિંધુલિપીમાં લખેલ મોટું બોર્ડ પણ ધોળાવીરા સિવાય ક્યાંય જોવા મળતું નથી.

## • શિકારપુર

કચ્છના ઉત્તર પૂર્વ કિનારે આવેલો ટીંબો એટલે ભચાઉ તાલુકાનું શિકારપુર સામખિયાળીથી ૧૯ કિ.મી. દૂર હાઈવે પર આવેલું છે. અકીક, કાર્નેલિયમ, સ્ટીએરાઈટ પેસ્ટમાંથી બનેલા અસંખ્ય મણકા તેમાં કાણું પાડવા માટેની શારડીઓ, માછલી પકડવાનો હુક, સુંદર ચિતરામણ કરેલા વાસણો, રમકડાં ગાડી, વૃષભ અહીંથી મળ્યા છે. સૌથી રસપ્રદ ઉપલબ્ધિ સ્વસ્તિકના ચિહ્નવાળું લોકેટ છે. અહીં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા ઉત્ખનન થયું છે.

## • દેશલપર (ગુંતલી)

પશ્ચિમ ભારત, હાલ પાકિસ્તાનથી આવેલા પૂર્વ હડપ્પીઓએ આ વસાહત વસાવી હતી. અહીંથી મુદ્રાઓ, મુદ્રાંકો, વજનિયાં અને આભૂષણો મળ્યા છે. અહીં પણ પ્રથમ કાચી ઈંટને અને પછી પથ્થરથી મજબૂત કરવામાં આવેલો કિલ્લો ધ્યાનમાં આવ્યો છે. આ સ્થળ હાજીપીર જતાં રસ્તામાં આવે છે. જેનું વ્યવસ્થિત ઉત્ખનન હજુ બાકી છે. આ વસાહતમાં કચ્છમાં સૌ પ્રથમ ૧૯૫૫-૫૬ના અરસામાં ઉત્ખનન થયું હતું.

## • ખીરસરા :

કચ્છના ખડીર વિસ્તારના ધોળાવીરા સહિત અનેક સ્થાનો અને પચ્છમના કુરન પછી હવે પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય વસાહતીઓના પદચિહ્ન જળવાઈ રહ્યા છે. નખત્રાણા તાલુકાના નેત્રા (માતાજીના) થી ચાર કિલોમીટરના અંતરે સ્થિત ખીરસરાની સીમમાં આ વસાહત છે.

ધોળાવીરા અને કુરન પછી કચ્છની સૌથી મોટી હડપ્પીય વસાહત શોધી શકાઈ છે. ખીરસરાની ભૂમિમાં હડપ્પીય નગર હોવાના અણસાર તો છેક ૭૦ના દાયકામાં જ આવી ગયા હતા. આ પછી છેક વર્ષ ૨૦૧૦ ડિસેમ્બર માસથી ભારત સરકારના પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગે ઉત્ખનનકાર્યનો આરંભ કર્યો. આ કાર્યના આરંભે જ મોટી વસાહત હોવાના અણસારો મળી રહ્યા છે. અહીં ઘરબાયેલું નગર પણ ધોળાવીરાની માફક જ ત્રણ સ્તરનું છે. જેમાં ઉપલા સ્તરમાં શ્રીમંત વર્ગ, મધ્ય ભાગમાં મધ્યમ વર્ગ અને છેલ્લે શ્રમિક વર્ગ નિવાસ કરતો હશે એવું અનુમાન છે.

અહીં મળી આવેલા નગરના અવશેષોમાં આયોજનબધ્ધ રીતે ચણાયેલી મકાનની દીવાલો પીળા રંગના પથ્થરની છે. સાતથી આઠ ફૂટની હારબંધ દીવાલો સુધીનું કરાયેલું ઉત્ખનનકાર્ય જોતાં જ પ્રથમ નજરે જ ભવ્ય સંસ્કૃતિનો અહેસાસ જોનારને થાય છે. ઉત્ખનન દરમિયાન વિવિધ આભૂષણો અને તેમાં ઉપયોગમાં લેવાતા મોતી મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અહીંથી મળી આવેલા અનેક અશ્મિઓને પૂનાની લેબોરેટરીમાં મોકલી અપાયા છે. જેના



પૃથક્કરણ પછી એ સમયે કેવા પ્રાણીઓ અહીં વિચરતા હતા તેની પણ જાણકારી મળી શક્શે.

ખીરસરા ગામની સીમમાં ઉત્ખનનકાર્યના આરંભમાં જ ધારી સફળતા મળતાં પુરાતત્વરસિકો ઉત્સાહિત બન્યા છે. અહીં આવતા સંશોધકો, વિદ્યાર્થીઓ તથા પુરાતત્વરસિકો માટે અન્ય વસાહતોની માફક પોટરીયાર્ડ તૈયાર કરાયો છે જે હંગામી સંગ્રહાલયની ગરજ સારે છે. આ સ્થળેથી મળેલા અશ્મિઓ, મોતીઓ, નાની મોટી સાઈઝના શંખ અને છીપલા પણ અહીં પ્રદર્શિત છે. શંખમાંથી બનતી અવનવી બંગડીઓ, ધાતુના આભૂષણોના નમૂનાઓ વગેરે પણ આ પોટરીયાર્ડનું આકર્ષણ છે. અહીંની મકાન બાંધણી, ઓરડાના માળખાં, તત્કાલિન ગઢના ચાર ખૂણાઓ પણ ઉત્ખનનમાં મળી આવ્યા છે. અહીંથી ગોળ પીલર અને બેઝ પણ મળી આવ્યા છે. વધુ ઉત્ખનન પછી અહીંની આયોજનબદ્ધ નગર રચના અને તત્કાલીન લોકજીવનની વધુ જાણકારી મળવાની પણ સંભાવના છે.

કચ્છના રણકાંધીના પ્રખ્યાત કાળા ડુંગરની ગોદમાં આવેલ કુરન ગામની સીમમાં 'શહીદોના ગઢ' તરીકે જાણીતા વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમિયાન  જ આ સ્થળમાં રહેલા હડપ્પીય સભ્યતાના અનેક પ્રમાણો મળવાનું શરૂ થયું. આ સ્થળની મુલાકાત પછી જોવા અને જાણવા મળતી વિગતો મુજબ ધોળાવીરા ખાતેથી હજુ જે પ્રાપ્ત થયેલ નથી એવા અવશેષો અહીંથી મળી આવ્યા છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની વડોદરા કચેરીના અધિક્ષકની આગેવાની હેઠળ કુરન ખાતે ૬ જાન્યુઆરી-૨૦૦૪થી અથાગ મહેનત દ્વારા આપણી વિલુપ્ત પ્રાચીન ધરોહરને ઉજાગર કરવા પ્રયાસોનો આરંભ કરાયો હતો.

અહીંથી માટીના પાત્રો, ઘરેણાં, માટીના અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવે છે. ૪૧૦-૩૫૦ મીટરના વિસ્તારમાં આઉટર ફોર્ટીફિકેશન વોલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫-૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન ઉપરાંત લોઅર ટાઉન આવેલ છે. ધોળાવીરામાં જેમ મીડલ ટાઉન છે તે જાતનું મીડલ ટાઉન હજુ અહીં મળ્યું નથી, પણ સ્થળ પર નિરીક્ષણ કરતાં આવનારા સમયમાં આવું મીડલ ટાઉન મળી આવવાની સંભાવનાઓ નજરે પડે છે.

આ અગાઉ શોધાયેલ સિંધ, બલુચિસ્તાનની સિંધ સંસ્કૃતિનાં સ્થળો તથા ધોળાવીરા, સૂરકોટડા વગેરે હડપ્પીય નગરોના રાજભવનમાં કબ્રસ્તાન જોવા મળ્યું નથી. જ્યારે નવ સંશોધિત કુરન વિસ્તારમાં જોવા મળ્યું છે કે મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીક દફનાવવામાં આવી છે. કુરનના રાજભવન પાસે મળી આવેલ કબ્રસ્તાનમાં એક કબરના ઉત્ખનન દરમિયાન એક નવીનતા જોવા મળી છે કે અહી એ સમયે મૃતદેહને બે વાર દફનાવવામાં આવતો હશે. એ સમયે મૃતદેહના અમુક અંગોનો પ્રથમ વખત નિકાલ કર્યા પછી અન્ય અંગોને વ્યવસ્થિત ચેમ્બર બનાવી તેમાં દફનાવાયા હોય તેવું અહીં જોવા મળે છે. અહીંથી મળી આવેલા મૃ તદેહ બેઠેલી હાલતમાં છે. તે સ્ત્રી છે કે પુરુષ તેનું સંશોધન હજી બાકી છે.



સંશોધન દરમિયાન વધુ એક નવીનતા એ પણ જોવા મળી છે કે કાળા ડુંગરમાંથી એક વહેણ બહાર નીકળી કિલ્લાને સમાંતર વહી પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફ વસાહત હોવાના સગડ મળે છે. જ્યારે પશ્ચિમ બાજુ સ્મશાનના નિશાનો મળે છે. જે સૂચવે છે કે અહીંના નગરજનો પોતાના નિવાસસ્થાનથી દૂર મૃતદેહના અંતિમસંસ્કાર કરતા હશે.

આ સંસ્કૃતિ પણ નદી કિનારે વિકસી છે. કારણ કે આ વસાહત પણ નદીના પટમાં વિકસી હોવાના વિપુલ પ્રમાણો મળ્યા છે. માટીના પાત્રોમાં કરવામાં આવેલા વિવિધ રંગકામ અહીંના વસાહતીઓની કલાસૂઝના દર્શન કરાવે છે. તો સ્મશાન પાસેથી મળતાં માટીના પાત્રોમાં માત્ર કાળો અને સફેદ રંગ મૃતદેહ પ્રત્યે તેઓ માનની લાગણી ધરાવતા હતા તેવું સૂચવે છે.

કચ્છ એ ધરતીકંપનું ક્ષેત્ર છે. આ અંગેના પુરાવાઓ પણ અહીંથી મળે છે. રાજમહેલના કિલ્લાની દીવાલ એક સમયે ધરતીકંપમાં ધ્વસ્ત થઈ ગઈ હશે તે ધ્વસ્ત દીવાલને એમને એમ રહેવા દઈ તેની બાજુમાં જ નવી દીવાલ ચણવામાં આવી હોય તેવા પ્રમાણો અહીં એકથી વધુ વખત જોવા મળે છે.

ધોળાવીરાનું પ્રવેશ દ્વાર પૂર્વ દિશામાં છે. જ્યારે અહીંનું પ્રવેશદ્વાર દક્ષિણ દિશામાં છે. અહીંના ઓપનએર થિયેટરમાં આમજનતા માટે બેસવા માટે ઢાળ બનાવવામાં આવ્યા છે. જ્યારે ધોળાવીરાના ઓપનએર થિયેટરમાં પગથિયાં છે. આમ કુરને ધોળાવીરા કે અન્ય બીજી હડપ્પીય વસાહતોનો તુલનાત્મક અભ્યાસ કરવાની તક પણ સંશોધકોને પૂરી પાડી છે.

કચ્છના પ્રાચીન વાગડ વિસ્તારમાંથી ખનન કાર્યના આરંભમાં જ એક સુંદર નગર રચના ધરાવતું નગર રાપર તાલુકાના કાનમેર ગામ નજીક આવેલી ટેકરી પર ઘરબાયેલું રહ્યું છે. ૧૭ મીટર લાંબી અને ૧૧ મીટર ઊંચી દીવાલ મળી આવી છે. તે જોતા સુરક્ષાના મજબૂત કવચથી આ નગર રક્ષિત હશે એવું અનુમાન કરી શકાય છે. ડૉ. એમ.કે. ધવલીકરના અનુમાન મુજબ આ નગર એક કેમ્પ હશે કારણ કે આ નગરમાં એક જ સામૂહિક રસોડાના અવશેષો મળ્યા છે. નગરની અંદર મકાનો તથા માર્ગો પણ દેખાય છે. પરંતુ તેનું ખનન હજી બાકી છે. આવનારા દિવસોમાં નવા રહસ્યો આપણી સમક્ષ આવશે. ઉત્ખનન કાર્યના આરંભના કામ દરમિયાન અહીંથી જંગલી ભેંસના હાડકાં, માટીના પાત્રો, ઘઉં, મગ અને ચોખાના દાણા પણ મળી આવ્યા છે. ખંભાતથી મળતા મોતી જેવા જ મોતી પણ અહીંથી મળી આવતા આ કાર્ય માટે ખંભાતથી ખાસ મોતીકામના નિષ્ણાત કારીગરો પાસેથી વધુ જતનથી ખનન કરવાનું વિચારાયું છે.

કાનમેરનું હડપ્પાકાલિન નગર એક સમયે દરિયાથી વધુ નજીક હોવાની સંભાવના છે અને જે તે સમયે તે એક મોટું વ્યાપારી મથક હોવાની સંભાવના પુરાતત્વવિદો વ્યક્ત કરે છે. શિકારપુર તથા કાનમેર બંને નગરોની તુલના કરતાં જણાય છે કે, શિકારપુરની દીવાલો માટીની બનેલી છે. જ્યારે કાનમેરની દીવાલો મજબૂત પથ્થરોની બનેલી છે. આથી કાનમેર વધુ સુરક્ષિત અને મહત્ત્વનું હશે.



ધોળાવીરા જેમ સમાજના વિવિધ સ્તરોને વિભાજિત કરતી નગર રચના ધરાવે છે. તેથી વિપરિત કાનમેર એક જ કિલ્લામાં રક્ષિત હોઈ બે સંભાવના વ્યક્ત કરી શકાય, એક તો આ નગરમાં માત્ર ઉચ્ચ વર્ગના લોકો જ વસવાટ કરતા હશે અથવા તો આ નગરમાં તમામ સ્તરના લોકો એકસંપથી રહેતા હશે.

## • શિકારપુર ઉત્ખનન (તા. ભચાઉ, જિ. કચ્છ)

રાજ્યમાં આશરે ૫૦૦ સ્થાપત્યકીય સ્મારકો (કેન્દ્ર સહિત) એટલા જ ટીંબા અને પુરાતત્ત્વીય સ્થળો તથા અનેક પુરાવશેષો અને કલા ભંડારોથી ગુજરાત પુરાતત્ત્વ ક્ષેત્રે ખૂબ જ સમૃદ્ધ રાજ્ય છે, જે આપણા સૌનું ગૌરવ છે.

કચ્છમાં આજે નાના-મોટા ૭૦ હડપ્પીય સંસ્કૃતિના સ્થળો નોંધાયા છે, જેમાં ખાસ અગત્યના સ્થળોમાં શિકારપુર ઉપરાંત કોટડા ટીંબા, ધોળાવીરા, સુરકોટડા, પાબુમઠ, દેશલપર (ગુંતલી) કંથકોટ, મનફરા, ગઢવાળી વાડીનો ટીંબો (નેત્રાખીરસરો, કાનમેર, લખપત, ટોડિયા વગેરે છે. આમાંથી કચ્છમાં ઉત્ખનન હડપ્પીય સ્થળોમાં કોટડા ટીંબો, દેશલપુર (૧૯૬૪), ગુંતલીવાલી (નખત્રાણા) (૧૯૬૦), સુરકોટડા (૧૯૬૮-૬૯), પાબુમઠ સુવઈ તા. ભચાઉ (૧૯૭૩) વગેરે મુખ્ય છે.

રાજ્યના પુરાતત્ત્વ ખાતા ઉપરાંત ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની (આર્કયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયા) મુખ્ય પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે. પુરાતત્ત્વીય સર્વેક્ષણ અને ઉત્ખનન. રાજ્યમાં આવેલ રક્ષિત સ્મારકો અને સ્થળોનું કાનૂની ઈમારતી અને રાસાયણિક સંરક્ષણ પુરાતત્ત્વ અંગેના ગુજરાતના સન ૧૯૬૫ના ૨૫માં અધિનિયમ અને સને ૧૯૬૭ના નિયમોનું અમલીકરણ પુરાતત્ત્વીય મહત્તા ધરાવતા ભૂમિગત ભંડારોનું સંપાદન પુરાવશેષો અને બહુમૂલ્ય કલા ભંડારો અંગેના ભારત સરકારના સને ૧૯૭૨ના અધિનિયમ અને ૧૯૭૩ના નિયમો અન્વયે અનુસૂચિત પુરાવશેષોની નોંધણી, પુરાતત્ત્વીય બાબતોનું પ્રકાશન, પુરાતત્ત્વીય પૃચ્છાઓ અંગે માર્ગદર્શન અને માહિતી પ્રદાન કરવાનું છે.

આ ઉદ્દેશ અન્વયે ખાતાની તક્નીકી કામગીરીમાં સર્વેક્ષણ ઉત્ખનન, પુરારક્ષણ, ગામે ગામની સ્થળ તપાસ નદીઓની પ્રાગૈતિહાસિક મોજણી છે. આ ખાતા દ્વારા અત્યાર સુધીમાં નાના-મોટા વીસથી વધુ ઉત્ખનનો કરાયા છે, જેમાં રોઝડી, સોમનાથ, કુંતાસી, પાબુમઢ અને શિકારપુર યશકલગી સમાન છે.

શિકારપુર ઉત્ખનન કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકામાં આવેલું છે. શિકારપુર જંકશનથી ૩ કિ.મી. હાઈવે ઉપર બ્રોડગેજ (સુરખાબારી) ૬ કિ.મી. જ્યારે મીટરગેજ સામખિયાળીથી ૨૧ કિ.મી. પર આવેલું છે. મૂળ વાલમિયા ટીંબા નામે ઓળખાતા ટીંબા પર ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતા તરફથી ઉત્ખનન હાથ ધરવામાં આવ્યું છે. આ ટીંબો ખાતાના કચ્છ વર્તુળ તરફથી ગામે ગામની મોજણી સર્વેક્ષણ દરમિયાન સને ૧૯૮૦-૮૧માં પુરાતત્ત્વ ખાતા તરફથી પ્રાથમિક સ્થળ તપાસ સમયે હડપ્પાકાલીન પાત્ર ખંડો અને પુરાવશેષો મળ્યા હતા. આમ કચ્છમાં એક વધુ હડપ્પીય સ્થળ નોંધાયું હતું.

અત્યંત પ્રાચીન સમયથી કચ્છ પ્રદેશ ઉત્તરમાં સિંધ તથા દક્ષિણમાં સૌરાષ્ટ્ર તેમજ તળ ગુજરાત વચ્ચેના સંસ્કૃતિ સેતુ તરીકે રહ્યું છે. આ કારણથી ત્યાં હરપ્પન સંસ્કૃતિનો સારો એવો વિકાસ ઈતિહાસ પ્રાચીન ટીંબાઓમાં દટાયેલો પડ્યો છે.

કચ્છના અખાતમાં ઊંડે સુધી જળમાર્ગ દ્વારા વહેવાર ચાલતો હતો. જેમાં કુંતાસી, ધોળાવીરા, શિકારપુર વગેરે સ્થળેથી આ વ્યવહાર ચાલતો હશે. આમ તળ ગુજરાતના વિવિધ સ્થળો તેમજ કાઠિયાવાડના હરપ્પીય સ્થળો સાથેના તાત્કાલિક વહેવારમાં અગત્યના સ્થળો હશે.

શિકારપુરમાં ચાલેલા ઉત્ખનનમાંથી હડપ્પાકાલીન સંસ્કૃતિના વિવિધ અવશેષો મળ્યા છે જેવા કે, માટીના અનેકવિધ સુંદર વાસણો, માટલાં, કૂંજા, ફૂલદાની, નાંદ, તાસક, કાણાવાળા નળાકાર વાસણો, બેઠકવાળી



તાસક, કથરોટ, કુંડા, વાડકા, કુલડીઓ વગેરે મુખ્ય છે.

આ વાસણોમાં રાતા, કાળા અને રાતા ચિત્રિત લેપયુક્ત તથા કોર્સવેર મળે છે. 'બફ' જેવા પાત્ર ખંડો પણ મળે છે. આ વાસણો કાળા કે જાંબુડા રંગના ચિત્રોથી સુશોભિત કરવામાં આવતા હતા.

ખાસ તાસક, કથરોટ, વાડકાઓમાં કાંઠા ઉપર અંદર, બહાર, સમાંતર રંગકામનો પટ્ટો જોવા મળે છે. જ્યારે કેટલાંકમાં ઊભી લીટીઓના ચિત્રાંકન જોવા મળે છે. ડીસોના સ્ટેન્ડ ઉપર પણ ચિત્રાંકન જોવા મળે છે. ભૌમિતિક રેખાઓ ઉપરાંત વેલ-પાન તથા પક્ષીઓના ચિત્રાંકનો જોવા મળે છે.

અન્ય પુરાવશેષોમાં પકવેલી માટીની વિવિધ વસ્તુઓ શંખની બંગડીઓ, મણકા, સેલખડીના વિવિધ પ્રકારના મણકાઓ 'પેસ્ટ', 'ફીયાંસ' મણકાઓ તેમજ પકવેલી માટીની ખાસ ત્રિકોણાકાર તકતીઓ વિપુલ પ્રમાણમાં મળે છે, તકતીઓ ઉપરાંત મણકા, બંગડીઓ, વજનિયાં, મુસઠીકાઓ, કોડિયા, દિવાઓ, રમવાની લખોટીઓ, ગોફણના ગોળાઓ, શાળના વજનિયાં વગેરે પણ પ્રાપ્ત થયા છે. પકવેલી માટીના વિવિધ પ્રકારના રમકડાં ગાડીઓ પણ એક રસપ્રદ પુરાવશેષ ગણાય છે. પથ્થર અને કિંમતી પથ્થરની વસ્તુઓમાં ચર્ટ પથ્થરના ચપ્પુના પાના, અકીક જેરપર કૉર્નેલિયન વગેરેના સુંદર મણકાઓ મળે છે. ધાતુ તેમાં પણ ખાસ તાંબાની વસ્તુઓ જેવી કે છીણી, છરીનું પાનું, ચપ્પાનું પાનું વગેરે મળ્યા છે. બાંધકામના ઘડ્યા વગરના પથ્થરની દીવાલો, કાચી માટીની ઈંટોનો ઉપયોગ પણ થતો જોવા મળે છે. પ્રથમ વર્ષના ઉત્ખનનનું કામચલાઉ તારણ એટલું કાઢી શકાય કે, હડપ્પા કાળમાં આ સ્થળ મહત્ત્વનું વેપારી તેમજ કલા-કારીગરીનું કેન્દ્ર હશે. તેમજ કાઠિયાવાડમાં તત્કાલીન સ્થળો સાથે તેમજ સિંધના સ્થળો સાથે પણ તેના સંબંધ હશે એમ માની શકાય.

આમ, ઉપરોક્ત હકીકતથી સ્પષ્ટ થાય છે કે, શિકારપુરના ટીંબા પર વધુ ખોદકામ કરાવતા અત્રેથી સિંધુ સંસ્કૃતિની રાજકીય, સામાજિક, આર્થિક તેમજ કલાવિષયક વધુની રસિક માહિતી પ્રાપ્ત થશે જ. એ કામ થતાં ગુજરાત તથા ભારતના પુરાતત્ત્વના ઈતિહાસમાં એક અગત્યનું પ્રકરણ ઉમેરાશે.

## ● શૈલ ગુફા - ગામ સિયોત, તા. લખપત, જિ. કચ્છ :

કચ્છ જિલ્લાના લખપત તાલુકાનાં ઘડુલી-ગૂનેરી રોડ ઉપર ભૂજથી ૧૩૦ કિ.મી. દૂર સિયોત ગામથી ઉત્તરમાં ૫ કિ.મી. દૂર અટડા ગામ નજીક આ શૈલ ગુફાઓ આવેલી છે. આ સ્થળ ભૂજથી બસ રસ્તે જોડાયેલું છે. ભૂજથી ઘડૂલી ૧૧૩ કિ.મી.નો ડામરનો પાકો રસ્તો છે.

કચ્છના ઈતિહાસમાં આ શૈલ ગુફાઓનો ઉલ્લેખ 'ખાપરા કોડિયા'ની ગુફાઓ તરીકે થયેલો છે. આ ગુફાઓ કચ્છ જિલ્લાની અગત્યની પુરાતત્ત્વીય સમૃદ્ધિ છે. ઈ.સ.ની ૩જી-૪થી સદીમાં બૌદ્ધ અને શૈવ ધર્મના ઉપાસકો દ્વારા આ ગુફાઓ કંડારવામાં આવેલી હોવાનું માનવામાં આવે છે. આ ગુફાઓ સિંધથી કચ્છ સાથે જોડાયેલા પ્રમુખ વેપારી માર્ગ પર સ્થિત હતી.

કચ્છમાં પ્રાચીનત્તમ ઐતિહાસિક પુરાવશેષોમાં ભુજ તાલુકાના અંધૌ ગામેથી મળી આવી. ઈ.સ.ની ૧લી શતાબ્દીનો શક સંવત ૧૧નો ક્ષત્રપ શિલાલેખો પણ કચ્છમાંથી પ્રાપ્ત થયા છે. જેના ઉપરથી જણાય છે કે કચ્છમાં ક્ષત્રપોનું શાસન તે સમયે હશે. ત્યાર બાદનો ઈતિહાસ તપાસતા ચીની યાત્રી હ્યુ-એન-સંગે ઈ.સ. ની ૭મી શતાબ્દીમાં તેની કચ્છની મુલાકાત દરમિયાન કચ્છમાં દસ સંઘો અને એક હજાર બૌદ્ધ સાધુઓ નિર્વાહ કરતાં હોવાની નોંધ લીધી છે. તદ્ઉપરાંત એક શિવમંદિર હોવાનું પણ નોંધ્યું છે.

આ ગુફામાં સને ૧૯૮૮માં હાથ ધરવામાં આવેલ ઉત્ખનન દરમિયાન કાચી માટીના મુદ્રાંકો બેઠેલા છે અને તેની નીચે બ્રાહ્મી લિપિમાં ધર્મસંદેશ કોતરેલો જણાય છે. કેટલીક મુદ્રાઓમાં સ્તૂપના અંકન થયેલ છે. ગુફાની નજીકમાં આવેલા ટીંબાઓમાંથી આદ્યઐતિહાસિક મૃત્તિકા પાત્રખંડો અને પુરાવશેષો મળી આવ્યા છે. આ સમગ્ર વિસ્તારનો અભ્યાસ કરતા ઈ.સ.ની આરંભિક સદીની સંસ્કૃતિ એક સમયે આ સ્થળે પાંગરી હશે





તેમ જણાય છે. આ સ્થળે એક શિવમંદિર આજે પણ હયાત છે. જે સ્થાનક કોટેશ્વર તરીકે જાણીતું છે. આમ તમામ પુરાવાઓ દ્વારા જણાય છે કે, ચીની યાત્રી હ્યુ-એન-સંગ દ્વારા જે સ્થળનો ઉલ્લેખ થયેલો છે તે સ્થાન આ ગુફાઓ જ હોવી જોઈએ.

કાચીમાટીમાં છાપ મારી ઉપસાવેલ મુદ્રાંકમાં બુદ્ધ જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ વણાયેલ છે. જ્યારે ભગવાન બુદ્ધ તપમાં બેઠેલા ત્યારે તપોભંગ કરવા માટે રાક્ષસે ખૂબ જ પ્રયત્ન કરેલો. પરંતુ બુદ્ધ ચલાયમાન થયા ન હતા અને અંતે તેની ઉપર વિજય પ્રાપ્ત કરેલો તેની સાક્ષી તરીકે બુદ્ધ ભૂમિને સ્પર્શેલ, તેમના જમણા હાથની આંગળી વડે ભૂમિને સ્પર્શ કરતા દર્શાવવામાં આવ્યા છે. આ પ્રતિમાને અક્ષોભ્ય બુદ્ધ પણ કહેવામાં આવે છે. તેમજ બૌદ્ધ ધર્મમાં તાંત્રિકવાદનો ઉદ્‌ભવ પણ અહીંથી શરૂ થયો હોવાનું મનાય છે. ગુફાની આસપાસનાં વિસ્તારમાં ટીંબાઓ આવેલા છે, જેમાંથી મળી આવતા પકવેલી માટીનાં વાસણોનાં ટુકડાઓ મુખ્યત્વે કુષાણ ક્ષત્રપકાલિન સમયના જણાય છે, પરંતુ તેની મુખ્ય અગત્યતા તેની ઉપરના રૂપકનો છે. જે પ્રથમ દૃષ્ટિએ ફૂલવેલની ભાત જેવા જણાતા આ રૂપાંકનો ધર્મચક્ર અને બોધિવૃક્ષના છે તેમજ વાસણનો આકાર સાધુઓ દ્વારા ધારણ કરાતાં કમંડલ જેવો છે.



ગુફાની સામે જ ઉત્તરમાં આશરે ૩ કિ.મી. દૂર સમુદ્ર છે. ગુફા જે ટેકરીમાં કંડારેલ છે તેની ઉપર ચઢીને જોતાં ગુફાની પાછળના ભાગે એક ઝરણું (નદી) વહે છે. જે ઉત્તર-પૂર્વમાં સમુદ્રને મળે છે. ગુફાની પશ્ચિમે એક તળાવ છે, જેમાં પાણી સંગ્રહ કરીને ત્યાંથી અનેક નાની નહેર દ્વારા આ પાણી ગુફાની પાછળ સુધી લાવી એક કુંડમાં ભેગું કરવામાં આવતું હોવાનું જણાય છે. ત્યાં કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. સમુદ્ર માર્ગે આવતા યાત્રીઓ સમુદ્રમાંથી નાની હોડીઓ દ્વારા નદી માર્ગે છેક ગુફા પાસે ઉતરી શકે તેવો જળમાર્ગ તે સમયે હશે તેમ સ્પષ્ટ જોઈ શકાય છે.

ગુફાની દક્ષિણ-પૂર્વમાં એકાદ ફલાંગ દૂર એક સ્તૂપાકાર ટેકરી છે. જે હાલ તો ભગ્નાવશેષમાં છે. વરસાદના પાણી અને માનવસર્જિત કૃત્યોએ તેને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. તેના આ આકાર અંગે ખૂબ જ

અસ્પષ્ટતા હોવા છતાં તે સ્તૂપ હોવાની ઘણી સંભાવના રહેલી છે. જ્યારે ઉત્તર-પૂર્વમાં એક ફલાંગ દૂર એક નાની ટેકરી ઉપર કેટલાંક કાણાંઓ જોવા મળે છે. સંભવિત આ કાણાઓનો ઉપયોગ આ સ્થાને રહેતા સાધુઓ દ્વારા તેમાં ધ્વજો ખોડવા માટે કરવામાં આવતો હશે. તેથી યાત્રીઓ દૂરથી આ સ્થળ જોઈ શકે.

બૌધ ધર્મમાં ભગવાન બુદ્ધના નિર્વાણ બાદ તેમના અસ્થિ ઉપર સ્તૂપનું નિર્માણ કરવામાં આવતું. સમય જતા સ્તૂપ બૌદ્ધ ધર્મની પ્રમુખ નિશાની તરીકે સર્વત્ર પ્રસ્થાપિત થયેલ જોવા મળે છે. આ સ્થળેથી મળી આવેલી મુદ્રાઓમાં સ્તૂપની આકૃતિ જોવા મળે છે. ભગવાન બુદ્ધને એક પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયેલું તેથી તે વૃક્ષને બૌધિવૃક્ષ એવું નામ આપવામાં આવેલું હતું. મળી આવેલી કેટલીક મુદ્રાઓમાં સ્તૂપ સાથે બૌધિવૃ ક્ષને પણ કંડારવામાં આવેલું છે, જે બૌદ્ધ ધર્મમાં એટલું જ અગત્યનું છે. સિયોતથી મળેલા પુરાવશેષ પરથી લાગે છે કે બૌદ્ધ ધર્મના પતન પછી અહીંની ગુફાઓનો શૈવ ધર્મ ઉપાસકો દ્વારા ઈ.સ.ની ૧૨-૧૩મી સદી સુધી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## • પુઅંરાગઢના સ્મારકો-મંજલ કચ્છ :

ભુજ-નખત્રાણાના ધોરી માર્ગ પર ૩૫ કિ.મી.ના અંતરે રાજ્ય પરિવહન સેવાથી જોડાયેલ પુઅંરાગઢ/પધ્ધરગઢ નામે પ્રચલિત, પ્રાચીન સ્મારક સંકુલ આવેલું છે. કેટલાયે સૈકાઓ પૂર્વેથી કાળક્રમની થપાટો સામે ઝઝૂમતા-ઝૂઝતા જીર્ણતાની અવસ્થાએ પહોંચેલા આ બેનમૂન સ્મારક ભૂકંપ જેવી વિનાશક પરિસ્થિતિ બાદ પણ આજે કચ્છની પ્રાચીન સમૃદ્ધ સ્થાપત્ય કલાને ઉજાગર કરતા પ્રકૃતિના સથવારે ઊભા છે. આ સ્મારક સંકુલમાં મુખ્યત: (૧) પુઅંરાગઢ (૨) વડી મેડી અને (૩) પુંઅરેશ્વર મહાદેવ મંદિર એમ ત્રણ સ્મારક ખાસ મહત્ત્વના છે.

**(૧) પુંઅરાગઢ :** નખત્રાણા તાલુકાના મંજલ ગામ પાસે રાજ્ય ધોરીમાર્ગની દક્ષિણ દિશામાં વેરવિખેર





પથ્થરોથી પથરાયેલ પુંઅરાગઢ/પધ્ધરગઢ નામે પ્રાચીન વસાહત આવેલી છે. કુદરતી પરિબળોનો તેમજ રાજકીય ઉથલપાથલનો સામનો કરતાં કરતાં ઉજ્જડ ભાસતી આ વસાહતને ફરતો અણઘડ પથ્થરોનો માનવનિર્મિત ગઢ આવેલો છે. આમ આ ગઢ આજે પૂર્ણ સ્વરૂપે જળવાયેલો નથી. ઘણી જગ્યાએ આ ગઢના પથ્થરો ઢગ સ્વરૂપે પડેલા છે. પ્રચલિત ક્વિદંતી મુજબ પુંઅરાએ તેના કાકા લાખાફુલાણી સાથેના અણબનાવ બાદ તેની રાજધાની કેરાકોટ ત્યાગીને પધ્ધર નામના સ્થળે નાનકડા કિલ્લેબંધી નગરની સ્થાપના કરી, જે આજે પધ્ધરગઢ નામથી ઓળખાય છે. ઐતિહાસિક તવારીખ મુજબ પણ લાખાફુલાણીના રાજ્યકાળનો સમય ઈ.સ. ૯૪૦ થી ૯૫૦નો છે જેથી આ ગઢ ૯મી-૧૦મી શતાબ્દીનો હોવાનું અનુમાન છે. પુંઅરાગઢ સાથે જોડાયેલી વિવિધ લોકવાર્તાઓ કચ્છના લોકજીવનમાં પ્રચલિત છે તેના ભવ્ય અતીતનો અણસાર આવે છે.



પુંઅરાગઢમાં વડી મેડી તથા નાની મેડી નામાભિધાનથી પરિચિત બે સ્થાપત્યો આવેલા છે. કિલ્લાની પૂર્વ દિશાની રાંગમાં તથા દક્ષિણની રાંગમાં પ્રવેશ માટે દ્વાર આવેલા છે, જે આજે ખંડેર હાલતમાં છે. પધ્ધરગઢ નગરીના ભવ્ય અતીતની ઓળખ અપાવતા પ્રાચીન મંદિરો તથા વસાહતના ભગ્નાવશેષો પણ અહીં જોવા મળે છે.

**(૨) વડી મેડી :** પુંઅરાગઢ તરીકે જાણીતા ગઢની અંદર ઈશાન કોણ વિસ્તારમાં વડી મેડી નામનું સ્મારક આવેલું છે. આ અદ્‌ભુત સ્મારકને જાહેર રસ્તા ઉપરથી પણ જોઈ શકાય છે.

વડી મેડી સ્મારક તલમાને ઉત્તર-દક્ષિણ ૨૧-૨૦ મીટર અને પૂર્વ-પશ્ચિમે ૮૫ મીટરનું કદ ધરાવે છે. જગતી ઉપર સ્થિત આ સ્મારક કદમાં વિશાળ છે. ઉત્તરાભિમુખ આ સ્મારક બે મજલાનું હોવાનું જણાય છે, પરંતુ ઉપલા માળે જવા માટેની સીડી હોવાના કોઈ નિશાન જોવા મળતા નથી. ૧.૫૦ મીટરની ઊંચાઈ ધરાવતી ચોરસ જગતી ઉપર ચાર-ચાર સ્તંભોની વિશિષ્ટ રચના કરવામાં આવી છે અને તેની ઉપર માળ બાંધેલો છે. સ્મારકની વેદીબંધ નષ્ટ થઈ ગયેલી છે. દક્ષિણ-પૂર્વના ખૂણા પાસે બચી ગયેલી વેદી ઉપરથી તેના પૂર્ણ સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. આ વેદીબંધમાં ભીટ્ટ જાડ્યકુંભ, કર્ણ, આંતરપત્ર, ગ્રાસપટ્ટ, કુંભ, કળશ જેવા અંગો જોઈ

શકાય છે. જેને ચૈત્યભાત અને કીર્તિમુખ દ્વારા સુશોભન કરાયેલ છે. સ્મારકના મધ્ય ભાગે અને મુખ્ય પ્રવેશ માર્ગની સન્મુખ ઉપરના ભાગેથી ખુલ્લો ચોરસ ચોક આવેલો છે. તેની ઉપરના માળે ફરતી બાજુએ છજાની રચના કરાયેલી છે. ભરાયેલા પાણીના નિકાલ માટે ઉત્તરમાં ભૂગર્ભમાં જળમાર્ગ છે. જે પ્રથમ ઉત્તર તરફ અને ત્યાર બાદ પૂર્વ તરફ ફંટાતું જોવા મળે છે. જેના છેડાઓ ઉત્તર અને પૂર્વ તરફ આવેલી દીવાલોમાં જોવા મળે છે. આ ચોકની ઉત્તર તરફની દિશા સિવાય થોડા અંતરે ત્રિશાખા પ્રકારની દ્વારશાખ આવેલી છે. જેમાનું પૂર્વ તરફનું દ્વાર દક્ષિણની દીવાલને બદલે પૂર્વની દીવાલમાં કરેલું છે. અલંકૃત કરાયેલી દ્વારશાખની પૂર્વ અને દક્ષિણ દીવાલની દ્વારશાખના મધ્યસ્તંભમાં નૃત્ય કરતા તાપસ જોવા મળે છે. પૂર્વ તરફની દ્વારશાખના લલાટ બિંબમાં ગણેશ અને નીચેના ભાગે એક તરફ બુદ્ધ કે જૈન તીર્થંકર હોવાનું જણાય છે. જ્યારે બીજી તરફ આસનસ્થ સૂર્ય છે. પશ્ચિમ તરફની દ્વારશાખની દીવાલના નીચેના ભાગે સપત્નીક ગણેશ છે. જ્યારે દક્ષિણ દીવાલનું શિલ્પ ખંડિત હોઈ ઓળખવું શક્ય નથી. કુલ સાતમાંથી ત્રણ દ્વારશાખ ઊભેલી છે. જ્યારે અન્યના ઉદુંબરો જ જોવા મળે છે. કુલ ૩૦ સ્તંભ-અર્ધસ્તંભ ઊભેલા છે, જેમાં સ્વતંત્ર ૧૮ સ્તંભ અને ૧૨ અર્ધસ્તંભ છે. સ્તંભ તલમાને રૂચક છે અને શિરોભાગ વૃત્તાકારે છે. જે અલંકૃત છે. શિર્ષની મધ્યે નીચેના ભાગે ભારપુત્રકો અને ઉપરના ભાગે અલંકારિક પ્રાણી મુખાકૃતિ અને કિચક આવેલા છે.

આ સ્મારકના નિર્માણ સાથે પણ ઉપર જણાવેલ ક્વિદંતી જોડાયેલા છે. આ સ્મારક તેની સ્વાયત્ત શૈલીના આધારે ૯મી-૧૦મી શતાબ્દિ જેટલું પ્રાચીન જણાય છે. આ સ્મારક મહેલ-મઠ કે મંદિર હોવા અંગે વિભિન્ન મત પ્રવર્તે છે. તેમ છતાં વિશિષ્ટ સ્વાયત્તની શૈલીનો ઉત્તમ નમૂનો ગણી શકાય.

### પુંઅરેશ્વર મંદિર :

પુંઅરાગઢની બહાર ઈશાન ખૂણાએ સમાવંશના પુંઅરાએ આ શિવાલયનું નિર્માણ કર્યું તેવી ક્વિદંતી પ્રચલિત છે. પશ્ચિમાભિમુખ ધરાવતા મંદિરની વિશાળ જગતી વિવિધ અલંકૃત થરોથી વિભુષિત છે. જગતની ઉત્તર-દક્ષિણ અને પૂર્વની દીવાલમાં મૂળ રેખાથી વિભુષિત છે. જગતીની ઉત્તર-દક્ષિણ અને પૂર્વની દીવાલમાં મૂળ રેખાથી બહાર નીકળતા નિર્ગમની રચના છે. તલદર્શને આ મંદિરના ગર્ભગૃહ પ્રદક્ષિણા પથ લંબચોરસ, ગુઢમંડપ, લંબચોરસ, મુખમંડપ, નંદીપીઠ વગેરે મહત્ત્વપૂર્ણ અંગો છે. ગર્ભગૃહની પીઠમાં ઉર્ધ્વદર્શને ભીટ્ટ, જાડ્યકુંભ, અંતરપત્ર, કળશ, કેવાલ જેવા થરો સ્થાન પામ્યા છે. પીઠ ઉપર આવેલ મંડોવર નિર્ગમરહિત અને કોઈ પણ જાતના વિશેષ રૂપકામ વિહિન છે. મંડોવરના મથાળે લુમાનો પટ્ટ અને મહાકેવાલના થર આવેલા છે. જેની ઉપર આવેલ શિખરની રચના કંઈક વિશિષ્ટ શૈલી પૂરી પાડે છે. શિખરમાં મૈત્રક કાલની ફાંસના શૈલી અને લતિન શિખર એમ બંને અભિનવ કલાશૈલીનો સમન્વય જોવા મળે છે. શિખરના કર્ણ ભાગે જાલક ભાતયુક્ત શૃંગિકાની રચના છે. ફાંસના શૈલીના શિખરના પાંચ થરોમાં ચંદ્રશાલાના અંકનથી અતિ સુંદર ઓપ આપવામાં આવ્યા છે. શિખરની ટોચ ઉપર આમલક અને કળશની રચના છે આમ, આ મંદિરની શિખર શૈલી મૈત્રકકાલથી પ્રાક સોલંકીકાલિન શૈલીમાં પરિણમતી સંક્રાંત અવસ્થાની શૈલીનો ઉત્તમ નમૂનો છે.

ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણાપથ છે જેની પૂર્વમાં વાતાયન છે. આ ઉપરાંત ગુઢમંડપની ઉત્તર-દક્ષિણે પણ વાતાયનની રચના છે. લંબચોરસ ગુઢમંડપમાં એક બીજાને સમાંતર એવા ચાર સ્તંભોની શ્રેણી છે. તે જ રીતે ગુઢમંડપ ઉત્તર-દક્ષિણ દીવાલમાં પણ એક બીજાને સમાંતર પાંચ ભીંતી સ્તંભો છે. ગુઢમંડપમાં પ્રત્યેક સ્તંભ રૂચક અર્થાત ચતુરસ્ર (સમચોરસ) છે. મૈત્રક કાલના મંદિરોમાં રૂચક સ્તંભોની પ્રણાલીકા સવિશેષ મુખાકૃતિ ધરાવતા ચુતરસ્ર કીચકો (ભારવાહક) કંડારેલ છે. જેના ઉપલા બે હસ્તથી બળપૂર્વક વિતાનને ટેકવેલ છે અને નીચલા બે હસ્તજાનું ઉપર ટેકવેલ છે. કીચકના પાર્શ્વભાગે પુષ્પાકૃતિઓ લાલિત્યભરી રેખાઓથી ઉપસાવેલી છે. વિતાનમાં પ્રફુલ્લિત કમળ-પુષ્પ, કમળપત્રો તથા વિવિધ ભૌમિતિક આકૃતિઓ ચારૂ અને સુરેખ છે.

આ મંદિરના સમચોરસ ગર્ભગૃહ અને પ્રદક્ષિણા પથની સન્મુખમાં આવેલ લંબચોરસ ગુઢમંડપ અને





મુખમંડપ (હાલમાં ભગ્ન સ્થિતિમાં છે)ની રચના પોરબંદરના કુછડી ગામે આવેલ ખીમેશ્વર મંદિર નં-૧ બોખીરાના ચામુંડા મંદિર શ્રીનગરના વિધ્યવાસિની દેવી મંદિર, કિંદરખેડાના સૂર્યમંદિર વગેરેમાં પણ જોવા મળે છે. તે જ રીતે તેના ભીંતીસ્તંભ અને રૂચક સ્તંભો પણ ખીમેશ્વર મંદિર નં.-૧ અને વિંધ્યવાસિની દેવી મંદિરના સ્તંભ સાથે સામ્ય ધરાવે છે. આમ મૈત્રકથી અનુમૈત્રક કાલના સ્થાપત્યકીય વિકાસમાં અવાંતર અવસ્થાનું આ સ્થાપત્ય ૯મી સદીમાં નિર્માણ પામેલ હોય તેમ જણાય છે.

**• શૈલ ગુફાઓ - ખંભાલીડા (રાજકોટ જિલ્લો) :**



રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનું ખંભાલીડા રાજકોટથી ૬૬ કિ.મી. દક્ષિણ અને જેતપુરથી ૧૦ કિ.મી. પૂર્વ દિશામાં આવેલું છે. ખંભાલીડા ગામથી આશરે અડધો કિ.મી. ઉત્તર-પૂર્વમાં ચૂનાના પથ્થરોના ખડકોમાં કંડારેલ ગુફા સમૂહ નજીક વહેતા ઝરણાં પર્વતમાળા અને વનરાજીથી આચ્છાદિત સ્થળે આવેલ હોઈ તેનો આધ્યાત્મિક હેતુ સાથેનો સંબંધ ફળિભૂત થાય છે.

## ◆ સ્મારક પરિચય :

સૌરાષ્ટ્રમાં આવેલા મહત્ત્વના બૌધી કેન્દ્રોમાં જૂનાગઢ જિલ્લામાં આવેલ ગુફાઓ, બોરિયાનો ઈંટેરી સ્તૂપ, સાણાની ગુફાઓ વગેરેની સાથે રાજકોટ જિલ્લામાં આવેલ ખંભાલીડાની ગુફાઓ તેની બાહ્ય દીવાલો પરના શિલ્પાંકનને કારણે આગવું મહત્ત્વ ધરાવે છે.

બૌદ્ધ ધર્મના ધાર્મિક સ્થાપત્યનાં પ્રકારોમાં (૧) સ્તૂપ, (૨) ચૈત્યગૃહ અને (૩) વિહારોનો સમાવેશ થાય છે. સ્તૂપમાં મુખ્યત્વે ભગવાન બુદ્ધ તથા બૌદ્ધ ભિક્ષુના શરીરાવશેષો ઉપર અર્ધવૃત્તાકાર રચના કરવામાં આવતી જ્યારે ચૈત્યગૃહ એ ઉપાસના સ્થળ છે, જેમાં વિશાળ ખંડના પાછળના ભાગે પ્રદક્ષિણા પથ સહિત સ્તૂપની રચના કરવામાં આવતી, જેના અગ્ર ભાગે ઉપાસકો ઉપાસના કરતા જ્યારે વિહાર એ બૌદ્ધ (ભક્ષુ) ભિક્ષુણીઓ માટેના આવાસ

માટે બનાવવામાં આવતા. ખંભાલીડા મુકામે આવેલા ગુફાસમૂહમાં આ પૈકી ચૈત્યગૃહ અને વિહાર જોવા મળે છે.

ખંભાલીડા ગામથી ઉત્તર-પૂર્વમાં ઝરણામાં પશ્ચિમે આવેલ પૂર્વાભિમુખ ગુફાસમૂહ ઉપરાંત ઝરણાં સામેના કિનારે ઉત્તર પૂર્વમાં કેટલીક ગુફાઓ કંડારેલી છે. જેનો પ્રવેશભાગ ખડક ખંડોથી ઢંકાયેલ છે. આ ગુફા સમૂહ પૈકી દ્વિતીય ગુફાસમૂહ તેના પ્રવેશભાગે કંડારાયેલ અદ્વિતીય શિલ્પકલાના કારણે ગુજરાતના બૌદ્ધ-શિલ્પ-સ્થાપત્યકીય કલાવારસામાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. જો કે ચૂનાના ખડકોમાં કંડારાયેલ ગુફાની કલાકારીગરી ઉપર કાળબળની કેટલીક પ્રતિકૂળ અસર થયેલી જોવા મળે છે. ગુફાસમૂહની દક્ષિણ તરફની ગુફા તેમજ પૂર્વાભિમુખ ત્રણ ગુફાઓ પૈકી પ્રથમ અને ત્રીજી ગુફા વિહાર માટેની છે. જ્યારે મધ્યની ગુફા ચૈત્યગૃહ છે. વિહાર માટેની ગુફાઓ અંદરથી સાદી છે. જ્યારે ચૈત્યગૃહવાળી ગુફાની પાછળની દીવાલ અર્ધવૃત્તાકાર છે, જેના અગ્ર ભાગે ખડકમાંથી કંડારેલો સ્વતંત્ર સ્તૂપ છે. અત્યારે સ્તૂપ પર કોઈ અલંકરણ જોવા મળતું નથી. ચૈત્યગૃહવાળી ગુફાનો પ્રવેશથી સ્તૂપ સુધીનો ભાગ મંડપની જેમ પ્રમાણમાં મોટો હોઈ સ્તૂપની પ્રદક્ષિણાની સાથે ધ્યાન-ઉપાસના કે ધાર્મિક પ્રવચન માટે તેનો ઉપયોગ થતો હશે. વિહારની ગુફાઓ પૈકી પૂર્વાભિમુખ ગુફાઓની મધ્યમાં છતને ટેકવતા સાદા સ્તંભોની રચના ઉપરાંત આરામ માટે ગૂફાની દીવાલમાં કેટલાક કક્ષાસનની રચના ઉપરાંત નાના ગવાક્ષ કંડારાયેલ જોવા મળે છે. પૂર્વાભિમુખ ગુફાઓના પ્રવેશની ઉપરનો સમગ્ર ભાગ વિવિધ શિલ્પાલંકારણોથી વિભૂષિત છે. આ ગુફાઓ સમૂહનું સૌથી મહત્ત્વનું અંગ તે મધ્યની ચૈત્યગૃહવાળી ગુફાના પ્રવેશની બંને તરફ કંડારાયેલ બોધિસત્વોના વિશાળ અંકનો ઉપરાંત બૌધિસત્વોની બંને તરફ કંડારાયેલ પશુ-પક્ષી, વાદક, નર્તકના શિલ્પો આમ્રપર્ણના અંકનો વગેરેને કારણે નોંધપાત્ર છે.

પ્રવેશની ડાબી બાજુ પદ્મપાણિ અને જમણી તરફ વજ્રપાણિના શિલ્પો આમ્રવૃક્ષની નીચે કપ્પાવલંબિત મુદ્રામાં ત્રિભંગ સ્થિતિ છે. બૌધિસત્વોએ મસ્તક પર મુકુટ, કાનમાં કુંડળ, ગ્રૈવેયક, કટિમેખલા કે જેની મધ્ય સર જુલતી દર્શાવેલ છે. ઘૂંટણની નીચે ઉપવસ્ત્રોનો છેડો બંને હાથમાં પસાર થઈ લંબવૃત્તમાં દર્શાવેલ છે. બોધિસત્વનાં  ડાબા હાથ કપ્પાવલંબિત મુદ્રામાં છે. જ્યારે છાતીને સ્પર્શ કરતા જમણા હાથમાં પદ્માવજ્રગ્રહણ કરેલો છે. અન્ય પ્રતિમાઓ કરતાં બૌધિસત્વના મોટા કદના અંકન તેઓને ‘મહામાનવ’ તરીકે સ્થાપિત કરતાં જણાય છે. બૌધિસત્વની બંને તરફ વામન કદનાં ગણ કે યક્ષ દર્શાવેલા છે. ઉપરાંત ઉપાસકો તેમજ વાદકોના શિલ્પથી સમગ્ર ભાગ ખચિત છે. આ જ રીતે અન્ય બે ગુફાના પ્રવેશભાગ ઉપર તેમજ નીચેના ભાગે પણ સુંદર શિલ્પોનાં તેમજ ફૂલવેલ, ભૌમિતિક ભાતોના અલંકરણ છે. દક્ષિણ તરફની ગુફામાં પ્રવેશ ઉપરના વિવિધ અલંકૃત પટ્ટોમાં ભૌમિતિક ભાત, પદ, ગવાક્ષમાં આસનસ્થ  યુગલ, માનવાકૃતિઓ, ચૈત્યભાત, પત્રભાત વગેરે જોવા મળે છે. મધ્યના નાના પટ્ટોની ઉપર સ્તૂપ જેવા અંકન છે. એ જ રીતે ઉત્તર તરફની ગુફાનો પ્રવેશભાગ પણ વિવિધ શિલ્પાંકનથી વિભૂષિત કરેલ છે. ગુફા સમૂહની અન્ય ગુફાઓ ખંડિત હોવા સાથે ખાસ કોઈ અલંકરણ જોવા મળતું નથી. ગુફાસમૂહની બહારના શિલ્પાલંકરણ, ફૂલ-વેલ, ભૌમિતિક ભાત, ચૈત્યબારીના અંકન વગેરે મહત્ત્વના છે. બૌધિસત્વોના મુકુટોની શૈલી ધારણ કરેલા અલંકારો, પક્ષ, પ્રતિમાઓના દેહાંકન અન્ય ઉપાસકો, વાદકોના વસ્ત્રાલંકારણની શૈલી વગેરે મથુરાકલાની યાદ તાજી કરાવે છે. આમ ખંભાલીડાનો ગુફાસમૂહ ક્ષત્રપ-મૈત્રક કાલિન, (ચોથા - છઠ્ઠા સૈકા) ગુજરાતના બૌદ્ધ શિલ્પ-સ્થાપનકીય કલાવારસાને પ્રતિબંધિત કરતું મહત્ત્વનું માન ચિહ્ન છે.









# અમદાવાદ જિલ્લાની અસ્મિતા

અમદાવાદ વિશે એવું કહેવાય છે કે, આજથી એક હજાર વર્ષ પૂર્વે આશાવલના નામ ઉપરથી નામ પડ્યું આસાવલ. આ નગર પાટણ અને ખંભાતની ઉત્તર ગુજરાતનું એક સારું નગર હતું. આશાવલમાં જૈન અને બ્રાહ્મણોનાં મંદિરો હતા. કાળક્રમે વેપારની દૃષ્ટિએ અને લશ્કરી વ્યૂહાત્મકતાની દૃષ્ટિએ પણ આ નગર અગત્યનું સ્થાન બન્યું. સોલંકી વંશના રાજા સિદ્ધરાજના પિતા કર્ણદેવ સોલંકીએ લાટ પ્રદેશ જીતવામાં સરળતા રહે તે માટે આશાવલમાં જ મુકામ કરી બીજી રાજધાની જેટલો જ દરજ્જો આપ્યો અને તેનું નામ બદલીને કર્ણાવતી રાખ્યું તે આજનું અમદાવાદ. આ શહેર આજે તેની ઈતિહાસની યાદોને ભીતરમાં સંકોરી બેઠું છે. અમદાવાદની જાહોજલાલી તેની સ્થાપના કાળથી જ હતી અને ઐતિહાસિક નગર તરીકે ઓળખાય છે.

## ● ભદ્રનો કિલ્લો :

આ ઐતિહાસિક કિલ્લો છે. અમદાવાદના નિર્માણનો આરંભ જે રાજગઢના બાંધકામથી થયો તે ભદ્રના કિલ્લા તરીકે ઓળખાય છે. 'મિરાતે અહમદી'માં તેને અરકનો કિલ્લો પણ કહ્યો છે. ભદ્રના કિલ્લાનો પાયો ઈ.સ. ૧૪૧૧માં નંખાયો હતો. તેમાં ૧૪ બુરજ શાહી ટકોરખાનું, ૮ દરવાજા અને ૨ બારીઓ હતી અને તેની દીવાલો પર ૧૮ મોટી તોપો રાખવામાં આવતી. કિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર એટલે ભદ્રના કિલ્લાનો દરવાજો અપસવ્ય પ્રકારનો છે. ઈ.સ. ૧૬૮૦માં ઓજીબ્બીએ આ કિલ્લાની સરખામણી કાબુલ સાથે કરતા કહ્યું હતું : 'મજબૂતીમાં શ્રેષ્ઠ આ કિલ્લો કાબુલ અને કંદહારના કિલ્લાઓથી જરા પણ ઉતરતો નથી.' ભદ્ર અરક (રહેણાંક)નામોથી ઓળખાતા આ કિલ્લામાં તત્કાલીન તમામ સુવિધાઓ હતી. આજે ત્યાં રહેણાંકના મકાનો છે. મુઘલ સમયમાં કિલ્લાના મુખ્ય દરવાજા પાસે દક્ષિણ તરફનો ભાગ કાઢી નાખી શાહજહાના સમયમાં સૂબા આઝમખાને સરાઈ (ધર્મશાળા) બાંધી હતી, જે આજે આઝમખાન મહેલ તરીકે પ્રસિદ્ધ છે. હાલ તેમાં સરકારી દફતરો અને માતા ભદ્રકાલીનું સ્થાનક છે, દરવાજામાં શાહી દફતર હતું. જહાંગીરનો લેખ પણ છે. અહમદ શાહે બંધાવેલી શાહી મસ્જિદ પણ અહીં છે. જે અમદાવાદની સર્વ પ્રથમ નિર્માણ પામેલી જાહેર ઈમારત છે. ભદ્રના કિલ્લા ઉપરનું મોટું ઘડિયાળ પણ ભવ્ય ઐતિહાસિક ભૂમિકા ધરાવે છે. ઈ.સ. ૧૯૪૦ સુધી ભદ્રના કિલ્લાના ટાવરના ડંકા એક ચોરસ કિ.મી. સુધીના વિસ્તારમાં સંભળાતા હતા. કિલ્લા ઉપરના ઘડિયાળની માવજત અને સંભાળ ત્રણ પેઢીથી એક જ કુટુંબ સંભાળે છે. રૂા. ૧૨,૦૦૦માં ખરીદાયેલ આ ઘડિયાળ ઈ.સ. ૧૮૪૮થી ૫૦ દરમિયાન મૂકવામાં આવ્યાના આધારો મળે છે.

## ● હઠીસિંહના દહેરા :

દિલ્હી દરવાજા બહાર આ જૈન મંદિરો આવેલા છે. જેનું બાંધકામ ઈ.સ. ૧૮૦૮માં હઠીસિંહ કેસરીસિંહ શેઠે કરાવ્યું હતું. સંપૂર્ણ ભારતીય ઢબનું આ જિનાલયનું સ્થાપત્ય અદ્‌ભુત છે. જેના મુખ્ય સ્થપતિ પ્રેમચંદ સલાટ હતા. શિલ્પ શાસ્ત્રની પ્રાચીન પરંપરાને ઉજાગર કરતા આ મંદિરો પ્રાચીન શિલ્પકલાના જોવાલાયક નમૂનારૂપ છે. આરસપહાણના દહેરાઓનો સમૂહ જોનારાઓના મન હરી લે છે. મુખ્ય મંદિર શ્રી ધર્મનાથજીનું છે તે પચાસ મીટર લાંબુ અને ચાલીસ મીટર પહોળું છે. તેની આજુબાજુ બાવન જિનાલયો છે.

## ● ત્રણ દરવાજા :

ભદ્રના કિલ્લાની સામેના મેદાનનાં છેડે શહેરની જુમ્મા મસ્જિદમાં જવા માટેના રાજમાર્ગ પર ત્રણ











દરવાજા સુલતાન અહેમદે બંધાવ્યા છે. આ દરવાજાને ત્રણ કમાનો છે. ત્રણ દરવાજા આજે પણ અમદાવાદની શાન છે. તેની કમાનો ઘાટીલી અને કલાત્મક છે. વચલા દરવાજાની બંને બાજુ મિનારાની બાંધણી જેવા સુંદર ગોખવાળા બુરજો છે. પરસી બ્રાઉન ત્રણ દરવાજાની પ્રશંસા કરતાં લખે છે : ગુજરાતની મસ્જિદની કમાનો કરતા ત્રણ દરવાજાની કમાનોની બાંધણી સૌથી સારી છે.

## • જુમ્મા મસ્જિદ :

અહમદશાહના સમયમાં થયેલ બાંધકામોમાં જે ગુજરાત અને હિન્દુસ્તાનનાં મુસ્લિમ સ્થાપત્યોમાં પ્રથમ પંક્તિમાં આવી શકે તેવી અમદાવાદની જુમ્મા મસ્જિદ છે. અન્ય બાંધકામો કરતા બસ્સો વર્ષ પછી બંધાવેલી છે. એટલે એ બંન્નેની તુલનામાં અમદાવાદની જુમ્મા મસ્જિદનું સ્થાપત્ય એ જમાના કરતા વધુ કલાત્મક છે. જુમ્મા મસ્જિદ અહેમદશાહે અમદાવાદ શહેર વસાવ્યું તેના બીજા વર્ષે એટલે કે ઈ.સ. ૧૪૧૨માં બાંધવાની શરૂઆત કરી હતી અને ઈ.સ. ૧૪૨૪માં તે પૂર્ણ થઈ. બાર વર્ષે પૂર્ણ થયેલ આ મસ્જિદના વચલા મહેરાબ પર અરબીમાં તેનો ઉલ્લેખ છે.

અમદાવાદની આ મસ્જિદ અંદર અને બહારના દેખાવમાં હિન્દુ-મુસ્લિમ સ્થાપત્યના સુંદર સમન્વય સમી છે. અંદરના ભાગમાં મંદિરોના મંડપોની રચનાની સ્પષ્ટ ઝલક દેખાય છે. જ્યારે કમાનો અને મિનારાઓ ઈસ્લામી સ્થાપત્યના નમૂના છે. વચલી કમાનોના થાંભલા પર હિન્દુ મંદિરનું તોરણ સુંદરતામાં અભિવૃદ્ધિ કરે છે. ટૂંકમાં હિન્દુ-મુસ્લિમ સ્થાપત્ય કલાના બેનમૂન નમૂના સમી આ મસ્જિદ ગુજરાતને જાણવા અને માણવા ઈચ્છતા દરેક યાત્રાળુઓએ જોવી જોઈએ.

## • સીદી સૈયદની જાળી (મસ્જિદ) :

લાલ પથ્થર પરનું બારીક અને શ્રેષ્ઠ જાળી કોતરણી કલાના બેનમૂન નમૂનો ધરાવતી અને તેના કારણે સમગ્ર ભારતના કલાત્મક નમૂનાઓમાં અગ્રસ્થાન પામેલ આ મસ્જિદ અમદાવાદના લાલદરવાજા વિસ્તારમાં આવેલી છે. રાણી સીપ્રીની મસ્જિદ જેવી નાનકડી છતાં પોતાની કલાત્મક કોતરણીની દૃષ્ટિએ વધુ પ્રખ્યાત આ મસ્જિદ તેની દીવાલ પરની પથ્થરની અંદરની કોતરણીવાળી જાળીઓને કારણે જગવિખ્યાત છે. મસ્જિદના પ્રકાશ માટે મૂકવામાં આવેલી અતિશય બારીક અને સુંદર કોતરણીવાળી આ જાળીઓ સલ્તનતકાળના સ્થાપત્યનો અદ્‌ભુત નમૂનો છે.

દેશ-વિદેશના યાત્રિઓ આજે પણ સીદી સૈયદની જાળી - મસ્જિદ જોવા આવે છે.

## • સરખેજનો રોજો અને સરોવર :

સરખેજ ગામને અડીને આવેલ અમદાવાદનું ઐતિહાસિક સ્મારક એટલે સરખેજનો રોજો. આપણી વિરાસતને જર્જરિત અવશેષોમાંથી કાયાપલટ કરાવીને તેને અદ્યતન એવું નવલુંરૂપ આપી લોકભોગ્ય બનાવવાનો યશ દીર્ઘદૃષ્ટિ ધરાવતા નેતૃત્વને જાય છે. ઔડાના માધ્યમથી અને સરખેજ રોજા કમિટીના સહયોગથી આવા ભગીરથ કાર્યને મૂર્તિમંત કરીને આજે સરખેજનો રોજો સામાન્ય શહેરીજન માટે નિઃરસ ઐતિહાસિક સ્મારક ન બની રહેતાં આકર્ષક બાંધણી સાથેનું તળાવ, વિવિધ વૃક્ષોસભર ઉદ્યાન, બાલ ક્રિંડાગણ, આશરે ૧૫૦૦ વ્યક્તિને સમાવી શકે તેવું ‘એમ્ફી થિયેટર’ જેવી સુવિધા ધરાવે છે. હજી પણ તેને સુવિકસિત કરવાનું આયોજન છે.

## • કાંકરિયા તળાવ :

આ તળાવ ગુજરાતના સુલતાન કુત્બુદ્દીને ઈ.સ. ૧૪૫૧માં બંધાવ્યું હતું. આ તળાવનું મૂળ નામ હૌજે કુતુબ હતું. પણ પાછળથી તેનું નામ કાંકરિયા પ્રચલિત થયું.









કાંકરિયા તળાવને ૧૯૦ ફૂટ લાંબી ૩૪ એક સરખી બાજુ છે. તેનો વ્યાસ ૬૮૩ વારનો છે. તેનો ઘેરાવો ૨,૧૫૩ વાર એટલે કે અંદાજે સવા બે કિ.મી.નો છે. તેનું ક્ષેત્રફળ ૭૬ એકર છે. તળાવનું ગરનાળું અને ગરણી ઉત્તમ કારીગરીના નમૂના છે. કિનારા પર બાર થાંભલાઓના મંડપોની બેઠકો બનાવેલી છે. ગરનાળા અને ગરણી નકશીદાર છે. તળાવની વચ્ચે એક બેઠક છે, જે બાગ-એ-નગીના નામે પ્રસિદ્ધ છે. એમાં જવા માટે પુલની રચના કરવામાં આવી છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અમદાવાદના લોકપ્રિય કલેકટરશ્રી બેરાડોલે હાલનું નગીનાવાડીનું લંબચોરસ મકાન બંધાવ્યું હતું.

## ● દાદા હરિની વાવ :

ગુજરાત તેની સ્થાપત્ય કળા માટે ખૂબ જ જાણીતું છે અને તેમાંય વાવો માટે તો ખાસ. આ રચના સૂર્યની પ્રચંડ ગરમીથી ઠંડક મેળવવાના આશયથી કરવામાં આવી હતી. ગુજરાત જેવી અને જેટલી સુંદર વાવો ભારતના કોઈ જ પ્રદેશમાં નથી. અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી દાદા હરિની વાવ ખૂબ જ સુંદર છે. આ વાવ સુલતાન મહેમુદ બેગડાના અંતઃપુરની અગ્રણી એવી હરિર નામની સ્ત્રીએ બંધાવેલી હતી. આ બાઈ હરિર સુલતાન મહેમૂદ બેગડાની પોતાની અથવા એના કોઈ મોટા શાહજાદાની ધાવ માતા હશે એમ એની આગળના ‘દાદા’ શબ્દ પરથી લાગે છે. આ બાઈ હરિરે હરિરપુર વસાવ્યાનું લેખમાં લખ્યું છે. જે અમદાવાદ નગરના ઈશાન ખૂણામાં આવેલું હતું. આ જ હરિરપુરમાં તેમણે સંવત ૧૫૫૬ના પોષ સુદ-૧૩ને સોમવારે એટલે કે ૧૫ ડિસેમ્બર, ૧૪૯૯ના રોજ ૮૪ લાખ મનુષ્ય, પશુ, પક્ષી, આદિની તૃષાના નિવારણ અર્થે આ વાવ બંધાવ્યાનું શિલાલેખમાં લખ્યું છે. આ વાવ બાંધવા પાછળનો કુલ ખર્ચ ૩,૧૯,૦૦૦/- મહેમુદી થયો હોવાનું જણાવ્યું છે. આ વાવની કુલ લંબાઈ ૨૪૧ ફૂટ છે તથા ૧૬ ફૂટના અંદરના મંડપો છે. તેમાં આવેલા અષ્ટકોણ કૂવાનો અંદરનો ચોરસ ભાગ ૨૪ ફૂટનો છે. આ વાવના થાંભલાઓ સાદા છે અને તેમાં ગોખ છે, જેમાં મોર, પ્રાણીઓ અને હંસની આકૃતિઓ કોતરવામાં આવી છે.

## ● રાણી સીપ્રીની મસ્જિદ :

સીપ્રીના નામે જાણીતી આ મસ્જિદ સુલાતન અહમદની પત્ની રાણી અસમીએ ઈ.સ. ૧૫૧૪ (હિજરી સંવત ૯૨૦)માં બંધાવી હતી. ‘મીરાંતે સિકંદરી’માં તેનો વિસ્તૃત ઉલ્લેખ જોવા મળે છે. અમદાવાદમાં આસ્ટોડિયા દરવાજા પાસે આવેલી આ મસ્જિદ કદમાં નાની છે, પણ સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેનું નકશીકામ અત્યંત ઝીણું અને નાજુક છે. અત્યંત બારીક, કલાત્મક નકશીકામ ધરાવતી આ મસ્જિદ છે. તેને ‘મસ્જિદે નગીના’નું ઉપનામ આપવામાં આવ્યું છે.

## ● સત્યાગ્રહ આશ્રમ, ગાંધી આશ્રમ :

ગૂજરાત વિદ્યાપીઠ પણ ગાંધી યુગના સ્મારકો પૈકીનું એક સ્મારક છે અને આધુનિક યુગમાં પણ મહત્ત્વના પ્રવાસન સ્થળ તરીકે જાણીતું છે. ગાંધીજીએ સાબરમતી આશ્રમમાંથી સ્વાતંત્ર્ય સંગ્રામની સફળ લડત દાંડીકૂચનો પ્રારંભ કર્યો હતો. ગાંધીજીની સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિનું કેન્દ્ર ‘સાબરમતી આશ્રમ હૃદયકુંજ’ રહ્યું હતું. દાંડીકૂચ સમયે ગાંધીજીએ પ્રતિજ્ઞા લીધી હતી કે, ‘સ્વરાજ નહિ મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પગ નહી મૂકું’ અને એ વચન એમણે પાળી બતાવ્યું. અહીં ગાંધી આશ્રમમાં મહાત્માના જીવન-કવન વિશે ગાંધી પ્રદર્શન, લાયબ્રેરી અને પ્રાર્થના મંદિર આવેલાં છે. આ આશ્રમની મુલાકાત દેશ-વિદેશના પ્રવાસીઓ અવશ્ય લે છે તેમજ ખૂબ જ પ્રભાવિત થાય છે.

## ● હેરિટેજ વોક ઓફ અમદાવાદ અને ગુજરાતમાં કાષ્ટકલા સ્થાપત્ય :

ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાત પાસે પણ પ્રાચીન શિલ્પ સ્થાપત્ય અને પરંપરાગત સ્થાપત્યોનો અદ્‌ભુત સમૃદ્ધ કલા વારસો પડેલો છે. તો આવો આપણે હેરીટેજ વોક ઓફ અમદાવાદની વાત કરીએ.

પુરાતન આશાવલ અને કર્ણાવતી નગરીઓના સ્થાને ઈ.સ. ૧૪૧૧માં સ્થપાયેલ અમદાવાદ શહેરમાં ભારતીય શૈલીના કેટલાંક જગવિખ્યાત ઈસ્લામિક સ્થાપત્યો ઉપરાંત બેનમૂન હિન્દુ અને જૈન મંદિરો છે. તેના સ્થાપત્યકલા વારસામાં લાકડાની કોતરણીયુક્ત ઈમારતો મહત્ત્વનું સ્થાન ધરાવે છે.





અમદાવાદ શહેરના જૂના નગર આયોજનમાં સંખ્યાબંધ પોળોની બાંધણી અને જીવનશૈલીની આગવી વિશિષ્ટતા છે. સામૂહિક જીવનના સ્થાપત્ય વસવાટ સંકુલ તરીકે પોળ બેનમૂન ગણાય છે. દરવાજાની રક્ષિત પોળની સાંકડી શેરી, ખડકી અને ચોક કે જ્યાં મંદિરો, કૂવો, પક્ષીઓ માટેનો ચબૂતરો જોવા મળે છે, અને અન્ય ભૌગોલિક ખૂબીઓ ધરાવતી નાના પરગણા જેવી પોળ, આધુનિક યુગમાં પણ અનેક ચહલ-પહલ અને પ્રવૃત્તિઓથી ધબકતી સામૂહિક સહજીવનના ઉત્તમ નમૂનારૂપ છે. આ નગરની પ્રત્યક્ષ અનુભૂતિ જૂના અમદાવાદના વિસ્તારોમાં પગપાળા ચાલીને જ તેનું સ્થાપત્ય, કલા, ધાર્મિક સ્થાનો, સંસ્કૃતિ અને પરંપરાનું રસપાન થઈ શકે છે.

અમદાવાદના વારસાની આ ભવ્યતા નગરજનો તેમજ દેશ-વિદેશના પ્રવાસીઓ સમક્ષ પ્રગટ કરવાના આશયથી પ્રતિ વર્ષ 'હેરીટેજ વોક ઓફ અમદાવાદ'. અમદાવાદની અસ્મિતાના દર્શન કરાવવા આ યાત્રાનું નિયમિત આયોજન થાય છે. શહેરના સુપ્રસિદ્ધ કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી સવારના ૮.૦૦ વાગે યાત્રાનો આરંભ થઈ માણેકચોકમાં સવારે ૧૦-૦૦ વાગ્યે સમાપન થાય છે. આ પગપાળા યાત્રા અસ્મિતાને ઉજાગર કરવામાં એક નવી આશાનું કિરણ સમાન છે.



## • ભવન સર્વેક્ષણ

આ ભવ્યાતિભવ્ય વારસાની જાળવણી કરવામાં અને શોધસંશોધનમાં રાજ્યના પુરાતત્ત્વ ખાતાની એક મહત્ત્વની કામગીરી રહી છે. 'ગુજરાતના પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષોના અધિનિયમ ૧૯૬૫' નીચે ૧૦૦ વર્ષથી વધુ જૂના અગત્યના સ્મારકોને રક્ષિત જાહેર કરી તેને કાનૂની રક્ષણ પણ આપવામાં આવે છે, આમ પુરાતત્ત્વ ખાતાએ ઐતિહાસિક અને કલાની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની ઈમારતોના સર્વેક્ષણ અને દસ્તાવેજીકરણની કામગીરી હાથ ધરી છે, જે ભાવી પેઢીને સ્વગત કરાવવાનો સ્તુત્ય પ્રયાસ છે. જેમાં મંદિર, મસ્જિદ, મકબરા, ચર્ચ વગેરે ધાર્મિક સ્થળોનો અને મહેલ, હવેલી, બંગલા, જળાશયો, કિલ્લા, છત્રી, પરબડી વગેરે જેવા નાગરિક સ્થાપત્યોને પણ આવરી લેવામાં આવ્યા છે.

ભવન સર્વેક્ષણ દરમિયાન અતિ સુંદર કાષ્ટકલા કૃતિઓ ધરાવતા ભવનો પણ મોજણી દરમિયાન નોંધાયા છે. રાજ્યરક્ષિત સ્મારકોમાં કાષ્ટશિલ્પયુક્ત મકાનો છે. જેમ કે સરતાનજીનો ચોરો અને કસ્તુરબાનું ઘર-પોરબંદર તથા કિલ્લો મોડ પર, ગુજરાતમાં કાષ્ટશિલ્પ ધરાવતા સ્થળોમાં અમદાવાદ, વડનગર, વડતાલ, મૂળી, ગામડી, ખંભાત, કપડવંજ, વઢવાણ, શિહોર, ભૂજ, જામનગર, પેથાપુર, ભરૂચ, સુરત, સિદ્ધપુર, પાટણ, પ્રભાસ પાટણ અને પોરબંદર વગેરે છે.

આ સ્થળોએ કાષ્ટ શિલ્પો ધરાવતા મકાનોમાં ઉમરા, ગોખ, બારશાખ, છત, કુંભો, ચાડા, ખૂંડી, ટોડલા, કિચકલલાટ, ભારોટ, મદલ, પાટડા, સ્તંભ, શિરાવટી, ઘોડિયા, પારણા, ઢોલિયા, બાજોઠ, ઘંટીના પાણા, કબાટ અને મેજ વગેરે છે. અહીં જોવા મળતી આકૃતિઓમાં ભૌતિક કુદરતી વેલપાન, સંગીત મંડળી, પશુ-પક્ષીઓ, નૃત્યાંગનાઓ, અપ્સરાઓ, દરવાજો, ઘોડે સવારો, શિકારાના દશ્યો વગેરે જોવા મળે છે. નાના શિલ્પાંકનો કાષ્ટકલામાં જોવા મળે છે. કલા શૈલીમાં પણ વૈવિધ્યતા છે જેમ કે મુઘલ, પેશવા, ગાયકવાડ, (મરાઠા) અને બ્રિટીશ વગેરે...

પુરાતત્ત્વ એ લોક શિક્ષણનું એક માધ્યમ પણ બની રહેશે. રાષ્ટ્રની નવી શિક્ષણ નીતિમાં પણ આ નવો અભિગમ સામેલ કરવામાં આવ્યો છે.

### • અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ, હડપ્પન સંસ્કૃતિનું બંદર શહેર :

લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સરગવાળા ગામમાં આવેલું પ્રાચીન હડપ્પન સંસ્કૃતિ - સભ્યતાનું કેન્દ્ર છે.

ડૉ. એસ. આર. રાવે ૧૯૫૫-૬૨માં આ સ્થળ ખોદી કાઢ્યું હતું, જેમાં હડપ્પન નગરના (ઈસુ પહેલા ૨૫૦૦-૧૯૦૦ સદીમાં) ઘણા ઈમારતના અવરોધો પ્રાપ્ત થયા હતા. સંપૂર્ણ વસ્તી કોટ અને નીચેના ગામ એમ બે ભાગમાં વહેંચાયેલી હતી. પશ્ચિમની બાજુએ આવેલી ૧૩મીની જાડી માટીની ઈંટોની દીવાલથી તેનું પૂર સામે રક્ષણ થતું હતું. નગરનો વડો કોટની અંદર રહેતો હતો. ઘરો ૩ મીટર ઊંચા પ્લેટફોર્મ (મંચ) પર બાંધવામાં આવ્યા હતા અને તેમાં લાદીવાળું સ્નાનાગૃહ, ભૂગર્ભ પાણીના નિકાલની પ્રણાલી અને પીવાના પાણી માટે કૂવો જેવી તમામ આરામદાયક સુવિધાઓ હતી. કલાકારો મુખ્ય વાણિજ્ય કેન્દ્રમાં રહેતા હતા જ્યારે બીજું આવાસીય કેન્દ્ર વિભાગો હતા. સૌથી બહારના અવશેષની મોટી ટેંક હતી, જેની ઓળખ ડોક (dock) અને વેરહાઉસ તરીકે થઈ હતી.

ડોકયાર્ડ સુંદર ઈંટો પર બનાવવામાં આવ્યું હતું અને પાણીના પ્રવાહને વહેવા દેવા માટે વૈજ્ઞાનિક ઢબે બનાવાયો હતો. આ રીતે પાણીના પ્રવાહને વહેવા દેવાથી પાણીનો પ્રવાહ અને પીવાના પાણીની જરૂરિયાત બન્ને પૂરી થતી હતી. ૨૧૬ x ૩૬ મીટર પાણી સંગ્રહી રાખવાનું ડોકયાર્ડ માટે જાણીતું છે.

બીજું અગત્યનું ભવન એટલે વેરહાઉસ, જે કોટની નૈઋત્ય દિશામાં આવેલું છે. તે ૩.૫ મીટર ઊંચા મંચ પર ૪૯x૪૦ મીટરના બાંધકામમાં બનાવાયેલું છે. મૂળ તો માલ-સામાનની રક્ષા માટે લાકડાનું છત્ર પૂરું પાડવા માટે મંચ પર કાદવની ઈંટો ૬૪ ઘન ટૂકડાઓથી બનાવાયું હતું.

હડપ્પન લોકો લોથલ પ્રત્યે સમૃદ્ધ કપાસ અને ચોખાના (ડાંગર) પાકવાળી જમીનના કારણે જ આકર્ષાયા ન હતા, પરંતુ તેની મણકા બનાવવાના ઉદ્યોગના કારણે આકર્ષાયા હતા. વસતીની પશ્ચિમ તરફ એક નદી હતી, જે ખંભાતના અખાતમાં મળતી હતી. આ નવા શહેરની સમૃદ્ધિ પશ્ચિમ એશિયા સાથે મણકા, તાંબુ,



હાથીદાંત, દીપ અને કપાસની ચીજ, અર્ધ કિંમતી પથ્થરો વિદેશ વ્યાપાર પર આધારિત હતી. પર્સિઅન અખાતના મૂળમાંથી મોતી, ગોરિલી માટીની મૂર્તિ અને સાચવી રાખેલ શલ(મમી)ની પ્રાપ્તિ લોથલના મજબૂત વિદેશ સંપર્ક દર્શાવે છે.

આ શહેર ૧૯૦૦ બી.સી.માં (ઈસુ પહેલા) વારંવાર આવતા પૂરના કારણે નાશ પામ્યું અને ઈસુ પહેલા ૧,૯૦૦મી સદીમાં હડપ્પનોએ તેને છોડી દીધું.

## ● પુરાતત્ત્વ સંગ્રહાલય - લોથલ :

પ્રાચીનતાના દૃષ્ટિકોણથી લોથલ ભારતીય સીમાઓમાં ખોદી કઢાયેલ સૌથી સમૃદ્ધ હડપ્પન સ્થળો પૈકીનું એક છે. ખોદકામ દરમિયાન મળી આવેલ ભૌતિક ચીજો પરથી હડપ્પન સંસ્કૃતિનો વ્યાપક ખ્યાલ મળી રહે છે. આ ચીજો ઇ.સ.૧૯૭૬માં સ્થપાયેલ પુરાતત્ત્વ સંગ્રહાલયમાં મૂકાઈ છે અને ત્યાં તેની જાળવણી કરવામાં આવે છે.

સંગ્રહાલયમાં ત્રણ-માળ (ગેલેરી) છે. આગળની ચાલમાં હડપ્પનોના લોથલ શહેરનું અનુમાન કરતું ચિત્ર દર્શાવાયું છે. લોથલમાં મહત્તમ મુલાકાતીઓને સમજવામાં મદદ મળે એ માટે પરિચાયક લખાણો અને નકશાઓ પણ છે. ડાબી તરફની ચાલમાં મણકા, માટીના આભૂષણો, મહોરા અને મુદ્રાઓના નમૂના છીપ, હાથીદાંત, તાંબુ અને કાંસ્યની ચીજો, સાધનો અને માટીના વાસણોનું પ્રદર્શન છે. જમણી તરફની ચાલમાં શિકારની ચીજો, પ્રાણી અને માનવની આકૃતિઓ. વજનિયાઓ, ચિત્રકામવાળા માટીના વાસણો, નાના માટીના વાસણો, ઈંટો, અંતિમ ક્રિયા તથા વિધિઓ માટેની ચીજો તેમજ લોથલનો દાટેલ અને માપવાળો સંયુક્ત નમૂનો છે.

**● મણકાઓ :** વૃક્ષ, અકીક, બનુસ, ઓનિક્સ (એક જાતનું ચકમક), અર્ધ કિંમતી પથ્થરો વગેરેમાંથી બનેલા મણકાઓ પણ પ્રદર્શનમાં મૂકાયા છે. આ ઉપરાંત સ્ટીટાઈટ (ચરબી)ના સૂક્ષ્મ મણકાઓ પણ છે, જેને સૂક્ષ્મદર્શક કાચ વડે જોઈ શકાય છે.

**● મહોરો અને મુદ્રાઓ :** લોથલમાં થયેલ ખોદકામમાં મોહંજો દડો અને હડપ્પા પછી મહોરો અને મુદ્રાઓનો ત્રીજો સૌથી મોટો ભંડાર મળી આવ્યો છે. આ મહોરો (ચરબી) સ્ટીટાઈટ પર અંકિત કરવામાં આવી છે અને તે પ્રાણીની આકૃતિ તથા સિંધુ સમયની ભાષાના આકારો ધરાવે છે.

**● મોતીની વસ્તુઓ :** ગુજરાતના દરિયાકિનારે મોટી સંખ્યામાં મોતી મળી આવે છે. જેમાંથી બંગડીઓ, મણકાઓ, ગાડિયો અને અન્ય વસ્તુઓ બનતી હતી.



**● તાંબા અને કાંસ્યની વસ્તુઓ :** હડપ્પન લોકો તાંબા અને કાંસાની ચીજો બનાવતા. લોથલના હડપ્પન લોકો ઓમનના સ્ત્રોતોમાંથી તાંબાની લગડીની આયાત કરતા.

**● સાધનો :** પથ્થરની તલવાર, હાડકાના ઓજાર, ત્રાકના ચક્ર, ઓળંબો જે ખોદકામ દરમિયાન મળી આવ્યા હતા તે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે.

**● વાસણો :** હડપ્પન સભ્યતાના માટીના વાસણો ખૂબ જ ઉપયોગી છે. આ લોકો થાળી, વાટકા વગેરે પ્રતિદિનના વપરાશના ઉપયોગ માટે વિવિધ પ્રકારના વાસણો તેમજ સંગ્રહ માટે મોટા વાસણો જેવા અનેક માટીના વાસણો બનાવતા એસ આકારની બરણીઓ અને કાણાવાળી બરણીઓ પણ નોંધપાત્ર છે.

**● રમતની ચીજો :** રમતની ચીજો જેવી કે લખોટીઓ, ભમરડાં, પાસા અને ચાડિયાઓ મળી આવ્યા છે. જે પ્રદર્શનમાં મૂકાયા છે. તેમાંના કેટલાક રમકડાંના ગાડામાં મૂકવામાં આવ્યા છે, જે નમૂનાઓની મદદથી

દર્શાવવામાં આવ્યા છે.

● **પ્રાણી અને માનવ આકૃતિઓ :** લોથલના હડપ્પન લોકો માટીના પ્રાણી અને માનવની મોટી સંખ્યામાં આકૃતિઓ બનાવતા તેમાં શબ(મમી), ગોરિલા અને એક સુમેરિયન પ્રકારનું માથું રસપ્રદ છે.

● **વજનિયા અને માપ-તોલ :** હડપ્પન લોકોએ એક પ્રમાણભૂત વજન પ્રણાલી વિકસાવી હતી. વજનિયા, વૃક્ષ, ચકમક (જેસ્પર) અકીક વગેરે જેવા વિવિધ પથ્થરોમાંથી જુદા જુદા આકારમાં બનાવવામાં આવતા તેમણે તોલવા માટે હાથીદાંતનું ત્રાજવું પણ બનાવ્યું હતું.

● **અંતિમ ક્રિયા અને ધાર્મિક વિધિની ચીજો :** હડપ્પનોએ જીવંતતા તેમજ મૃત્યુ પછીની ક્રિયા મોટા કદના વાસણો, મણકા અને અન્ય ચીજો બનાવી હતી. દફન ખોદકામમાં મળી આવ્યું તે લોથલમાં જ જોવા મળે છે.

## ● લોથલ વિશે સામાન્ય માહિતી-પ્રવાસી સુવિધા માટે :

લોથલ એ અમદાવાદ જિલ્લામાં આવેલું છે ત્યાં પહોંચવા માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ-બોટાદ મીટરગેજ ક્ષેત્રમાં લોથલ ભૂરખી રેલવે સ્ટેશનથી ૬ કિ.મી. દૂર આવેલું છે. ભૂરખી અમદાવાદ, ધોળકા, ભાવનગર અને રાજકોટ વગેરે તમામ મુખ્ય શહેરો સાથે સડક માર્ગથી જોડાયેલું છે. નજીકનું વિમાન મથક અમદાવાદ છે. હોટલમાં રહેવા માટે ૭ કિ.મી.ના અંતરે હોટલો આવેલી છે. લોથલ ખાતે સંગ્રહાલય આવેલું છે. શુક્રવારને બાદ કરતા સપ્તાહના તમામ દિવસોમાં ૧૦ થી સાંજના ૫ વાગ્ય સુધી ખુલ્લું રહે છે.











# અમરેલી જિલ્લાની અસ્મિતા

## ● ગોહિલવાડનો ટીંબો :

ઈસુની પ્રારંભિક સદીઓમાં અસ્તિત્વ પામેલ ગોહિલવાડનો ટીંબો સદીઓ પુરાણો અને પુરાતત્વીય છે. અહીંથી ખોદકામ દરમિયાન મળી આવેલ વસ્તુઓ તથા અવશેષોમાં શંખ અલંકૃત દાગીના, શંખની બંગડીઓના અવશેષો, ઈંટોના ચણતરવાળી દીવાલો, ઘસાયેલા પથ્થરો તથા રોડાનું ચણતરનો સમાવેશ થાય છે.

સંવત ૨૯૭ અને ઈ.સ. ૬૧૬ના ગાળામાં વલ્લભીના ખરગ્રહ પહેલા રાજાએ એક બ્રાહ્મણને બે કૂવાનું દાન આપ્યાનું તામ્રપત્ર પરનું લખાણ છે. જે ઈ.સ. ૧૯૩૫ના ગાળા દરમિયાન ગોહિલવાડના ખોદકામના સ્થળ પાસેના એક ખેતરમાંથી મળી આવેલ છે.

આ ઉપરાંત રોમન કલા શૈલીના લાલ પૉલીસના સુશોભિત વાસણના હાથાઓ તથા ખોદકામ દરમિયાન સ્મશાનમાંથી મળેલા ત્રાંબા તથા લોખંડના નમૂનાઓ, શંખની જુદી જુદી જાતની બંગડીઓ, ભૂમિતિ સંબંધિ તથા અન્ય પ્રકારની નકશીવાળી બંગડીઓ, સોનીના ઢાળ પાડવાના બીબાઓ, રંગીન મણકાઓ. પકવેલી માટીની પ્રાણીઓની મૂર્તિઓ. પકવેલી માટીના તથા ધાતુના પદાર્થો, છઠ્ઠી સદીના પ્રાચીન લિપિના વાસણોના અવશેષો, પકવેલી માટીની માનવ આકૃતિઓ, પકવેલી માટીની મૂર્તિઓ, પકવેલી માટીની ઈંટો, માટીના ઘડા, પથ્થરનો વાટણીઓ, પથ્થરની ઘંટી અને પથ્થરનો ખાંડણીઓ જેવી પુરાતન વસ્તુઓ મળી આવી છે.

## ● કાશીવિશ્વનાથ મંદિર :

પાદરસીંગામાં આવેલ સંવત ૧૮૭૮ની સાલમાં જાફરાબાદના પારેખ નારણભાઈ આણંદજીની વિધવાબાઈ કસ્તુરબાઈએ બંધાવેલ શ્રી વિશ્વંભરનાથજીનુ દેવાલય (કાશી વિશ્વનાથજીનુ મંદિર) અતિ પ્રાચીન છે. જેના ભીંત ચિત્રોમાં શ્રી રામચંદ્ર ભગવાનને સીતા સ્વયંવર વખતે ધનુષ પર પ્રત્યંચા ચઢાવતા, સીતારામ વિવાહ, રામ-રાવણ યુદ્ધ, સમુદ્રમંથન કરતાં દેવો અને દેવતાઓ, નૃસિંહ અવતાર ધરી હિરણ્યકશ્યપુનો વધ કરી પ્રહલાદ તથા તમામ પ્રજાને ભગવાન કણ કણમાં છે તેનું પ્રમાણ આપ્યું વગેરે પૌરાણિક ભીંત ચિત્રો અંકિત કરેલા છે.

અમરેલીની વડી નદીના જમણા કાંઠે આવેલા વેણીવદરમાં ઉત્તર કાલિન હડપ્પીયન વસાહત મળી છે. જ્યારે ઠેબી નદીના ડાબા કાંઠા પર આવેલા મોટા મોચીયાળામાં ચળકતા લાલ મૃત પાત્રો ધરાવતી વસાહત મળી છે.

ઉત્તર હડપ્પીય સંસ્કૃતિનો સમય ઈ.સ. પૂર્વે ૧૯૦૦ થી ૧૬૦૦નો આંકવામાં આવ્યો છે. જ્યારે ચળકતા લાલ મૃતપાત્રોની સંસ્કૃતિનો સમય ઈ.સ. ૧૭૦૦ થી ૧૩૦૦નો હોવાનું માલુમ પડ્યું છે.







# ગાંધીનગર જિલ્લાની અસ્મિતા

## • અડાલજની વાવ

ગુર્જર દેશ, ગુર્જરભૂમિ કે સુરાષ્ટ્ર અને આનર્ત તરીકે ઓળખાયેલા આ પ્રદેશનો ઈતિહાસ ઈ.પૂ ચારસો વર્ષ જેટલો પ્રાચીન છે અને તેના અવશેષો મૌર્ય, મૈત્રકકાલના સમયની ઝાંખી કરાવે છે. ખાસ કરીને બૌધ્ધ, જૈન, હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિ તથા તે પછીના સમયના પોર્ટુગીઝ, ડચ, આર્મેનિયન અને અંગ્રેજ અસર નીચે બંધાયેલ સ્થાપત્યનાં ઉદાહરણો ગુજરાતમાં જોવા મળે છે.

મધ્યયુગના બીજા તબક્કા દરમિયાન લગભગ ઈ.સ. ૧૦૨૬ થી ૧૨૯૮ દરમિયાન ઉત્તર ભારતીય અથવા ઈન્ડો આર્યન શૈલીની સમૃધ્ધ અને સુવિકસિત સ્થાપત્યધારા પશ્ચિમ ભારતમાં પ્રસરી. સોલંકી અને વાઘેલા વંશોના શાસનકાળ દરમિયાન આ વિસ્તારમાં શાંતિ અને સમૃધ્ધિ ફેલાતાં સ્થાપત્ય કળાનો પણ સારો વિકાસ થયો. મંદિરોના સ્થાપત્ય ઉપરાંત આ સમયમાં વાવ, દરવાજા અને પર્વત પરના મંદિર સમૂહોના થયેલા સ્થાપત્ય બેનમૂન અને ઉલ્લેખનીય રહ્યાં છે.

અડાલજની શૈલીના એક ઉત્કૃષ્ટ પ્રતીક સમાન ગાંધીનગરની અડાલજ વાવ કાળના પ્રવાહો ઝીલીને આજે પણ એવી જ આકર્ષક અને અડીખમ છે. મન-હૃદયને મોહી લે એમ તે જળવાઈ પણ છે. આ વાવ અમદાવાદથી ઉત્તરે આશરે ૨૦ કિ.મી. અડાલજ ગામમાં આવેલી છે. સુલતાન મહેમૂદ બેગડાના સમયમાં મહાન સ્મારક સમાન બે વાવોનું સ્થાપત્ય થયું હતું.

એક અમદાવાદના અસારવા પરામાં દદા(દાદા) હરિની વાવ અને બીજી અડાલજના વાઘેલા રાવ વીરસિંહની ધર્મપત્ની રાણી રૂડાબાઈએ ભારતની સર્વેશ્રેષ્ઠ વાવ બંધાવી તે આ અડાલજની વાવ. આ વાવ સંવત- ૧૫૫૫ (ઈ.સ.૧૪૯૯ થી ૧૫૦૨)માં મહા સુદ પાંચમે પતિના સ્મરણાર્થે તે સમયના પાંચ લાખ ટકા(રૂપિયા) ખર્ચી બંધાવવામાં આવી હતી.આ વાવને પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ત્રણ પ્રવેશદ્વાર મુખ છે અને તેથી તે જયા પ્રકારની વાવ ગણાય છે. સ્થાપત્ય શાસ્ત્રના અપરાજિતપૃચ્છા પુસ્તકમાં જયા પ્રકારની વાવનું બાંધકામ (દેવોને પણ) દુર્લભ હોય છે એમ જણાવાયું છે. આ વાવ બાંધનાર મુખ્ય સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમાપુત્ર માસણ હતા. દક્ષિણ દિશામાં વાવનું મુખ્ય પ્રવેશદ્વાર છે. વાવ ભૂગર્ભમાં પાંચ માળની છે અને પાંચમો માળ પાણીની સપાટી નીચે છે. વાવની લંબાઈ ૭૫.૩ મીટર છે. આ વાવને નવ ફૂટ (ફૂટ- થાંભલાવાળા બાંધકામ) છે. ચાર મંડપ છે. ત્રણે પ્રવેશદ્વાર નીચેના પહેલા માળ તરફ જાય છે અને ત્યાં દ્વારમંડપ પર ભેગા થાય છે. વાવના બધા જ સ્તંભને ચાર ભાગ છે. (૧) કુંભી (૨) સ્તંભ (૩) ભરણું (૪) સરૂ. સરૂના ભાગ પર આડા પાટડા છે. બધા જ પાટડા શિલ્પકામથી ભરપૂર છે. પ્રથમ મંડપને બે માળ છે. દરેક માળમાં ત્રણ ત્રણની હારમાં ચાર ચાર એમ બાર સ્તંભ છે. સરૂ અને સ્તંભને જોડતાં ત્રાંસા નેજવા છે. ત્રીજા અને ચોથા મંડપ વચ્ચે અષ્ટકોણ કુંડ આવેલો છે. કંડુને નવ મીટરના સમચોરસમાં ગોઠવેલા છે. બીજા મંડપના મુખ્ય સીડી પરના એક પાટડામાં પાટ પર એક રાજા બેઠા છે. તેમની બંને બાજુ ચમરી નાખનાર છે. બંને બાજુ શૃંગારિક દ્રશ્યો પણ છે. તેમાં વલોણું કરતી અને વાળ ઓળતી સ્ત્રીઓ, ડમરું અને કૂતરા સાથે ભૈરવ નૃત્ય કરતી બાળાઓ, વાદ્યવાદકો તથા પોપટ સાથે એક છોકરી છે. શિલ્પકળાની દૃષ્ટિએ આખી વાવનું આ શ્રેષ્ઠ સર્જન છે.

બીજા માળે ઉતરતાં સીડીના પ્રવેશદ્વાર પર નવ ગ્રહ કંડારેલા છે. વાવમાં ૫૬ જેટલા શિલ્પકામથી ભરપૂર ગોખલા છે. વાવમાં દુર્ગા, ચામુંડા વગેરે દેવીઓનાં શિલ્પો કંડારેલા છે.

રસ લઈને ઝીણી નજરે જોઈએ તો જાતજાતની આકૃતિઓ, પાત્રો વાવના સ્થાપત્ય-કોતરણીમાં કંડારાયેલ જોઈ શકાય. શિલ્પ-સ્થાપત્યના અભ્યાસીને તો સ્થાપત્ય શૈલી-શિલ્પોના પ્રકાર-એની ભાષાનો ખ્યાલ આવી









જાય, પરંતુ સામાન્ય જન તરીકે આપણે આ વાવને નિહાળીએ તો પણ એની એકદમ સુરેખ અને બારિક કોતરણી, બેનમૂન સ્થાપત્ય શૈલીથી મંત્રમુગ્ધ-પ્રભાવિત બન્યા વિના રહી શકાય જ નહી.

વાવનું સમગ્ર શિલ્પ અને સ્થાપત્ય જોનારને મુગ્ધ કરે તેવું છે. દેશ-વિદેશના અનેક પ્રવાસીઓ આ ઐતિહાસિક વાવની મુલાકાત લઇ આનંદવિભોર બને છે

આ સ્થળ ગાંધીનગરથી ૧૦ કિ.મી અને અમદાવાદથી ૩૦ કિ.મીના અંતરે આવેલું છે.

## • અંબાપુરની વાવ, અંબાપુર :


રજવાડાના વખતમાં જયારે સાધનોની સગવડ નહોતી તે સમયમાં બાંધકામના પથ્થરો, મોટી મોટી શિલાઓ, હાથીઓ પર લાવી ગામની ભાગોળે કોતરણી કામ કરવામાં આવતું હતું. વાવ પાંચ મજલાની છે. વાવના કિનારે લગભગ ૧૫૦ વર્ષથી આરાસુરી અંબાજી માતા જયોત સ્વરૂપે બિરાજે છે. દર પૂનમને દિવસે તથા આસો સુદ ચૌદસના દિવસે ભરાતા મેળામાં હજારો શ્રદ્ધાળુઓ વાવને કિનારે સ્થાપિત અંબાજી માતાના દર્શનાર્થે આવે છે. આસો સુદ ચૌદસના દિવસે ભરાતા મેળામાં આશરે ૨૫ હજાર ભાવિક ભકતો આવે છે. રાત્રે માતાજીના ગરબા થાય છે, જે ગામનો સૌથી મોટો લોકોત્સવ છે.

આ વાવ ગાંધીનગરથી ૧૨ કિલોમીટર તથા અમદાવાદથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલી ઐતિહાસિક વાવ તરીકે જાણીતી છે.

## • માણસાની વાવ :

માણસાની વાવ પાંચ મજલાવાળી વાવ છે. આ વાવના પ્રથમ કૂટના લેખ મુજબ એનું નિર્માણ વિ.સ ૧૫૮૨ (ઇ.સ- ૧૫૨૬)માં થયું હોવાનું કહેવાય છે. કુવાની પહેલાં આવતો કુંડ તે સમયની ખાસિયત છે. બીજા કૂટમાંની ભૈરવની પ્રતિમા તથા અંબાજીની દેરી પછીથી થયેલું ઉમેરણ છે.


ફાંસનાકાર શિખરવાળો પ્રવેશ, ગવાક્ષ, અર્ધસ્તંભો અને મદળો પરનું ભૌમિતિક અને પ્રાકૃતિક અલંકરણ તેમ જ ઉપરના ભાગે, સામસામી બાજુને આવરી લેતા પાટડાના ટેકા સાથે કૂવાની બરાબર વચ્ચે સંલગ્ન કમાન અને કૂવાની અંદરની કમાન નોંધપાત્ર છે.











# જામનગર જિલ્લાની અસ્મિતા

## • કોઠો (ભૂજિયો), જામનગર

ઈ.સ. ૧૮૩૯માં બંધાયેલો બે માળનો આ કોઠો, સૌરાષ્ટ્રમાં સૌથી મોટો અને સૌથી ઊંચો છે. એના છાપરાની કોરે કરવામાં આવેલી નીચી દીવાલમાં ચોક્કસ અંતરે તોપ માટેની જગ્યા રાખવામાં આવી છે. ભૂજિયો નામ નવાનગર અને કચ્છના ઐતિહાસિક સંબંધને દર્શાવે છે. જે બેઉની રાજધાની અનુક્રમે જામનગર અને ભૂજ ખાતે હતી. આ કોઠાનો ઉપયોગ હેલિયોગ્રાફી પ્રકારના સંદેશા મોકલવાના કેન્દ્ર તરીકે થતો હતો.

## • ખંભાળિયા દરવાજો, જામનગર

જામનગરના કિલ્લાના દરવાજાઓમાં ૧૯મી સદીની મધ્યમાં બંધાયેલો આ દરવાજો નગરના સંરક્ષણના ભાગરૂપ શત્રુઓથી બચવા માટે વિશાળ પહોળાઇ તથા ઊંચાઇ ધરાવતી કોટ દીવાલ એટલે કે ગઢની રાંગ બનાવવામાં આવેલી છે. આ દરવાજો એના કદ અને અલંકરણમાં અલગ ભાત પાડે છે. એના ઉપરના ભાગે ચોકીયાતોના કમરા છે. દરવાજાની બેઉ બાજુએ આવા ચોકીયાતનાં બાવલાં ગોઠવેલા છે.

ખંભાળિયા ગામ તરફ જતો રસ્તો હોવાથી દરવાજાનું નામ ખંભાળિયા દરવાજો પડ્યું છે.

## • લાખોટા ટાવર - તળાવમાં સ્થાપત્ય

જામ રણમલજીના શાસન દરમિયાન ૧૮૩૯માં ભીષણ દુષ્કાળની આપત્તિ વેળાએ રાહત પ્રવૃત્તિના ભાગરૂપે તળાવની મધ્યમાં સુંદર ગોળ બાંધણી સાથે કલાત્મક રચના સાથે કોઠા (ટાવર)નું બાંધકામ કરાવામાં આવ્યું છે. આ ટાવર સુધી પહોંચવા બે સેતુ પણ બનાવાયા છે.

લાકડાની છત, સ્તંભો અને મુખ્ય પ્રવેશદ્વાર ઉપરના અગ્રકક્ષના બારણાં પરનું કોતરકામ સ્થાનિક કારીગરીના નોંધનીય ઉદાહરણો પૂરા પાડે છે.











આ કોઠાનું બાંધકામ લાખો 'કોરી'ના ખર્ચથી થયેલ હોવાથી લાખોટા કોઠા તરીકે જાણીતું થયેલ છે. હાલ આ કોઠાનો મ્યુઝિયમ તરીકે ઉપયોગ થાય છે.

## • ગણેશ મંદિર, ધુમલી

સૈંધવ કાળના (ઇ.સ. ૮મી થી ૯મી સદી) છેલ્લા મંદિરોમાંનું આ એક છે. મૂળભૂત રીતે આ મંદિરના પ્રદક્ષિણાપથને મંડપ સુધી લંબાવેલો એનો પુરાવો છતના અંશોને ટેકારૂપ એવા ગવાક્ષોની રચનાથી મળે છે. હાલમાં માત્ર ગર્ભગૃહનું માળખું અને એના દરવાજાની સાદી બારસાખ છે. ભોંયતળિયું ૯મી સદીની શૈલીનું છે, પરંતુ શિખરનો આકાર અને એમાંનું અલંકરણ પછીના સમયનું લાગે છે. એનું બાંધકામ ૧૦મી સદીના આરંભનું જણાય છે.

## • નવલખો મંદિર, ધુમલી

ગામ : ઘૂમલી, તાલુકો : ભાણવડ, જિલ્લો : જામનગર.

ગુજરાત રાજ્યના જામનગર જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલું ઘૂમલી ('ભૂમિલિકા' કે 'ભૂભૂતપલ્લી') ગામ ઓછામાં ઓછું સૈંધવકાળ જેટલું પ્રાચીન છે.

ઘૂમલી પાસે વહેતી નદીને તીરે નવલખા મંદિર આવેલું છે. એના સ્થાપત્ય અને રૂપમંડન પાછળ ખર્ચેલી અઢળક ધન-સંપત્તિને કારણે 'નવલખા' કહેવાયું હશે. આ મંદિર કુમારપાળના સોમનાથ મંદિરનું અનુકાલીન અને સેજકપુરના નવલખા મંદિરનું સમકાલીન છે. તેની જગતી ગુજરાતભરના સોલંકીકાલીન સ્થાપત્યોમાં સહુથી વધુ ઊંચી ૪૫.૭૨૭ x ૩૦.૪૮૫ મીટર છે.

મારુ-ગુર્જર શિલ્પ સ્થાપત્ય શૈલીના આ મંદિરના મુલપ્રસાદની રચના મોઢેરા તથા સોમનાથના મંદિરો જેવી અને શિખરની શૈલી મોઢેરા તથા સુણકના મંદિરોને મળતી આવે છે. એનો સભામંડપ બે માળનો અને ઘુમ્મટ ફાંસનાકાર શૈલીયુક્ત છે. એના ઉપાનથર ઉપર અલંકાર જગતી, રત્નમંડિત જાડ્યકુંભ, પદ્મ, ક્ષેપણ, કળશ, અંતરપટ અને કીર્તિમુખબંધ આવેલા છે. તે પછી ગજથર અને નરથર ઉપર મંડોવર શરૂ થાય છે. મંદિરની ત્રણે બાજુના ભદ્રગવાક્ષોની નીચે સામસામી સૂંઢ વિંટાળેલી હસ્તિયુગ્મ આવેલા છે. ભદ્રગવાક્ષોમાં વેદિકાને બદલે દેવગણની સ્થાપના કરેલી છે. દક્ષિણે બ્રહ્મા-સરસ્વતી, પશ્ચિમે ઉમા-મહેશ્વર અને ઉત્તરે સંભવતઃ લક્ષ્મી-નારાયણ સ્થિત છે.

ઘૂમલીમાં ઈ.સ. ૧૧૭૯થી ઈ.સ. ૧૧૯૦ની આસપાસ રાણા ભાણ જેઠવાનું રાજ્ય હતું. શૈલીભેદથી નવલખા મંદિરનું નિર્માણ પણ ઈસુની ૧૨મી શતાબ્દીની આસપાસનું જણાય છે. સોલંકી યુગના સ્થાપત્યનું મહત્ત્વનું દૃષ્ટાંત છે અને તત્કાલીન સમયની ઊંચામાં ઊંચી પીઠ તેમજ ભાગ્યે જ જોવા મળતો એવો બે માળનો મંડપ ધરાવે છે. આ મંદિર બાંધવામાં ખર્ચાયેલા નવ લાખ રૂપિયા મંદિરના નામકરણનું નિમિત બન્યા છે.

## • પનોતી મંદિર, હાથલા

અનિષ્ટ બળોના શમનનું મંદિર. ગર્ભગૃહની બાજુઓથી લંબાવેલું આ મંદિર ૭મી સદીનું છે. પનોતીને રીઝવવાનો હેતુ એના નિર્માણ પાછળ છે. પનોતી એટલે અનિષ્ટની દેવી. હનુમાનજીએ પોતાના પગતળે એને ધરબી દીધી છે એવા ચિત્રાંકનો કયાંક જોવા મળે છે. મંદિરને મંડપ હોવાની શકયતા છે, એની બહારની દીવાલો સાદી છે. શંકુ આકારના શિખરના આરંભના બે સ્તર કળાય છે અને સમયાનુસાર ફેરફાર થયાના લક્ષણો જણાય છે. વપરાયેલા પગરખાં આસપાસ મંદિરમાં અને કુંડ પાસે મળે છે. જે દેવીને રીઝવવા માટે અર્પણ કરાયેલી વિધિનો ભાગ છે.







## ● શનિની વાવ, હાથલા

કુંડ અને વાવ એક સાથે - વાવ અને કુંડ બેઉના લક્ષણો ધરાવતી આ વાવ શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે નથી, પનોતી મંદિરની બાજુમાં આવેલી છે અને ૯મી કે ૧૦મી સદીમાં બનેલી છે. એ ૧૧.૩૦ મીટર લાંબી અને ૬ મીટર પહોળી છે. અંદર ઉતરાણ માટેના પગથિયાની સંરચના એવી રીતે કરેલી છે કે ઓછી લંબાઈએ વધુ ઉંડા ઉતરી શકાય. વચમાં આરામ કરવા માટે એક ફુટ બનાવ્યો હશે એવું જણાય છે. મંદિરની પાસે હોવાથી વિધિ માટેના કુંડની સંરચના વાવ સાથે કરવામાં આવી હોય એવી શકયતા છે.


## ● કાલિકા માતાનું મંદિર, ધ્રાસણવેલ, દ્વારકા

સાદામાં સાદું સૈંધવકાલીન સ્થાપત્ય- આ પૂર્વાભિમુખ મંદિર ૯મી સદીનું છે. ગર્ભગૃહ, સાંકડો પ્રદક્ષિણાપથ અને બંધ મંડપ મળીને એક ઘનાકારનું નિર્માણ થાય છે. ડપના ચારેય સ્તંભના ખુણિયા પર આછું અલંકરણ છે. છાપરાના ઢાળવાળા પાટડા ધ્યાન ખેંચે છે. પ્રવેશની બેઉ બાજુના ખુલ્લા ભાગો અને ઝરૂખા પરનું છાદ્ય અને બેઠકો નાશ પામેલા છે. પ્રવેશ ચોકી સાથે પરસાળ સંલગ્ન હોવાનું લાગે છે. આ મંદિર સૈંધવકાલીન (૮મી થી ૯મી સદી) સ્થાપત્ય શૈલીના મૂળભૂત સ્વરૂપને રજુ કરે છે.














# જૂનાગઢ જિલ્લાની અસ્મિતા

## ● પર્વતાધિરાજ ગિરનાર :

પર્વતાધિરાજ ગિરનાર હિમાલય કરતાં પણ પુરાણો પર્વત છે. લોકો તેને ગીરનાર મહારાજ કહે છે, જેમાં તેત્રીસ કરોડ દેવ, નવનાથ ચોરાસી સિધ્ધ અને બાવન પીરનો વાસ હોવાની માન્યતા છે. તે પ્રાચીન સમયથી પ્રેમ, શૌર્ય, સ્વાર્પણ, ટેક અને ફનાગિરીની અનેક ઉદાત ગાથાઓ સંગ્રહી ઊભેલો ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. ૧૧૦૦૦થી વધુ પગથિયાં છે. તેની સમુદ્રની સપાટીથી ઊંચાઇ ૩૦૦૦ ફૂટથી વધુ છે. ગિરનાર ગિરિમાળામાં પર્વતનો એક સમુહ છે.

જૂનાગઢ શહેરની પૂર્વ દિશાએ ૩૫ કિ.મી. દૂર વાદળથી વાતો કરતા ઊભેલા આ પ્રાચીન,પુરાણા પ્રસિધ્ધ ગિરનાર પર્વતને પૂર્વકાળમાં રૈવત, રૈવતક, રેવતાચળ, ઉઝજયંત, ગિરિનારાયણ પણ કહેતા. ગિરનારની ગિરિમાળાઓ શહેરની બહાર નીકળતા શરૂ થઇ જાય છે. બન્ને બાજુએ પર્વતીય હારમાળા અને નદીઓ, નાના ઝરણાઓ અને ઘાટીમાંથી પસાર થતો વાંકો-ચૂંકો રસ્તો અનુપમ કુદરતી સૌંદર્યથી લોકોને આકર્ષે છે.

ગિરનારના મુખ્ય પાંચ શિખરોમાં ગોરખનાથનું શિખર સૌથી ઊંચુ ૩૬૬૬ ફૂટ, દતાત્રેય શિખર ૨૩૯૫ ફૂટ, અંબાજી શિખર ૩૩૩૦ ફૂટ જયારે માળી પરબ ૧૮૮૦ ફૂટ ઊંચુ છે. આ ગિરિમાળા ૭૦ ચોરસ માઇલમાં વિસ્તરેલી છે. ગિરનારમાં ઝીણાબાવાની મઢિ, જાંબવંતની ગુફા, બોરદેવી, ઇંટવા, ખોડીયાર, માળવેલા, સાતપુડા સહીત અન્ય જાણીતા સ્થળો આવેલા છે. જયારે હિન્દુ-મુસ્લીમ એકતાના પ્રતીક સમા ઓલીયા પીર દાતાર બાપુ પણ ગિરિમાળામાં શોભે છે. આ ઉપરાંત ગિરનાર પર્વત પર અંબાજીની ટૂંક પર મા અંબાજીનું મંદિર , ગિરનારની ઊંચામાં ઊંચી ટૂંક પર ગોરખનાથજી મંદિર, ગુરુ દત્રાયેયની ટૂંક પર માં અંબાજીનું મંદિર, ગિરનારની પહેલી  ટૂંક પર વસ્તુપાળ-તેજપાળના ભવ્ય દેરાસરો આવેલાં છે. ગિરનાર પરની બીજી ટૂંક એટલે ભગવાન નેમીનાથની ટૂંક, અહીં સમ્રાટ અશોકના ત્રીજા પુત્ર કૃણાલના પુત્ર સંપ્રતિરાજનું દેરાસર, ગુજરાતના સમર્થ રાજા કુમારપાળના ભવ્ય દેરાસર તથા અન્ય જૈન દેરાસરો આવેલાં છે. ઉપરાંત ગૌમુખી ગંગા, કમંડળ કુંડ અને પાંડવ ગુફા તથા ભૈરવ જપ જેવા મહત્ત્વના પુરાતન સ્થળો ગિરનાર પર જોવાલાયક છે.

## ● ભવનાથ મંદિર તથા મૃગિકુંડ :

ઐતિહાસિક મૃગિકુંડ સાથેનું ભવનાથ મંદિર જૂનાગઢનું પૌરાણિક ધાર્મિક સ્થળ છે. શિવરાત્રી પ્રસંગે અહી યોજાતા મેળામાં ભકતજનો તથા જુદા જુદા સંપ્રદાય અને મઠોમાંથી દિગંબર સંતો (નાગાબાવા) દેશના ખૂણેખૂણેથી અહી આવે છે. નાગા બાવાઓ મૃગિકૂંડમાં શાહી સ્નાન કરી ભવનાથ મંદિરની મહાઆરતીનો લાભ લઇ ગિરનારી મહારાજ તથા અન્ય જગ્યાએ સ્થિત એમના સ્થાનકોએ રવાના થાય છે. મૃગિકૂંડમાં સ્નાનવિધિ તથા દિગંબર સાધુઓની રવેડી શિવરાત્રી મેળાનુ મુખ્ય આકર્ષણ છે.

## ● દામોદર કુંડ :

જૂનાગઢ શહેરથી ગિરનાર તરફ જતા રસ્તામાં સોનરખ નદીમાં આ પવિત્ર કુંડ આવેલા છે. તેને કાંઠે દામોદરરાયજીનું પ્રાચીન મંદિર છે. શ્રી મહાપ્રભુજીની બેઠક પણ ત્યાંજ છે. આ કુંડમાં ભગવાન બ્રહ્માજીની આજ્ઞાથી ગંગાજીનો વાસ છે અને અહીં અસ્થિ પધરાવવાથી આપમેળે ઓગળી જાય છે તેવી માન્યતા છે. હિન્દુ શ્રધ્ધાળુઓ તેમના







આપ્તજનોના અસ્થિ કુંડમાં પધરાવવા આવે છે. શ્રાવણ તથા આસો માસમાં હજારો શ્રધ્ધાળુઓ આ કુંડમાં સ્નાન કરી પવિત્ર થાય છે. બાજુમાં પૌરાણિક મુચુકંદ ગુફા પણ આવેલી છે.

## ● અશોકના શીલાલેખ અને પર્વતિય લેખો :

દામોદર કુંડથી જૂનાગઢ તરફ આવતાં રસ્તામાં સમ્રાટ અશોકના ત્રણ પર્વતીય શિલાલેખો આવેલા છે. તેમાં પ્રથમ મૌર્ય સમ્રાટ અશોક તેના રાજય રોહણના ૧૨માં વર્ષમાં લગભગ ઇ.સ. ૨૫૬માં રાજ આજ્ઞા પ્રસિધ્ધ કરી છે. આ લેખ ૭૫ ફૂટના પરિઘનો છે. તેમાં લગભગ ૧૦૦ ફૂટના વિસ્તારમાં ૧૪ વિભાગોમાં શાસનો લખી પ્રજાને હિંસાથી દૂર રહેવા, ઔષધિય વનસ્પતિનું વાવેતર કરવા, તમામ સંપ્રદાયો અનુસરનારાઓને અરસપરસ સંપ કેળવવામાં, રાજઆજ્ઞા આપી છે. ઉપરાંત તેના અધિકારીઓને સ્ત્રીઓ, યાત્રીકો, આદીનું ધ્યાન રાખવા તથા ધર્મ મહાપાત્રોને જ્ઞાનનો પ્રચાર કરવા તથા ઉપદેશ આપવાની સૂચના આપેલી છે. આ લેખની બાજુમાં શક સવંત ૭૨(ઇ.સ.૧૫૦) માં ભારે વર્ષા અને વાવાઝોડાના કારણે મૌર્યકાળમાં બાંધેલા સુદર્શન તળાવની પાળ ફાટી ત્યારે તત્કાલીન મહાક્ષત્રપ રૂદ્રદામાએ પ્રજા પાસેથી કોઇપણ જાતનો ખર્ચ ન લેતા તે પાળ સમરાવી તેની નોંધ સહિત અન્ય વિગતો છે.

## ● દાતાર :

ગિરનારની દક્ષિણે દાતાર પર્વત આવેલો છે ત્યાં જમીયલશા પીરની દરગાહ છે. આ પર્વત સમુદ્ર સપાટીથી ૨૭૭૯ ફૂટની ઊંચાઇએ છે. જમીયલશા તુરબત સિંઘના નગરઠઠ્ઠાના છે. પરંતુ અહી વસેલા તેથી અહી તેનો ચિલ્લો છે એમ કહેવાય છે. લોકોકિત પ્રમાણે નાગબાઇને સંતાપનારા રા-માંડલીકને ક્ષમા માંગવા કહેલુ અને તે ન માનતા અંતે જમીયલશાએ મહંમદ બેગડાને જૂનાગઢ જીતી લેવા આમંત્રિત કર્યા. દાતાર પર્વત પર ઇ.સ. ૧૮૯૪માં પગથિયાં બંધાવ્યા. જૂનાગઢ નગર અને દાતાર પર્વત વચ્ચેના રસ્તે નીચલા દાતારથી જાણીતા એક ચિલ્લો પણ છે.

## ● ઉપરકોટ :

જૂનાગઢની ઉત્તરપૂર્વમાં ૨,૭૨,૪૯૦ ચોરસવારમાં ઇતિહાસ પ્રસિધ્ધ ઉપરકોટનો કિલ્લો આવેલો છે. જૂનાગઢના દિવંગત ઇતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઇએ નોંધ્યુ છે કે, આ કિલ્લાનું મૂળ નામ ગિરિદુર્ગ હતું. અહીં પૌરાણિક અડી-કડી વાવ અને નવઘણ કૂવો જોવાલાયક છે. ઇ.સ.૧૪૫૦માં રાજા રાં માંડલીકે અને ત્યાર પછી ઇ.સ.૧૮૯૩-૯૪માં જૂનાગઢના તે સમયના દીવાન હરિદાસ વિહારીદાસે આ કિલ્લાનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. આ કિલ્લાની દીવાલની લંબાઇ ૩૦૮૦ મીટર છે. નાના મોંટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે. જયારે બંદુક રાખવાના મોટા કાણાં ૨૨૦ અને નાના કાણાં ૨૨૫ છે. દીવાલની સામાન્ય પહોળાઇ ૯ મીટર છે. આ કિલ્લાના નિર્માણ બાદ ઇ.સ. ૯૭૫ થી ૧૭૮૦ દરમિયાન ૧૬-૧૬ વખત ઘેરા ઘાલવામાં આવ્યા હતા. તેની સામે તોપો મંડાણી હતી. તદ્ઉપરાંત વિનાશક વાવાઝોડા, તોફાની વરસાદ અને વર્ષ ૨૦૦૧નો વિનાશક ભૂકંપ છતાં આજે પણ ઉપરકોટ તેની આન-બાન અને શાન સાથે અડીખમ ઊભો છે.



## ● નરસિંહ મહેતાનો ચોરો :

જૂનાગઢની મધ્યમાં સ્થિત આ જગ્યામાં ભકત નરસિંહ મહેતા કિર્તન કરતા અને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા કેદાર રાગના સૂરથી શ્રી કૃષ્ણ પ્રભુ સ્વયં હાજર થઇ તેઓ સાથે રાસ રમતા હોવાની માન્યતા





છે. ચોરાના મુખ્ય સ્થાનમાં ભકતરાજ નરસિંહ મહેતા અને દામોદરલાલજી ભગવાનની મૂર્તિ છે. ભગવાન શ્રી કૃષ્ણના અન્ય સ્વરૂપના દર્શન પણ થાય છે. જેમાં શામળા, ગિરધારી લાલજી, મદનમોહનજી, દ્વારકામાં નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી તે ભગવાનનું શેઠ શામળાશાનું દર્શન આપણને ભકતસમાજના જીવન કવનની અપ્રતિમ યાદ અપાવે છે.

### ● નવાબનો મકબરો :

જૂનાગઢની મધ્યમાં નવાબ મહોબ્બતખાન બીજાએ બનાવેલા ઉત્કૃષ્ટ કલાના અષ્કોણીય મકબરામાં નવાબ મહોબ્બત ખાન બીજા, નવાબ બહાદુરખાન ત્રીજા તથા નવાબ રસુલખાનને દફનાવેલ છે. ચાર ખૂણામાં ચાર જુદા મીનારાવાળો સુંદર તથા આકર્ષક શિક્ષણપ્રેમી દીવાન બહાહુદિનભાઈનો મકબરો પણ નજીકમાં છે. નવાબી શહેર જૂનાગઢમાં નવાબી સ્થાપત્ય જુદી ભાત પાડે છે. કલાત્મક ગુંબજો, અત્યંત બારીક કોતરણીઓ નવાબી સ્થાપત્યની બેનમૂન રચના છે. આ મકબરા જૂનાગઢના શાહી ઘરાનાના અંતિમ વિસામા માટે બંધાયા હતા. હાલના કોર્ટ બિલ્ડીગ સામે સ્થિત આ બંને મકબરા કલાના અદ્‌ભુત નમુના સમા સ્થાપત્ય કલાના પ્રેમીઓના દિલો દિમાગમાં વસી જાય તેવા છે.

### ● દરબાર હોલ સંગ્રહાલય :

જૂનાગઢ શહેરની મધ્યમાં દીવાન ચોકમાં લોકો જેને નવાબની કચેરી તરીકે ઓળખે છે. તે દરબાર હોલ સંગ્રહાલય પ્રવાસીઓને કાયમ આકર્ષે છે. અહીં જૂનાગઢનાં નવાબો અને. રાજ-રાજવાડાના દુર્લભ સંગ્રહ, જૂનું રાચ-રચીલું,હથિયારો,પોશાક,પાલખી,ફોટોગ્રાફી,વિશાળ દર્પણો, વિશાળ વિદેશી ઝુમ્મરો સહિત કિમંતી અને દુર્લભ વસ્તુઓનું નયનરમ્ય પ્રદર્શન જોવા અને માણવાલાયક છે. સોના-ચાંદી-પિત્તળનું ફર્નિચર,ચાંદીની ખુરશીઓ અને જૂનાગઢના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતી અનેક ચીજો જેમાં ૧૮મી અને ૧૯મી સદીના શસ્ત્રો, વસ્ત્ર, ભવ્ય તૈલી ચિત્રો ઉની ગાલીચા જોવા સહેલાણીઓનો કાયમ ધસારો રહે છે. હવે તો તેમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આકર્ષણ ઉમેરાયું છે.











# ગીરસોમનાથ જિલ્લાની અસ્મિતા

## • સોમનાથ - ભારતવર્ષનું શ્રધ્ધા કેન્દ્ર :

જૂના જૂનાગઢ જિલ્લા મથકથી ૯૭ કિ.મી.ના અંતરે આવેલ પ્રભાત તીર્થક્ષેત્ર સ્થિત પ્રાચીન અને ભારતભરના બાર જ્યોતિર્લિંગ પૈકીના એક  જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથનું અતિ ભવ્ય મંદિર છે. આ મંદિર વૈદિક કાળથી પણ પુરાણું છે. વિધર્મીઓના આક્રમણને કારણે અનેક વખત ખંડિત થયેલા ભારતવર્ષના આ શ્રધ્ધા કેન્દ્રનો દરેક વખતે જીર્ણોધ્ધાર થયો છે. અને દરેક વખતે મંદિર વધુ સમૃધ્ધ થયું છે. છેલ્લે તા. ૧૧ મે, ૧૯૫૧ના દિવસે લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલના પ્રયાસોથી મંદિરનો સાતમી વખત જીર્ણોધ્ધાર કરી સોમનાથ જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

સોમનાથ મંદિરને કૈલાશ મહામેરૂ પ્રાસાદ તરીકે ઓળખવામાં આવે છે. મંદિર નાગર શૈલીથી નિર્માણ કરાયું છે. એક અંદાજ પ્રમાણે નાગર શૈલીમાં બંધાયેલો આવો પ્રાસાદ છેલ્લા ૮૦૦ વર્ષ પછી ભારતમાં પહેલી વખત બંધાયેલો છે. તે આ મંદિરની વિશેષતા છે. સોમનાથના અત્યારના મંદિરના શિખર ભાગમાં સાત મજલા છે. ગર્ભગૃહ અને તેની ઉપરના મજલા સહિત કુલ નવ મજલાનું આ મંદિર છે. મંદિરનાં શિખર ઉપરના પથ્થરમાં કોતરેલો કળશ ૧૦ ટન વજનનો છે.

## • ભાલકાતીર્થ :

જૂનાગઢથી વેરાવળ અને સોમનાથ જતાં ૯૫ કિ.મી. અંતરે ભાલકા તીર્થ સ્થાન આવેલું છે. મદ્યપાનથી ચકચૂર બનેલા યાદવોનો અંદરો-અંદર લડવામાં સંહાર થયો એનાથી ગમગીન થઇને અહિં શ્રીકૃષ્ણ પીપળાના વૃક્ષ નીચે યોગ સમાધીમાં બેઠા હતા. ત્યારે જરા નામના પારધીએ ભુલથી તેમને મૃગ સમજીને બાણ માર્યુ. પારધીનું તે બાણ શ્રીકૃષ્ણના જમણા પગે વાગ્યું. જયારે પારધી ઝડપથી શીકારને પકડવા નજીક ગયો તો તેમણે જોયું કે, તે મૃગ નહી પણ પીતાંબર ધારણ કરેલ પુરુષોતમ હતા. તે ગભરાઇને પોતાના અપરાધની ક્ષમા માંગવા લાગ્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ પારધીને આશ્વાશન આપ્યું. જે કાંઇ થયું તે મારી ઇચ્છાથી થયું છે. એવું કહીને પારધીને માફ કરી દીધો. અહીં પારધીએ(ભીલે) ભગવાન શ્રીકૃષ્ણને બાણ મારેલું એટલા માટે આ સ્થાનને ભાલકાતીર્થ કહેવામાં આવે છે.

## • તુલસીશ્યામ :

જૂનાગઢથી ઉના થઇ ૨૧૦ કિ.મી. અને જૂનાગઢથી ધારી થઇને ૧૪૦ કિ.મી.ના અંતરે આવેલ તુલસીશ્યામ સુંદર સ્થળ છે. સોહામણી સવાર કે સુંદર સાંજે સૂર્યના સોનેરી કિરણોમાં ઘટાટોપ વનરાજી, હરિયાળી, ગિરીમાળાએ મંદમંદ વહેતો પવન, આહ્‌લાદક વાતાવરણ, વન્ય પ્રાણીઓ અને પશુ પક્ષીઓનો સંગીતમય કલરવ, મંદિરના ઘંટારવ વચ્ચે ગરમ પાણીના ઝરામાં સ્નાન કરીને વિહરવાનું કોને ન ગમે ?

આ બધા જ પ્રકારનો આનંદ માણવો હોય તો તુલસીશ્યામ જવું પડે. અહીં ભગવાન તુલસીશ્યામનું સુંદર મંદિર અને રહેવા માટે ધર્મશાળા છે, બાજુમાં ટેકરી ઉપર રૂક્ષ્મણીજી બિરાજમાન છે. યાત્રિકો માટે અન્નક્ષેત્ર ચાલે છે. ધારી-ઉના રોડ મધ્યે આવેલા આ સ્થળે જવા-આવવા માટે એસ.ટી.બસની સુવિધા પ્રાપ્ય છે.









## ● શાણા વાંકિયાની ગુફાઓ :

જૂનાગઢથી ૨૧૦ કિ.મી. દૂર શાણા વાંકિયાની પૌરાણિક ગુફાઓનો નજારો નિહાળવા જેવો છે. ઉના તાલુકાની સરહદ ઉપર વાંકિયા નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામની નજીક શાણાનો ડુંગર આવેલો છે. આ ડુંગરને પાંડવો પવિત્ર કરી ગયા હોવાનું લોકજીભે સાંભળવા મળે છે. ભગવાન બુધ્ધનાં અનુયાયીઓની તપોભૂમિ પણ આ ડુંગર હોય તેવું મનાય છે. શાણાનો ડુંગર વિવિધ કોતરો, કક્ષો, પાણીના ટાંકા, હાથીખાના જેવા વિશાળ પોલાણો ધરાવે છે. લોકવાયકા એવી પણ છે કે ભીમ અને હિડમ્બાનાં લગ્ન અહીં થયા હતા. જેની સાક્ષીરૂપે ભીમની ચોરી આ સ્થાને આજેય જોવા મળે છે. અહી રબારી સમાજના ચાર મઢવાળી માતાનું સુપ્રસિધ્ધ મંદિર આવેલું છે. આ ડુંગર સાથે શાણો અને કુંવરનો ઈતિહાસ પણ છુપાયેલો છે. પુરાતત્ત્વ ખાતાએ આ ડુંગરને રક્ષિત જાહેર કરેલો છે. ઉના થી ટીબી થઈને વાંકિયા ગામે જવા એસ.ટી. બસ અને ખાનગી વાહનો સરળતાથી મળી રહે છે.

## ● ખોરાસા(આહિરના) તિરૂપતિ મંદિર :

જૂનાગઢથી ૨૨ કિ.મી.ના અંતરે વંથલી તાલુકામાં આવેલા ખોરાસા ગામમાં શ્રી વેંકટેશ ભગવાનનું ભવ્ય મંદિર છે. આહિર જ્ઞાતિની વસ્તી ધરાવતું ખોરાસા ગામ ખોરાસા આહિરથી અને ભગવાન વેંકટેશના મંદિરથી સુવિખ્યાત છે. જૂનાગઢના આદ્ય કવિ નરસિંહ મહેતા માટે શ્રી કૃષ્ણ ભગવાન પ્રકટ થયા તે જ પવિત્ર સ્થાને ખોરાસા ગામ વસ્યુ હોવાનું મનાય છે. મંદિરના આધિપતિ શ્રી રામાનુજ સંપ્રદાયના આચાર્ય હોય છે. એક વખત ખોરાસા જઈને શ્રી વેંકેટશ ભગવાનના દર્શનનો લાભ લેવા જેવો છે. અહીં બિરાજમાન શ્રી વેંકટેશજીની શ્યામ મૂર્તિ ચિત્તાકર્ષક, મંદ હાસ્ય, મધુર કટાક્ષ, ચરણ કમળ, શંખ-ચક્ર આયુધો, કિરીટ મુકૂટ, ધોતી, જામા, ખેસ, અલંકારો, પુષ્પ, તુલસીની માળા વગેરેનું દર્શન કરી ભકતો ભાવવિભોર થઈ જાય છે.

## ● બિલખા :

શેઠ સગાળશાનું નામ આવતાં ચેલૈયાનું બલિદાન યાદ આવે છે. અહીં ભગવાન સાધુ સ્વરૂપે શેઠ સગાળશાના ઘરે પધારી જમણમાં તેના પુત્રનું બલિદાન માંગ્યુ હોવાની માન્યતા છે. ધર્મવીર શેઠ સગાળશાએ પુત્રનુ બલિદાન આપી સાધુ સ્વરૂપે પધારેલા ભગવાનને તૃપ્ત કર્યા આથી ભગવાને પ્રસન્ન થઈ ચેલૈયાને સજીવન કર્યો તે સ્થળ બીલખા, પ્રવાસીઓ માટે યાત્રાધામ બની ગયેલ છે. જૂનાગઢ મથકથી ૨૧ કિ.મી.ના અંતરે આ સ્થળ પંડિત નથુરામ શર્માના આનંદ આશ્રમથી પણ જાણીતું છે.

## ● બાણેજ મંદિર :

જૂનાગઢથી ૧૦૦ કિ.મી. અંતરે કનકાઈ થઈ મધ્ય ગીરમાં આવેલ બાણેજ પ્રાચીન તીર્થ છે. સંત શ્રી સરસ્વતી બાપુની કઠીન તપોભૂમિ એટલે બાણેજ. લોકવાયકા એવી છે કે, માતા કુંતીને તરસ લાગતાં અર્જુને ધરામાંથી બાણ મારી ગંગાનું પ્રાકટ્ય કર્યુ હતું. આથી જ આ સ્થળ ને લોકો બાણગંગા તરીકે પણ ઓળખે છે. અહી મહાદેવ અને ગંગામૈયાનું મંદિર ધર્મની જયોત પ્રગટાવે છે. વન વિભાગના આરક્ષિત વિસ્તારમાં આવેલું આ તીર્થસ્થળ અંતરિયાળ હોય આવવા-જવા પદયાત્રા વધારે સુગમ બની રહે છે. તુલશીશ્યામ અને જામવાળાથી  બાણેજ જઈ-આવી શકાય છે.


## ● કનકાઇ :

જૂનાગઢ થી ૮૦ કિ.મી. દૂર વિસાવદરથી ૩૦ કિ.મી.નાં અંતરે ગાંડી ગીરની ગોદમાં આ કનકાઈ તીર્થ આવેલું છે જુદી-જુદી જ્ઞાતિના કુળદેવી તરીકે પૂજાતા માતા કનકેશ્વરીનું સુંદર મંદિર અહીં આવેલું છે.




શ્રીસતાધાર પૂજ્યશ્રી ગીગાબાપુનું સમાધિસ્થાન





કનકસેન ચાવડાએ વસાવેલ નગરીમાં કુળદેવી તરીકે માતા કનકેશ્વરીની સ્થાપના કરી હતી. આજે નગરી તો નથી પણ માતા કનકેશ્વરીનું સ્થાન આસ્થા અને ધર્મની ધજા લહેરાવતું ગીર મધ્યે અડીખમ ઊભું છે. ગીરનું પ્રાકૃતિક સૌંદર્ય, નદીનો વિશાળ તટ, વનરાજોની ડણક અને માતા કનકેશ્વરીના સાક્ષાત્કારના દર્શનથી મનખા દેહનું મન અહી ઠરે છે. ચૈત્રી નવરાત્રિ અને આસો નવરાત્રિએ સેવા પુજા અને યજ્ઞોનો અનેરો મહિમાં રહેલો છે. આ દિવસોમાં દુનિયાના ખુણે ખુણેથી માતાના ભકતો અહી પધારે છે. આ ધર્માલયમાં રહેવા-જમવાની સુંદર સવલત છે.

### ● સતાધાર :

જૂનાગઢથી ૫૫ કિ.મી. દૂર આવેલ આ સ્થળ 'અનાથને આશરો'ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરે છે. અહી સદૈવ અન્નક્ષેત્ર કાર્યરત રહે છે. નાત-જાતના કે ધર્મ-સંપ્રદાયનાં ભેદભાવ વિના ગરીબ-તવંગર સૌ કોઇ એક જ પંગતે ભોજન પ્રસાદ ગ્રહણ કરે તે અહીંનું મહાત્મ્ય છે અને દૈવી સતકાર્યોથી સમર્પિત આ ધર્મ સ્થળનાં દર્શન કરવા એ જીવનનો લહાવો છે.

### ● પરબ વાવડી :

જૂનાગઢથી ૪૦ કિ.મી.ના અંતરે ભેંસાણ તાલુકામાં આવેલ પરબ ધામ જઇએ ત્યારે મનને અનેરી શાંતિનો અનુભવ થાય છે. રકતપિત કુષ્ઠરોગના દર્દીઓને સમાજ જયારે અસ્પૃશ્ય અને અછુત ગણતો હતો ત્યારે જીવા રબારીને ત્યાં જન્મેલા દેવા રબારીએ કુષ્ઠરોગીઓની સેવા-શૃશ્રૃષા કરવાની કઠીન જવાબદારી આંતરસ્ફુર્ણાથી ઉપાડી લીધી હતી. ગિરનારના જંગલોમાંથી એકઠી કરેલ ઔષધિય વનસ્પતિ અને ઘરે-ઘરેથી માંગેલ અન્નના ટૂકડાથી દેવા રબારીએ સાધુ-સંતો દર્દીઓની સેવા-શુશ્રુષા કરી. દેવા રબારી બાદમાં સંત દેવીદાસ નામે ઓળખાવા લાગ્યા. તેમણે ભેંસાણ પાસે વાવડી ગામની બાજુમાં સેવાની જયોત જલતી રાખી. કન્યા અમરબાઇનો પણ સંગાથ સાંપડ્યો. અહી સંત દેવિદાસ-અમર દેવિદાસનુ સમાધિ સ્થાન છે. હાલમાં અહીં ભવ્ય સમાધિ સ્થળનું નિર્માણ થયું છે. દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે લોકમેળો યોજાય છે. યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર અને રહેવા માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. આ જગ્યાની સ્વચ્છતા ધ્યાનાકર્ષક છે.

### ● ભીમનાં દેરા :

જૂનાગઢથી ૯૦ કિ.મી.નાં અંતરે તાલાળા તાલુકાના ભીમદેવળ ગામની સીમમાં સૂર્ય સમર્પિત ઇ.સ. ૯મી સદીનું છતવાળું પ્રવેશદ્વાર ધરાવતું પૂર્વાભિમુખ સુર્યમંદિર આવેલું છે. ગર્ભગૃહના પ્રવેશ દ્વારે સૂર્યની પત્નિ રજની અને નિશપ્રભાની સ્વાંગમાં ઊભેલી પ્રતિમાઓ છે. એનું નાગર શૈલીનું ઉત્કૃષ્ઠ શિખર આ બારનું પહેલું ઉદાહરણ છે. ગીર બોર્ડરને અડીને આવેલું ભીમ દેવળ ગામ પાંડવપુત્ર ભીમે વસાવેલ હોવાની માન્યતા છે. જેના પરથી ગામનું નામ ભીમદેવળ રખાયું છે. અહી પાંડવપુત્ર ભીમના નામ સાથે ઓળખાતા ભીમના દેરાં સરસ્વતી નદી પૂર્વમાં વહન કરે છે. અહીં પિતૃતર્પણ કરવા દેશ-દેશાવરથી અનેક ભાવિકો આવે છે.

### ● રૂદ્રેશ્વર મહાદેવ ઘાંટવડ :

જૂનાગઢ શહેરથી ૧૨૫ કિ.મી. દૂર જામવાળા થઇને ઘાંટવડ ગામે જતા શિંગવડા નદીના તટે ભગવાન રૂદ્રેશ્વર બિરાજે છે. એક કિવદંતી અનુસાર પાંડવપુત્ર અર્જુનને શિવજીની પૂજા કર્યા બાદ જ ભોજન લેવું એવી પ્રતિજ્ઞા હતી, વન વિચરણ દરમિયાન શિવજીનું મંદિર નજીકમાં ન મળતાં ભીમે નદીના રેતમાં શિવલિંગ તૈયાર કરી અર્જુને પૂજા કરી ભોજન-પ્રસાદ લીધો હતો ત્યારે ભીમે વાસ્તવિક હકીકત અર્જુનને બાદમાં જણાવતા






પાર્કિંગ
બુટ - ચંપલ અહીં ઉતારો

શિવલિંગ પર ગદા પ્રહાર કરતાં રેતીનું શિવલિંગ સાચા અર્થમાં શિવલિંગ બની ગયું અને ગદા પ્રહારથી થયેલ ક્ષતિ આજેય લિંગ પર અંકિત હોવાની વાત અહીં લોકવાયકાએ જાણવા મળે છે. આજે આ વિસ્તારનાં લોકો અહીં ભક્તિભાવથી દર્શનાર્થે પધારે છે. અહીં નદી તટે સુંદર આશ્રમ પણ આવેલો છે.

## • ઝમઝીર ધોધ :

જૂનાગઢથી વાયા તાલાળા જામવાળા ૧૧૦ કિ.મી. અંતરે આવેલ ઉના તાલુકામાં શીંગવડી નદી પરનો નયનરમ્ય ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. નૈસર્ગિક વાતાવરણ વચ્ચે આવેલો ઝમઝીર ધોધ જોવા દર વર્ષે પ્રવાસીઓ અહીં ઉમટે છે. લીલી હરિયાળી વચ્ચે ખળ-ખળ વહેતાં પાણી અને નયનરમ્ય ધોધનો લ્હાવો કંઈક ઓર જ છે. ઝમઝીરના ધોધ અને જામવાળાની બાજુમાં જમદગ્નિ આશ્રમ પણ છે. લોકવાયકા મુજબ ભગવાન પરશુરામના પિતા જમદગ્નિ ઋષિ અને માતા રેણુકાની તપોભૂમિનો આ આશ્રમ છે. આશ્રમની સમીપે ઝમઝીર ધોધ આવેલો છે.

## • નિલકંઠવર્ણી ભૂમિ-લોજપૂર તથા પ્રસાદીની વાવ :

ભગવાન સ્વામિનારાયણે વર્ણીવેશે છપૈયાથી રાષ્ટ્ર પરિભ્રમણ કરીને લોજપુર પધાર્યા. લોજપુરમાં વાવને કિનારે સૌ પ્રથમ પધારી વાવને પાવન કરી. લોજપુરમાં (લોએજ) સાત વર્ષ ઉપરાંત ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. અને તેઓ સંપ્રદાયમાં નીલકંઠવર્ણી તરીકે પૂજાયા હતા. માંગરોળ નજીકનું લોજપુરધામ(લોએજ) નીલકંઠ ભૂમિ તરીકે પ્રસિધ્ધ છે. પૈરાણિક કથા અનુસાર લોજપૂરમાં લોમસ ઋષિનો આશ્રમ હતો.





# દાહોદ જિલ્લાની અસ્મિતા

**ઉગતા સૂર્યનો પ્રદેશ :** મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સરહદને અડીને આવેલા ગુજરાતના પ્રથમ નગર દાહોદને કવિ ન્હાનાલાલે ગુજરાતના પૂર્વ દરવાજા તરીકે ઓળખાવેલ. દાહોદ જિલ્લાની આગવી ઓળખ તેની આદિવાસી સંસ્કૃતિ છે. દાહોદના આદિવાસીઓ રાજ્યભરમાં મુખ્યત્વે રસ્તા અને મકાન બાંધકામ, ડેમ કે ચેકડેમના બાંધકામ કરતા જોવા મળે છે. સખત મહેનત એ એમની આગવી ઓળખ છે. દાહોદની ઐતિહાસિક તવારિખ ઓળખ જોઈએ તો મહર્ષિ દધિચિની તપોભૂમિ, મોગલ બાદશાહ ઔરંગઝેબની જન્મભૂમિ અને ગરીબોના બેલી પૂ. ઠક્કરબાપાની કર્મભૂમિ. દાહોદના આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વ સુધીના પુરાવાઓ શિલાલેખ રૂપે મળી આવે છે. અણહીલવાડના ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહે માળવા ઉપર ચઢાઈ વેળાએ લશ્કરના પડાવ દરમિયાન સંવત ૧૦૯૩ (ઈ.સ. ૧૧૩૯માં માત્ર એક જ રાતમાં છાબ તળાવ નિર્માણ કરેલું. આ રળિયામણું છાબ તળાવ દાહોદ શહેરનું ઘરેણું છે. માર્ચ ૧૬૧૮માં બાદશાહ જહાંગીર ગુજરાતથી ઉજ્જૈન જતા હતા ત્યારે તળાવમાં ખીલેલા કમળો અને વનરાજીના મન મોહક વાતાવરણથી પ્રભાવિત થઈ તેમના રસાલા સાથે રોકાણ કરેલું. આ રોકાણ દરમિયાન જ જહાંગીરના પુત્ર શાહજહાંની પત્નીએ ૨૪ ઓકટોબર, ૧૬૧૮ના રોજ ઔરંગઝેબને જન્મ આપેલો. પુત્ર જન્મની ખુશાલીમાં શાહજહાંએ ૧૬૧૯માં એક વિશાળ મસ્જિદ બનાવેલી. ઔરંગઝેબે પણ તેના જન્મ સ્થળની યાદમાં દાહોદમાં સને ૧૬૭૮માં મુસાફરખાનું સરાઈ બનાવી હતી. જે આજે પણ ગઢીના કિલ્લા તરીકે પ્રચલિત છે. ઈ.સ.૧૮૫૭ના બળવા પછી આ ગઢીને અંગ્રેજોએ કબજે કરીને ઓફીસ અને રહેઠાણમાં ફેરવી નાખી હતી. હાલ આ ગઢીમાં પ્રાંત કચેરી, મામલતદાર કચેરી બેસે છે.

દાહોદ દૂધીમતી નદીના બન્ને કિનારે વસેલું જિલ્લાનું મુખ્ય મથક છે. ગુજરાતનું ઊંઝા પછીનું બીજા નંબરનું કૃષિ વેપારનું મથક છે. મુંબઈ-દિલ્હી રેલવે માર્ગ ઉપર આવેલ દાહોદમાં પશ્ચિમ રેલવેની વર્કશોપ આવેલી છે. જેમાં અગાઉ સ્ટીમ એન્જિનનું દુરસ્તી કામ કરવામાં આવતું હતું. હાલમાં માલગાડીના વેગનો, મેમુ ટ્રેન વગેરેનું રિપેરીંગકામ થાય છે. આ વર્કશોપની અલાયદી ઓળખ છે. લોકવાયકા મુજબ દધિચિઋષિ અને હિડમ્બા રાક્ષસી અહીં રહ્યાં હતાં.

## ● બાવકા :

દાહોદથી આઠ કિ.મી.એ આવેલા આ ગામે ઈ.સ. પૂર્વે ૭૪૬થી ૪૮૩ના સમયમાં બંધાયેલ શિવ મંદિરના પ્રાચીન અવશેષો આવેલા છે. તેનું સ્થાપત્ય બેનમૂન હોવાથી આ ભગ્ન મંદિરને ઐતિહાસિક સ્મારક તરીકે જાહેર કરેલ છે. શિવાલયની બાજુમાં તળાવ આવેલું હોવાથી સુંદર નયનરમ્ય કુદરતી વાતાવરણ અહીં માણવા મળે છે. અહીં આંબલી અગિયારસનો મેળો ભરાય છે.

## ● પ્રવાસન સ્થળો/જોવાલાયક સ્થળો :

દાહોદ જિલ્લાના જૂનાપુરાણાં મંદિરોમાં જોઈએ તો જિલ્લામાં પ્રસિદ્ધ પુરાતન શિવમંદિર બાવકા, કેદારનાથ મંદિર, ચોસાલા અને કાલીડેમ, ઘૂઘરદેવ શિવમંદિર-ચાકલીયા, ભમરેચી માતા મંદિર-સીંગવડ, દેવઝરી મહાદેવ મંદિર-રોઝમ, લખેશ્વરીમાતા મંદિર-જાલત વિખ્યાત છે. આ મંદિરો પૈકી દેવઝરી મહાદેવ રોઝમને વહીવટી તંત્ર દ્વારા વિકસાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.





# દેવભૂમિ દ્વારકા જિલ્લાની અસ્મિતા

દ્વારકાનગરીને શ્રીમદ્ ભગવદ્ગીતા, સ્કંદપુરાણ, વિષ્ણુપુરાણ, હરિવંશ અને મહાભારતમાં પણ શ્રીકૃષ્ણની સુવર્ણનગરી તરીકે વર્ણવી છે. ભારતીય સંસ્કૃતિના યુગ પ્રવર્તક એવા શ્રીકૃષ્ણનું સામ્રાજ્ય એટલે પ્રાચીન નગરી દ્વારકા. આ પ્રાચીન અને પવિત્ર નગરીનો ભવ્ય ઈતિહાસ ભગવાન શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલો હોઈ શ્રદ્ધાળુ અને ધાર્મિક યાત્રાળુઓ દ્વારકાની યાત્રા કરી પાવન થાય છે. ભારત વર્ષની સાત પવિત્ર પ્રાચીન નગરીઓમાં દ્વારકાનું સ્થાન છે.

## • ભૌગોલિક સ્થાન :

આ ભૂમિ કુશસ્થલી, દ્વારવતી, ઉષામંડળ અને ઓખામંડળ તરીકે ક્રમશઃ ઓળખાતી આવી છે. ૨૨.૦ ઉ. અક્ષાંશથી ૨૨.૨૯ ઉ.અક્ષાંશ અને ૬૮.૫૦ થી ૬૯.૧૪ પૂ. રેખાંશ વચ્ચે અંદાજે ૭૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં આ પૂણ્ય ભૂમિ આવેલી છે.

## • દ્વારકાના નિર્માણ અંગે પુરાણોક્તિઓ :

પ્રાચીન દ્વારકાનગરીના નિર્માણ અંગે પુરાણોમાં પણ રસપ્રદ ઉલ્લેખો જોવા મળે છે. જરાસંઘ અને કાલયવનના મથુરા પર હુમલાના ભયને કારણે ભગવાન શ્રીકૃષ્ણ અને યાદવો મથુરા છોડીને સુરાષ્ટ્ર એટલે કે સૌરાષ્ટ્રના સમુદ્ર તટ પર આવે છે અને રાજધાની તરીકે નગરીના નિર્માણ માટે દૈદીપ્યમાન વિશાળ સાગર તટ પ્રદેશ ઉપર તેમની દૃષ્ટિ ઠરે છે અને તેના નિર્માણકાર્ય માટે શ્રીવિશ્વકર્મા પ્રભુને આહ્‌વાન કરવામાં આવે છે. જે સમુદ્રદેવ દ્વારા રાજધાની દ્વારકા નગરીના નિર્માણ માટે થોડી ભૂમિ સુપરત કરવામાં આવે તો જ આ કાર્ય પાર પાડી શકાય. શ્રીકૃષ્ણ ભગવાનની આરાધનાથી પ્રસન્ન થઈ સમુદ્રદેવે બાર યોજન જેટલી ભૂમિ સમર્પિત કરી અને તે ભૂમિ પર શ્રીવિશ્વકર્મા પ્રભુએ સોનાની દ્વારકા નગરીનું નિર્માણ કર્યું. આ નગરી દ્વારામતી, દ્વારાવતિ અને કુશઃસ્થલી નામે પણ ઓળખાતી હતી. અન્ય દંતકથા એવી છે કે, ભગવાન શ્રીકૃષ્ણ જીવનના અંતે સોમનાથ પાસે ભાલકા તીર્થમાં પારધીના બાણથી ઘવાતા ત્રિવેણી સંગમ ખાતે દેહત્યાગ કર્યો તે સમયે આ પ્રાચીન દ્વારકાનગરી સમુદ્રના પેટાળમાં હંમેશ માટે સમાઈ ગઈ હતી. રાજ્યના પુરાતત્ત્વ સંશોધન વિભાગ દ્વારા સમુદ્રના પેટાળમાં સમાયેલી આ પ્રાચીન દ્વારકાનગરીનું ઉત્ખનન કાર્ય હાલ ચાલી રહ્યું છે. તેના હજારો વર્ષ પૂર્વેના અસ્તિત્વ વિશેના પુરાવાઓ પણ મળી રહ્યા છે. વર્તમાન દ્વારકાનગરી તેના પ્રાચીન સ્વરૂપની જેમ અરબી સમુદ્રકિનારે કચ્છના અખાતની સામે સ્થિર થયેલ છે. નજીકના ઓખા બંદરેથી યુરોપિયન દેશોમાં ભારતીય ચીજવસ્તુ, માલસામાનની મોટા પ્રમાણમાં નિકાસ પણ થાય છે અને તે પશ્ચિમ ભારતના પ્રવેશદ્વાર તરીકે પણ પ્રખ્યાત છે.

## • સાતમી દ્વારકા :

ભગવાન શ્રીકૃષ્ણે વસાવેલી દ્વારકા સમુદ્રમાં હતી, તે પછી બીજી પાંચ દ્વારકા ક્રમશઃ નિર્માણ થઈ... ડૂબી અને હાલની દ્વારકા સાતમી છે, તેવું મનાય છે. પુરાતત્ત્વ વિભાગ દ્વારા સમુદ્રમાં ડૂબેલા કેટલાંક બાંધકામો તાજેતરમાં મળી આવતા, પ્રાચીન કથનોને પુષ્ટિ મળે છે. કેટલાંક ખોદકામોમાંથી મળતા શંખ, વાસણો, બાંધકામના નમૂના અને પ્રાચીન ચીજવસ્તુઓ જોતા પણ, ઉક્ત માન્યતાઓને પુષ્ટિ મળે છે.

## • ઐતિહાસિક માન્યતાઓ :

આ મંદિરમાં બિરાજમાન રાજવી શ્રીકૃષ્ણની મૂર્તિ અંગે અનેક મંતવ્યો અને મતમતાંતરો પ્રવર્તે છે.





આક્રમણકારો સામે રક્ષણ મેળવવા આ પ્રાચીન મંદિરમાંથી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સાવિત્રી વાવમાં છૂપાવવામાં આવી હતી. શ્રી વલ્લભાચાર્યજીએ મૂર્તિ વિનાના મંદિરમાં લાડવા ગામે રખાયેલી રુક્ષ્મણી (રુક્મિણી) માતાજીએ સેવેલી મૂર્તિ લાવીને સ્થાપી. જે. ઈ.સ. ૧૫૫૧ સુધી ત્યાં રહી, તુર્કો દ્વારા દ્વારકા પર હુમલા વેળાએ મૂર્તિ બેટ લઈ જવામાં આવી અને દ્વારકાના મંદિરમાં સાવિત્રી વાવમાંથી કાઢીને અસલ મૂર્તિ પધરાવવામાં આવી તેમ માનવામાં આવે છે.

ઈ.સ. ૧૭૩૦માં શ્રીપ્રકાશનંદજી શંકરાચાર્યે લાખા ઠાકર પાસે વિષ્ણુયાગ યજ્ઞ કરાવ્યો. ઈ.સ. ૧૮૬૧માં મહારાજા ખંડેરાવે મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો. ઈ.સ. ૧૯૦૩માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે સુવર્ણકળશ ચઢાવ્યો. ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાનના અવિરત હુમલાઓ છતાં મંદિરનો ચમત્કારિક બચાવ થયો. ઈ.સ. ૧૯૬૦થી કેન્દ્ર સરકાર દ્વારા જીર્ણોધ્ધારનું કાર્ય સંભાળવામાં આવ્યું.

આ તો વિવિધ મતો, તર્કો-અનુમાનો, હકીકતો અને તથ્યોથી મિશ્રિત તવારીખની ઝલક છે. દ્વારકા સાથે ગુગળી બ્રાહ્મણો, અબોટી બ્રાહ્મણો, વાઘેરો, મુસ્લિમ આક્રમણકારો, તુર્કો અને વિવિધ રાજવી કુળોનો ઇતિહાસ સંકળાયેલો છે. એક નક્કર હકીકત છે કે સમુદ્રમાં ડૂબેલી દ્વારકાના પુરાતત્ત્વ વિભાગે શોધેલા અવશેષો અને અર્વાચીન દ્વારકા વચ્ચે તવારિખી, પૌરાણિક અને તર્કબદ્ધ સંબંધ હોવો જોઈએ.



### • અર્વાચીન દ્વારકા :

આજની દ્વારકાનગરી અર્વાચીનતા અને પ્રાચીનતાના સંગમ સમી બની છે. નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને કલ્યાણના કામો થાય છે. દ્વારકાધીશ મંદિરનો વહીવટ રાજ્ય સરકાર દ્વારા નિર્મિત સમિતિને સોંપવામાં આવ્યો છે. દેવસ્થાન સમિતિના અધ્યક્ષ જિલ્લાના કલેક્ટર અને વહીવટદાર તરીકે મામલતદાર કક્ષાના અધિકારી છે. નિભાવ કેન્દ્ર સરકારનો પુરાતત્ત્વ વિભાગ કરે છે.

### • મુખ્ય મંદિરની તવારિખ :

પવિત્ર ગોમતી તટે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર છે, જે દ્વારકાધીશ રણછોડરાયના મંદિર તરીકે ઓળખવામાં આવે છે. પુરાતત્ત્વ વિભાગના મંતવ્ય પ્રમાણે આ મંદિર લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું છે. એક તાર્કિક અંદાજ મુજબ,

ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે ઈ.સ. પૂર્વે ૧૪૦૦ની આસપાસ અગાઉ સમુદ્રમાં ડૂબી ગયેલા મંદિરની બચી ગયેલી છત્રી સ્થાપી હતી, જેમાં પછીથી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી. ઈ.સ. ૮૦૦માં જગતગુરુ શંકરાચાર્યે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાનું મનાય છે.

## ● દ્વારકાધીશ મંદિરની ભવ્ય રચના :

જગતમંદિર દ્વારકાધીશના મંદિર તરીકે ઓળખાતું આ ભવ્ય મંદિર લગભગ ૨૫૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન છે. પુરાતત્ત્વ વિભાગના મતે વર્તમાન મંદિર ૧૨૦૦ વર્ષ જૂનું છે. પાંચ માળમાં બંધાયેલ આ મંદિરમાં કુલ ૬૦ બારીક કોતરણીવાળા સ્તંભ છે. સમગ્ર મંદિરનું સુંદર અને આકર્ષક કોતરકામ તથા શિલ્પસ્થાપત્ય પ્રવાસીઓના મન અને હૃદય હરી લે છે. આ ભવ્ય મંદિર ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પૂજાનું મંદિર, નિજ મંદિર, (પ્રક્ષાગાર), સભાગૃહ અને ટોચનો ભાગ-શિખર. મંદિરમાં કોઈ પણ સ્થળે કમાન જોવા મળતી નથી. સીડી પણ એક જ સળંગ પથ્થરમાંથી બનાવેલી છે.

મુખ્ય સભામંડપની છત પર સુંદર બારીક કોતરણીકામવાળો પથ્થર ઝુમ્મર તરીકે બેસાડેલો છે. ઝરૂખાઓ પર અપ્સરાઓ અને હાથીનું બારીક કોતરણીકામ આકર્ષક છે. તેનું શંકુ આકારનું મુખ્ય શિખર ૧૭૨ ફૂટ ઊંચું છે. મંદિરના કેન્દ્રમાં એક ભવ્ય મંડપ પણ છે. મંદિરના દરેક માળ પરના ઝરૂખાઓમાંથી ચારે બાજુ નયનરમ્ય કુદરતી દૃશ્યોનો આસ્વાદ માણી શકાય છે. મુખ્ય મંદિર ચારે બાજુએ આવેલાં અન્ય અસંખ્ય નાનાં-મોટાં મંદિરોથી ઘેરાયેલું છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન શ્રી દ્વારકાધીશની એક મીટર ઊંચી ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપ શ્યામ મૂર્તિ છે. આ મંદિર ગોમતીજીના કિનારે સમુદ્ર સપાટીથી ૪૦ ફૂટ ઊંચાઈએ સ્થિત છે.

જગતમંદિરના ગર્ભગૃહ, રાતરાલ મંડપ, પ્રવેશદ્વાર અને ચોકટની રચના અદ્‌ભુત છે. ક્ષેત્રફળ ૨૭ X ૧૭ મી. ઊંચાઈ ૫૧.૦૮ છે. સુંદર કોતરકામવાળો ૭૨ સ્તંભોવાળો મંડપ પાંચ માળનો છે. દરેક માળે બહાર પડતું પ્રાણીઓ તથા વનસ્પતિના સુશોભનવાળું બારી સહિત છજું કે ઝરૂખો છે. ગર્ભગૃહ સાત માળનું છે. જેમાં અસંખ્ય ઉરુશૃંગો શિખરની લાલિત્યકલામાં વધારો કરે છે. રુક્ષ્મણીમાતાનું મંદિર પણ ૨ કિ.મી. દૂર છે. જે હાલના દ્વારકાધીશ પહેલાનું મનાય છે.

## ● દ્વારકાનું મુકુટ શિરોમણિ દ્વારકાધીશ મંદિર :

પવિત્ર ગોમતી તટે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર છે, જે દ્વારકાધીશ મંદિર તરીકે ઓળખાય છે. હિંદુઓનાં ૪ પવિત્ર યાત્રાધામ, ૭ પવિત્ર પુરી, ૬૮ તીર્થ પૈકીનું આ મંદિર શ્રદ્ધાળુઓનું ભાવકેન્દ્ર છે.


ગોમતી નદીની ઉત્તરે સમુદ્રની સપાટીથી લગભગ ૭૦ ફૂટની ઊંચાઈએ પશ્ચિમાભિમુખ લાલનું મંદિર ૧૫મી સદીમાં ખંડિત થયા પછી પુનઃ નિર્માણ પામ્યું હોવાનું મનાય છે. પુરાતત્ત્વ વિભાગના મંતવ્ય પ્રમાણે હાલનું મંદિર ૧૨૦૦ વર્ષ જૂનું છે. આ અંગે મતમતાંતર પ્રવર્તે છે.

મુખ્ય મંદિર અદ્‌ભુત શિલ્પ કલાનો સુંદર નમૂનો છે. ગર્ભગૃહ, અંતરાલ, પ્રદક્ષણા ચક્ર, સભામંડપ તથા મુખ મંડપોથી મુખ્ય મંદિરની શોભા દેદીપ્યમાન છે. લગભગ ૭૨ સ્તંભ પર ઊભેલું આખું મંદિર ૭ માળનું સૌથી ઊંચું શિખર જમીનની સપાટીથી ૧૧૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. મંદિરના પહેલા માળે શક્તિમાતાની પૂજા થાય છે. મંદિરના ઉત્તર તરફનાં દરવાજાને મોક્ષ દ્વાર અને ગોમતી નદી તરફનાં પગથિયાં ચડીને જે દ્વારમાંથી મંદિરમાં જવાય છે તે સ્વર્ગદ્વાર કહેવાય છે.



## ● પવિત્ર મંદિરો :

મુખ્ય મંદિરના સંકુલમાં ત્રિવિક્રમરાય, માધવરાય, રાધાકૃષ્ણ દેવકીજી, બળદેવજી, ગુરુ દત્તાત્રેય, શ્રી પુરુષોત્તમરાયજી, કલ્યાણરાયજી, દુર્વાષાઋષિ, જાંબુલક્ષ્મીજી, લક્ષ્મીનારાયણ, સત્યભામાજી, સરસ્વતીજી, લક્ષ્મીજી, શારદાપીઠ મંદિરના શિખર પર માતાજી, મોક્ષદ્વાર પાસે કુશેશ્વર મહાદેવ, ગાયત્રી માતાજી કોલવા ભગ, ગરુડજી, સત્યનારાયણ ભગવાન, નવગ્રહ વગેરે મંદિરો આવેલા છે.





# પાટણ જિલ્લાની અસ્મિતા

## ● રાણીની વાવ :

આ વાવ રાણી ઉદયમતીએ ઈ.સ.૧૦૬૩માં તેમના પતિ સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલાની યાદમાં બંધાવી હતી. પાછળથી આ વાવમાં સરસ્વતી નદીના પૂરના પાણી ઘૂસી ગયા હતા. વાવ પર કાંપ ફરી વળ્યો હતો. છેક વર્ષ ૧૯૮૦માં ભારતીય પુરાતત્ત્વ મોજણી વિભાગે ઉત્ખનન કર્યું ત્યારે તેનું કોતરણીકામ મૂળ સ્વરૂપમાં મળી આવ્યું હતું. રાણકી વાવ ભારતની સૌથી સુંદર વાવો પૈકીની એક છે અને પ્રાચીન પાટનગરની સૌથી વિખ્યાત ઐતિહાસિક વિરાસતો પૈકીની એક છે.

ગુજરાતની વાવો કેવળ જળસંગ્રહ અને લોકમિલાપનું સ્થળ નથી. બલકે મોટું આધ્યાત્મિક મહત્ત્વ પણ ધરાવે છે. મૂળભૂત રીતે તેનું સ્વરૂપ સાવ સીધું-સાદું હતું, પરંતુ વર્ષો જતાં જટીલ થયું હતું. કદાચ પાણીની પવિત્રતાના આ પ્રાચીન વિચારને પાષાણ દેવોના સ્વરૂપે કોતરીને વધુ મહત્ત્વ આપવાનો હેતુ હતો.

જમીનની સપાટીથી શરૂ થતા પગથિયાં શીતળ હવામાં થઈને કેટલાક સ્તંભોવાળા ઝરૂખાઓમાં થઈને તમને ઊંડા કૂવા સુધી લઈ જાય છે. અહીં સાત ઝરૂખાઓમાં આઠસોથી પણ વધુ સુશોભિત શિલ્પો છે. મુખ્ય વિષયવસ્તુ દશાવતાર છે. ભગવાનના વિષ્ણુ, બુદ્ધ સહિતના દશ અવતારો, આ અવતારો સાથે સાધુ, બ્રાહ્મણો અને હોઠ રંગતી તેમજ શણગાર સજતી અપ્સરાઓની મૂર્તિઓ છે. પાણીની સપાટીએ પહોંચતા શેષશાયી વિષ્ણુને કોતરેલા છે, જેમાં વિષ્ણુ હજાર ફેણવાળા શેષનાગ પર આડા પડ્યા છે. એવું કહેવાય છે અહીં તેઓ યુગો વચ્ચેના અનંતકાળમાં શાશ્વત આરામ કરે છે.

## ● પાટણના પ્રાચીન દરવાજાઓ :

અણહિલપુરને પાટનગર તરીકે વિ.સં. ૮૦૨ ઈ.સ. ૭૪૬માં ચાવડા વંશમાં વીર વનરાજે સરસ્વતીના પવિત્ર કિનારા નજીક લક્ષારામ ગામના સ્થળે સ્થાપિત કર્યું હતું. આ સમયે પાટણ એક નાના કસબા જેવું અણહિલપુર ગામ હતું. સોલંકીકાળમાં આ નગરનો વિસ્તાર અને વિકાસ ખૂબ વધ્યો. સિદ્ધરાજ અને કુમારપાળના રાજ્યકાળમાં અણહિલપુરે એક મહાનગરની કીર્તિ પ્રાપ્ત કરી. અણહિલપુરનો ઘેરાવો બાર ગાઉનો (૩ કિ.મી.) હતો. ફરતે કિલ્લો હતો, જે પ્રબંધ ચિંતામણીના કથન પ્રમાણે ચાવડા ભુવડે બંધાવેલ. કિલ્લાઓની અંદર દરવાજા પાસે સૈનિકોને રાખવાની વ્યવસ્થા હતી તથા દરવાજો બંધ કરીને મજબૂત ભાગોળ વડે રક્ષણ અપાતું. દરવાજાને અણિયારાવાળા મજબૂત બારણાં રાખવામાં આવતા. દરવાજાઓને તોરણો તથા મૂર્તિ શિલ્પોથી શણગારવામાં આવતા. ચાવડા-સોલંકીકાળના માત્ર કોટના જ અવશેષો જળવાઈ રહેલા મળે છે. તે પરથી નગર રચનાનો આછો ખ્યાલ આવે છે.

**પાટણ (૨૩° - ૧૫° ઉત્તર અક્ષાંશ અને ૭૨° - ૭° પૂર્વે રેખાંશ)** પ્રત્યેક શહેરને પોતાનું આગવું અસ્તિત્વ અને ઈતિહાસ હોય છે. ગુજરાતના ઈતિહાસમાં પાટણનો એક અનોખો પ્રભાવ અને પ્રતાપ રહ્યો છે. મધ્યકાળમાં ગુજરાતમાં ચાવડા, સોલંકી અને વાઘેલા વંશનું શાસનકાળ હતું. ચાવડા વંશના પરાક્રમી રાજા વનરાજે ઈ.સ. ૭૪૬માં અણહિલપુર પાટણની સ્થાપના કરી અને લગભગ ૨૦૦ વર્ષ સુધી ચાવડા વંશ ગુજરાતમાં સત્તા પર રહ્યો. ચાવડા વંશના પતન બાદ ઈ.સ. ૯૪૨માં સોલંકી વંશનો ગુજરાતમાં ઉદય થયો. પાટણના વિકાસ અને તેની જાહોજલાલીમાં સોલંકી રાજાઓનું પ્રદાન મહત્ત્વપૂર્ણ છે. સોલંકીકાળમાં અનેક સ્થાપત્યોનું નિર્માણ કરવામાં આવ્યું. પાટણ આ કાળમાં વિદ્યા અને સ્થાપત્યકળાનું મુખ્ય કેન્દ્ર ગણાવા લાગ્યું. પ્રસિદ્ધ રાણકી વાવ, સહસ્ત્રલીંગ તળાવ, પંચાસર પાર્શ્વનાથ મંદિર, વડનગરનું તોરણ, ત્રિકમ બારોટની વાવ, રૂદ્રમાળ અને મોઢેરાનું સૂર્યમંદિર જેવા સ્થાપત્યો સોલંકી રાજવીઓના ઉત્કૃષ્ટ સ્થાપત્યકલા સર્જનના પ્રતિકો છે. સોલંકી વંશના પતન બાદ ઈ.સ. ૧૨૪૪માં વાઘેલા વંશ ગુજરાતમાં સત્તા ઉપર આવ્યો અને ઈ.સ. ૧૩૦૪માં



તેનું પતન થયું.

આમ, અણહિલપુર પાટણ ઈ.સ. ૭૪૬થી ઈ.સ ૧૩૦૪ સુધી ગુજરાતની રાજધાની તરીકે સત્તાના કેન્દ્રમાં રહ્યું. વાઘેલા વંશના છેલ્લા રાજા કરણ ઘેલાને દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીએ હરાવી પોતાના સાળા અલપખાનને સૂબા તરીકે સત્તા સોંપી. તેના પછી અવારનવાર દિલ્હી સલ્તનત તરફથી સૂબાઓ બદલાતા રહ્યા. ઈ.સ. ૧૪૦૩માં સૂબા ઝફરખાને તેના પુત્ર તાતારખાનને (મહમદશાહ) ગુજરાતનો પ્રથમ સુલતાન બનાવ્યો. પાટણ મુઝફર શાહના સમય સુધી ગુજરાતમાં સત્તાનું કેન્દ્ર રહ્યું. અંતે તેના પૌત્ર અહમદશાહે ઈ.સ. ૧૪૧૧માં નવા પાટનગર અમદાવાદની સ્થાપના કરી. જેથી ત્યાર બાદ પાટણનું મહત્ત્વ ઘટતું ગયું અને માત્ર સૂબા તરીકે રહી ગયું. સમયાંતરે ગુજરાતના અન્ય નગરોની જેમ પાટણ ક્રમશઃ મોગલ, ગાયકવાડી અને બ્રિટીશ સત્તાઓ હેઠળ રહ્યું. ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થતાં સ્થાનિક સરકારનું વિલીનીકરણ થતાં પાટણ મુંબઈ રાજ્યમાં વિલીન થયું. ઈ.સ. ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થતાં ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતા પાટણ સહિત મહેસાણા પ્રાંત ગુજરાત રાજ્યનું અંગ બન્યું. હાલમાં સને ૧૯૯૬માં ગુજરાત સરકારે મહેસાણા જિલ્લાનું વિભાજન કરીને પાટણને જિલ્લાનો દરજ્જો આપતા હાલનું પાટણ શહેર જિલ્લાનું મુખ્ય મથક બન્યું.

## • પાટણનો પ્રાચીન કિલ્લો :

પાટણનો પ્રાચીન કિલ્લો વર્તમાન કાલિકા માતા મંદિર, સહસ્ત્રલિંગ તળાવ, રાણકી વાવ વગેરે મહત્ત્વના સ્મારકોના ફરતે રહ્યો હોય તેવા પુરાવા મળે છે, પરંતુ પ્રાચીન કિલ્લાનો એક માત્ર બુરજ કાલિકા મંદિર પાસે વિદ્યમાન છે. વર્તમાન પાટણ શહેર ફરતે વિદ્યમાન કિલ્લો ગુજરાતના સૂબા ઝફરખાન દ્વારા બાંધવામાં આવેલ, જેમાં મૂળ બાર દરવાજાઓ હતા. આ કિલ્લો બાંધવા માટે ખંડેર થયેલા પ્રાચીન અણહિલપુર પાટણના ભગ્નાવશેષોના પથ્થરનો ઉપયોગ કરવામાં આવેલો હોવાનું જણાય છે. કિલ્લાના દરવાજાઓનું નામ તેની આજુબાજુ આવેલા તળાવ, મંદિર, મસ્જિદ વગેરેના નામ ઉપરથી પડ્યા હોય તેમ જણાય છે.

## • છીંડિયા દરવાજો :

ઉત્તર દિશાના ઈશાન ખૂણા ઉપર આવેલ દરવાજો છીંડિયા દરવાજા તરીકે ઓળખાય છે. આ દરવાજો અન્ય દરવાજાઓની સરખામણીમાં બુલંદ અને બાંધણીની દૃષ્ટિએ ભવ્ય છે, જે તેના બુરજો અને સ્થાપત્ય ઉપરથી જણાય છે. આ દરવાજા પાસે ભૂતકાળમાં હુલ્લડો ને યુદ્ધો થયા હોવાનું અનુમાન છે. બળવાખોરોએ દરવાજામાં છીંડું પાડ્યું હોય તે કારણે આ દરવાજાનું નામ છીંડિયા દરવાજા પડ્યું હશે તેવું અનુમાન છે.

આ દરવાજાની કમાનની બંને બાજુઓના ગવાક્ષોમાં ડાબે કાળ ભૈરવ અને જમણે હનુમાનની મૂર્તિ નગરના રક્ષિત દેવ રૂપે છે. એની ઉપરના ગવાક્ષોમાં વ્યાલ અને માનવ પર પ્રહાર કરતાં સિંહના શિલ્પો છે.

મોટા ભાગનું અલંકરણ પુષ્પભાત અને ભૌમિતિક આકૃતિઓનું છે. દરવાજાની ઉપર જવા માટે જમણી બાજુના બુરજને અડીને પગથિયાંની રચના છે. આ દરવાજો ૧૫મી સદીની આસપાસ બંધાયેલો હોય એવું અનુમાન લાગે છે. જેમાં ૧૯મી સદીમાં આનંદરાવ ગાયકવાડે સમારકામ કરાવ્યું હતું.



## અધારા દરવાજો :

ઉત્તરમાં કિલ્લાની મધ્યમાં આવેલ દરવાજો અધારા દરવાજાથી ઓળખાય છે. આ દરવાજાથી આગ્રા જવાનો રાજમાર્ગ પ્રાચીન સમયમાં હશે. તેથી તેનું નામ અધારો દરવાજો પડ્યું. આ દરવાજા ઉપર આનંદરાવ ગાયકવાડના સમયનો એક લેખ છે. તેમના સમયકાળમાં દરવાજાનો જીર્ણોદ્ધાર કરાવ્યાની હકીકત મળે છે.

## • નોંધપાત્ર બુરજ :

આ દરવાજાની બંને બાજુઓએ બુરજ છે. પ્રવેશદ્વારની જમણી બાજુની દીવાલના ગવાક્ષમાં હનુમાનની મૂર્તિ કંડારેલ છે, જ્યારે ડાબી બાજુના ગવાક્ષમાં વણઓળખાયેલી જર્જરીત પ્રતિમા છે. દરવાજાની અંદર અને બહાર બંને તરફ વચ્ચે ઝરૂખા છે. એની અંદર છત વચ્ચે આધારશિલા છે અને સંભવતઃ પછીથી થયેલો નકશીયુક્ત લેખ છે. પ્રવેશ દ્વારની બંને બાજુઓએ ખૂણાઓ પર દરવાજાની ધરીની બેસણી છે.

દરવાજા પરનો શિલાલેખ નિર્દેશે છે કે, ઈ.સ. ૧૮૦૬માં આનંદરાવ ગાયકવાડે અહીં સમારકામ કરાવ્યું છે.



## ● ફાટીપાળ દરવાજો :

વાયવ્યખૂણા પર આવેલ દરવાજો તે ફાટીપાળ તરીકે ઓળખાય છે. સહસ્ત્રલિંગ તળાવનો નાશ સરસ્વતીના પ્રવાહથી થયેલ હતો. સરોવરની પૂર્વ બાજુની પાળ તૂટી ગયેલ. તળાવ જવાના માર્ગ પર આવેલ આ દરવાજાનું નામ ફાટીપાળ રાખ્યું હોય તેમ જણાય છે.

## ● તારાજીનું સ્મારક :

લોકોક્તિ મુજબ સહસ્ત્રલિંગ સરોવરની પૂર્વ બાજુની પાળ તૂટી જતાં અણહિલપુર પાટણ તારાજ થઈ ગયેલું અને આ હોનારતની સ્મૃતિમાં તે તરફના આ દરવાજાનું નામ ફાટીપાળ દરવાજો પડ્યું છે. બહારની બાજુએ મહિષાસુર મર્દિનીના તેમજ બાજુપરના અન્ય ગવાક્ષોમાં ભૈરવના શિલ્પો છે. એની ઉપર કુસ્તીબાજોના જોડકાં કંડારેલ છે. અંદર તરફ કમાનની બંને બાજુએ ઝરૂખા છે.

કમાનો અને અલંકરણ શૈલી ઉપરથી આ બાંધકામ આશરે ૧૪મી સદીનું હોવાનું જણાય છે.

## ● બગવાડા દરવાજો :

પૂર્વમાં આવેલો આ દરવાજો સ્થાનિક બગવાડા દરવાજા તરીકે જાણીતો છે. દરવાજાની નજીકમાં બગેશ્વર મહાદેવના સ્થાનને લઈને આ દરવાજાનું બગવાડા નામાભિધાન થયું હોવાનું મનાય છે. આ દરવાજો અંદર-બહારના ભાગેથી કમાનયુક્ત છે.

દરવાજો ઈંટો અને પથ્થરોનો મિશ્ર ઉપયોગ કરીને બનાવેલો છે. પ્રવેશદ્વારની બહારની બંને બાજુની દીવાલો બિલકુલ સાદી છે. બંને બાજુએ ગવાક્ષમાં પાછલા સમયની પ્રતિમાઓ મૂકવામાં આવેલી છે, જે પૈકી જમણી બાજુએ ગણેશ અને ડાબી બાજુના ગવાક્ષમાં ચામુંડા માતાની પ્રતિમા આવેલી છે. આ દરવાજાની મરામત સમયાંતરે થતા તેની રચનામાં મિશ્ર સ્થાપત્ય શૈલી જોવા મળે છે.

## ● ત્રિપોલિયા દરવાજો :

શહેરના મધ્ય ભાગે ત્રણ દરવાજાઓ નગર નિર્માણ સમયે બંધાયેલા હતા. પાટણની શોભા વધારવા પુરાણા દરવાજા ઉપર ઝફરખાને આ ત્રણ દરવાજાઓ બંધાવી શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરી. આજે આ દરવાજાઓ ત્રિપોલિયા (ત્રણ દરવાજા) દરવાજા તરીકે ઓળખાય છે. પાટણનું સ્થાન ગુજરાતનાં શહેરોમાં પ્રથમ પંક્તિમાં આવતું. અમદાવાદની નગર રચના પણ પાટણ શહેરને ધ્યાને લઈ કરવામાં આવી હોય તેમ જણાય છે.

સ્થાનિકે ત્રિપોલિયા દરવાજો કે ત્રણ દરવાજાના નામે પ્રચલિત આ દરવાજો પાટણના અન્ય દરવાજાઓ કરતાં મોટો છે. આ દરવાજાને મધ્ય ભાગે મુખ્ય કમાન અને બંને તરફ એક કમાનયુક્ત દરવાજાની રચના



કરેલી છે.

પાટણના દસ્તાવેજોના નામ અનુક્રમે બગવાડો, ગુંગડી, મીરા, ભઠ્ઠીવાડો, ખાન દરવાજો, મોતીશાહ, કનસડો, ફાટીપાળ, અધારો, છીંડિયા દરવાજો અને ત્રિપોલિયા દરવાજો એમ કુલ ૧૧ દરવાજાઓ છે. જેમાંના કેટલાક પ્રાચીન દરવાજાઓ આંશિક ભગ્ન સ્થિતિમાં પણ છે. બારમો બારીનો દરવાજો ગુંગડી પાસે હતો. શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રાચીન પાટણને મધ્યમ પ્રકારનું રાજનગર કહેવાય.

પાટણના દરવાજાઓનો મરાઠાકાળ દરમિયાન પુનરૂધ્ધાર થયો. તે દરવાજાઓમાં દ્વારરક્ષક તરીકે દેવ-દેવીઓની પ્રતિમાઓ કંડારવામાં આવી છે. તેમાં સુશોભન માટે મહદ્અંશે ફૂલવેલ પત્તીઓ અને ચિરાગ-દીવા મૂકવાના ઝૂમ્મરોના શિલ્પો કોતરાયેલ જોવા મળે છે. બાંધણીની દૃષ્ટિએ પાટણના છીંડિયા દરવાજો અને ખાન દરવાજો અનન્ય છે. જેની બાંધણી હુમલાખોરથી બચવા માટે બાંધવામાં આવી હોય તેમ દરવાજાના તોતિંગ બુરજોને બાંધણી ઉપરથી જણાય છે.

(૧) બગવાડા (૨) ત્રિપોલિયા (૩) ફાટીપાળ (૪) છીંડિયા અને (૫) અઘારો દરવાજો રાજ્ય રક્ષિત સ્મારક તરીકે રાજ્ય પુરાતત્ત્વ ખાતા હસ્તક છે.

વનરાજ ચાવડાએ સંવત ૮૦૨ વૈશાખ સુદ-૬ના રોજ રાજધાની માટે નવિન નગર વસાવેલ અને અણહિલ નામે ભરવાડના નામ પરથી આ નગરનું નામ અણહિલપુર રાખેલ. આજ અણહિલ પાર્ટે પત્તન અર્થાત્ત અણહિલવાડ પાટણ એ વનરાજ ચાવડા અને સોલંકી વંશના પાટનગર તરીકે પ્રખ્યાત હતું. ત્યાર બાદ પાટણમાં ભીમદેવ પહેલો, સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ જેવા પ્રતાપી રાજાઓ, મુંજાલ મહેતા, ઉદાન, વસ્તુપાળ-તેજપાળ જેવા મેઘાવી મંત્રીઓ અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, શાન્તીસૂરિ અને શ્રીપાલ જેવા પ્રકાંડ પંડિતો થઈ ગયા.

ગુજરાતના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર પાટણના બે ઐતિહાસિક સ્થાપત્યો સહસ્ત્રલીંગ સરોવર (તળાવ) તથા રાજા ભીમદેવ પહેલાની રાણી ઉદયમતીની યાદમાં બંધાવેલી રાણીની વાવનો ઈતિહાસ તેના સ્થાપત્ય તથા તેની પ્રશસ્તિ ઉત્કૃષ્ટ હોઈ તેને રાષ્ટ્રીય સ્મારકમાં સ્થાન આપેલ છે.

આ ઉપરાંત હેમચંદ્રાચાર્ય લાયબ્રેરી, જૈન મંદિરો, સિદ્ધરાજ જયસિંહના સમયના કાલિકા માતાનું મંદિર મહત્ત્વ ધરાવે છે. વડોદરા રાજ વખતે પણ પાટણનું સ્થાન આગવું હતું. આ ઉપરાંત નવરચિત જિલ્લામાં સમાવિષ્ટ રાધનપુર તાલુકો પણ બાબીવંશના નવાબના સમયનું રજવાડું હતું. સિદ્ધપુર શહેર રૂદ્રમહાલ અને માતૃશ્રાદ્ધ માટે પ્રખ્યાત છે. સમી તાલુકાના શંખેશ્વર ગામે પાર્શ્વનાથ દાદાનું જૈન મંદિર આગવું મહત્ત્વ ધરાવે છે.

ગુર્જર ખંડની પ્રાચીન રાજધાની સાંસ્કૃતિક ધામ અણહિલવાડ પાટણ તેનો સુવર્ણ ઈતિહાસ તેના ઉન્નતિ, સાંસ્કૃતિક વારસો, તેનું શિલ્પ-સ્થાપત્ય, લોકકલા અને પટોળાની હસ્તકલાથી પ્રચલિત છે.



### ● સહસ્ત્રલિંગ તળાવ :

૧૦૮૪માં રાજા સિદ્ધરાજ જયસિંહે આ તળાવ મહાન થવાની ખેવનાથી બંધાવ્યું ન હતું. રાણકી વાવની ઉત્તરે આવેલા સહસ્ત્રલિંગ તળાવ એટલે સો શિવલિંગનું તળાવ. રાજા દુર્લભરાયે બંધાવેલું આ તળાવ મૂળે દુર્લભ સરોવર તરીકે જાણીતું હતું. સિદ્ધરાજે તેના શાસન દરમિયાન ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઘણા કૃત્રિમ તળાવો બંધાવ્યા હતા. પરંતુ, આ તળાવ ટેકનોલોજી, સૌંદર્ય અને આધ્યાત્મિકતાના સંદર્ભમાં તમામથી ચડિયાતું છે. રાણકી વાવની જેમ આ તળાવ પાણીના મૂલ્યને ધ્યાનમાં રાખીને ચીવટપૂર્વકના જળ વ્યવસ્થાપનનું ઉદાહરણ પૂરું પાડે છે. ૧૦૪૨-૪૩માં ઉત્ખનન દરમિયાન સાત હેકટરના વિસ્તારમાં ફેલાયેલા અવશેષોમાંથી માત્ર ૨૦ ટકા જ બહાર કાઢવામાં આવ્યા હતા અને હુમલાઓમાં ત્રણ વાર તોડી નાખવામાં આવ્યું હોવા છતાં તેની ભવ્યતા હજી મોજુદ છે. ત્યાં સુંદર કોતરણીકામવાળા ત્રણ વર્તુળોથી બનેલા સ્લુઈસ ગેટ છે. જેનાથી સરસ્વતી નદીનું પાણી આ તળાવમાં આવતું હતું અને એવું કહેવાય છે કે, આ તળાવમાં કુદરતી રીતે પાણીના શુદ્ધિકરણની વ્યવસ્થા હતી. આ જળાશયમાં દેવી-દેવતાઓની સુશોભિત મૂર્તિઓ અને છતને આધાર આપતાં સ્તંભ પર ૪૮ સ્તંભોની હારમાળાવાળા શિવ મંદિરના અવશેષો હતા.

પાટણની પુણ્યશાળી ધરતી ઉપર હજુએ માનવતાનું ઝરણું વહેતું હોય તેમ ક્યાંક ને ક્યાંક જોવા મળે છે.

પ્રાચીન સમયમાં પાટણ ગુજરાતની ગૌરવશાળી રાજધાની હતી. અહીં માતા મીનળદેવી, સિદ્ધરાજ જયસિંહ, વીર માયા અને સતી માતા જસમા ઓડણની અમીકૃપા અને આશીર્વાદ આ પંથકની ધરતીને ધબકતી રાખે છે. પાટણના મહારાણી મીનળદેવીએ યાત્રાવેરો માફ કરીને માયાળુ રાજમાતાની યાદ તાજી કરાવી હતી.

સિદ્ધરાજ જયસિંહે નાત-જાતના ભેદભાવ ભૂલીને લઘુમતી સમાજને મસ્જિદ માટે જગ્યા ફાળવી આપી હોવાની ઐતિહાસિક નોંધો સાંપડે છે. જસમા ઓડણના અભિશાપથી હજારો વર્ષ પહેલાં જળવિહિન બનેલા સહસ્ત્રલીંગ સરોવરને વણકર સમાજના વીર માયા નામના યુવાને પોતાના દેહનું બલિદાન આપતા સહસ્ત્રલીંગ સરોવરનો રૂદ્રકૂપ પાણીથી છલોછલ ભરાયો હતો. તે ઘટનાની યાદ તાજી કરાવતી વીર માયા અને સતિ જશમા ઓડણની દેરીઓ પાટણની પ્રભુતાને છાજે તેમ સહસ્ત્રલીંગ સરોવરના કિનારે હજીયે અડીખમ ઊભી છે.

### ● જૈન મંદિરો :

પાંચસર પાર્શ્વનાથ જૈન દેરાસર પાટણના સૌથી વધારે જૈન મંદિરોમાં સૌથી મોટા મંદિરો પૈકીનું એક છે અને સોલંકી યુગમાં જૈન ધર્મના કેન્દ્ર તરીકે પાટણની ભૂમિકાની યાદ આપે છે. આ મંદિર જૈન સ્થાપત્યની લાક્ષણિકતા સમાન આધુનિક કોતરણીકામ અને સફેદ આરસપહાણની ફરશો ધરાવે છે. કપુર મહેતાના પાડાની પણ મુલાકાત લેવા જેવી છે. જ્યાં પથ્થરના મંદિરના અંદરના ભાગમાં કાષ્ટ કારીગરી છે. એક સમયે તમામ જૈન મંદિરો લાકડાનુ સુંદર અને નાજુક કોતરણી કામ કરીને બનાવવામાં આવતા હતા. એવું કહેવાય છે કે, નિષ્ણાત સ્થપતિ ઉદા મહેતાએ એકવાર મંદિરમાં સળગતી મીણબત્તી મોઢામાં લઈને જતા ઉંદરને જોયો ત્યારે તેને લાગ્યું કે ક્યારેક કોઈ હોનારતમાં વર્ષોની મહેનત બળીને ખાખ થઈ જશે. ત્યાર બાદ તમામ મંદિરો પથ્થરોમાં કોતરવાનો આગ્રહ રાખ્યો હતો.

જાણીતા જૈન વિદ્વાન અને કવિ હેમચન્દ્રાચાર્યને ગુજરાતી વ્યાકરણની સુવ્યવસ્થિત રજૂઆત માટે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં છે. તેમનો વ્યાકરણનો ગ્રંથ 'સિદ્ધહેમ' શબ્દાનુશાસન સિદ્ધરાજ જયસિંહના શાસન દરમિયાન લખવામાં આવ્યો. જે પાણીનીના સંસ્કૃત વ્યાકરણ પરના ગ્રંથની પ્રતિરૂપ તરીકે ભાસે છે. કવિએ આ જ્ઞાન મંદિર બાંધ્યું. એક પ્રાચીન પુસ્તકાલય જેમાં તાડના પાંદડા પર લખાયેલાં અસંખ્ય પ્રાચીન હસ્તલિખિત જૈન દસ્તાવેજો (કેટલાંક સોનાની શાહીથી લખાયેલાં છે) અને કવિ દ્વારા લખાયેલા સાહિત્યનો સમાવેશ થાય છે.

### ● સિદ્ધપુર :

અમદાવાદની ઉત્તરે ૧૦૩ કિ.મી.દૂર સિદ્ધપુર નામનું પવિત્ર નગર વસેલું છે. સરસ્વતી નદીના ડાબા કિનારે અને અણહિલવાડ પાટણના સામા પ્રવાહે ૨૪ કિ.મી. દૂર અમદાવાદ પહેલાંની જૂની ગુજરાતની રાજધાની ૧૫મી સદીના પહેલા ત્રિમાસે શોધાયું હતું. આ નગર મંદિરો, કુંડ, આશ્રમો અને અન્ય પવિત્ર મૂર્તિઓથી સજ્જ પ્રતિષ્ઠિત સ્થાન બન્યું છે. ૧૦મી સદીમાં સોલંકી શાસનમાં આ નગરની પ્રતિષ્ઠા અને કીર્તિ તેની પરાકાષ્ટા પર હતી. ગુજરાતના મહાન રાજા સોલંકી રાજવંશના સિદ્ધરાજ જયસિંહના નામ પરથી આ નગરનું નામ રાખવામાં આવ્યું છે.

રાજા સિદ્ધરાજે ૧૨મી સદીમાં ભગવાન શિવનું ભવ્ય મંદિર બનાવ્યું, જે રૂદ્ર મહાલય નામથી પ્રસિદ્ધ છે. આ મંદિર તેના સ્થાપત્ય માટે જાણીતું છે. જેમાં ત્રણ મંજલા શિખર, ૧૬૦૦ સ્તંભ, ૧૨ પ્રવેશદ્વાર, મધ્ય મંડપ, પૂર્વ ઉત્તર અને દક્ષિણમાં બનેલા દ્વારમંડપ અને પશ્ચિમમાં ખાનગી ઓરડો સામેલ છે. મંદિરની આસપાસ રૂદ્રની ૧૧ સમાધિઓ છે. પૂર્વ પ્રવેશદ્વાર પર સુંદર તોરણ બનેલું છે અને સરસ્વતી નદી તરફ જતા પગથિયાં જોવા લાયક છે. મંદિરના બચેલા અવશેષોમાં શૃંગારિત સ્તંભો, તેની ઉપર કરેલું વિસ્તૃત અને ઝીણવટભર્યું કોતરકામ અને આકર્ષક તોરણ છે.



આજના આ આધુનિક સિદ્ધપુરનું વર્ણન વેદમાં શ્રીસ્થળ



એટલે કે પવિત્ર સ્થાન તરીકે કરેલું છે. ભારતના પાંચ મુખ્ય પ્રાચીન પવિત્ર તળાવોમાં એક બિંદુ સરોવર સિદ્ધપુરની નજીક સ્થિત છે. હિંદુ ધાર્મિક માન્યતા પ્રમાણે પૈતૃક અંત્યેષ્ઠિ કરવા ગયા જવું પડે છે જ્યારે માતૃ પક્ષની અંત્યેષ્ઠિ કરવા માટેનું સ્થાન હોય તો તે છે સિદ્ધપુર. ભારતમાં એક જ સ્થાને પાંચ સ્વયંભૂ મહાદેવના મંદિર હોય તેવી ભારતમાં એક જ જગ્યા સિદ્ધપુર છે. હિન્દુ માહ શ્રાવણમાં અહીં પૂજા-અર્ચના કરવાનું ખૂબ મહત્ત્વ છે.

નગરમાં વહોરા મુસ્લિમોની પણ વસ્તી છે. તેમની હવેલી અને ભવ્ય આવાસ ૧૦૦ વર્ષો જૂના યુરોપિયન મકાનો જેવા લાગે છે. જો તમે વોહરા વાડમાંથી પસાર થાવ તો સંધ્યાકાળે તેમના ઘરોની બહાર લગાવેલા લેમ્પથી ઈંગ્લેન્ડની ગલીઓમાં ફરતાં હોય તેવો ભાસ થાય. કદાચ ૧૯મી સદીમાં યુરોપમાં રહેવાથી તેમની સ્ટાઈલથી પ્રભાવિત થઈને ધનસંપત્તિ અને માન-પ્રતિષ્ઠાના પ્રતીકરૂપે તેમણે પોતાના નગરમાં જ એક નાનું યુરોપ સર્જ્યું. વિક્ટોરિયન આર્કિટેક્ચરનો ઉપયોગ કરી તેમણે આ શક્ય બનાવ્યું. તેમના સ્થાનનું મુખ દર્શન અવનવી રીતે બનેલું છે. જેમાં લાકડામાં ઝીણવટભરી અને કલાત્મક કોતરણી કરેલી છે.

ઐતિહાસિક શિલ્પ-સ્થાપત્યનો બેનમૂન અજોડ નમૂનો એટલે સિદ્ધપુરનો રૂદ્રમહાલય. પ્રાચીન ગ્રંથો મુજબ પાટણપતિ મુળરાજે આ રૂદ્રમહાલયના બાંધકામનો પ્રારંભ કરેલ અને અધૂરું કામ સોલંકી યુગના રાજા સિદ્ધરાજ જયસિંહે પૂર્ણ કરેલ હતું. ભૂતકાળનો ભવ્ય રૂદ્રમહાલય આજે તો ખંડેર સ્વરૂપે ઊભો છે. તેની બારીક ભવ્ય કોતરણી અદ્‌ભુત છે.

## ● માતૃગયા તીર્થસ્થાન - સિદ્ધપુર :

જો કે સિદ્ધપુર ગુજરાતનું તીર્થ સ્થાન છે. પણ માતૃગયા તરીકે તેની ખ્યાતિ થવાથી બીજા પ્રાંતોના પણ ઘણા યાત્રાળુઓ માતૃશ્રાદ્ધ કરવા અહીં આવે છે. આ કારણથી આ શહેરમાં બ્રાહ્મણોની મોટી વસ્તી વસે છે, જે સિદ્ધપુરિયા નામથી ઓળખાય છે. સરસ્વતી કાંઠા ઉપર બ્રાહ્મણો તથા શિવભક્તોએ ઊભા કરેલા અનેક મઠો દેખાય છે, જેમાં સૌથી સરસ અહલ્યાબાઈનો (ઈ.સ. ૧૭૯૫માં) બંધાવેલો મઠ છે.

આમ, સિદ્ધપુર એક માતૃગયા અથવા માતૃશ્રાદ્ધ કરવા માટેનું મહત્ત્વનું સ્થાન છે. જ્યાં લોકો પોતાની સ્વર્ગીય માતાના શ્રાદ્ધ કરવા દર વર્ષે અહીં આવે છે. આ ક્રિયા બ્રાહ્મણો દ્વારા પૂર્ણ કરવામાં આવે છે અને તેમને ખૂબ  માન આપવામાં આવે છે. આ ક્રિયા કપિલમુનિ આશ્રમમાં કરવામાં આવે છે જ્યાં જ્ઞાન વાટિકા, અલ્પ સરોવર, બિંદુ સરોવર જેવા ત્રણ કુંડ આવેલા છે. એવું માનવામાં આવે છે કે, ભગવાન પરશુરામે પણ પોતાની માતાનું શ્રાદ્ધ અહીં સ્થિત બિંદુ સરોવર પાસે કર્યું હતું ને તેમનું મંદિર દર્શન અને પૂજા માટે અહીં બનાવવામાં આવ્યું છે.

બિંદુ સરોવર એક ચોરસ કુંડ તે ચારે તરફથી પથ્થરોથી બાંધેલો છે. એની દક્ષિણ બાજુએ એક લાંબુ સળંગ મંદિર છે. તેમાં કર્દમજીની, દેવહુતિની, કપિલદેવની અને ગરૂડ ઉપર બેઠેલા વિષ્ણુ ભગવાનની મૂર્તિઓ આવેલી છે. પશ્ચિમ બાજુના મંદિરમાં શંકરની મૂર્તિ છે. બિંદુ સરોવરમાં સ્નાન કર્યા પછી યાત્રાળુઓ આ દેવોનાં દર્શન કરે છે.

બિંદુ સરોવરની પાછળ એક લંબચોરસ કુંડ છે તેને અલ્પ સરોવર કહે છે. એ બંને કુંડોનો નીચેથી એક-બીજા સાથે સંબંધ છે.



## ● રૂદ્રમહાલય :

રૂદ્રમહાલય-ગુજરાતના સ્થાપત્યની, શિલ્પની તથા ભવ્ય ધર્મસ્થાનો ઊભા કરવાની પ્રેરણા મૂળરાજે આપી છે. અત્યંત ક્ષતવિકસિત સ્થિતિમાં પણ મૂળરાજે બંધાવેલા મહાલયોના જે અવશેષો હજી છે તે જોતા મૂળરાજની ઉત્કૃષ્ટ કલ્પના તથા એ કલ્પનાના બળથી ગુજરાતમાં સ્થાપત્યના અપૂર્વ ઉત્કર્ષનો આરંભ કેવા વેગથી થયો હતો તે સમજાય છે. ૪૦ વર્ષ પછી દેલવાડા (આબુ)માં બંધાવેલા ગુજરાતના સ્થાપત્યના કીર્તિસ્તંભરૂપ વિમલશાના મંદિરની અતિ રમણીય તથા મહાભવ્ય સ્થાપત્યકલાના વિકાસનો પ્રારંભ મૂળરાજના વખતમાં જ થયો છે.

મૂળરાજે વિરમગામથી વાયવ્ય દિશાએ મંડલી અથવા માંડલમાં મૂલેશ્વર અથવા મૂળનાથદેવના નામથી

એક શૈવમંદિર બંધાવ્યું અને એને લગતો મઠ બાંધ્યો તથા એ મંદિરને કંબોઈ નામનું ગામ આપ્યું છે. માંડલના આ મઠમાં પશુપાત આચાર્યને રાખ્યા હશે. આ વખતમાં ગુજરાતમાં પશુપાત શૈવધર્મનું જબરૂ જોર વધવા લાગ્યાનું જણાય છે. સોમનાથનું મંદિર તથા નાગરો પેઠે પશુપાત આચાર્યો મૂળરાજના આશ્રયથી જ જોરમાં આવ્યા હશે અને ગુજરાતમાં શિવભક્તિના મૂળ પ્રચારક આ પાશુપાત આચાર્યો જ જણાય છે.

મૂળરાજે પાછલી અવસ્થામાં પોતાની શિવભક્તિના બાહ્ય ચિહ્નોના શિખરરૂપે સિદ્ધપુરમાં રૂદ્રપ્રસાદ અથવા રૂદ્ર મહાલય બંધાવવા માંડ્યો.

ઉપરના વર્ણન ઉપરથી જો કે મૂળરાજ મહાશિવભક્ત જણાય છે, પણ રાજાના સામાન્ય ધર્મ પ્રમાણે એમણે પોતાની પ્રજામાં પ્રચલિત સર્વે ધર્મોને ઉત્તેજન આપ્યું છે. પાટણમાં એમણે મૂલવસહિકા તથા ત્રિપુરૂપ્રસાદનું મંદિર બંધાવ્યાનું પ્રબંધ ચિંતામણિ કહે છે. પોતાની પાછલી અવસ્થામાં રાજ્યભાર પોતાના પુત્ર ચામુંડને સોંપી ધર્મચર્યા તથા તપશ્ચર્યામાં મૂળરાજે વધારે સમય શ્રીસ્થલ (સિદ્ધપુર)માં ગાળવા માંડ્યો હતો. શ્રીસ્થલનું મૂળરાજે પવિત્ર બ્રાહ્મણોને દાન કરી દીધું હતું અને આ બ્રાહ્મણોનો ઉપદેશ સાંભળતા પવિત્ર સરસ્વતીને કાંઠે જ મૂળરાજનો દેહ વિ.સં. ૧૦૫૨માં પડી ગયો.

સિદ્ધપુર રૂદ્રમહાલય બંધાવવાની શરૂઆત તો તેણે વહેલી કરેલી હતી, પરંતુ દેશ સર કરવાના તથા રાજ્યનાં બીજા નાના-મોટા કામોમાં આ વિશાળ યોજનાવાળું રૂદ્રમહાલયનું કામ મૂળરાજની હયાતિમાં પૂરું ન થઈ શક્યું. મંદિરમાં દેવી પ્રતિષ્ઠા મૂળરાજના સમયમાં જ કરવામાં આવી હતી. કારણ કે વિ.સ. ૧૦૪૩માં રૂદ્રમહાલય દેવને પૂજીને મૂળરાજે દાન આપ્યાનું એક તામ્રલેખમાં લખ્યું છે, પણ મહાલય અધૂરો હતો. પાછળથી અગણ્ય કારણોથી મહાલયના કેટલાક ભાગો પડી ગયા હશે. લગભગ પોણાબસો વર્ષ પછી સિદ્ધરાજ જયસિંહે સિદ્ધપુરના રૂદ્રમહાલયનો જીર્ણોદ્ધાર કર્યો. સિદ્ધરાજે કદાચ નવેસરથી મોટા પાયા ઉપર આ મંદિર આખું ફરી બંધાવ્યું હશે. વિ.સ. ૧૧૯૯માં સિદ્ધરાજના મરણ વખતે રૂદ્રમહાલયનું કામ ભાગ્યે જ પૂરું થયું લાગે છે.

રૂદ્રમહાલયની વિશાળતાની યથાર્થ કલ્પના કરવી મુશ્કેલ છે, પણ એના ખંડેરની જે નિશાનીઓ હજી સુધી જીવતી છે તે ઉપરથી ૩૦૦ ફૂટ લાંબા તથા ૨૩૦ ફૂટ પહોળા મંદિરના આંગણાની વચ્ચે બે કે ત્રણ માળનું મંદિર હતું, જેની સામે ૫૦ ફૂટ ચોરસ સભામંડપ હતો. આ સભામંડપને ચારે દિશાએ ચાર દ્વાર હતા. મુખ્ય મંદિરની આસપાસ અગિયાર નાના મંદિરો હતાં. ચોકમાં મંદિરની નાની નાની ઓરડીઓ હશે અને પૂર્વ દિશામાં મુખ્ય દ્વારથી સરસ્વતીના પાણી સુધી બાંધેલો ઘાટ હશે. ભારતભરમાં એક જ સ્થાને પાંચ સ્વયંભૂ મહાદેવનાં મંદિર હોય તેવી આ એક જ સિદ્ધપુર નગરી છે.



## ● શ્રી અરવડેશ્વર મહાદેવ :

સિદ્ધપુર શહેરની પૂર્વ દિશામાં સરસ્વતી નદીના કાંઠે અતિ પ્રાચીન શ્રી અરવડેશશ્વર મહાદેવનું સ્વયંભૂ મંદિર આવેલું છે. દાંતાના જંગલોના પહાડોમાંથી સરસ્વતી માતાજી કોટેશ્વર ગાયના મુખમાંથી પધાર્યા હતાં. માતાજીને રૂપરૂપના અંબાર જાણી એક મહાભયંકર રાક્ષસ એમની પાછળ પડેલો. માતાજીએ દૈવીશક્તિ અને મહાદેવજીને વિનંતી કરી કે મને બચાવો ત્યારે સાક્ષાત્ મહાદેવજી ત્યાં પ્રગટ થયા. ત્યાં અરવડિયું આવવાથી (ગબડી પડવાથી) તેના નામ ઉપરથી અરવડેશ્વર મહાદેવ ત્યાં સ્વયંભૂ પ્રગટ થયેલા. આ મંદિર વેદકાલીન હોવાનું માનવામાં આવે છે. આ સ્થળે શ્રાવણ માસના છેલ્લા સાત દિવસ ૐ નમઃ શિવાયની ૨૪ કલાક અખંડ ધૂન કરવામાં આવે છે.

## ● તપોભૂમિ : ગુરુ મહારાજ આશ્રમ, અરવડેશ્વર

પૂજ્ય સ્વ. દેવશંકર ગુરુ મહારાજની તપોભૂમિ જ્યાં વર્ષો સુધી તપ સાધના કરી તે જગા સરસ્વતી નદી કિનારે અરડેશ્વર મહાદેવના સાન્નિધ્યમાં આવેલી છે. ત્યાં હજારો લોકો પ્રતિવર્ષ મૌન સાધના કરે છે. શાકંભરી માતાજીનું ઉદ્ભવ સ્થાન પણ ત્યાં છે.

## ● શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ :

સિદ્ધપુર સરસ્વતી નદીના સામે કાંઠે આવેલ શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવનું મંદિર ખૂબ જ ભવ્ય અને વિશાળ જગ્યામાં પથરાયેલું છે. સ્વયં બ્રહ્માજી દ્વારા પૂજાયેલ વેદકાલીન અને પ્રાચીન આ સ્વયંભૂ શિવલિંગ બ્રહ્માંડેશ્વર મહાદેવના નામે ઓળખાય છે. બ્રહ્માજીએ મહાદેવમાં અનન્ય શ્રદ્ધા ટકાવી રાખવા માટે ઘોર તપશ્ચર્યા કરી. તપશ્ચર્યાથી મહાદેવ પ્રસન્ન થયા. આ સરસ્વતી નદીકિનારે પશ્ચિમ દિશાએ સ્વયં બ્રહ્માજીની આજ્ઞાથી વિશ્વકર્માએ પથ્થરમાંથી બ્રહ્મકુંડનું નિર્માણ કર્યું હતું, જેમાં સ્નાન કરવાથી પાપોમાંથી મુક્તિ મળે છે. અહીંયા શ્રદ્ધાળુઓ દ્વારા પિતૃ તર્પ, નારાયણબલિ વગેરે કર્મો થાય છે. અહીં ઢગલાબાપજીના મંદિર સહિત અનેક નાનાં-મોટાં મંદિરો આવેલાં છે.

## ● શ્રી વાલકેશ્વર મહાદેવ :

સિદ્ધપુરની પવિત્ર સરસ્વતી નદીના કિનારે આવેલ વાલકેશ્વર મહાદેવ પ્રકૃતિના સૌંદર્ય વચ્ચે બિરાજમાન છે. બ્રહ્માજીએ સનતકુમારો પહેલાં વાલ્યખિલ્ય ઋષિને ઉત્પન્ન કર્યા હતા અને તેમણે આ સ્થળે કઠોર તપશ્ચર્યા કરી. અંગૃષ્ટરૂપ ધારણ કરેલ તથા સૂર્યનારાયણને આ વાલ્યખિલ્ય મુનિએ જ આ પૃથ્વી ભ્રમણનો રસ્તો બતાવ્યો હતો. માટે જ પુરાણોમાં આ સ્થળનો ઉલ્લેખ વાલ્યખિલ્ય ઋષિના આશ્રમ તરીકે થાય છે. આ જ જગ્યાએ બ્રહ્માજીએ એક જ આરસના પથ્થરમાંથી બ્રહ્મકુંડ પણ બનાવ્યો હતો. જ્યાં ઈન્દ્રાદિ દેવોએ સ્નાન કર્યું હતું. તેની પાછળની વાર્તા એવી છે કે ઈન્દ્રદેવે વાલ્યખિલ્ય ઋષિનું અપમાન કર્યું હતું. તેથી તેમણે ઈન્દ્રદેવને શાપ આપ્યો અને આ જ જગ્યાએ બંદી બનાવ્યા હતા. તેથી તમામ દેવોએ આજીજી કરતા દેવાધિદેવ મહાદેવ આ સ્થળે પ્રગટ થયેલા અને ત્યારથી આ મહાદેવનું નામ વાલકેશ્વર મહાદેવ પડ્યું.



## ● શ્રી સિદ્ધેશ્વર મહાદેવ :

પ્રસિદ્ધ માતૃગયા તીર્થ બિંદુ સરોવર પાસે આવેલ શ્રી સિદ્ધેશ્વર મહાદેવનું બાણરૂપે પ્રગટ થયેલ સ્વયંભૂ શિવાલય આવેલું છે. એક એવી માન્યતા છે કે જે મનુષ્ય બિંદુ સરોવરમાં સ્નાન કરી સિદ્ધેશ્વર મહાદેવનું પૂજન કરશે તેને સર્વ પાપોમાંથી મુક્તિ મળશે તેમજ સર્વ મનોકામના પૂર્ણ થશે. આ પવિત્ર સ્થાને ગદાધર વિષ્ણુ ભગવાન, કપિલ મુનિ, માતા દેવહુતિ તેમજ ભગવાન કાર્તિક સ્વામીનાં મંદિર આવેલાં છે. અહીં નાની પવિત્ર જ્ઞાનવાવ અને જૂની જ્ઞાનવાવ તેમજ ભગવાન રણછોડજીનું મંદિર, બાલાજી ભગવાનનું મંદિર, સ્વયંભૂ સિદ્ધેશ્વર મહાદેવ જેવા અનેક પવિત્ર સ્થાનકો આવેલાં છે. આ જ્ઞાનવાવ અતિ પ્રાચીન છે. આ વાવ પર પ્રાચીન અરસાના શિલાલેખો જોવા મળે છે.

### • શ્રી વટેશ્વર મહાદેવ :

સિદ્ધપુરથી આશરે ૬ કિ.મી. દૂર દેવસ્થળી (દેથળી) ગામે વટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. અહીં દધીચિ ઋષિનો આશ્રમ અને પ્રાચીન મૂર્તિ આવેલી છે. આ સિવાય પવિત્ર સૂર્યકુંડ તથા પાંડવોનું આશ્રયસ્થાન આવેલું છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે આ સ્થળે દધીચિ ઋષિએ હજારો વર્ષ તપ કર્યું હતું. આ જ સ્થળે પાંડવોને ગુપ્ત વનવાસ દરમિયાન મહર્ષિ વેદવ્યાસે બોધપાઠ આપ્યો હતો. વટેશ્વર મહાદેવ બટુકેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. અહીં હજારો વર્ષ અગાઉ બ્રાહ્મણોનાં બાળક (બટુકો)ને યજ્ઞોપવિત (જનોઈ)ના સંસ્કાર આપીને અહીં વસતા ઋષિ-મુનિઓ પાસે વેદ અને વિદ્યાભ્યાસ માટે મોકલવામાં આવતા હતા. આ બટુકો અહીં અભ્યાસ કરતા હતા. તેથી આ સ્થળને બટુકેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. કૌરવોથી ત્રાસી ગયેલા પાંડવો લાક્ષાગૃહમાંથી નીકળીને દેવસ્થળી સરસ્વતી નદીના કિનારે આવેલ વટેશ્વર મહાદેવના સ્થાનમાં આવ્યા હતા. અહીં પાંડવોએ પાંચ શિવલિંગની સ્થાપના કરી હતી તે જગ્યાએ પાંચ પાંડવો, દ્રૌપદી અને માતા કુંતાનું અતિ પ્રાચીન દેવાલય આવેલું છે. એવું કહેવાય છે કે પાંચ પાંડવોનું દર્શન, પૂજન કરવાથી મનુષ્યને ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

### • પાંચેય પાંડવોના પાંચકુંડો :

સંત શિવાનંદબાપુના જણાવ્યા મુજબ આજથી પાંચ હજાર વર્ષો પૂર્વે પાંડવો અજ્ઞાતવાસમાં હતા ત્યારે ફરતા ફરતા ધર્મારણ્ય ક્ષેત્રથી ઓળખાતા આ વિસ્તારમાં આવી ચડ્યા હતા. ધર્મરાજાને ભોળાનાથ શિવલિંગના દર્શન કરી ભોજન લેવાનો નિયમ હતો ત્યારે ભીમસેને માટીની લોટી ઊંધી વાળીને ધર્મરાજાને લીંગ તરીકે દર્શાવતાં ધર્મરાજાએ શિવલિંગની પૂજા-અર્ચના વિધિ કરી ભોજન લીધું હતું. પાછળથી ભીમે લોટી ઉપર ગદા મારતા દૂધની ધાર વહેવા લાગી હતી. તે પછી પાંડવોએ લોટેશ્વરની સ્થાપના કરી હતી. આજે પણ લોટેશ્વર મહાદેવજીના મંદિરની સન્મુખ પાંચ પાંડવોના પાંચકુંડો મોજુદ છે. ચારે બાજુ ચાર પાંડવ સ્નાન કરતાં અને વચમાં મોટો કુંડ ભીમસેનનો હતો.







# પંચમહાલ જિલ્લાની અસ્મિતા

## ◆ પંચમહાલ જિલ્લો :

પંચમહાલ એટલે 'પાંચ મહાલનો પ્રદેશ.' સિંધિયાકાળથી ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ એમ પાંચ મહાલોનો સમૂહ 'પંચમહાલ' તરીકે ઓળખાય છે. આદ્યશક્તિ પીઠ ધામ પાવાગઢની પાવન ભૂમિના લીધે ભારતભરમાં શ્રદ્ધાળુઓ માટે આદરભર્યું સ્થાન ધરાવે છે.

સિંધિયાના રાજ્ય શાસનકાળમાં સિંધિયાના સુબા જે મહાલોનો વહીવટ કરતા હતા તેનું મુખ્ય મથક પાવાગઢ હતું. તેથી જ પંચમહાલ જિલ્લાના મધ્યકાલીન ઇતિહાસમાં ચાંપાનેર શહેર અને પાવાગઢ ડુંગર કેન્દ્ર સ્થાને હતા. અણહિલવાડના પ્રથમ રાજા વનરાજ ચાવડાના સમયમાં સાતમી સદીમાં ચાંપાનેરની સ્થાપના થઈ હોવાનું મનાય છે. પ્રાચીન ચાંપાનેર ચાલુક્ય શાસનનું પાટનગર હતું. મોગલ સામ્રાજ્ય દરમિયાન ઈ.સ. ૧૫૭૩થી ૧૭૨૭ના સમયગાળામાં ગોધરા પંચમહાલનું વડું મથક બન્યું હતું.

એક સમયે પુષ્કળ પ્રમાણમાં ચંદનના વૃક્ષો અને જંગલી હાથીઓના પ્રદેશ તરીકે પંકાયેલો આ જિલ્લો બ્રિટીશ સલ્તનત સમયે મુંબઈ પ્રાંતનો એક ભાગ ગણાતો હતો.

### ● સાત કમાનો :

તળેટીથી માંચી સુધી અને માંચીથી મૌલિયાટૂંક સુધીના પર્વતીય વિસ્તારમાં પ્રાચીન કાળની ભવ્ય જાહોજલાલીની પ્રતીતિ કરાવતા કિલ્લેબંધ કમાનાકારે દરવાજા, ટંકશાળ, ખંડેર, મહેલાતો અને વિશાળ ગિરીદુર્ગ ભગ્નાવશેષરૂપે પથરાયેલા પડ્યા છે.

અટક દરવાજાથી શરૂ થઈ બુઢિયા દરવાજા સુધીની કિલ્લેબંધી ધરાવતી હારમાળાની સૌથી ઊંચે દુર્ગની રાંગમાં દૂરથી રળિયામણી કમાનો જોવા મળે છે. સાત કમાન તરીકે ઓળખાતી આ ઈમારત સફાઈદાર પથ્થરોની બનેલી છે. વિશાળ મંડપ સ્વરૂપે રચાયેલ સાત કમાનોમાં તત્કાલીન શાસનકર્તાઓ ગુપ્ત બેઠક યોજતા તથા રાજવી પરિવાર આનંદ-પ્રમોદ માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોવાનું માનવામાં આવે છે.

### ● લકુલીશ મંદિર

પાવાગઢ ડુંગર ઉપર છાસિયા તળાવની મધ્યે દક્ષિણ દિશાએ આવેલ સૌથી પ્રાચીન ગણાતું લકુલીશ મંદિર અગિયારમાં સૈકાના શિલ્પ-સ્થાપત્યની સાક્ષીરૂપે છે. જેને શ્રી મહાકાળી માતાજીના પ્રમુખ ભૈરવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ લકુલીશ મંદિરની દીવાલો પર મનોહર શિલ્પોની કોતરણી કરવામાં આવી છે. આ શિવ મંદિર ખંડિત હાલતમાં છે.

### ● નવલખા કોઠાર

પાવાગઢ પર્વતના સૌથી ઊંચા શિખરની ઉત્તરે મૌલિયાટૂંકના મેદાની ભાગમાં વિસ્તરેલ ખીણ 'નવલખી ખીણ' તરીકે ઓળખાય છે. અહીં નવલખા કોઠાર નામે ખ્યાતિ પામેલ પ્રાચીન ઈમારત મોગલ કાળની સ્થાપત્ય કલાની ઝાંખી કરાવે છે. નવલખી ખીણની ધાર ઉપર પ્રસ્થાપિત વિશાળ ગુંબજ ધરાવતા





સાત ખંડોની ટી આકારની આ ઈંટેરી ઈમારત પ્રાચીન કાળમાં અનાજ-સંગ્રહ માટેના કોઠાર તરીકે ઉપયોગમાં લેવામાં આવતી હોવાનું માનવામાં આવે છે.

## • કુંડ

નવલખા કોઠારની ઉત્તર દિશાએ આગળ વધતી ખીણની ધારે પ્રાચીન સમયના ત્રણ વિશાળ કુંડ આવેલ છે. આ ત્રણેય કુંડ ગંગા, જમુના અને સરસ્વતીના નામથી ઓળખવામાં આવે છે. આ પૈકી પ્રથમ બે કુંડ પથ્થરના ચણતરવાળા લંબચોરસ આકારના છે. જ્યારે ત્રીજો કુંડ ચોરસ આકારનો ઈંટ અને ચૂનાથી બંધાયેલ હોવાનું જણાય છે. આ ત્રણેય કુંડનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં શુદ્ધ પાણીનો સંગ્રહ કરવા થતો હતો.

## • ખાપરા-ઝવેરીનો મહેલ

માંચીની જૂની પગદંડી તરફ આગળ જતાં માર્ગ ઉપર પાંચ-સાત મિનિટના અંતરે વિશ્વામિત્રી નદીની ઊંડી ખીણની કિનાર પર બંધાયેલ પ્રાચીન મહેલ 'ખાપરા ઝવેરીના મહેલ' તરીકે ઓળખાય છે. પ્રાચીનકાળમાં સાત માળ ધરાવતા 'અદ્ધર ઝરૂખા મહેલ' તરીકે ખ્યાતિ પામેલ આ ભવ્ય ઈમારત પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જન્માવેલ છે. કુદરતે અહીં અસીમ સૌંદર્ય વેર્યું છે. જો કે આ સાત માળ પૈકીનો ભોંયતળિયાનો એક ખંડ માત્ર અવશેષરૂપે નિહાળી શકાય છે. અહીં પહોંચવા માટે સીધા અને કપરા ચઢાણવાળા પગથિયાંનો ઉપયોગ કરવામાં આવે છે.

## • વૈશ્વિક વિરાસત ચાંપાનેર

રમણીય પાવાગઢ પર્વતની તળેટીમાં વસેલું અનેક શિલ્પ-સ્થાપત્યો અને જાહોજલાલીપૂર્ણ ઈમારતોનો ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતું નગર એટલે ચાંપાનેર, ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ અનુસાર ખડચંપાના રંગની આ ભૂમિ પર વનરાજ ચાવડાના મંત્રી ચાંપાએ ચાંપાનેર નગર વસાવ્યું હોવાનું મનાય છે. ઈ.સ. ની પ્રથમ સહસ્ત્રાબ્દીમાં અહીં માનવ વસવાટ થયો હતો. અને આશરે ઈ.સ. ૧૩૦૦માં ચૌહાણ કુળના રાજવીઓએ ચાંપાનેર નગરીને રાજધાની તરીકે સ્થાપના કરી હતી. આ રાજવીઓની સ્વતંત્રતા ઈ.સ. ૧૪૮૪ સુધી ટકી હોવાનો ઉલ્લેખ છે. ૧૮૪ વર્ષ સુધી સ્વતંત્ર રહેલા પાવાગઢ ચાંપાનેરમાં વિજેતા મહેમુદ બેગડાએ પોતાની રાજધાની બનાવી તેને મહમ્મદાબાદ નામ આપ્યું.



## • જામી મસ્જિદ

પાવાગઢ પર્વતના નીચેના ભાગમાં મહમૂદ બેગડાએ સ્થાપેલા ચાંપાનેરનગરના શાહી મહેલનો સમચોરસ કિલ્લો છે. બુરજોથી સુરક્ષિત આ કિલ્લાના પ્રવેશદ્વાર પાસેના ગોખ મનોહર છે. રાજમહેલનો વિસ્તાર માંડવી નામે ઓળખાતા પ્રવેશદ્વારથી બીજા ભાગોથી છૂટો પડે છે. શાહી કિલ્લાની બહાર જુમ્મા મસ્જિદની ભવ્ય ઈમારતની સુવ્યવસ્થિત રચનાના વિવિધ રંગો તથા ભારતીય ઈસ્લામી સુશોભનોથી આગવું મહત્ત્વ ધરાવે છે. તેનાં પાંચ મનોહર પ્રવેશદ્વારો, તેની પારદર્શક સુશોભિત કોતરણી આકર્ષક

છે. તેના મકસુરાની પાંચ કમાનો પાસેના છજાં, સુંદર મિનારા અને મુખ્ય કમાન પાસેનું છજું તેની શોભામાં વધારો કરે છે.

## • શહેરની મસ્જિદ

ચાંપાનેરની ઇમારતો ગુજરાતની સ્થાનિક શૈલીના મહત્ત્વના નમૂના છે. તેમાં નગીના મસ્જિદ, શહેરની મસ્જિદ, લીલા ગુંબજ મસ્જિદ પોતપોતાની આગવી લાક્ષણિકતા ધરાવે છે. ચાંપાનેરને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવામાં આવ્યાં છે. ચાંપાનેરની બહાર પૂર્વમાં વડાતળાવ ઉપર ખજૂરી મસ્જિદ અને કબૂતરખાનાના નામે જાણીતું હવા ખાવાનું સ્થળ છે.

## • બુઢીયો દરવાજો

પાવાગઢ પર્વત ઉપર વિશાળ હારમાળામાં નજરે પડતા જુદા જુદા પ્રાચીન દરવાજાઓ અહીં પ્રાચીન નગરી હોવાનું પ્રસ્થાપિત કરે છે. તળેટીથી પાવાગઢ પર્વત ઉપર જતાં વ્યૂહાત્મક રીતે સંરક્ષણ બક્ષતા અને ઊંચા ઊંચા અભેદ ગણાતા દુર્ગમાં અટક દરવાજા, બુઢિયા દરવાજા અને લાલી દરવાજાના નામથી પ્રચલિત મજબૂત દરવાજા પ્રવાસીઓ માટે ભારે આકર્ષણરૂપ બની રહ્યા છે. માંચી તરફ આગળ વધતા દુર્ગનો છેલ્લો દરવાજો લાલી દરવાજા તરીકે ઓળખાય છે. આ લાલી દરવાજાની પાસે આવેલ પ્રાચીન ઇમારત ટંકશાળ તરીકે ઓળખાય છે. આ દુર્ગ અને અભેદ દરવાજા તત્કાલિન રાજ્યશાસનને તેમજ પ્રાચીન નગરીને દુશ્મનોના લશ્કરી આક્રમણ સામે અભેદ સુરક્ષા કવજ પૂરું પાડતા હોવાનું માનવામાં આવે છે.

## • પતઈ રાવલનો મહેલ અને ભદ્રકાળી માતાનું મંદિર

મધ્યકાલીન ગુજરાતની રાજધાની ચાંપાનેરના રાજવીઓ પૈકીના રાજા પતઈ રાવલનો મહેલ આ પર્વત ઉપર ભગ્નાવશેષરુપે નજરે પડે છે. માંચીથી આગળ પૂર્વ દિશામાં હાથિયા ખીણના ઢોળાવી મેદાની વિસ્તારમાં ધરબાયેલો આ મહેલ પ્રાચીન સ્થાપત્ય કલાનું દર્શન કરાવે છે. આ મહેલથી આગળ વધીને પૂર્વ દિશામાં એકલા અટૂલા છતાં અડીખમ રીતે ભદ્રકાલી માતાજીનું મંદિર ઊભેલું છે. આ મંદિર પ્રત્યે ભાવિકો અસીમ શ્રદ્ધા ધરાવે છે.



## • જૈન ધર્મીઓનું સિદ્ધ ક્ષેત્ર

પાવાગઢ પર્વત જૈન ધર્મીઓ માટે મહત્ત્વનું સિદ્ધ ક્ષેત્ર પણ મનાય છે. આ પર્વત ઉપર દૂધિયા અને છાશિયા તળાવની આજુબાજુ મેદાની વિસ્તારમાં શ્રી દિગંબર જૈન સંપ્રદાયના પૌરાણિક અને ઐતિહાસિક આરસપહાણના પથ્થરથી બનેલ જુદાં જુદાં સાત જૈન મંદિરો પ્રસ્થાપિત થયેલા છે.




SMT.KASTURBA'S HOUSE
NO PHOTO SHOOT

# પોરબંદર જિલ્લાની અસ્મિતા

અરબી સમુદ્રના કાંઠે આવેલ સુરખાબી નગરી પોરબંદરની આગવી ઓળખ છે. પોરબંદર એ ભગવાન શ્રીકૃષ્ણના સખા સુદામાજીની તપોભૂમિ, રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને યુવાનોના પથદર્શક સ્વામી શ્રી વિવેકાનંદજીની કર્મભૂમિ છે.

ખમીરવંતી, શૌર્યવાન છતાં સાદા અને નીતિવાન જીવન માટે સુપ્રસિધ્ધ એવી મેર જાતિ ઉપરાંત, ખારવા કોળી, લોહાણા,રબારી અને બરડાઇ બ્રાહ્મણની મુખ્ય વસ્તી ધરાવતા આ પ્રદેશનું લોકજીવન ભાતીગળ છે. કુલ પાંચ લાખ ૮૬ હજારની વસતી ધરાવતા જિલ્લામાં રાજયમાં ભાગ્યેજ જોવા મળતી રહેણી કરણી મુજબ લોકો વાડી વિસ્તારમાં પણ વસવાટ કરવાનું પસંદ કરે છે. જે અહીંની વિશિષ્ટતા છે.

પોરબંદરને લગતા ઐતિહાસિક ઉલ્લેખો ઉત્તર કાલીન જોવા મળે છે. એનો જૂનામાં જૂનો ઉલ્લેખ જામનગરના ભાણવડ તાલુકામાં આવેલ ઘૂમલીના ઇ.સ.૯૮૮ના તુલ્ય કાલિન વર્ષના બાલ્કન દેવના તામ્રશાસનમાં જોવા મળે છે. એક બ્રાહ્મણને આપેલા તામ્રપત્રમાં પૌરવેલાકુલ એટલે કે પોરબંદરનો ઉલ્લેખ જોવા મળે છે. વાઘેલા સમયના ચાર ઉતકીર્ણો પણ જોવા મળે છે. જેમાં ૨૫૦ વર્ષનું અંતર જોવા મળે છે. ઋગ્વેદ અને ઉત્તરકાલીન વૈદિક સાહિત્યમાં પોરબંદરનો નામ પુરતો પુર શબ્દનો ઉલ્લેખ છે. આમ પોરબંદર પ્રાચીન સમયનું હોવાનું અનુમાન થઇ શકે છે. પોરબંદરમાં દીર્ઘકાલીન શાસન કરનાર જેઠવા વંશ નવમા સૈકામાં આવ્યા હોવાનું જણાય છે.

પોરબંદરથી આઠ માઇલ દૂર આવેલા શ્રીનગર ખાતે સૌપ્રથમ જેઠવા વંશના વંશજો સ્થાયી થયા બાદ સિમિત બરડો અને હાલારનો પણ કેટલોક ભાગ તેઓના શાસન હેઠળ હોવાનું કહેવાય છે. તેઓના સમયમાં સ્થાપત્ય, કલા અને સંસ્કૃતિનો સુવર્ણકાળ હોવાનું તે સમયના પ્રાપ્ય અવશેષોથી પુરવાર થાય છે.

## • શ્રીમતી કસ્તુરબાનું ઘર

રાષ્ટ્રમાતાની પૈતૃક સ્થાવર સંપત્તિનું હૈયારખી સહિત લગભગ ૧૦.૯૦ મીટર ઊંચું, તળમાને ઉત્તર-દક્ષિણ લગભગ ૧૧.૦૦ મીટર લાંબું તથા પૂર્વ-પશ્ચિમ લગભગ ૯.૪૦ મીટર પહોળું અને પોરબંદર નગરપાલિકાના દફતરે વોર્ડ-૪, બ્લોક-૪, ઘર-૬ ઉપર નોંધાયેલું આ ઘર ગુજરાત રાજયનું રક્ષિત સ્મારક છે.

એક કે અલગ-અલગ રસોડે જમતા એક સંયુક્ત પરિવાર તથા તેમનાં અતિથિઓને પણ રહેણાંક કે મુકામની પૂરેપૂરી સગવડતા મળી રહે એવી આ ઘરની આદર્શ વ્યવસ્થા છે.

ભોંયતળિયાના ઇમલા ઉપર બે માળનાં આ મકાનમાં કુલ છ વિભાગ (બ્લોક) અને એમાં કુલ મળીને ૨૨ દરવાજા, ૨૮ બારી. ૩૭ ડબલાં (હવા-ઉજાશ માટે કમાડ વિનાની નાની બારી) ત્રણ સીડી, ત્રણ દાદર, ૭૨ ગોખલા, પાંચ મેળા, નવ પાણિઆરાં, ત્રણ છાજલી, ૧૨ ચોકડી, બે ચોકા, આઠ ચાડાં, એક ખાંડણિયો, ૧૭ ખાળ, આઠ ખાડા (ખાળને બદલે નિકાસનું પાણી ભરવા માટે) ૨૮ ખીંટી, એક ડોકાબારી, ત્રણ આરિયા, દશ મોટા કડાં, ૬૮ નાના કડાં, ૨૦ હૂક, ચાર અજવાસિયાં અને એક પેઢલી આવેલા છે.

સમુદ્રકાંઠાના ગામમાં મીઠાં પાણીનો પ્રશ્ન મૂંઝવતો હોય છે. વર્ષાજળનો સંગ્રહ કરવા માટે ભોંયતળિયાની નીચે ખંડ નં. ૭ હેઠળ ટાંકો આવેલો છે. નીચેની ઓસરીમાં પશ્ચિમ બાજુએ આવેલી સીડી હેઠળ ટાંકાનું મુખ આવેલું છે. પ્રથમ ચાર બ્લોકના બબ્બે ખંડમાં એકેક પાણિઆરું મૂકી જીવનની આ મહત્ત્વની આવશ્યકતાને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું છે.






આ મકાન રસ્તાની ઉત્તર આવેલું હોઈ દક્ષિણાભિમુખ છે. એટલે કે તેમાં દાખલ થનાર મુખ ઉત્તર તરફ રહે છે. હાલમાં સગવડતા ખાતર બ્લોકની વ્યવસ્થા આ પ્રમાણે કરી છે :

ભોંયતળીયે : પૂર્વે બ્લોક - ૧ પશ્ચિમે બ્લોક -૨

પહેલે માળે : પૂર્વે બ્લોક - ૩ પશ્ચિમે બ્લોક -૪

બીજે માળે : પૂર્વે બ્લોક - ૫ પશ્ચિમે બ્લોક - ૬

પ્રથમ ચાર પૈકી દરેક બે બ્લોક એકેક સહિયારી ઓસરી અને દરેક બ્લોકમાં એકેક રસોડું તથા એકબીજાની ઉત્તર-દક્ષિણે બબ્બે ઓરડા આવેલા છે.

બીજે માળે આવેલા બે બ્લોક પૈકી બ્લોક-૫ના ત્રણ ઓરડા અતિથિના ઉપયોગ માટે હશે. તેમાં રસોડું નથી. સંયુક્ત પરિવારના અતિથિ પણ સંયુક્ત જ ગણાય પરંતુ વિભક્ત - ઉપ-પરિવારનાં અતિથિ બે પ્રકારનાં હોય (૧) આખા સંયુક્ત પરિવારનાં ગણાય તેવા અને (૨) અમુક ઉપ-પરિવારનાં જ ગણાય તેવા. આમ દરેક પ્રકારના અતિથિ માટે આટલી વ્યવસ્થા ઉચિત અને આવશ્યક ગણાય.

બ્લોક-૬માં ત્રણ વસ્તુઓનો સમાવેશ કર્યો છે :



(૧) દાદર ઉપરનું માઢયું, (૨) ખંડ-૧૩ અને ૧૪ ઉપરની અગાશી અને (૩) દીવાન ખંડ આ મકાનના સર્વોચ્ચ સ્થળે દીવાન ખંડ રાખવામાં આવ્યો છે અને સૂચક છે. મુલાકાતીના મન ઉપર તેનાથી વિશિષ્ટ છાપ પડે છે. પરિવારની પ્રવૃત્તિઓથી પૃથક અને છતાંયે આવશ્યકતા જણાયે સંયુક્ત હોય એવું એ સ્થળ છે.

**કાષ્ટ કલા :** ઈસુની ૧૯મી શતાબ્દીની કાષ્ટકલાના કેટલાંક સુંદર નમૂના આ મકાનમાં છે. મુખ્ય પ્રવેશ દ્વારની દ્વાર શાખાના ઉભયે કદાચ જાણી જોઈને સામંજસ્ય જાળવામાં નથી આવ્યું. એથી દ્વારશાખાની આકૃતિ સમગ્ર રીતે ઉડતી નજરે જોવાને બદલે તેના ઉપાંગોની વિવિધ ભાત તરફ દૃષ્ટિ આકર્ષાય છે.

**ભિતિચિત્ર :** આ મકાનના મોટાભાગના ખંડ ભિતિચિત્રોથી અલંકૃત થયેલા હશે એમ તેના અવશિષ્ટ રહેલા અંશો ઉપરથી અનુમાની શકાય. ખંડ નં. ૯ થી ૧૩, ૧૫ અને ૧૬માં ભિતિચિત્રો હતાં એમ જણાઈ આવે છે. ખંડ-૨૧ના ભિતિચિત્રો પ્રમાણમાં ઠીક ઠીક જળવાઈ રહ્યાં છે. દીવાનખંડના ઠાઠમાં તે કલાત્મક ઉમેરો કરે છે.

## • ચાડેશ્વર મહાદેવનું મંદિર :

૯મી સદીનું આ મંદિર, એની સાદી સંરચના અને વક્રીય શિખરને કારણે ગુજરાતના મંદિર સ્થાપત્યના વિકાસમાં એક સોપાન સમાન છે.

ગર્ભગૃહના દ્વારશાખ પરનું અલંકરણ અને કુણિયા ઉપરના કીચક તેમ જ સ્તંભ પરના વ્યાલમુખ, મંડપ અને ગર્ભગૃહની છત સપાટ અને અલંકૃત છે. મૈત્રક કાલ પછીના સ્થાપત્યનો આ નમૂનો છે.

## • ધીંગેશ્વર મહાદેવનું મંદિર :

ચોરસ ગર્ભગૃહવાળું સપાટ નીચી પીઠ પર ઊભેલું આ મંદિર ૪-૪-૨-૧ની શ્રેણીવાળા ચૈત્યગવાક્ષના ચાર સ્તર ધરાવે છે. શિખરની અંતે ઝુકેલી કાંગરી અને દતાવલિ દર્શાવે છે કે મંદિર ૬ઠ્ઠી શ્રેણીમાં બંધાયેલું છે.

મંડપમાં સમયે સમયે ફેરફાર થયા હોવાનું જણાય છે. શિખર ઉપરનો કળશ પ્રમાણમાં વર્તમાન સમયનો છે. ઈ.સ.ની ૬ઠ્ઠી સદીથી ૭મી સદીના ઉત્તરાર્ધ સુધી પ્રચલિત સૌરાષ્ટ્ર શ્રેણીના મંદિરનું આ દૃષ્ટાંત છે.

## • કોઠા મંદિર, બાલેજ (જૂનામાં જૂનું બચેલું મંદિર) :

ઈ.સ.ની ૭મી સદીમાં બનેલું અહીંનું જૂનામાં જૂનું, બચેલું આ મંદિર સ્થાનિક લોકોમાં રાંદલ માતાના મંદિર તરીકે જાણીતું છે. શિખરના નીચેના ભાગે હવાબારી જેવી ભાત એ જ માત્ર એના મૂળ સ્વરૂપનો જળવાયેલો ભાગ છે. પ્રદક્ષિણાપથ નથી.

ત્રિબંધીય બારસાખના ઉપલા ભાગે વચ્ચે હારની ભાત, અને બાહ્ય બાજુઓએ કમળની ભાત જોવા મળે છે. અંદરનો ભાગ ઘણો ખરો બદલાયેલો છે. મધ્યકાળના નિરીક્ષણ અર્થે વપરાતું હોવાથી આ મંદિરનું નામ 'કોઠો' પડ્યું હોવાનું જણાય છે.

## • શક્તિ મંદિર, બાલેજ :

આ નાના જર્જરિત મંદિરનું ગર્ભગૃહ સાદું છે, ઉપરાંત પ્રવેશ માટેની પરસાળ છે. બચેલા શિખરનો ભાગ સૂચવે છે કે એ પિરામીડ પ્રકારના હશે. પરસાળના થાંભલાઓની ટોચ ઘ્રાસપટીથી અલંકૃત છે. સૌથી ઉપર વિશાળ કીર્તિમુખા અને કંચિકોની કોતરણી છે.

કીર્તિમુખનો અર્થ થાય છે. તેજસ્વીતાનો ચહેરો.

## • નંદેશ્વર મહાદેવ, બોખીરા :

સેંધવના સમયનું સ્મારક છે. સેંધવાના કાળનું આ મંદેશ્વર મંદિર અનેક સુધારાઓમાંથી પસાર થયેલું







છે અને આ જૂથનું જૂનામાં જૂનું સ્મારક છે. મોટે ભાગે મંડળ, પરસાળ અને પ્રદક્ષિણાપથ ધરાવતું હતું.

ગર્ભગૃહના ઉપરના ભાગે ચૈત્ય બારી અને ચક્રાકાર નાગર શૈલીનું શિખર પરનું જાળીકામ નોંધપાત્ર અલંકરણ છે. મૈત્રકા પછી સેંધવાએ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ૮મી થી ૧૦મી સદી સુધી શાસન કર્યું હતું.

**• શિવ મંદિર, બાલેજ :**

જીર્ણોદ્ધાર કરેલું શિખર ધરાવતાં આ પશ્ચિમાભિમુખ, સાદી બહારની દીવાલો ધરાવતું મંદિર ૮મી સદીનું છે. એની પરસાળના થાંભલા કીર્તિમુખ અને કીચકોથી અલંકૃત છે. અને છતમાંની કમળની ભાત નોંધપાત્ર છે. આ જ પ્રકારની છત ગર્ભગૃહમાં પણ જોવા મળે છે. હાલનું શિખર એ પાછલા સમયનું ઉમેરણ છે.

**• તોરણ, બાલેજ :**

સૌરાષ્ટ્રમાં એકમેવ - આ તોરણ સોલંકી યુગનું (ઈ.સ. ૧૧મી-૧૨મી સદીનું) છે. એના સ્તંભોની ટોચે કીચકનું અલંકરણ છે, અન્યથા સાદું છે.

કમાન ઉપર મહિષાસુરમર્દિનીની પ્રતિમા અને એની બાજુમાંના નાના શિખરોની કોતરણી એટલું નોંધપાત્ર અલંકરણ છે. સૌરાષ્ટ્રમાં તોરણનું આ એકમાત્ર દષ્ટાંત છે.

**• પિથડ માતાનું મંદિર, બાલેજ :**

અજંતાની અસરવાળું ૭મી સદીનું પુર્વાભિમુખ એવું આ મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, મંડપ અને પરસાળ ધરાવે છે. દંતાવલિ અને છતમાં ઢળતી કામરી સિવાય બહારી દીવાલો પર અન્ય કશું સુશોભન નથી. પિરામિડ પ્રકારના શિખરમાં ખૂબ ઊંડે, બચેલા ત્રણ સ્તરોમાં અનુક્રમે ચાર, ત્રણ અને બે એમ ખાસા અંતરે ગોઠવણી, પૂર્ણ વિકસિત કમળોની કોતરણી ધરાવતી હવાબારીની ભાત છે.

**• ભણસારા મંદિર-૧ :**

૭મી સદીના મૈત્રક કાળના આ મંદિરની પશ્ચિમ દીવાલ મૂળ જૂના સમયની છે. આ સાદી દીવાલ ઉપર કાંગરી છે.

શિખરના તમામ સ્તરે સરખી સંખ્યાના ગવાક્ષો છે, એની ગોઠવણ એક પછી એક એવી રીતે કરવામાં આવી છે કે પીરામીડ આકારનું શિખર બની રહે. સ્તર પ્રમાણે ખૂણિયાની ઊંચાઈ ઘટાડેલી છે.

મધ્ય ગવાક્ષને ઉઠાવ આપવામાં સહાયક એવા અર્ધગવાક્ષો આ મંદિરની વિશેષતા છે.

**• ભણસારા મંદિર-૨ :**

ભણસારા મંદિર જૂથનું જૂનામાં જૂનું ગણાતું ૭મી સદીના પૂર્વાર્ધનું આ મંદિર, એની બાહ્ય દીવાલ પર દંતાવલિ અને ઉપર કાંગરી ધરાવે છે.

ત્રિસ્તરીય શિખરને વિશાળ ગવાક્ષો છે. નીચેથી ઉપર જતાં એની સંખ્યા ઘટતી જાય છે. એની બેસણીમાં કમળો કોતરેલા છે. પહેલાં સ્તરના ખૂણા પરના પત્થરો એના કદને કારણે ધ્યાન ખેંચે છે. મંદિર-૧ અને ૨નો સંયુક્ત મંડપ પછીના સમયનું ઉમેરણ છે.

**• ભણસારા મંદિર-૩ :**

૭મી સદીનું પડઘાર વિનાનું મૈત્રક સમયનું આ મંદિર છે એની બાહ્ય દીવાલો પર ઉપરના ભાગે




पुस्तकालय

કાંગરી છે.

એના ચાર સ્તરીય પીરામીડ આકારના શિખરમાં ગવાક્ષો છે અને એની બેસણીમાં કમળોનું કોતરકામ છે. એની ટોચે આમલંક છે.

ભારતીય મંદિર સ્થાપત્યમાં આમલંક એક મહત્ત્વનું ઘટક છે.

### ● ભણસારા મંદિર-૪ :

૭મી સદીના આ મંદિરની બાહ્ય દીવાલો પર દંતાવલિઓ અને કાંગરીનું અલંકરણ જોવા મળે છે.

એના ચાર સ્તરીય શિખરમાં ગવાક્ષોની સંખ્યા ઘટતી જાય છે. પ્રથમ સ્તરે પાંચ અને ચોથા સ્તરે બે ગવાક્ષો જોવા મળે છે. આ મંદિરનું શિખર નાગર શિખર અને એની પહેલાની શિખર રચનાને જોડતી સાંકળરૂપ છે.

### ● ભણસારા મંદિર-૫ :

ભણસારા મંદિરના જૂથમાનું આ મંદિર એના સપાટ છાપરા સાથેના આડા મંડપ અને ઢળતા છાપરાવાળા પ્રદક્ષિણા પથને લીધે નોંધપાત્ર છે. એના ગર્ભગૃહની ઊંચાઈ પૂરક દીવાલો, દંતાવલિ અને ત્રિ-સ્તરીય શિખરના પ્રથમ બે ગવાક્ષની નીચેનાં કાંગરીઓથી વધારી છે. પ્રથમ સ્તર પર વિશાળ ખૂણિયા છે.


અષ્ટકોણિય વિષ્ણુછંદ શિખર દ્રવિડ સ્થાપત્યની ખાસ્સી અસર દાખવે છે.

### ● ભણસારા મંદિર-૬ :

મંદિર-૧ સાથે સામ્યતા ધરાવતા આ મૈત્રક મંદિરની સાદી દીવાલો પર કાંગરી અને દંતાવલિ છે. તેમજ કાંગરી અને શિખર વચ્ચે ઊંડા ખાંચા જોવા મળે છે. શિખર પરનો નીચલો થર જળવાયો છે. પ્રાપ્ત પુરાવાઓ એવું સૂચવે છે કે, એને મોટા ખૂણિયા અને ઘણા મોટા ગવાક્ષો પણ હોવા જોઈએ.

મૈત્રકે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ઇ.સ. ૪૩૮ થી ઈ.સ. ૭૮૮ સુધી રાજ્ય કર્યું હતું.












# બનાસકાંઠા જિલ્લાની અસ્મિતા

## • જગપ્રસિધ્ધ શકિતપીઠ અંબાજી મંદિર :

કરોડો માઇભકતોની આસ્થાના કેન્દ્ર સમાન પ્રસિધ્ધ તીર્થસ્થાન અંબાજી આ જિલ્લામાં આવેલું છે. અરવલ્લીના ડુંગરાઓમાં પ્રકૃતિના સૌંદર્યમાં બિરાજતા આધશકિત મા અંબાનું સ્થાનક અંબાજી બહુ પ્રાચીન સમયથી હોવાનું મનાય છે. અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહીં, પરંતુ વીસાયંત્રની પૂજા થાય છે. દેશ, વિદેશના શકિતપીઠોમાં અંબાજી મંદિર હ્રદયસમાન છે. દેવી સતીના હ્રદયનો ભાગ અંબાજીમાં પડ્યો હોવાનું અને માતાજી પ્રગટ થયાનો પુરાણોમાં ઉલ્લેખ છે. સીતાજીને શોધતા ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ પણ અર્બુદાચલના જંગલોમાં શૃંગી ઋષિના આશ્રમમાં પહોંચ્યા ત્યારે ઋષિએ તેઓને માતાજીના દર્શનાર્થે ગબ્બર પર્વત પરના સ્થાનકે મોકલ્યા હતા. ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીએ ભકિતભાવપૂર્વક માતાજીની પૂજા, અર્ચના કરી ત્યારે માતાજીએ પ્રસન્ન થઇને રાવણનો નાશ કરવા ભગવાન રામને અજયબાણ આપ્યુ હતું અને એ જ બાણથી રાવણનો વધ થયો હોવાનું મનાય છે.

ભગવાન શ્રીકૃષ્ણનું ચૌલકર્મ પણ અંબાજી મુકામે થયાનો પુરાણોમાં ઉલ્લેખ છે. વનવાસ દરમિયાન પાંડવોએ પણ અંબાજી વિસ્તારમાં તપ કર્યાનું મનાય છે. અંબાજી તીર્થસ્થાન પ્રાચીન સમયથી હોવાનું જણાય છે. માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન અંબાજીથી પશ્ચિમ દિશામાં ત્રણ કિ.મી.ના અંતરે આવેલ ગબ્બર પર્વત ઉપર મનાય છે. અંબાજીમાં હાલ માતાજીનું જુનુ મંદિર છે તે બારસો વર્ષ પુરાણુ છે. વરસે ૧.૨૫ કરોડથી વધુ યાત્રિકો માતાજીના દર્શનાર્થે આવે છે. દર વરસે ભાદરવા મહિનામાં સુદ આઠમથી પૂનમ સુધી અહીં ભાદરવી પુનમનો મહામેળો યોજાય છે. જેમાં પદયાત્રા દ્વારા ચાલતા અંબાજી જવાનો મહિમા હોવાથી માઇભકતો દૂર દૂરથી ચાલતા અંબાજી જાય છે. મેળા પ્રસંગે ૨૫ લાખથી વધુ યાત્રિકો દર્શનાર્થે આવે છે. યાત્રિકોને સરળતાથી સારા દર્શન થાય તે માટે તથા રહેવા, જમવા માટે અંબાજીમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે. અંબાજી જવા સારા રસ્તાઓ તથા એસ.ટી.બસો અને અન્ય વાહનોની સગવડ છે. નજીકનું રેલવે સ્ટેશન આબુરોડ ૨૦ કિ.મી.. અને પાલનપુર ૬૦ કિ.મી. છે. અંબાજી મુકામે અન્ય જોવાલાયક સ્થળો પણ છે.

અંબાજીમાં ગબ્બર પર્વત, કુંભારિયા જૈન દેરાસર, પ્રાચીન તપોભૂમિ કોટેશ્વર, કૈલાસ ટેકરી, માંગલ્યવન, માન સરોવર, કામાક્ષી મંદિર જેવા પવિત્ર સ્થાનો જોવાલાયક છે.

## • કુંભારિયા જૈન દેરાસર, અંબાજી :

અંબાજીથી બે ત્રણ કિ.મી. ના અંતરે આવેલ કુંભારિયા જૈન દેરાસરમાં ભગવાન નેમિનાથ, ભગવાન મહાવીર સ્વામી, ભગવાન પાર્શ્વનાથ, ભગવાન શાંતિનાથ અને ભગવાન સંભવનાથના પાંચ દેરાસરોના સમૂહ ધરાવતા મંદિર છે. આ માટે એવી દંતકથા છે કે, ભીમદેવ સોલંકીના સમયમાં ચંદ્રાવતીના દંડનાયક જૈન વણિક વિમલશાહએ પોતે બધે વિજય અને સફળતા મેળવ્યા પછી તેની યાદ કાયમી કરવા સફેદ આરસના સુંદર દેરાસરોનો સમૂહ બાંધવાનો વિચાર કર્યો અને એ માટે ચિત્તોડના રાણા કુંભાજીએ આરાસુરમાં માતાજીના મંદિર નજીક વસાવેલ કુંભારિયા ગામની જગ્યા પસંદ કરી. વિમળશાની પત્ની સુમંગલા અંબાજી માતાજીના પરમ ભકત હોઇ આ કામમાં માતાજીની કૃપા માટે તેઓએ પ્રાર્થના કરી. એક દિવસ માતાજીએ સ્વપ્નમાં આવી કહ્યું કે, તારી બધી ઇચ્છા પૂરી થશે, નાણાંની ખોટ નહિ પડે. વિમળશાએ સફેદ આરસના સુંદર કલા-





卐 શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન દેરાસર ડુવા 卐





કૃતિવાળા ૩૬૦ જૈન દેરાસરો બંધાવ્યા. કામગીરી પૂર્ણ થતાં વિમળશા હર્ષવિભોર બની ગયા ત્યારે બાલિકા સ્વરૂપે માતાજીએ તેમની પાસે જઇ પૂછ્યુ કે, કોની કૃપાથી મંદિરો બનાવ્યા...? વિમળશા માતાજીને ઓળખી શકયા નહિ અને બોલ્યા મારા ધર્મગુરુના પ્રતાપે. માતાજીએ ફરી ફરી પૂછતાં આ જ જવાબ મળતાં માતાજી ક્રોધિત થયા અને વિમળશાને કહ્યું વિમળ, હવે તમે અહી ના રોકાશો, નાસી છુટો વિમળશા. એટલે તેઓ નાસીને આબુ જતાં રહ્યાં. ત્યાં ભયાનક આગે દેખા દીધી અને પાંચ દેરાસરો સિવાયના બાકીના નષ્ટ થઇ ગયા. અહી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી ધર્મશાળા, ભોજનશાળા તેમજ પૂજાવિધિ માટે વ્યવસ્થા છે.

**● પસવાદળ :**

વડગામ તાલુકાનું પસવાદળ ગામ જે વર્ષો પહેલાં પુષ્પાવતી નગરી કહેવાતી હતી. તે જગાએ સ્વયંભૂ વીરનું મંદિર, અંબાજીના સ્વરૂપ એવા સક્ટામ્બિકા માતાજીનું મંદિર તથા વિરેશ્વર મહાદેવનું મંદિર આવેલાં છે. આ ઉપરાંત અન્ય પુરાતન મંદિરના અવશેષો પણ મળી આવેલા છે. ભારતભરના સહેલાણીઓ માટે દર્શનીય સ્થળ છે. સિદ્ધપુરથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલું છે. પસવાદળમાં સ્વયંભૂ વિરેશ્વર મહાદેવ દર્શનીય સ્થળ છે.

**● માણિભદ્ર વીરનું મંદિર- મગરવાડા**

વડગામ તાલુકામાં પાલનપુરથી લગભગ ૧૮ કિ.મી.ના અંતરે માણિભદ્ર વીરનું ૧,૦૦૦ વર્ષ જૂનું મંદિર આવેલું છે. આ મંદિરની લોકવાયકા મુજબ માણેકશા જૈન વાણીયા હતા જેઓ તીર્થયાત્રાએ નીકળેલા અને ગાયોને બચાવવા જતાં લુંટારાઓ સાથે અથડામણમાં તેઓ વીરગતિ પામ્યા હતા. તેમના શરીરના ત્રણ ભાગો થતાં મસ્તક ઉજ્જૈન (મધ્યપ્રદેશ) માં પૂજાય છે. ધડ આગડોલ (વિજાપુર) માં પૂજાય છે અને પગની પીડીની માણિભદ્ર વીર તરીકે મગરવાડામાં પૂજા થાય છે. દર મહિનાની સુદ પાંચમના રોજ હજારોની સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવે છે.

**● શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન તીર્થ મંદિર ડુવા, તા. થરાદ**

થરાદ અને ધાનેરા નજીક આવેલ ડુવા તીર્થનો ઇતિહાસ ભવ્ય છે. પ્રસિધ્ધ જૈન આચાર્યશ્રી બપ્પભટ્ટીસુરિજીનો જન્મ આ જ ડુવા નગરીમાં સંવત ૮૦૭માં થયો હતો. ગુરુધામ બનેલું ડુવા તીર્થધામ તરીકે પ્રસિધ્ધ થયું છે. જૈન તીર્થ સંગ્રહના ઉલ્લેખ મુજબ ડુવાનું જીનાલય ૨૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન ગણી શકાય. આ નગરીમાં કોઇ પ્રાચીન નગરી હોય તેવું માનવા પ્રેરતા અનેક પુરાવા આજે પણ ઉપલબ્ધ છે. આ તીર્થમાં ભવ્ય મંદિર ઉપરાંત જ્ઞાનમંદિર, આરાધના ભવન, અધતન ધર્મશાળા, ભોજનશાળા છે. દર વર્ષે હજારો યાત્રિકો દર્શનાર્થે આવે છે. ધાનેરાથી ૧૪ કિ.મી. તથા થરાદથી વાયા અછવાડાથી ૩૫ કિ.મી. ના અંતરે આવેલું તીર્થસ્થાન છે.

**● પ્રાકૃતિક ધામ-બાલારામ**

ગુજરાતના કાશ્મીર તરીકે ઓળખાતું બાલારામ રમણીય સૌદર્યધામ છે. પાલનપુરથી ૧૫ કિ.મી.ના અંતરે છે. પ્રકૃતિના પાલવમાં ગણાતુ આ સ્થાન યાત્રિકો માટે અનેરા આકર્ષણનું કેન્દ્ર છે. બાલારામની દંતકથા મુજબ પોતાના બાળકને ગીચ જંગલમાં ભગવાન શંકરના સાનિધ્યમાં મહાદેવના ખોળે ભૂલી ગયેલી માતા જયારે ઘણા દિવસો પછી પાછા ફરતાં પોતાનું બાળક હેમખેમ મળતાં આ સ્થળ બાલારામ તરીકે પ્રસિધ્ધ થયું. અહી બાલારામ નદીના કાંઠે ગીચ ઝાડીની રમણીયતા વચ્ચે આરસ પહાણમાંથી કંડારેલા આ મંદિર પાસે ડુંગરમાંથી વહેતા મીઠા પાણીના ઝરણામાંથી એક ઝરણું આ મંદિરમાં ગૌમુખ વાટે સતત શિવલીંગ ઉપર જળાભિષેક કરી રહ્યુ છે. અહી પર્યટકો મોટી સંખ્યામાં આવે છે.

**● પ્રાચીન જૈન તીર્થ ભીલડીયાજી મંદિર**

બનાસકાંઠા જિલ્લાના મહત્ત્વના જૈન તીર્થમાં જેની ગણના થાય છે તે ભીલડીયાજી જૈન તીર્થ ભીલડી મુકામે પાલનપુરથી ૪૫ કિ.મીના અંતરે આવેલું છે. જમીનમાંથી નીકળેલા જૈનોના તેવીસમાં તીર્થકર પાર્શ્વનાથ ભગવાનની ઇ.સ. ૧૩૩૪ ના સમયની પ્રાચીન પ્રતિમા અહી મૂળનાયક તરીકે બિરાજમાન છે. એક સમયે





આ સ્થળ ત્રંબાવટી નગરી તરીકે જાણીતું હતું. અહીં બાર ગાઉનું ભોયરૂ હતું. રેલ્વે અને રોડ માર્ગે આ સ્થળે જઇ શકાય છે.

### • ધરણીધર ભગવાન ઢીમા, તા. વાવ

વાવ તાલુકાના ઢીમા ગામે ધરણીધર ભગવાનનું પ્રાચીન મંદિર લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. આ મંદિરમાં પ્રસ્થાપિત ધરણીધર ભગવાન વિષ્ણુની મુર્તિ રાજસ્થાનના અરવલ્લીની પર્વતમાળામાંથી મળી આવી હતી. પ્રતિવર્ષ ભાદરવા સુદ-૧૧ના દિવસે મંદિરની બાજુમાં આવેલા તળાવમાં હજારો લોકો સ્નાન કરી ભગવાનની પૂજા કરે છે. દર પૂનમે અહીં મેળો ભરાય છે. ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. ૧૪૭૭ના જયેષ્ઠ સુદ-૧૧ નિર્જલા એકાદશીને મંગળવારના રોજ સેવક ગદાધર દલપતરામના હસ્તે થઇ હતી. તે દિવસ ભગવાનનો પાટોત્સવ દિવસ ગણી મોટો મેળો ભરાય છે.



### • ગંગેશ્વર મહાદેવ હાથીદરા, તા. પાલનપુર

પાલનપુરથી ૨૨  કિ.મી. ના અંતરે આવેલું હાથીદરા ગામે  ગંગેશ્વર મહાદેવનું ઐતિહાસીક તેમજ પૌરાણિક મંદિર આવેલું છે. આ વિસ્તારના લોકોની અનેરી શ્રધ્ધાનું ધામ  છે. આ સ્થળના મહિમા વિશે લોકમાન્યતા અનુસાર  ત્રેતાયુગમાં ભગવાન રામના સમયમાં મહાઋષિ ચ્યવનનો અહીં આશ્રમ હતો. દ્વાપર યુગમાં પાંડવો જયારે વનવાસમાં હતા ત્યારે નિત્ય શિવપૂજનનો મહિમા હોવાથી અહીંયા શિવાલયની સ્થાપના કરી હતી.

### • જૈન તીર્થસ્થાન ભોરોલ, તા. થરાદ

ગુજરાતના અનેક જૈન તીર્થોમાં બાવીસમા તીર્થકર શ્રી નેમીનાથ ભગવાનનું એક તીર્થ ગિરનાર છે અને બીજું બનાસકાંઠા જિલ્લામાં થરાદ તાલુકામાં આવેલ તીર્થ ભોરોલ છે.  ભગવાનની શ્યામવર્ણી પ્રતિમા દર્શનીય છે. થરાદથી ૨૨ કિ.મી.ના અંતરે આવેલું છે. અગિયારથી સોળમાં સૈકા દરમિયાન આ જગ્યા પર

પાંચ માઈલના ઘેરાવામાં પીપલપુર પટ્ટણ નામે સમૃધ્ધ નગરી હતી. જેમાં ૬૦ કરોડપતિઓ વસતા હોવાની દંતકથા છે. આ પવિત્ર ભૂમિ ઉપર ૫૦૦ મુનિઓને આચાર્યપદ આપવામાં આવ્યું હતું.

**• જૈન તીર્થ મંદિર રામસણ, તા. ડીસા**

ડીસાથી ધાનેરા રોડ ઉપર રમુણ ગામથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ રામસણ તીર્થ દર્શનીય છે. અતિ પ્રાચીન જૈન પુરાવશેષો ધરાવતા આ નગરમાં આશરે ૨૨૦૦ વર્ષ પૂર્વે સંપ્રતિ મહારાજાએ જિનબિંબ ભરાવી જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. દસમી સદીમાં રામસૈન્યના મહારાજા રઘુસેને સંવંત ૧૦૮૪માં જૈનાચાર્ય સંઘદેવસુરી મહારાજાના હસ્તે આ દેરાસરનો જિર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા કરાવી હતી. દશમી સદીમાં રામસણ નજીકના ડુવા અને ભીલડિયાજી ત્રણેય તીર્થને જોડતો ૫૦ કિ.મી. જેટલો ભૂમિવર્ગ-ભોયરું હતું તેમ કહેવાય છે.

**• રીંછ અભયારણ્ય જાસોર હિલ, તા. અમીરગઢ**

પ્રકૃતિપ્રેમીઓ અને પર્યાવરણવિદોને આકર્ષતો અહીંનો ૧૮૦.૬૬ ચો.કિ.મી.પર્વતીય વિસ્તાર રીંછોના અભયારણ્ય તરીકે જાહેર થયેલો છે. અરવલ્લીની પર્વતમાળાઓમાં આવેલા આ વિસ્તારમાં કેદારનાથ મહાદેવનું પ્રાચીન મંદિર છે. આ સ્થળ પાલનપુરથી ૩૫ કિ.મી.ના અંતરે ઈકબાલગઢ હાઈવે રોડથી ૮ કિ.મી.ના અંતરે આવેલું છે. ડુક્કરની પીઠ આકારનો જાસોર પર્વત ૧૦૬૭ મીટરની ઊંચાઈ ધરાવે છે. કેદારનાથ મહાદેવનું મંદિર મહાભારત યુગનું છે. જાસોરની નજીક અમીરગઢની હદ પુરી થતા ચંન્દ્રાવતી નામે પૌરાણિક નગરી હતી તેના ખંડેર જોવા મળે છે. જાસોરના રસ્તે બાલુન્દ્રા પાસે બનાસ નદીના કિનારે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ સ્થળે વન વિભાગ તરફથી રહેવા, જમવાની સગવડ છે. આ ભરપુર વન્યસંપતિમાં રીંછ, દીપડા, જંગલી બીલાડી, વરૂ, ઝરખ, શાહુડી, વાંદરા, સસલા, લોમડી, શિયાળ, નાર, નિલગાય જેવા વન્યપ્રાણીઓ તેમજ અનેક સરીસૃપ અને લગભગ ૨૦૦ જેટલી જાતના પક્ષીઓ મુકતપણે વિચરણ કરે છે

**• કપિલેશ્વર મહાદેવનું મંદિર, તા. વાવ**

વાવથી ૬ કિ.મી. દૂર વીડમાં કપિલેશ્વર મહાદેવનું ભવ્ય અને પુરાતન મંદિર આવેલું છે. આ મંદિર પાંચ હજાર વર્ષ પહેલા મહાભારતના સમયમાં ચાર વેદના જાણકાર મહર્ષિ કપિલમુનિએ બંધાવ્યું હતું. વનવાસ દરમિયાન પાંડવો પણ કેટલોક સમય અહી રોકાયા હતા. મંદિરનો જિર્ણોધ્ધાર સવંત ૧૮૩૩ માં થયો હતો.

**• કટાવધામ, તા. વાવ**

ભાભરથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલું આ ધામમાં રાઘવેન્દ્ર ભગવાનનું મુખ્ય મંદિર પ્રાચીન છે. બાજુમાં સદગુરુ મંદિરમાં ખાખીજી મહારાજની ચાખડીઓ, તુલસીની હજારીની માળા તથા સીતારામ મહારાજની પ્રતિમા છે. પુજય શ્રી ખાખીજી મહારાજ આંબલીને જટા બાંધીને રાત્રે ભજન કરતા અને આંબલીને વધવા ન દેતા તે દંતકથાની બાળ સ્વરૂપે એ આંબલી હાલ હયાત છે. પોષ સુદ પૂનમથી ત્રીજ સુધી અને ચૈત્ર માસમાં રામનવમીથી તેરસ સુધી મોટો ઉત્સવ થાય છે.

**• પ્રાચીન અને પવિત્ર ધામ કોટેશ્વર મંદિર - અંબાજી**

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ કોટેશ્વર મંદિર પૌરાણિક છે. આ સ્થાનનો મહિમા અનન્ય છે. અહી સરસ્વતી નદીનું ઉદ્દગમ સ્થાન છે. અહી વાલ્મિકી આશ્રમ આવેલો છે. રામાયણ લેખનનો પ્રારંભ અહીંથી જ થયાની માન્યતા છે. આ સ્થળ તપોભૂમિ ગણાય છે. અંબાજી દર્શનાર્થે જવાનું થાય ત્યારે આ સ્થળની મુલાકાત લેવા જેવી છે.



**• મોકેશ્વર મહાદેવ, તા. વડગામ**

વડગામ તાલુકામાં મોકેશ્વર મુકામે સરસ્વતી નદી ઉપર બનાવેલ ડેમ સાઈટ વિસ્તારમાં મુકતેશ્વર મહાદેવનું



મંદિર આવેલું છે. ભગવાન શ્રીકૃષ્ણએ આ ભૂમિ ઉપર આવીને પાંડવો દ્વારા તેમના પિતાનું શ્રાધ્ધ કરાવીને મુકિત અપાવેલી એટલે આ સ્થળ મુકતેશ્વર તરીકે ઓળખાય છે. પહાડોના કુદરતી સૌંદર્ય વચ્ચે નદી કિનારે આવેલા આ પવિત્ર સ્થાનમાં પિતૃશ્રાધ્ધ કરવાનો મહિમા છે.

### • પ્રાચીન મુળેશ્વર મહાદેવ મંદિર પાડણ, તા. વાવ

ઈ.સ. ૯૪૨ થી ૯૯૭ના સમયગાળામાં વાવથી ૨૪ કિ.મી.ના અંતરે પાડણ ગામે રાજા મૂળરાજ સોલંકીએ બંધાવેલ અતિ પ્રાચીન મૂળેશ્વર મહાદેવનું મંદિર શ્રધ્ધાળુઓ માટે દર્શનીય સ્થળ છે.

### • નડેશ્વરી માતાનું મંદિર નડાબેટ તા.વાવ



વાવ તાલુકાના સુઈગામથી ૨૦ કિ.મી. દૂર જલોયા ગામ પાસે સૈનિક છાવણીના સ્થળ નડાબેટ ખાતે નડેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. બી.એસ.એફ કેમ્પના જવાનો શ્રધ્ધાથી માતાજીની પૂજા કરે છે. એક દંતકથા મુજબ જૂનાગઢના રાજા રા'નવઘણે પોતાના વિશાળ લશ્કરી કાફલા સાથે પોતાની બહેન જાસલને સિંધના મુસલમાન રાજાની કેદમાંથી છોડાવવા આક્રમણ કરેલ ત્યારે માતાજીએ વિજયના આશીર્વાદ આપેલા. નડાબેટ એક ઐતિહાસિક પ્રાચીન બેટ છે. દર વર્ષે ચૈત્ર વદ નોમને દિવસે નડેશ્વરી માતાના મેળામાં હજારો ભાવિકો દર્શનાર્થે આવે છે.

### • નાના અંબાજી મંદિર સણાદર, તા. દિયોદર

પાલનપરથી રાધનપુર-ભુજ હાઈવે તરફ જતા હાઈવે રોડ ઉપર આવેલ ખીમાણાથી ૧૫ કિ.મી.ના અંતરે અને સણાદર હાઈવેથી ૪૦૦ મીટર દૂર આ પ્રાચીન મંદિર છે. આ મંદિરની પ્રતિષ્ઠા ૧૦૦૦ વર્ષ પહેલા બ્રહ્મભટ્ટ સમાજની એક કુમારીકા દ્વારા કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં અંબાજી પછી બીજા નંબરનું પ્રાચીન મંદિર મનાય છે.

### • શ્રી ઓઘડનાથજી(દેવદરબાર), તા. કાંકરેજ

કાંકરેજ તાલુકામાં આ પંથકના આરાધ્ય દેવ સમા શ્રી ઓઘડનાથજી મહારાજે તપ તેમજ ભજન, સત્સંગ

સમગ્ર પંથકમાં પ્રસરાવેલ. તેઓ પોતે જ દેવદરબારના મુળ નકળંગ ભગવાનના મંદિરના સ્થાપક ગણાય છે. મૂળ નેપાળ નરેશના રાજવી કુટુંબમાં જન્મેલા આ બાળકે ૧૨ વર્ષની ઉમરે ઘરસંસાર છોડી ભગવાનમાં મન પરોવવા ચાલી નીકળેલા. ફરતા ફરતા જૂનાગઢ આવી ચડેલ ત્યા તેમનો ભેટો ગુરુ સદાનંદ સાથે થયેલ. તેમણે સદાનંદજીને ગુરુ માની બ્રહ્મગીરીજી નામ અંગીકાર કરેલ જે પાછળથી ઓઘડનાથજી તરીકે પ્રસિદ્ધ થયા. થરાથી દિયોદર તરફ જતા ૧૦ કિ.મી.ના અંતરે આવેલું આ એક રળિયામણી તેમજ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્થળ છે.

## • શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ જૈન મોટા દેરાસર-પાલનપુર

અકબર બાદશાહના પ્રતિબોધક જગદ્‌ગુરુશ્રી હિરવિજયજી મહારાજની જન્મભૂમિ પાલનપુર શહેરની મધ્યમાં પ્રસિદ્ધ જૈન દેરાસર શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ દેરાસર એક સુંદર અને ભવ્ય જિનાલય છે. જિનાલયની મધ્યમાં પાલનપુરના સ્થાપક પ્રહલાદન દેવની પ્રતિમા જોવા મળે છે.

## • ગોગ મહારાજનું મંદિર સેંભર, તા. વડગામ

વડગામ તાલુકાના સેંભર ગામે ગોગ મહારાજનું એક સરસ મંદિર આવેલું છે. મંદિરની દંતકથા મુજબ હજારો વર્ષ પહેલા સેંભર નગરી હતી. રજપૂત રાજા રાજ કરતા હતા. નગરીનો નાશ થતા આ મંદિરની મૂર્તિ સરસ્વતી નદીમાં પડેલી. ચાણસોલ ગામના પટેલો બળદગાડામાં આવતા હતા. તેમના બળદગાડાને મૂર્તિનો સ્પર્શ થતા બળદગાડું ત્યાં જ સ્થિર થઇ ગયું હતું. આ મંદિર આશરે ૨૦૦૦ વર્ષ જૂનું છે.

## • સિધ્ધામ્બિકા માતાજી, જૂના ડીસા

ડીસાથી પાંચ કિ.મી.ના અંતરે આવેલા જૂના ડીસામાં સિધ્ધામ્બિકા માતાજીનું મંદિર છે. બાદશાહ અલાઉદ્દિને સૈન્ય સાથે ડીસા ઉપર આક્રમણ કર્યુ હતું. સિધ્ધામ્બિકા માતાજીનું પ્રતિક બે કટારો હતી. મૂર્તિ ન હતી. કટારોની નીચે ધન હશે તેમ માની તેની નીચેનો પર્વતવાળો ભાગ ખોદવા માંડયો. ખોદકામ સમયે સૈન્યમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો ઘણીખરી સેના મરણને શરણ થઇ. તેથી ગભરાઇને માતાજીની કટારો ઘોરી નામના મુસલમાનને સોંપીને બાદશાહ નાસી ગયો. ત્યારબાદ આસપાસના લોકોએ માતાજીની પ્રતિષ્ઠા કરી.







# મહેસાણા જિલ્લાની અસ્મિતા

## ● આમથેરમાતા મંદિર સમૂહ : વડનગર

- સ્થળ નિર્દેશ : વડનગર રાજ્ય પરિવહન માર્ગ સાથે સંકળાયેલું છે.
- રેલવે માર્ગે અમદાવાદ - તારંગા તથા અમદાવાદ ખેરાલુ માર્ગે વડનગર સ્ટેશન છે.
- જ્યારે રાજ્ય પરિવહન બસો દ્વારા અમદાવાદ - તારંગા, અમદાવાદ- ખેરાલુ માર્ગ દ્વારા જોડાયેલું છે.
- અન્ય શહેરોથી અંતર : અમદાવાદથી : ૧૨૦ કિ.મી., તાલુકા મથક ખેરાલુથી : ૧૨ કિ.મી., વિસનગર ૧૫ કિ.મી., તારંગા હીલથી : ૩૫ કિ.મી., મહેસાણાથી : ૩૦ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ● ઐતિહાસિક પાશ્વભૂમિકા :

ઐતિહાસિક અને પૌરાણિક ઉલ્લેખોમાં નગર, આનર્તપુર, આનંદપુર, ચમત્કારપુર, વૃદ્ધનગર તેમજ પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુ-એન-સંગે પોતાના 'સિયુકી' નામના ગ્રંથમાં જેનો ઓ-ન-તો-પુ-લો તરીકે ઉલ્લેખ કરેલ છે તે આજનું વડનગર. (૨૦° ૪૬'' ૭૨° ૩૭'') પ્રાચીન કાળમાં ગુજરાતને માળવા, સૌરાષ્ટ્ર, રાજપૂતાના, દખ્ખણ વગેરે પ્રદેશો સાથે સાંકળતું એક મહત્ત્વનું સાંસ્કૃતિક કેન્દ્ર હતું. પુરાતત્ત્વીય દષ્ટિએ જોતાં વડનગરના પ્રાચીનમાં પ્રાચીન પુરાવશેષો મૌર્યકાળના મળે છે. આ ઉપરાંત મૈત્રક રાજવીઓ (ઈ.સ. ૪૭૦-૭૮૮) કલચૂરી, પરમાર, સોલંકી દાનશાસનો વગેરેમાંથી પણ વડનગરના ઉલ્લેખો મળે છે. શર્મિષ્ઠા તળાવને દક્ષિણ અને પશ્ચિમ કિનારે વસેલ વડનગરને ફરતે સોલંકી રાજા કુમારપાલે (ઈ.સ. ૧૧૫૨) કોટ કરાવ્યો હતો.

ગુજરાતના શિલ્પ-સ્થાપત્ય કલાના ઈતિહાસમાં પ્રાક - સોલંકી અને સોલંકી કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ ધરાવતું વડનગર એક સીમાચિહ્નન છે, જેમાં પ્રસિદ્ધ તોરણો ઉપરાંત શિલ્પ - સ્થાપત્ય કલાની દષ્ટિએ આમથેર માતા અને તેના પ્રાંગણમાં આવેલા અન્ય મંદિરો મહત્ત્વનું સ્થાન ધરાવે છે, જે (મંદિરો) રાજ્ય પુરાતત્ત્વ ખાતા દ્વારા રક્ષિત સ્મારકો છે.

## ● આમથેર માતા અને અન્ય મંદિરો - પરિચય :

વડનગરમાં આમથેર દરવાજા પાસે વિશાળ પ્રકારથી આરક્ષિત આમથેર (અંબાજી) માતાના મંદિર સમૂહમાં મધ્યમાં સમૂહનું મુખ્ય પશ્ચિમાભિમુખ મંદિર ગર્ભગૃહની પૃષ્ઠભાગે પૂર્વ તરફના ત્રણ તથા મુખ્ય પ્રવેશદ્વારની પાછળનું વિષ્ણુ મંદિર મળી કુલ પાંચ મંદિરો આવેલા છે. આ મંદિર સમૂહ પ્રાક - સોલંકી અને સોલંકીકાળના શિલ્પ-સ્થાપત્યના મહત્ત્વના નમૂના છે. જેમ્સ બર્જેસે પોતાના પુસ્તક (Architectural Antiquities of Northern Gujarat)માં મુખ્ય મંદિરની પાછળના સમયમાં કરાયેલ સુધારા - વધારા અને રંગકામ સાથે જોવા મળે છે. મંદિરની દ્વારશાખના રૂપસ્તંભમાં વિષ્ણુના દશાવતારના શિલ્પના આલેખન જોવા મળે છે.

મંદિરના ગર્ભગૃહની બાહ્ય દીવાલો, નાસિકા સાદી હોવા છતાં દક્ષિણ, પૂર્વ અને ઉત્તર ભદ્ર ગવાક્ષમાં આવેલ મહિષમર્દિની, પંચાગ્નિતપ પાર્વતી અને પાર્વતીના સ્વરૂપની પ્રતિમાઓ તેનાં વસ્ત્રાલંકરણ અને કલા શૈલીની દષ્ટિએ મહત્ત્વની છે.

મુખ્ય મંદિરના ગર્ભગૃહની પાછળની હરોળમાં વિદ્યમાન ત્રણ મંદિરો પૈકી પ્રથમ મંદિર વિષ્ણુ મંદિર છે. જે ગર્ભગૃહની દ્વારશાખ પરના દશાવતાર શિલ્પો તથા ભદ્રગવાક્ષની વિષ્ણુની અવતાર પ્રતિમાઓ પરથી ફલિત થાય છે. સમચોરસ ગર્ભગૃહ પર પંચરથ તલમાન છે. પંચશાખ દ્વારના રૂપસ્તંભો વિષ્ણુના દશાવતારના



શિલ્પ છે. લલાટ બિંબમાં ગણેશ છે. તેની ઉપરની પટ્ટીમાં માલધર ઉપર નવગ્રહપટ્ટ અને ટોચ પર ગ્રાસપટ્ટી છે. દ્વારશાખની આગળ બન્ને બાજુ આવેલ અર્ધસ્તંભ શિલ્પાલંકરણની દૃષ્ટિએ મંદિરનું એક આકર્ષક અંગ છે, જેમાં ગ્રાસમુખમાંથી નિષ્પન્ન ઘંટા-સાંકળીની નીચે ઉદ્‌ગમ મંડિત ગવાક્ષમાં દ્વારપાલના શિલ્પ છે. મંદિરના દક્ષિણ, પૂર્વ અને ઉત્તરના ભદ્રગવાક્ષોમાં અનુક્રમે વરાહ, ત્રિમૂર્તિ અને નૃસિંહના શિલ્પ છે.

પાછલી હરોળના ત્રણ મંદિરો પૈકી લંબચોરસ ગર્ભગૃહયુક્ત મધ્યનું આ મંદિર શક્તિમંદિર હોવાનું ભદ્રગવાક્ષની દેવીના વિવિધ સ્વરૂપની પ્રતિમાઓ પરથી જણાય છે. ત્રિરથ તલમાનયુક્ત ગર્ભગૃહની બાહ્ય દીવાલો સાદી છે. મંદિરના ગર્ભગૃહની ત્રણ બાજુ મૂર્તિઓની સ્થાપના માટેની પીઠિકા છે. જેથી શક્ય છે કે આ સપ્તમાતૃકા મંદિર હશે. મંદિરના દક્ષિણ, પૂર્વ અને ઉત્તરના ભદ્રગવાક્ષોમાં અનુક્રમે ચામુંડા, યોગેશ્વર, શિવ અને દુર્ગાના શિલ્પો છે.

આ હરોળનું ત્રીજું આ મંદિર ચોરસ ગર્ભગૃહ ધરાવે છે. મંડોવરના દક્ષિણ, પૂર્વ અને ઉત્તરના ભદ્રગવાક્ષોમાં સપ્તાશ્વ રથારૂઢ દ્વિભૂજ સૂર્યની પ્રતિમાઓ છે. ગવાક્ષના સાદા ચોરસ સ્તંભોની ઉપર ચૈત્યાંકનયુક્ત ઉદ્‌ગમ છે. આ મંદિરની દ્વારશાખ તેના અલંકરણની દૃષ્ટિએ વિષ્ણુમંદિરની દ્વારશાખ સાથે મહદ્‌અંશે સામ્ય ધરાવે છે.

પ્રાક - સોલંકી કાલિન મંદિરના નમૂનારૂપે આ મંદિર સમૂહના મંદિરોમાં લગભગ સંપૂર્ણ સ્થિતિમાં સચવાયેલ ઉત્તરાભિમુખ પ્રવેશદ્વારની પાછળની જમણી બાજુ ખૂણામાં આવેલું છે. તલદર્શનની દૃષ્ટિએ મંદિર ગર્ભગૃહ અને અર્ધમંડપનું બનેલું છે જે ગર્ભગૃહની આગળના ભાગે સચવાયેલ સમતલ ભાગ પરથી જણાય છે. પંચરથ તલમાન ધરાવતા મંદિરને ઉર્ધ્વદર્શન જોતાં સાદીભીટ્ટ પર કર્ણપીઠ, કુંભો, કલશ કેવાલની ઉપર સાદી જંઘા છે. જેની ટોચ પર ગ્રાસપટ્ટી, આંતરપટ્ટીકા અને કેવાલ તથા ઉપર છાદ્ય છે. છાદ્યની ઉપર મધ્યની રથિકા વિવિધ દેવ-દેવી શિલ્પોથી અલંકૃત છે. રથિકાની ઉપર ઉરુશૃંગ અને કર્ણ ઉપર શૃંગિકાઓ છે. રથિકાની ઉપર ઉરુશૃંગ, શૃંગિકાઓ જાલક નામે ઓળખાતી ભાતથી સુશોભિત છે જે નાગરશૈલીનું સૂચક છે. બન્ને બાજુ ગોળ સ્તંભિકાઓ અને ઉદ્‌ગમમંડિત પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમના ભદ્રગવાક્ષોમાં વિષ્ણુ પ્રતિમાઓ આવેલી છે.

### • સમયાંકન :

આ મંદિર સમૂહના સમયાંકન અંગે અત્યાર સુધી અનેક વિદ્વાનોએ પોતાના અભ્યાસપૂર્ણ તારણો આપેલા છે. જે મુજબ આ મંદિર સમૂહને તેના શિલ્પ - સ્થાપત્યની શૈલીના આધારે ઈ.સ.ની ૮મી સદીથી ઈ.સ.ની ૧૩મી સદી સુધીના સમયગાળામાં મૂકવામાં આવેલું છે. છતાં મૂળ મંદિર સમૂહ તેની શિલ્પ - સ્થાપત્યકલા શૈલીને આધારે ઈ.સ.ની ૮-૯મી સદીમાં મૂકી શકાય. જ્યારે પ્રવેશદ્વારની પાછળના ભાગે આવેલ વિષ્ણુમંદિર સોલંકી કલાની શરૂઆતનું એટલે કે ઈ.સ.ની ૧૦મી સદીનું હોવાનું જણાય છે. વધુમાં હાલના પ્રાસાદની બહારના ભાગે દક્ષિણ તરફ મૂળ મંદિરની જગતી, પ્રનાલ વગેરેના અવશિષ્ટ ભાગો પણ મંદિરના અભ્યાસ - સમયાંકન માટેની મહત્ત્વની કડી પૂરી પાડે છે.



### • શક્તિ કુંડ - આખજ :

મહેસાણા જિલ્લા-તાલુકામાં જિલ્લા મુખ્ય મથકથી દક્ષિણ-પૂર્વમાં ૯ કિ.મી.ના અંતરે આખજ ગામ આવેલું છે. આખજ ગામ અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગરથી ધોરી માર્ગથી જોડાયેલું છે.

આખજ ગામથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં શક્તિકુંડ તરીકે ઓળખાતો આ કુંડ આવેલો છે, જેનું નિર્માણ રેતિયા પથ્થરમાંથી થયેલું છે. તલદર્શનની દૃષ્ટિએ મધ્યમાં કૂપ ધરાવતો આ કુંડ ચોરસ ઘાટનો (ચતુરસ્ત્ર) અને ભદ્રક શ્રેણીનો છે. કૂપની ફરતે ખૂણાઓમાં કોણ સોપાન શ્રેણી અને વચ્ચોવચ્ચ સવ્યાપસવ્ય કે દ્વિપથી સોપાન (બંને બાજુ પગથિયાં) શ્રેણી ધરાવતી પટ્ટશાલની ચોરસ રચના ધરાવે છે. આવા પાંચ મજલા કે પંચ ભૂમિકા ધરાવતાં કુંડની દીવાલો તથા દ્વિપથી સોપાન નીચે, મધ્ય ભાગે લંબવર્તુળ સ્તંભિકાઓ ઉપર ઉદ્‌ગમ મંડિત ગવાક્ષો સૌંદર્યમાં ઉમેરો કરે છે. ક્રમશઃ નાના થતાં ચોરસ અને કુંડના ગવાક્ષ-સોપાન શ્રેણીની સંરચનાનું



વિહંગાવલોકન કરતાં તારાકૃતિનો ઘાટ નીપજાવે છે. ભિત્તિકાઓની મધ્યમાં સન્મુખે મહદ્અંશે મોટા ક્ષિતિજસમ લંબચોરસ ગવાક્ષોની રચના છે. જ્યારે બાકીના ગવાક્ષ ઊભા ઘાટના છે. સમગ્રતયા કુલ : ૬૮ ગવાક્ષ પૈકી ૧૨ લંબચોરસ ગવાક્ષ પ્રતિમા સમૂહ માટે અને બાકીના ગવાક્ષ એક જ મૂર્તિ માટે બનાવેલ જણાય છે. આમ કુંડનું સ્થાપત્યકીય સ્વરૂપ વાસ્તુશાસ્ત્રની સાથે-સાથે સ્થાપત્યનાં નિખારમાં પણ સૌંદર્યલક્ષી દૃષ્ટિકોણની ભારતીય શિલ્પ અને વાસ્તુકલાના દર્શન કરાવે છે.

## • શિલ્પ સમૃદ્ધિ :

કુંડ વર્તમાન સ્વરૂપે રાજ્ય પુરાતત્ત્વ ખાતા દ્વારા સમયાંતરે હાથ ધરાયેલ પુરારક્ષણ કાર્યોનું પરિણામ છે. કુંડના ઘણા ગવાક્ષ શિલ્પ વિહિન હોવા છતાં જે કોઈ શિલ્પો હાલમાં ગવાક્ષોમાં તેમજ કુંડની બહાર છૂટા મૂકાયેલ છે,તે કુંડની શિલ્પસમૃદ્ધિ જ નહીં, પરંતુ તેમાં જોવા મળતાં વૈવિધ્યને કારણે શિલ્પકલા અને શિલ્પશાસ્ત્રનાં રસિકો, અભ્યાસુઓ માટે તીર્થસ્થળ સમાન છે. વિદ્યમાન શિલ્પોમાં ગણેશના વિવિધ સ્વરૂપોના શિલ્પો, ભગવાન વિષ્ણુ, ઈન્દ્ર, બ્રહ્મા, કાર્તિકેય, શીતળામાતા, લક્ષ્મી, મહિષાસૂરમર્દિની, હરિહરાર્ક, ભૈરવ, સૂર્ય, દિક્પાલ અગ્નિ, યમ, વરુણ, કુબેર વગેરે ઉપરાંત ભગવાન વિષ્ણુના દશાવતાર પૈકી મત્સ્ય, કૂર્મ, વરાહ અવતારની પ્રતિમાયુક્ત ખંડિત પટ્ટ, કૂવામાંથી ગાર કાઢવાના કાર્ય દરમિયાન નીકળેલ પારેવા, પથ્થરની શેષશાયી ભગવાન વિષ્ણુની પ્રતિમા નોંધપાત્ર છે. ભગવાન શ્રી ગણેશનાં વિવિધ સ્વરૂપની પ્રતિમાઓ રક્ષકદેવની સાથે-સાથે તંત્રની અસર સૂચવે છે. કુંડની બહાર આવેલ પુરાવશેષોમાં ગજલક્ષ્મીનાં શિલ્પયુક્ત તોરણનો ભાગ કુંડ પાસે અગાઉ તોરણ સાથે શક્તિ મંદિર હોવાની સંભાવના દર્શાવે છે અને આ જ કારણે કુંડ, શક્તિકુંડ, નામથી પ્રસિદ્ધ થયેલ હોય તેમ જણાય છે. શિલ્પોની કલાશૈલીના આધારે કુંડ ઈસુની ૧૩-૧૪મી સદીનો હોવાનું જણાય છે.

આ સ્મારક ગુજરાતનાં પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો તથા અવશેષોના સને ૧૯૬૫ના ૨૫મા



અધિનિયમ હેઠળ સને ૧૯૭૦માં રાજ્ય રક્ષિત સ્મારક તરીકે જાહેર થયેલો છે.

રક્ષિત સ્મારકથી ૧૦૦ મી. વિસ્તાર પ્રતિબંધિત અને ત્યાર બાદનો ૨૦૦ મી. વિસ્તાર નિયંત્રિત જાહેર થયેલો છે. આ વિસ્તારમાં બાંધકામ માટે રાજ્ય પુરાતત્ત્વ ખાતાનું ના-વાંધા પ્રમાણપત્ર અનિવાર્ય છે.

## • બુટાપાલડી - શિતળા માતાનું મંદિર :

મહેસાણા જિલ્લા-તાલુકામાં આવેલું બુટાપાલડી મહેસાણા-ઊંઝા માર્ગ પર મહેસાણાથી ૮ કિ.મી.ના અંતરે અને મુખ્ય માર્ગથી ૩ કિ.મી.ના અંતરે આ ગામ આવેલું છે. મહેસાણા તથા ઊંઝાથી રાજ્ય પરિવહન બસ સેવા દ્વારા પાકા માર્ગથી સંકળાયેલ આ ગામ સુધી જઈ શકાય છે.

બુટાપાલડી ગામથી પશ્ચિમે મંદિર આવેલું છે, જે રેતિયા પથ્થરમાંથી નિર્માણ પામેલ છે. ગર્ભગૃહ, અંતરાલ અને લઘુમંડપ જેવા વિવિધ અંગો ધરાવતા આ મંદિરનું ગર્ભગૃહ ચોરસ છે. જ્યારે કે મંડપ લંબચોરસ છે. ગર્ભગૃહની પીઠમાં વિવિધ થરોના દર્શન થાય છે. પીઠમાં કંડારેલ ગજથર, નરથર એ આકર્ષણ ધરાવતાં મહત્ત્વનાં થરો છે. આ થરોની રચનાને કારણે સ્થાપત્યની દૃષ્ટિએ પીઠને મહાપીઠ તરીકે ઓળખાવી શકાય. નરથરમાં માનવજીવનના વિવિધ પ્રસંગોના આલેખન છે. જેમાં હાથી, સિંહ, ભૂંડ, ગાય વગેરે પ્રાણીઓનું સુંદર આલેખન જોવા મળે છે. પીઠની ઉપર આવેલ કુંભાના થરની મધ્યમાં ચતુર્ભુજ દેવીની પ્રતિમા છે. દેવીના ઉપલા બંને હાથમાં પદ્મ છે. નીચેનો જમણો હાથ વરદ મુદ્રામાં અને ડાબા હસ્તમાં કમંડળ ધારણ કરેલ છે. દેવી શિલ્પની બંને બાજુ ગોળ નાની સ્તંભિકા છે. સ્તંભિકાની ઉપરનો ભાગ કમાનાકારથી વિભુષિત છે. કુંભના થરની ઉપર ક્રમશઃ કળશ અને રૂપપટ્ટીકાનો થર છે. રૂપપટ્ટીકા ચૈત્યભાતથી સુશોભિત છે.

મંદિરનો મધ્ય ભાગ એટલે કે જંઘાનો ભાગ પ્રચૂર શિલ્પકલાથી વિભુષિત છે, જેમાં વિવિધ દેવ, દેવીઓ, દિક્પાલ, વિવિધ અંગભંગીમાં અપ્સરા, નૃત્યાંગનાઓ વગેરેના શિલ્પોનું આલેખન છે. જેમાં દર્પણકન્યા, સદ્યસ્નાતા વગેરેના શિલ્પો અતિ મોહક જણાય છે. જંઘામાં દક્ષિણ બાજુમાં દીવાલના મધ્યમાં આવેલ ગોખમાં દેવી દુર્ગાની પ્રતિમા છે. જ્યારે કે પશ્ચિમ તથા ઉત્તર બાજુની દીવાલના મધ્ય ભાગના ગોખમાં મહિષાસુરમર્દિનીની પ્રતિમા છે. આ સમગ્ર પટ્ટમાં કંડારેલ શિલ્પોનું દેહ લાલિત્ય કંઈક અંશે પાટણની રાણીની વાવના શિલ્પોની યાદ અપાવે છે. જો કે સમયાંકનની દૃષ્ટિએ આ મંદિર એક સૈકો પાછળ છે, છતાં કલા-શૈલી એટલી જ આકર્ષક છે.

મંદિરનું શિખર નાની-મોટી શિખરીઓથી વિભૂષિત છે. શિખર ઉપર જાલકભાત સોલંકી સમયની નાગર કલા-શૈલીનો પરિચય કરાવે છે. મંદિરના ગર્ભગૃહની અંદર પીઠીકા ઉપર દેવી શિલ્પ છે. ગર્ભગૃહના પ્રવેશની બંને બાજુએ આવેલ દ્વારશાખની મધ્યની રૂપશાખમાં અર્ધપર્યંકાસન મુદ્રામાં અંકિત શિલ્પો લક્ષ્મીજીના છે. લલાટ બિંબમાં મધ્યે ગણેશજી છે, ઉદુમ્બરમાં ઉત્તર બાજુ કુબેર તથા દક્ષિણ તરફ ગણેશ કંડારેલ છે. મંદિરની જંઘા, કુંભા, શિખર, દ્વારશાખ વગેરે ભાગોમાં દેવી શિલ્પોની પ્રાધાન્યતા હોઈ આ મંદિર શક્તિ મંદિર હોવાનું જણાય છે.

મંદિરના પ્રવેશ મંડપની બંને બાજુએ આવેલ કક્ષાસનના સ્તરોમાં પણ વિવિધ સ્વરૂપ ધરાવતાં દેવી શિલ્પો, ફૂલવેલ, ભૌમિતિક ભાત વગેરે કંડારેલ છે. એ જ રીતે મંડપની વિતાન નીચે પટ્ટ કિચકનાં શિલ્પો ધરાવતી શાલભંજિકાનાં શિલ્પોથી અલંકૃત છે.

મંદિર પ્રમાણમાં નાનું છે. છતાં શિલ્પકલાની દૃષ્ટિએ અતિ સ્મૃદ્ધ છે. મહેસાણા જિલ્લાના ૧૨મા શતકમાં નિર્માણ પામેલ આસોડાના જશમલનાથ મહાદેવના ગૌણ મંદિરો તથા ખંડોસણ સાથે નિકટનું સામ્ય ધરાવે છે.



## • મોઢેરાનું સૂર્યમંદિર :

અમદાવાદથી સાબરમતી-મહેસાણા જતાં માર્ગ ઉપર બહુચરાજીથી આગળ મોઢેરા આવેલું છે. અમદાવાદથી મહેસાણા ૭૮ કિ.મી. અને મહેસાણાથી મોઢેરા ૨૫ કિ.મી. દૂર છે. સોલંકી યુગ ગુજરાતનો સુવર્ણ યુગ છે, જેમાં ગુજરાતની સ્થાપત્યકલા સંપૂર્ણ વિકસિત કક્ષાએ પહોંચી છે. તત્કાલીન મંદિર સ્થાપત્યોમાં વિશ્વવિખ્યાત મોઢેરા સર્વોત્તમ કલારત્ન છે. ગુજરાતના પ્રાચીન સ્થપતિઓનું પથ્થરમાં કંડારાયેલું ભવ્ય સ્વપ્ન છે. એમ તેનું

કંડારકામ આજે પણ બોલે છે.

આ યુગનું એક માત્ર મંદિર તેની તવારીખની નોંધ સાથે ઊભું છે. મંદિરના ગર્ભગૃહની અંદર પાછળની ભીતમાં સંવત ૧૦૮૩ના તેમ સ્પષ્ટ વંચાય છે. એટલે કે ઈ.સ. ૧૦૨૭માં સોલંકી રાજા ભીમદેવ પહેલાનાં સમય (૧૦૨૨થી ૬૬)માં આ મંદિરની રચના થઈ હશે. પ્રબંધ ચિંતામણિ ગ્રંથમાં ભીમદેવને ત્રિપૂરાપ્રાસાદ બંધાવનાર તરીકે વર્ણવાયા છે. તેણે મહમૂદ ગઝનીથી ખંડિત થયેલા સોમનાથના મંદિરને પણ સમરાવ્યું હતું. તેની રાણી ઉદયમતીએ પાટણમાં રાણીની વાવ બંધાવી. તેના પ્રધાન વિમળે આબુ ઉપર આદિનાથનું મંદિર બંધાવ્યું વગેરે તે ગ્રંથમાં જણાવ્યું છે.

આ સૂર્યમંદિર એક નાની નદી પુષ્પાવતીના ડાબા તીરે આવેલા ગામ મોઢેરા પાસે છે. કોઈ કાળે આ ગામ મોટું બંદર હશે તેમ તે ગામની નીચે દબાયેલો ભગ્ન અવશેષવાળો ટિંબો સૂચવે છે. પુરાણોમાં પણ તેને એક મોટા તીર્થસ્થળ તરીકે વર્ણવેલ છે. અત્યારે તો માત્ર નાનું ગામ છે.

મંદિર તેના ગર્ભગૃહ, ગૂઢમંડપ અને રંગમંડપ સાથે શિખર વગર ઊભું છે. ત્રણેય મળીને કુલ લંબાઈ લગભગ ૧૪૫ ફૂટ થાય છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપ બંને ૮૦ ફૂટ લંબાઈ અને ૫૦ ફૂટ પહોળાઈમાં સમાઈ જાય છે. સભામંડપ લગભગ ૫૦ ચોરસ ફૂટ છે. ઉપરાંત સભામંડપ અને ગૂઢમંડપ વચ્ચેની જગ્યા ગર્ભગૃહનો અંદરનો ભાગ ૧૧' x ૧૧' ચોરસ છે. ગર્ભગૃહમાં હાલ મૂળ સૂર્ય મૂર્તિ નથી, પણ તે જગ્યાએ જબરો ખાડો પડેલો છે. જેમાં મૂળ મૂર્તિની બેઠક પડેલી છે. એક માન્યતા એવી છે કે મૂળ મૂર્તિ ૫ ફૂટ ઊંચી હશે. ગર્ભગૃહ બે માળનું હશે. જેથી મૂર્તિનું મુખારવિંદ ઉપર ગર્ભગૃહમાં દેખાતું હશે, પરંતુ આવું હોવાનો સંભવ ઓછો છે. મંદિરની નીચે ભોંયરાં રાખવાની પ્રથા તે સમયમાં હતી અને અત્રે પણ તેમ જ લાગે છે. મૂર્તિ નિજમંદિરના દ્વાર કરતાં નાની એટલે કે લગભગ ૬ ફૂટથી વધારે ઊંચી ના હોઈ શકે તેમ માનવું વધારે વાજબી લાગે છે. સભામંડપનાં પગથિયાં ઉતરતાં જ બે મોટા સ્તંભ નજરે પડે છે. જે ભવ્ય તોરણના ભાગ છે. પાસે જ સૂર્યકુંડ છે એને રામકુંડ કહે છે. કુંડ ૧૭૬ ફૂટ x ૧૨૦ ફૂટનું વિશાળ સ્થાપત્ય છે. શિલ્પના કંડારકામ તેમજ સ્થાપત્ય રચના જોતાં એમ જરૂર લાગે છે કે તોરણ કરતાં મૂળ મંદિર અને કુંડ વધારે જૂનાં છે. શિખરના અવશેષો તેમજ કુંડ ઉપરનાં ચારેય ખૂણે આવેલા લતિન પ્રકારનાં શિખરો અને તેના જાલકો ૧૧મી સદી સૂચવી જાય છે. રંગમંડપનાં શિલ્પો મૂળ મંદિરનાં શિલ્પ કરતાં ઓછાં જીવંત છે, ઓછાં આબેહૂબ છે. તેમ જ રચનામાં પણ રંગમંડપ ગૂઢમંડપ કરતાં ૧ ફૂટ નીચો છે, જે મંદિરની સર્વાંગી રચના સાથે બંધ બેસતો નથી અને તે પાછળથી રચવામાં આવ્યો હશે તેમ સૂચવે છે. આ મંદિર શિલ્પીઓનું ભવ્ય સ્વપ્ન છે અને તે મંદિરના અંગેઅંગમાં સાકાર થાય છે. બેનમૂન અને જીવંત શિલ્પથી મંદિર ખીચોખીચ ભરેલું છે, જે જોતાં સ્પષ્ટ થાય છે કે મંદિરના પીઠભાગમાં જ મંડપકુંભ ઉપર કમળપત્રનું સુશોભન સુંદર છે. 'વૈદીબંધ'ના 'કુંભ', 'અર્ધરત્ન' અને 'અર્ધકમળ'ના સુશોભનથી કંડારેલ છે. પીઠમાં ગ્રાસપટ્ટી, ગજથર અને નરથર સુંદર છે. અશ્વથર નથી. જંઘામાં માનવકદની સૂર્યની ૧૨ મૂર્તિઓ વાતાવરણને સૂર્યમય અને સોનેરી બનાવી મૂકે છે. કિરીટમુગટ, બન્ને હાથમાં પૂર્ણવિકસિત કમળો ધારણ કરેલા સમભંગ સ્થિતિમાં સપ્ત-અશ્વયુક્ત રથ પર સવારી કરતા ૧૨ આદિત્ય સ્પષ્ટ દેખાય છે. આ ઉપરાંત દેવ-દેવીઓ, દર્પણ કન્યાઓ, નર્તકીઓ, ઋષિઓ ચારે તરફ દીવાલોમાં અજબનું આકર્ષણ પેદા કરે છે. દિક્પાલનાં શિલ્પ સૌથી વધુ ધ્યાન ખેંચે તેવાં છે. આવા જીવંત અને આબેહૂબ દિક્પાલો શોધ્યા જડે તેમ નથી. ગૂઢમંડપના ખૂણાઓ ઉપર ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋત્ય, વરુણ, વાયુ, કુબેર અને ઈશાન અદ્‌ભુત રીતે કંડારાયેલ છે. બ્રહ્મા અને અનંતસ્વામી એટલે કે ત્રિવિક્રમનું સ્વરૂપ પણ વધારે આબેહૂબ છે. શિલ્પનું લાલિત્ય અપૂર્વ છે અને તેમાં મહેકતું પવિત્રતાનું તેજ જોનારને ઘડીભર જકડી રાખે છે. ખજુરાહો અને ઓરિસ્સામાં દિક્પાળો કંડારાયેલ છે, પરંતુ આટલા સુંદર અને સંપૂર્ણ નહિ. ગવાક્ષમાં મૂકેલી દેવીઓ ખરેખર બેનમૂન છે. ભદ્રમાં, રથમાં, પ્રતિ-રથમાં પરિક્રમા સાથે મૂકેલી મૂર્તિઓ અદ્‌ભુત છે. અનેક સ્થંભોયુક્ત ચતુર્મુખ સભા મંડપ અષ્ટભદ્ર અને ફરતાં તોરણવાળો રંગમંડપના સ્થંભ સંપૂર્ણ કંડારાયેલ છે. મંડપવિતાન પણ અદ્‌ભુત રીતે કંડારાયેલ, જેમાં રામાયણ, મહાભારત વગેરેની આખ્યાયિકાઓ કોતરાયેલી છે.







મંડપનો એક પણ ખૂણો કંડારાયા વગરનો નથી. વિતાનના કંડારકામમાં ભીષ્મનું બાણ પથારી પરનું શયન, અર્જુન-કર્ણનું યુદ્ધ, હનુમાન, મત્સ્યવેધ, રામનું અયોધ્યામાં પુનરાગમન વગેરે દેખાવો સુંદર અને આબેહૂબ છે. રંગ મંડપ બહારની ઊભી પશ્ચિમ પીઠિકા ઉપર રામ માયાવી મૃગને મારવા જાય છે અને રાવણ ભીક્ષા માગે છે વગેરે સુંદર રીતે અંકિત થયેલું છે.

બન્ને મંડપોમાં સ્થંભો ઉપર તરેહ તરેહના દેખાવો આબેહૂબ કંડારાયેલ છે. વલોણું ફેરવતી સ્ત્રીઓ, નટના ખેલો, મત્સ્યયુદ્ધ, નૃસિંહ અવતાર, અર્જુન, સુભદ્રાહરણ, ઘોડાઓનો ખેલ, રાધા કૃષ્ણ, વરાહ અવતાર, યોગાસનો, દંપતીનું જંગલી પશુ સાથેનું યુદ્ધ, કથા-કિર્તનના દેખાવ, જેમાં ત્રણ પાયાવાળું ટેબલ, વાજિંત્રો ને મૃદંગ, પર્યંક સોફા જેવી બેઠક, ઈરાની અસરયુક્ત દાઢીવાળા માનવની સિંહ સાથે કુસ્તી, ઊંટસવાર જે રણ સાથે સહવાસ સૂચવે છે. હાથીને એક માણસ બે હાથે ઊંચે કરી ઉપાડે છે, જે અદ્‌ભુત શોધનું સૂચન કરે છે. ઘણાં કંડાર કામો ખૂબ જ આકર્ષક છે.

આ બધાં શિલ્પો તત્કાલીન લોકજીવનનું દર્શન કરાવે છે. તે સમયની વેશભૂષા, રાચરચીલું, આયુધો, શોખ વગેરેનો ખ્યાલ આપે છે. મોઢેરાનું શિલ્પ એટલે કે માનવ જીવનનો કંડારાયેલો મહાકોષ.

ગુજરાતમાં સોલંકીઓના શાસન સમય (ઇ.સ ૯૪૨ થી ૧૩૦૭ ) સુધીનો સમય મહત્ત્વનો ગણવામાં આવે છે. વિશ્વમાં બે સૂર્યમંદિરો પૈકી એક કોણાર્ક અને બીજું મોઢેરાનું સૂર્યમંદિર છે. મોઢેરાના સૂર્યમંદિર સાથે અનેક દંત કથાઓ સંકળાયેલી છે.મોઢેરાનાં સૂર્યમંદિરમાં જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ પછીના શનિવારે બે દિવસનો ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવવામાં આવે છે.

- **ગૂઢ મંડપ :**

મુખ્ય મંદિરના બીજા ભાગને ગૂઢ મંડપ કહેવામાં આવે છે. ગૂઢ મંડપના ગર્ભગૃહમાં સૂર્યની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. હાલમાં આ મૂર્તિ મોજૂદ નથી. મંદિરના નરથર ગજથર પછી જંઘા આવે છે. જંઘામાં સૂર્યની ઊભા કદની બાર પ્રતિમાઓ છે. ગૂઢ મંડપની લંબાઇ ૫૧ ફૂટ ૦૯ ઇંચ અને ૨૫ ફૂટ ૦૮ ઇંચ પહોળાઇ છે.મંદિરના ગર્ભગૃહમાં એક ભોંયરું આવેલું છે.

- **ગર્ભગૃહ :**

ગર્ભગૃહની કોતરણી સુંદર છે.ગર્ભગૃહ સમચોરસ છે અને લગભગ ૧૧ ફૂટનું માપ ધરાવે છે.ગર્ભગૃહમાં કલાકારોએ ગણતરી પૂર્વક સૂર્યપ્રતિમા એવી રીતે ગોઠવેલી કે સવારમાં જયારે સૂર્યોદય થાય ત્યારે તેનું પ્રથમ કિરણ સીધું જ મૂર્તિ ઉપર પડે છે.

- **રંગ મંડપ :**

સૂર્યમંદિરનો કલાકોતરણીથી શોભતો ભાગ એટલે રંગમંડપ. ગુરુ-શિષ્યના પરંપરાના નૃત્યો થતાં અને રાત્રે મોડી રાત સુધી શાસ્ત્રીય નૃત્યોના કાર્યક્રમો ચાલતા હતા. રંગમંડપના પ્રત્યેક શિલા પર નર્તકો, નર્તકીઓ, વાદકો, દેવીઓ, રામાયણ, મહાભારતના પ્રસંગો કોતરવામાં આવ્યા છે.

- **મોઢેરાનું કલાવિધાન :**

મોઢેરાના મંદિરના સ્થાપત્યની કલ્પના ખરેખર કલામય અને ભવ્ય છે. સૂર્યકુંડ પાણીથી છલોછલ ભરાઇ જતો હશે તે વખતે સવારના સૂર્યોદય કિરણોથી શિખરબંધ શોભતા મંદિરનાં પ્રતિબિંબથી મંદિર મનોહર લાગતું હશે.

- **સૂર્યકુંડ :**

સૂર્યમંદિરના રંગમંડપની સામે જ ભવ્ય સૂર્યકુંડ આવેલો છે. આ કુંડ લંબચોરસ પ્રકારનો ૧૭૬ ફૂટ લાંબો અને ૧૨૦ ફૂટ પહોળો છે. કુંડમાં ૧૦૮ નાની-મોટી દેરીઓ આવેલી છે.

- **રાયડી હવા મહેલ :**

ઉત્તર ગુજરાતની કાળઝાળ ગરમીમાંથી બચવા માટે શિલ્પીને હવા મહેલ રચવાની મધુર કલ્પના થઇ હશે.મોઢેરાના સૂર્યમંદિર તરફ જવાના રસ્તે પુષ્પાવતી નદીના કોતરની એક ઊંચી ટેકરી પર આ હવા મહેલ આવેલો છે. પુરાતત્વવિદોના અભિપ્રાય મુજબ આ સ્થાપત્ય સોલંકી કાળમાં બનેલું હશે. પૂનમની ચાંદની રાતને ખુશનુમા વાતાવરણમાં હવા માણવાની એક આહ્લાદક જગ્યા છે. હવામહેલના થાંભલા પર કોતરેલા કીચકોની કલા શૈલી પરથી આઠમી કે નવમી સદીમાં બંધાયું હશે.

- **પ્રાચીન વાવ :**

મોઢેરામાંથી ઇ.સ.ની નવમી કે દસમી સદીની એક અતિ પ્રાચીન વાવ મળી આવી છે. મોઢેરાના સૂર્યમંદિર તરફ જવાના રસ્તે મુખ્ય માર્ગને અડીને આવેલી આ પથ્થર નિર્મિત વાવ એક પ્રવેશ દ્વારા અને ત્રિકુટા નંદા શૈલીની વાવ છે. સૂર્યમંદિર કરતાં પણ ઘણી પ્રાચીન હોવાનું મનાય છે. વાવના કૂવામાં આવેલા ઉપલા થરોમાં



અંતરે અંતરે મદલ કાઢેલા છે. વાવના અલંકરણની દૃષ્ટીએ ઉત્કૃષ્ટ નમૂના છે. વાવ રાજય સરકારના પુરાતત્વ ખાતા દ્વારા રક્ષિત સમારક તરીકે ઘોષિત કરવામાં આવી છે.

- **શક્તિપીઠ બહુચરાજી :**

દેશમાં શકિતના કુલ ૫૨ પીઠ છે, જેમાં ગુજરાતમાં અંબાજી, બેચરાજી અને પાવાગઢમાં શકિતપીઠ આવેલા છે. શકિતપીઠ બેચરાજી માતાજીનું પ્રાગટ્ય વરખડી વૃક્ષ નીચે થયું છે. ચુંવાળ પંથકમાં બેચરાજી મંદિર વિક્રમ સંવત ૧૮૩૯ માં કડીના ગાયકવાડ મહારાજ શ્રી માનાજીરાવ ગાયકવાડે બંધાવ્યું હતું. આ મંદિર સાથે અનેક દંતકથાઓ જોડાયેલી છે. મંદિરની સ્થાપત્ય રચના મનોહર છે. બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વાર નવીન મંદિર બનાવવાનું કામ પ્રગતિમાં છે. મંદિરમાં કુકડા ઘર,વલ્લ્ભ ભટ્ટની વાવ સહિત બેચરાજીથી બે કિ.મી.ના અંતરે શંખલપુરમાં મા ટોડા બહુચરનું મંદિર જોવાલાયક છે.

- **આસજોલ- કુંતા મંદિર :**

મહેસાણાથી બહુચરાજીના માર્ગ પર આસજોલ ગામે પાંડવોના માતા કુંતાનું મંદિર આવેલું છે. દંતકથા મુજબ પાંડવો આ પ્રદેશમાં આવ્યા હતા ત્યારે તેમના માતા કુંતાની યાદમાં આ મંદિર બંધાયું છે. મંદિરમાં મૂર્તિ નહીં પણ કુંતા માતા યંત્ર છે.

- **નુગર સૂર્ય મંદિર :**

મહેસાણાથી આઠેક કિલોમીટરના અંતરે મોઢેરાના સૂર્યમંદિરની પ્રતિકૃતિ સમાન એક મંદિર ઊભું છે. મંદિરમાં પ્રાચીન સ્થાપત્યની કલા નજર પડે છે. સૂર્યદેવની મૂર્તિ અલભ્ય છે.

- **વડનગર તાના-રીરી સમાધિ :**

૧૬મી સદીમાં ભકતકવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈએ પોતાની પુત્રી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી. શર્મિષ્ઠાના નામ પરથી આજે વડનગરમાં શર્મિષ્ઠા તળાવ આવેલુ છે. રાજય સરકાર દ્વારા આ તળાવને ટુરીઝમ પોઈન્ટ તરીકે વિકસાવ્યું છે. શર્મિષ્ઠાને તાના અને રીરી એમ બે દીકરીઓ હતી. આ બન્ને દીકરીઓ મલ્હાર રાગમાં પારંગત હતી. અકબરના દરબારમાં સંગીત સમ્રાટ તાનસેને દીપક રાગ ગાયો ત્યારે તેના



શરીરમાં અગનઝાળ લાગેલી આ આગ શાંત કરવા તાનસેન ફરતો ફરતો વડનગર આવી પહોંચ્યો અને આ દીકરીઓ  સવારે નદી આગળ પાણી ભરતાં સુર ગાયા તે મલ્હાર રાગ હતો. આ સુર સાંભળી તાનસેનને ટાઢક વળી. તાનસેને દિલ્હી પાછા ફરી બાદશાહ અકબરને સઘળી વાત કરી. બાદશાહ અકબરે આ બન્ને બહેનોને દિલ્હી તેડી લાવવા સેનાપતિઓને વડનગર મોકલ્યા. દિલ્હી સલ્તતનના દબાણને વશ ન થઇ અને આ બહેનોએ આત્મ બલિદાન આપ્યું. તાનારીરીના પ્રતિકરૂપે બંને બહેનોની સમાધિ આવેલી છે.

રાજય સરકાર દ્વારા આવી વિરાંગના કલાધારિણી બહેનનોને સૂરાંજલી અર્પવા માટે તાનારીરી ગાર્ડનનું નિર્માણ કર્યુ છે. કારતક સુદ નોમના દિવસે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી એવોર્ડ આપવામાં આવે છે

- **શર્મિષ્ઠા તળાવ :**

સોળમી સદીમાં ભકત કવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇએ પોતાની પુત્રિ શર્મિષ્ઠાને વડનગરમાં પરણાવી હતી. તેમની સંગીતજ્ઞ પુત્રીઓ તાના-રીરીએ માતા શર્મિષ્ઠાની યાદમાં આ તળાવ બંધાવ્યું હતું. વડનગરનું શર્મિષ્ઠા તળાવ તેના ઘાટ અને ઓવારાની બાંધણી જોતાં પ્રાચીન હોવાનું મનાય છે. તળાવના કિનારે ઊંચા ટેકરા ઉપર અર્ધચંદ્રાકારે વડગનર શહેર આવેલું છે. તળાવની મધ્યે સતીની દેરી છે. અર્જુનબારી દરવાજા તરફથી જતાં સહેલાણીઓ માટે પીકનીક પોઇન્ટ બેટ રચવામાં આવ્યો છે. તળાવની શોભા રમણીય છે.

- **કીર્તિ તોરણ :**

તોરણોમાં સ્થાપત્યનો અખૂટ ખજાનો અને પથ્થરોમાં નકશીદાર શિલ્પો જોવા હોય તો ગુજરાતના વડગનરનું કીર્તિ તોરણ જોવું પડે. વિશ્વમાં ખૂબ જ સુંદર કહી શકાય તેવા ગણ્યા ગાંઠ્યા સ્થાપત્યોમાં નામના મેળવનાર કીર્તિ તોરણ આજે ગુજરાતનું ગૌરવ છે.

વડનગરનાં કીર્તિ તોરણનો ઇતિહાસ પ્રાપ્ત થયો નથી. વિજય સ્તંભ અથવા કીર્તિ સ્તંભ હોવાનું ઇતિહાસકારો તથા પુરાત્તત્વવિદો માને છે. તોરણના વચ્ચેના ભાગે કંડારેલી શિવ પ્રતિમાને કારણે કેટલાક લોકો શિવમંદિરના પ્રવેશદ્વારનું તોરણ હોવાનું માનવા પ્રેરાયા છે. સામાન્ય જનમાસમાં શામળશાની ચોરી તરીકે વધારે જાણીતું છે.

આ તોરણ સાથે એક દંતકથા સંકળાયેલી છે. નાગર નરસિંહ મહેતાના પુત્ર શામળશાના લગ્ન અહી વડનગરમાં થયાં હતા. તેમની લગ્નચોરીની સ્મૃતિરૂપે આ તોરણ બાંધવામાં આવ્યું છે. સ્થાપત્ય બાંધકામ ઇ.સ.૧૨મી સદીનું હોવાનું ઇતિહાસકારો માની રહ્યા છે. આ તોરણ સોલંકીકાળમાં બંધાયેલું હશે તેવું અનુમાન કરી શકાય

વડનગરની ઉત્તર દિશાએ શર્મિષ્ઠા તળાવની નજીક તથા અર્જૂનબારી દરવાજાની પાસે રેતિયાં પથ્થરમાં એક ઊંચી પીઠિકા ઉપર રચાયેલું આ તોરણ સ્થાપત્ય અને કલાની દષ્ટીએ અતિ ભવ્ય છે.આશરે ૪૦ ફૂટ જેટલી ઊંચાઇ ધરાવતા આ તોરણનો એક એક પથ્થરમાં કલાનો સ્પર્શ દેખાઇ આવે છે. શિવ-શકિત, ગજરાજ અનેક દેવી-દેવતાઓના અલંકૃત શિલ્પો સોલંકીકાલીન સ્થાપત્યોનો લાજવાબ નમૂનો પ્રતિબિંબિત કરે છે.

- **પવિત્ર શિવાલય હાટકેશ્વર :**

વડનગરના હાટકેશ્વર મહાદેવની શિલ્પ સમૃદ્ધિ અનુપમ છે. આજથી હજારેક વર્ષ પહેલાં રેતિયાં પથ્થરમાં રચાયેલું આ શિવમંદિર અનોખું, અક્ષય અને અનુપમ છે. મંદિરની શિલ્પ સમૃદ્ધિ સુંદર અને કલાકૃતિથી ભરપૂર છે. અતિ દુર્લભ બે મૂર્તિઓ મંદિરના સ્થાપત્યને શોભા બક્ષે છે. આ મંદિરમાં ૪૦૦ જેટલાં દેવી-દેવતાઓના સુંદર શિલ્પો આવેલા છે.









## ● તારંગા તીર્થ :

વડનગરની ઉત્તરે વિખ્યાત જૈનતીર્થ છે. શ્રી તારંગાજી અરવલ્લીની મનોહર ઊંચી ટેકરીઓ પર આ જૈન મંદિર પાટણના સોલંકી રાજા કુમારપાળે વસાવ્યું હોવાનું મનાય છે. આ મંદિરોનું ઝૂમખું ગુજરાતમાં ઉત્તમ જૈનતીર્થ તેમજ જૈન દેવાલયોના સ્થાપત્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આસપાસનો વન વિસ્તાર ને વચ્ચે ટેકરીઓ પર આવેલાં ઉત્કૃષ્ટ કલાત્મક દેરાસરો. આ પવિત્ર તેમજ રમણીય સ્થાન પર જૈન તેમજ જૈનેતર યાત્રાળુઓની સતત અવર-જવર ચાલ્યા કરે છે.

તારંગા પર્વત પર ચોગાનની વચ્ચોવચ ભગવાન અજીતનાથનું ભવ્ય જિનાલય છે. ગુજરાતના સોલંકી રાજા કુમારપાળે સંવત ૧૨૨૯ની આસપાસ આ ચૈત્ય બંધાવેલું, આશરે ૭૦ ચોરસ મીટરની બેસણી પર બાંધવામાં આવેલા આ દેરાસરની કારીગીરી અતિ મનોરમ્ય છે. ભગવાન અજીતનાથની પ્રતિમા લગભગ ૧૫ હાથ ઊંચી છે. ભારતમાં મોટી પ્રતિમાઓમાંની એની ગણના થાય છે. આ મંદિરની બાજુમાં દિગમ્બર જિનાલયો પણ આવેલા છે

## ● મંદ્રોપુર :

મંદ્રોપુર ગામે શીતળા માતાનું મંદિર ઈતિહાસવિદો સોલંકીયુગનું હોવાનું સ્વીકારે છે. લોકવાયકા મુજબ પાટણની મહારાણી મીનળદેવીને જયારે ગર્ભધાન હતું ત્યારે પિયર જવા માટે અહીંથી પસાર થઇ રહ્યાં હતા. મીનળદેવીની પ્રસૂતિ અહીં જ થઈ હતી. મંત્રબળે આ સ્થળ પર પુત્ર જન્મ થયો તે સ્થળ મંત્રોપુર તરીકે પ્રસિદ્ધ થયું ત્યાર બાદ મંદ્રોપુર તરીકે પ્રચલિત છે. આ ગામમાં આવેલ વાવ ૧૨મી સદીમાં પાટણની રાણકી વાવ, બરોબરની છે. સહેજ નાની પાંચ કોઠામાં રચાયેલી આ વાવ પુરાત્તત્વ વિભાગ દ્વારા આરક્ષિત છે. વાવમાં કેટલાક શિલ્પો ખંડિત દશામાં છે. વાવમાં કેટલાક શિલ્પો પૌરાણિક કથાઓ સાથે સંકળાયેલા છે. શેષશાયી અને વિષ્ણુના શિલ્પો પ્રવાસીને આકર્ષે છે.

## ● ઉમતાની રાજગઢી :

ઉત્ખનન પછી કોઇ ટેકરીના નીચે દટાયેલું આખું સ્થાપત્ય બહાર આવ્યું હોય તો ઉમતાની રાજગાદીમાંથી નીકળી આવેલું જૈન મંદિર . આ મંદિર ઈસુની દસમી કે બારમી સદીનું હોવું મનાય છે. ઉમતા ગામની વચ્ચે ૦૮ મીટર ઊંચો ટેકરો આવેલો હતો. આ ટેકરા ઉપર દૂધ સાગર ડેરીનું મકાન બનાવવા માટે ખોદકામ કરતી વેળાએ આખું જૈન મંદિર બહાર આવ્યું, ખોદકામ દરમિયાન ચક્રેશ્વરી દેવી, મા સરસ્વતી, મયુર શિલ્પ, તથા અન્ય જૈન પ્રતિમાઓ આરસમાં કંડારેલી છે. રાણકી વાવના શિલ્પો સાથે સામ્યતા ધરાવતાં અનેક શિલ્પો ઉમતામાં ઉત્ખનન પછી મળ્યાં છે

## ● અસોડા-દેવડા :


અસોડા-દેવડાનો ઈતિહાસ સંદર્ભે સિદ્ધરાજે કુકરવાડા-સોખડાના ચૌહણોને વિજાપુર આસપાસનો વિશાળ પ્રદેશ દેવડા ચૌહાણોને રહેવા આપેલો. સિદ્ધરાજના લશ્કર માટે ઊંચી ઓલાદના ઘોડાઓ આ વિસ્તારમાં ઉછેરવામાં આવતા હતા. જેના પગલે અસોડા ગામ વિકસ્યું. જે અસોડા દેવડા તરીકે પ્રખ્યાત છે. આ વિસ્તારમાં રાજપૂત જિતાની વસ્તી સારા પ્રમાણ છે. અસોડા દેવડા વિજાપુર તાલુકાના આ ગામે સચવાયેલું જશમાલનાથજીનું મંદિર શિવ પંચાયત શૈલીનું છે. આ મંદિર અત્યાર સુધી અખંડિત રહેલું છે

ઈ.સ. ૧૨મી સદીમાં બંધાયેલા આ મંદિરોની વિશેષતા એ છે કે મુખ્ય શિવ મંદિર છે. જેની ફરતે ચાર ખૂણે સૂર્ય મંદિર, વિષ્ણુ મંદિર, ગણેશ મંદિર અને શકિત મંદિર આવેલાં છે. અસોડા ગામે જશમાલનાથજીના મંદિર તરીકે સારી હાલતમાં જળવાઈ રહ્યું છે. મંદિરના પ્રવેશ દ્વારે તોરણ હતું. આજે તેના સ્તંભ ઊભેલા નજરે પડે છે. ઊંચી પીઠીકા ઉપર રચાયેલાં આ મંદિરોની બારીક કોતરણી, શિલ્પની વિવિધતા, સાંસારિક જીવનના પ્રસંગો, કન્યા વિદાય, શિકાર, નર્તક વૃંદ, દિગ્પાલ, ગણેશ વાદક, દેવાંગનાઓ, કુબેર, ચામુંડા, ગજધર, હસ્તાક્ષર વગેરે શિલ્પો સુંદર છે. મંદિરની નીચે એક ભોયરું પણ આવેલું છે.









પ્રાચીન મંદિર, લવાણા
ભવ્યતાની શાખ
Ancient temple, Lavana
Building on a past foundation
The plinth of this temple and the images on its walls and column capitals are from an older temple on the same site, which got destroyed before the mid-18th century.
The present temple is from the reign of Vakhatsinhji of Lunavada. It is locally known as the Temple with a Dome.






KL28




# મહિસાગર જિલ્લાની અસ્મિતા

## • કલેશ્વરી સ્મારક સમૂહ :

કલેશ્વરી : મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ લવાણા ગામે લુણાવાડાથી ઉત્તરે ૨૦ કિ.મી.ના અંતરે કલેશ્વરી કે કલેશ્વરીની નાળ તરીકે ઓળખાતું સ્થળ અવેલું છે, જે તેના શિલ્પ-સ્થાપત્ય માટે પુરાતત્ત્વવિદો તથા તેના પ્રાકૃતિક સૌંદર્યને કારણે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

મુલાકાતની સુવિધા : આ સ્થળ રેલવે રસ્તે જોડાયેલું નથી, પરંતુ જિલ્લા મથક ગોધરા તથા તાલુકા મથક લુણાવાડા સાથે રાજ્ય પરિવહનના બસ વ્યવહારથી જોડાયેલું છે. હાલ આ સ્થળ નવ રચિત મહિસાગર જિલ્લામાં આવેલું છે.

## • સ્મારકો તથા શિલ્પો :

આ સ્થળમાં ઈસુની દસમી સદીથી માંડી ૧૯મી સદી સુધીના શિલ્પ-સ્થાપત્ય આવેલા છે, જેમાં કુલ-૯ રાજ્ય રક્ષિત સ્મારકોનો સમાવેશ થાય છે.

૧. સાસુની વાવ ૨. વહુની વાવ ૩. શિલાલેખવાળું મંદિર ૪. પ્રાચીન મંદિર ૫. કુંડ ૬. શિકારમઢી ૭. ભીમચોરી ૮. અર્જુન ચોરી ૯. ત્રણ પ્રવેશદ્વારવાળુ મંદિર.

આ તમામ સ્થાપત્ય-શિલ્પ, કલેશ્વરી કે કલેશ્વરીની નાળ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા છે. આ સ્થળના નામ અંગે કોઈ આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. લોકવાયકા મુજબ આ કલેશ્વરી, કલેહેશ્વરી કે કલેશ્વરીની નાળ તરીકે જાણીતું છે.

## • સાસુની વાવ :

ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી જોવા મળે છે. આ વાવ સાસુની વાવ તરીકે ઓળખાય છે. જ્યારે તેનાથી થોડે દૂર એક અન્ય વાવ આવેલી છે. આ બંને વાવ એક બીજાની સમીપે છે. વાવના નામ માટે કોઈ આધારભૂત પૂરાવો ન મળવાથી લોકપ્રિય સામાજિક પાત્રો ‘સાસુ-વહુ’વાવ માટે સુલભ બનેલું જણાય છે. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ આ વાવનું નિર્માણ નંદા પ્રકારનું જણાય છે. વાવમાં ઉતરતાં એક ગોખમાં લજ્જાગૌરી-નંદિશ્વરનું શિલ્પ છે, જ્યારે તેની સામેનો ગોખ શિલ્પહીન છે. વિશેષ નીચે ઉતરતાં વિશ્રામ સ્થળના એક ગોખમાં નવગ્રહ પટ્ટ છે, જ્યારે બીજામાં દશાવતાર પટ્ટ છે. તેથી પણ નીચે ઉતરતાં વિશ્રામ સ્થળના બંને ગોખમાંથી એકમાં શેષશાયી વિષ્ણુ તથા અન્યમાં વૈષ્ણવીની બે પ્રતિમાઓ સ્થિત છે. શિલ્પોની શૈલી તથા વાવના બાંધકામ પરથી આ વાવ આશરે ઈસુની ૧૪મી કે ૧૫મી સદીમાં બંધાઈ હોય તેમ જણાય છે.

## • વહુની વાવ :

વહુની વાવનું નિર્માણ સાસુની વાવ પછી થોડા સમયમાં જ થયું હશે તેમ જણાય છે. આ વાવ પણ નંદા પ્રકારની અને પ્રમાણમાં સાદી છે. વાવના ગોખમાં દેવ પ્રતિમા, શેષશાયી વિષ્ણુ, જળદેવતાના શિલ્પો આવેલા છે.





## • શિલાલેખવાળું મંદિર :

શિલાલેખવાળા મંદિર તરીકે ઓળખાતું આ સ્મારક હાલમાં ફક્ત મંડપના સ્વરૂપમાં છે. છ પૂર્ણ અને દશ અર્ધસ્તંભ પર ટેકવેલ સમતલ છાદ્યયુક્ત મંડપ સદો-અલંકરણહીન છે. તેની દીવાલના પાછળથી બનાવેલા ગોખમાં નટરાજ (શિવ)ની પ્રતિમા છે. જેને લોકો કલેશ્વરી માતા તરીકે પૂજે છે. આ મંડપના એક સ્તંભ પર લુણાવાડાના યુવરાજે (સંભવતઃ માલો રાણો) સંવત ૧૬૦૫ (ઈ.સ. ૧૫૪૯)માં જિર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. લેખ ઘસાયેલો હોઈ સ્પષ્ટ માહિતી મળી શકતી નથી.

## • પ્રાચીન મંદિર :



શિલાલેખવાળા મંદિરની સન્મુખ આ મંદિર સ્થાનિક ઘુમ્મટવાળા મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિર પ્રાચીન મંદિર કે જે નષ્ટ થઈ ગયું તેની જગતી પર ઊભું કરવામાં આવ્યું છે. નષ્ટ થયેલા મંદિરના ભગ્નાવશેષો આ વિસ્તારના પ્રાચીનતમ અવશેષો હોય તેમ જણાય છે. સંભવતઃ આ મંદિર ૧૦મી સદી કે તે પહેલાનું પણ હોઈ શકે. જે મંદિર હાલમાં ઊભું છે તે અર્વાચીન છે. પરંતુ તેની દીવાલમાં જડવામાં આવેલા શિલ્પો પ્રાચીન છે. આ મંદિર લુણાવાડાના રાજવી વખતસિંહજીએ (ઈ.સ. ૧૭૩૫થી ૧૭૫૭) બંધાવ્યું હશે તેમ જણાય છે.

## • કુંડ :

જળસંગ્રહના અલગ સ્થાપત્ય પ્રકારોમાં કુંડ પણ પ્રાચીન સમયથી જાણીતો છે. આ કુંડ લગભગ સમચોરસ છે. કુંડના સ્થાપત્યનો હેતુ એક સાથે ઘણા લોકો પાણીનો ઉપયોગ કરી શકે તેમ હોય છે તેથી તેની ચારેબાજુએથી પાણી સુધી પહોચવા વિશિષ્ટ સોપાનશ્રેણીની રચના કરવામાં આવે છે. કુંડની પાળના

મધ્યભાગે તથા પગથિયાની બાજુમાં દેવશિલ્પો માટે ગોખ કરવામાં આવે છે. આ કુંડમાં પણ તેવી જ રચના છે. કુંડના ગોખમાં શેષશાયી વિષ્ણુ, શિવ વગેરેના શિલ્પો છે. કુંડમાં આવતું પાણી ગળાઈને આવે તે માટે ગળણીની પણ રચના કરવામાં આવે છે.

- **શિકારમઢી :**

આ સ્થાપત્ય અન્ય સ્થાપત્યની તુલનામાં અર્વાચીન છે. લુણાવાડાના રાજવી આ સ્થળે ગાઢ જંગલ હોવાથી શિકાર માટે આવતા. અહીં પડેલ પ્રાચીન ભગ્નાવશેષોનો પુનઃ ઉપયોગ કરી રાત્રિ રોકાણ માટે વખતસિંહજીએ 'બંગલો' બનાવ્યો જે શિકારમઢી માટે જાણીતો છે. આ સ્મારકનું સ્થાપત્ય તરીકે કોઈ મૂલ્ય નથી. પણ તેમાં જડવામાં આવેલા શિલ્પો બેનમૂન છે. આ શિલ્પો ભગ્ન દેવાલયોના ભાગ છે. શિલ્પમાં નૃત્યગણેશ, મહિષમર્દિની, વિષ્ણુ, ચામુંડા, વારાહી, દર્પણ કન્યા તથા કામશિલ્પો એક સિદ્ધહસ્ત શિલ્પીનો પરિચય આપે છે.

- **ભીમચોરી :**

શિકારમઢી પાસેથી શરૂ થતી સોપાનશ્રેણી ટેકરીના મથાળે દોરી જાય છે. જ્યાં ભીમચોરી તરીકે ઓળખાતું શિવાલય આવેલું છે. ટેકરી પર આવેલા ૩ સ્મારકોમાં આ સૌથી નુકસાન પામેલ છે. સમગ્ર ભારતમાં પાંડવોના નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પ્રથા જોવા મળે છે. તે મુજબ આ શિવાલયને પણ ભીમચોરી નામ આપવામાં આવેલું છે. સ્થાપત્યની શૈલીને લક્ષમાં લઈ આ મંદિરનો નિર્માણકાળ ૧૪ કે ૧૫મી સદીનો ગણી શકાય.

- **અર્જુનચોરી :**

ભીમચોરીની ઉત્તરે ફક્ત ગર્ભગૃહ અને દ્વારશાખના કેટલાક અંગોવાળુ આ સ્મારક અર્જુનચોરી તરીકે ઓળખાય છે. અલંકૃત દ્વારશાખ મંદિરની ઉત્તમ શિલ્પકલાનો પરિચય આપે છે.

- **ત્રણ પ્રવેશદ્વારવાળું મંદિર :**


આ સ્થાપત્યનો ફક્ત નીચેનો જ થર હાલમાં વિદ્યમાન હોઈ સ્થાપત્યના પ્રકાર વિશે સ્પષ્ટ વિગત જાણી શકાતી નથી. સ્થાપત્યના મધ્ય ભાગમાં સામાન્ય કરતાં વિશેષ મોટા પગના અવશેષો જોવા મળે છે. જેથી લોકોમાં જુદી જુદી ક્વિદંતીઓ પ્રચલિત છે. કેટલાક ભીમના પગલાં તો કોઈ હિડિંબાના પગ તરીકે ઓળખે છે. આ શિલ્પખંડ આ જ સ્થાપત્યનો ભાગ છે તેમ નિશ્ચિતપણે કહી શકાતું નથી.

આ સંકુલમાં આવેલા શિલ્પોમાં નટરાજ, શક્તિ, ગણેશ, મહિષમર્દિની, ઘંટાકર્ણી, ક્ષેમંકરી, ઈંદ્ર, યમ, વરુણ, અનંત અપ્સરા વગેરે શિલ્પો ઉલ્લેખનીય છે.









આ ટાવર નવાનગર રાજ્યના રાજવી શ્રી જામ વિભાજી દ્વારા રાજકોટ નગરને
આપવામાં આવેલી એક સુંદર ભેટ છે. આ ટાવર નું નિર્માણ ઈ.સ. ૧૮૮૦ માં
કરવામાં આવ્યું અને તેનું ઉદ્ઘાટન કાઠીયાવાડ ના પોલિટિકલ એજન્ટ શ્રીમાન
કર્નલ સી. વુડહાઉસ દ્વારા કરવામાં આવ્યું. ઈ.સ.૧૮૮૭ માં ૨૫૦ કિ.ગ્રા. વજનનો
પિતળનો વિશાળકાય ઘંટ આ ટાવર પર મૂકવામાં આવ્યો.
આ ટાવર જામસાહેબ શ્રી શત્રુ શલ્યસિંહજીના સહયોગથી પુનઃનિર્માણ કરી
તેઓની ઉપસ્થિતિમાં ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા
રાજકોટ શહેરને ૮મી ફેબ્રુઆરી ૨૦૦૮ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યો.





# રાજકોટ જિલ્લાની અસ્મિતા

## • મીનળ વાવ - વીરપુર :

વીરપુર ગામની વચ્ચે આવેલી આ વાવ પૂર્વાભિમુખ, સીધા પગથિયા અને એક જ પ્રવેશદ્વાર ધરાવતી વાવના પ્રકારની છે. ૩૭.૪૦ મીટર લાંબી આ વાવ ૪.૯૫ મીટર પહોળાઈ ધરાવે છે. કૂવાનો વ્યાસ ૫.૮૦ મીટર છે. આ વાવને નવ મંડપો છે. પ્રથમ મંડપ પાસે બંને બાજુની દિવાલમાં બે ગોખ છે. જેમાં પ્રતિમાઓ મૂકેલી છે. ગોખના સ્તંભો અને છજુ અલંકૃત છે. જેમાં ચૈત્ય સુશોભન અને ફુલવેલની કોતરણી દૃષ્ટિગોચર થાય છે. આ વાવમાં કેટલાક લાક્ષણિક શિલ્પો પણ દૃષ્ટિગોચર થાય છે. જેમાં ભૈરવ, શેષશાયી વિષ્ણુ વગેરે ગણાવી શકાય.

આ વાવ ઉત્તર દિશામાં આવેલી વઢવાણથી માધાવાવ અને દક્ષિણમાં વંથલી નજીક આવેલી રા'ખેંગાર વાવની સાથે સામ્યતા ધરાવે છે. ગોખ ઉપરની જાલકભાત, છાજ અને હંસાવલીનું સુશોભન આ ત્રણેયમાં લગભગ સરખું જણાય છે.

આ વાવ પ્રખ્યાત સોલંકી રાજા જયસિંહ સિદ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવેલું. હોવાનું માનવામાં આવતું હોઈ તેનું નામ 'મીનળ વાવ' પડેલું જણાય છે. સ્થાપત્ય બાંધકામની દૃષ્ટિએ આ વાવ ૧૩મી શતાબ્દીના સમયની જણાય છે.

આ સ્મારકને ગુજરાત રાજ્યના રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવેલું છે.

## • જામટાવર :

રજવાડા સમયમાં બાંધવામાં આવેલું અનન્ય સ્થાપત્યોમાં રાજકોટના જામટાવરને ગણાવી શકાય તેમ છે. આ ટાવરનું બાંધકામ નવાનગર સ્ટેટ દ્વારા જામ વિભાજીના સમય ઈ.સ. ૧૮૮૭માં કરવામાં આવેલું હતું. રાજકોટ આ સમય દરમિયાન સૌરાષ્ટ્રની બ્રિટીશ એજન્સીનું મુખ્ય મથક હતું.

સ્થાપત્યની દૃષ્ટીએ આ ટાવર કોલોનીયલ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. આ ટાવર બાંધવાની પ્રેરણા મુંબઈના પ્રસિદ્ધ રાનીબાઈ ટાવર ઉપરથી લેવામાં આવેલી છે. ટાવરની નીચેની જગતીનું માપ આશરે ચારે તરફથી ૫.૩૫ મીટર છે. ટાવરની ઊંચાઈ આશરે ૨૫ મીટર જેટલી છે. ટાવરના ટોચના ભાગે મીનારા જેવી રચના કરાયેલી છે. જેમાં લોખંડની જાળીનો ઉપયોગ કરાયેલો છે. ટાવરની છત સુધી પહોંચવા માટે અંદરના પગથિયાંની રચના કરેલી છે. આ ચોરસ તલમાન ધરાવતા ટાવરની ઉપરના ભાગે ચારે દિશામાં ઘડીયાળો આવેલી છે. જે હાલમાં બંધ હાલતમાં છે. ટાવરના બાંધકામમાં રેતીયો અને જગતિના ભાગે મીળમીંઢ પથ્થર વાપરવામાં આવેલો છે. ટાવરના પ્રવેશદ્વારની ઉપર અંગ્રેજમાં ''પ્રેસીડેન્ટ જામશ્રી રાવલ પ્રોલીટિકલ એજન્ટ ઈ.સ. ૧૮૭૭'' જેવું લખાણ છે.

## • શૈલગુફાઓ - ખંભાલીડા :

ગુજરાત અને સૌરાષ્ટ્રના ઐતિહાસિક યુગની શરૂઆત મૌર્યકાળથી થઈ જે અશોકના શિલાલેખથી પ્રમાણિત થાય છે. સમ્રાટ અશોક કે તેનાં વંશજોનો રાજ્યકાળ તો અહીં લાંબો સમય રહ્યો, પણ તેમણે કરેલ બૌદ્ધ ધર્મનો પ્રચાર અહીંથી મળેલ સ્તૂપો, ચૈત્યો, અને વિહારોના અવશેષોથી પ્રતિપાદિત થાય





છે. બૌદ્ધ ધર્મને અનુસરતા અથવા તો આદર કરતા ઘણાં રાજકુળો અહીં થયાં તેમાં ક્ષત્રપવંશીય રાજાઓ જેમણે અનેક સ્તૂપો, ચૈત્યો અને વિહાર બંધાવ્યા. તે સમયગાળાનું એક રાજ્યરક્ષિત એવું સ્મારક રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલિડા ગામ પાસે વહેતા ઝરણાને કિનારે નમૂનેદાર શૈલ-ઉત્કીર્ણ ગુફા સ્થાપત્ય સ્વરૂપે આવેલું છે.

આ શૈલોત્કીર્ણ ગુફાઓનું જૂથ પાંચ ઝૂમખાઓમાં આવેલું હોઈ બીજા ઝૂમખાની ગુફાઓ સૌથી મહત્ત્વની છે. આ સંકુલની વચલી ગુફા ચૈત્યગુફાઓમાં જોવા મળતું નથી. ગુફાના મુખ્ય દ્વાર પર ડાબી બાજુએ પદ્મપાણી અવલોકિતેશ્વર અને જમણી બાજુએ વજ્રપાણી નામના બોધિસત્વો વૃક્ષછાયા હેઠળ ભક્ત સમુદાય સાથે કંડારેલ છે. આ ચૈત્ય અંદરના ભાગેથી અર્ધવર્તુળાકાર છે અને એ ભાગમાં સ્તૂપો આવેલા છે.

ચૈત્યગૃહની આજુબાજુએ આવેલી ગુફાઓ સાદી અને બિનઅલંકૃત છે, પરંતુ તેના પ્રવેશ ભાગની ઉપરના શિલ્પાંકનયુક્ત પટ્ટોમાં ફુલ-વેલ, ભૌમિતિક ભાત ઉપરાંત ચૈત્યાંકન તેમજ માનવકૃતિઓ કંડારેલ છે. આ ગુફા સમૂહમાં પહેલા, ત્રીજા, ચોથા અને પાંચમાં ઝુમખાઓને વિહાર કરતી ગણાવી શકાય, શિલાંકનને આધારે ગુફા સમૂહને ક્ષત્રપકાળની ગણી શકાય.

### • ઢાંકની ગુફાઓ :

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગામ ઢાંકની પશ્ચિમે આવેલી નાની ટેકરીના પણ પશ્ચિમ ભાગે ગાળીમાં આવેલી કેટલીક શૈલ-ઉત્કીર્ણ ગુફાઓ સ્પષ્ટપણે જૈન ગુફાઓ છે.

લગભગ ૭ x ૪ ફુટની નાની પ્રથમ ગુફાની પ્રવેશદ્વાર સિવાયની ત્રણ બાજુ ૨૨ ઈંચની લંબાઈ-પહોળાઈ વાળો એકે-એક ગોખલો છે. દરેક ગોખલામાં કંડારેલી આદિનાથની પદ્માશનસ્થ દિગમ્બર પ્રતિમાઓના શિરોભાગે ત્રિછત્ર, નીચેની બન્ને બાજુઓ ઉપર એકેક ચામરવાહક અને ઊર્ધ્વભાગે બન્ને તરફ એકેક ઉડતો ગંધર્વ પણ કોતરેલ છે.

આ ગુફાની જરા ઉત્તરે ઉપરના ભાગે ખડક ઉપર અલ્પમૂર્ત શિલ્પમાં કેટલીક પ્રતિમાઓ કંડારેલી છે. જે પૈકી આદિનાથ, શાંતિનાથ અને અંબિકા આદિ ઉલ્લેખનીય છે.

તીર્થંકરોની દિગમ્બર પ્રતિમાઓની કંડારણીના લઢણના આધારે પ્રસ્તુત ગુફા સમૂહને ઈસુની ત્રીજી શતાબ્દીની આસપાસની ગણી શકાય.









# સાબરકાંઠા જિલ્લાની અસ્મિતા

## ● નિલકંઠ મહાદેવનું મંદિર - પોશીના

સાબરકાંઠા જિલ્લામાં આવેલા મોટાપોશીના કે પોશીના તાલુકા મુખ્ય મથક ખેડબ્રહ્માથી ઉત્તર દિશામાં અંબાજીનાં મુખ્ય માર્ગે આશરે ૫૫ કિ.મી.ના અંતરે આવેલું છે. અમદાવાદથી ખેડબ્રહ્મા થઈ પોશીના જઈ શકાય છે. ખેડબ્રહ્મા-અંબાજીના માર્ગે હડાદ ગામ પાસેથી પોશીનાનો માર્ગ જમણી તરફ બદલાય છે. રાજ્ય પરિવહનની બસ સેવાથી સંકળાયેલ છે અને અમદાવાદથી આશરે ૧૮૭ કિ.મી.નાં અંતરે છે.

રેતિયાં પથ્થરમાંથી નિર્માણ થયેલું પશ્ચિમાભિમુખ નિલકંઠ મહાદેવનું મંદિર પોશીના ગામથી ઉત્તર-પૂર્વમાં આવેલું છે.

તલદર્શનની દૃષ્ટિએ જોતાં મંદિર ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને ચોકીના અંગો ધરાવે છે. મંડપ તથા ચોકીના કક્ષાસન, વિતાન વિદ્યમાન નથી, જ્યારે વિદ્યમાન ભાગોમાં પણ પાછળના સમયમાં સુધારા-વધારા થયેલા છે. મંદિરના ગર્ભગૃહ મધ્યે આવેલું લિંગ-જલધારી પ્રમાણમાં નવા છે. જ્યારે સન્મુખ ગવાક્ષની દેવી પ્રતિમા દર્શનીય છે. યથોચિત અલંકરણ સહિતની દેવી પ્રતિમાની બંને તરફ પરિકરમાં ત્રણ-ત્રણ દેવાંગનાઓના અંકન છે. ગવાક્ષ મધ્યે ઉપરના ભાગે હિંડોલક તોરણ છે. આવી જ બીજી પ્રતિમા અંતરાલમાં દક્ષિણ તરફના ગવાક્ષ નીચે છૂટી આવેલી છે. ઉત્તર-દક્ષિણ અંતરાલના ગવાક્ષમાં આવેલ અનુક્રમે અંધકાસુર વધ કરતાં શિવ અને પરિકરમાં દશાવતારના શિલ્પો સહિતની વિષ્ણુ પ્રતિમા મંદિરમાં અન્ય કોઈ ભાગની અલંકાર પ્રતિમા જણાય છે.

ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ જોતાં ભદ્ર, પ્રતિરથ અને કર્ણસહિત પંચરથ તલમાન ધરાવતાં ગર્ભગૃહમાં ભીટ્ટ, જાડંબો, કણી, ગ્રાસપટ્ટીના સ્તરયુક્ત પીઠ અલંકરણ વિહીન સાદી છે. કુંભના સ્તરમાં ભદ્રભાગે મધ્યમાં ગવાક્ષસહિતની યુગ્મ પ્રતિમાઓ છે. જેમાં ઉત્તરમાં બ્રહ્મા-સાવિત્રી, પૂર્વમાં ઉમા-મહેશ અને દક્ષિણમાં લક્ષ્મી-નારાયણના અર્ધપર્યંકાસનસ્થ સ્વરૂપો છે. જ્યારે અન્યત્ર પુષ્પક ભાતના અંકન છે. કળશનો સ્તર અલંકરણ વિહિન, સાદો છે.

મંડોવરની જંઘા મંદિરનું સર્વાધિક સુંદર અને આકર્ષક અંગ છે. શિલ્પ-પ્રચૂર આ ભાગમાં છાદ્ય ઉપર ઉદ્‌ગમ મંડિત લંબવર્તુળ સ્તંભિકાઓ સહિતના ગવાક્ષ તથા સલિલાંતરમાં વિવિધ દેવ, દેવી, ઋષિકાઓ કે તાપસોના વિવિધ અંગભંગીમાં કંડારાયેલ શિલ્પો છે. દરેક ગવાક્ષના ઉદગમની બંને તરફ વિમુખ પ્રાણી શિલ્પો છે, જ્યારે કે સલિલાંતરમાં આવેલા તાપસના શિલ્પોની ઉપરના ભાગે રતિશિલ્પો આવેલા છે.

પશ્ચિમાભિમુખ મંદિરના મંડોવરની જંઘાના ભદ્ર ગવાક્ષો પૈકી ઉત્તરના ભદ્ર ગવાક્ષમાં દેવી ચામુંડાની દશભુજા પ્રતિમા છે. નૃત્યરત દેવીના ઉપરના બંને હાથમાં આડી સર્પની આકૃતિ છે. કૃષસ્તની દેવીના બાકીના હાથમાં વિવિધ આયુધો છે.

પૂર્વના ભદ્ર ગવાક્ષમાં ભગવાન શિવના નટેશ સ્વરૂપને વ્યક્ત કરતી પ્રતિમા છે. અતિભંગમાં નૃત્યરત ભગવાન દશભૂજા છે. નટેશે ઉપલા બંને હાથમાં સર્પ ધારણ કરેલા છે. બાકીના હાથમાં વિવિધ આયુધ ધારણ કરેલા છે.

જ્યારે દક્ષિણના ભદ્ર ગવાક્ષમાં ભગવાન શિવના અંધકાસુરવધ સ્વરૂપની પ્રતિમા છે, જેમાં ડાબો પગ ઘૂંટણથી વાળી ઉત્તર તરફ ઊઠાવેલ છે અને જમણા તથા ડાબા એકેક હાથમાં ધારણ કરેલ ત્રિશૂલના શૂલોમાં અંધકાસૂરને ઊઠાવેલ છે.





મંડોવરની જંઘાના અન્ય ભાગોમાં અષ્ટદિક્પાલ સહિત ભગવાન શિવના વિવિધ સ્વરૂપની પ્રતિમાઓ છે. ઉપરાંત દક્ષિણ તરફ ભગવાન શિવ અને વિષ્ણુના સંયુક્ત સ્વરૂપને વ્યક્ત કરતી હરિહરની પ્રતિમા છે. નીચેના બે હાથ ખંડિત છે. ઉપલા જમણા હાથમાં ગદા અને ડાબામાં ચક્ર છે. નીચે જમણી તરફ વાહન નંદી અને ડાબી તરફ ગરુડ પુરુષ છે.

મંડોવરની જંઘાની પ્રતિમાઓમાં નોંધપાત્ર ગણી શકાય તેવી પ્રતિમા દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલી અર્ધ નારીશ્વરની પ્રતિમા છે. જેમાં ત્રિભંગ સ્થિત પ્રતિમાનું જમણું અર્ધુ અંગ ભગવાન શિવનું અને ડાબુ અંગ દેવી પાર્વતીનું છે. એ રીતે જમણાં અંગે કટી નીચે વ્યાઘ્રચર્મ અને ડાબી તરફ વસ્ત્ર છે. જમણી તરફ નીચે વાહન નંદી અને ડાબી તરફ સિંહ છે. આમ સાંખ્ય દર્શનના પુરુષ અને પ્રકૃતિના સાયુજ્યથી સંસારની ઉત્પત્તિની તાત્વિક વિચારધારાને દર્શાવતી અને ગુજરાતના શૈવ મંદિરોમાં પણ અલ્પ પ્રમાણમાં જોવા મળતી આ પ્રતિમા દર્શનીય છે.

મંદિરના શિખરનું પાછળના સમયમાં સમારકામ કરાયેલ છે. જેની ઉપર આમલક અને કલશ છે.

મંદિરના મંડપને મધ્યભાગે ભદ્રપકોષ્ઠ આવેલા છે. મંડપની બાહ્ય દીવાલના સ્તરો સાદા છે. આ મંદિર તેની પ્રતિમાઓ-શિલ્પાલંકરણ શૈલીને આધારે ઈસુની ૧૫મી સદિમાં મૂકી શકાય છે.

### ● પ્રાચીન વાવ - દાવડ

દાવડ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં તાલુકા મથકથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં સપ્તેશ્વરના માર્ગે ૨૫ કિ.મી.ના અંતરે આવેલું છે. નજીકનું રેલવે સ્ટેશન જાદર-દાવડથી ૧૦ કિ.મી.ના અંતરે છે. આ સ્થળ રાજ્ય પરિવહની બસ સેવાથી સંકળાયેલ છે.

આ સ્થળે અંકોલ માતાની વાવ તરીકે ઓળખાતી પ્રાચીન વાવ ગામથી પશ્ચિમ દિશામાં આવેલું છે.

વાવ એ ગુજરાત-રાજસ્થાનમાં મળતું પાણીના સ્ત્રોત માટેનું વિશિષ્ટ સ્થાપત્ય છે, જેનો સાદો અર્થ પગથિયાવાળો કૂવો કરી શકાય. જેમાં પાણી માટેના કોઈ સાધન વગર વ્યક્તિ પગથિયાં દ્વારા પાણીના સ્તર સુધી જઈ પાણી પી શકે. વધુમાં વાવમાં કરવામાં આવતી માળની રચનાને કારણે વટેમાર્ગુઓ વિસામો કરવા કે વાળું કરવા પણ વાવનો ઉપયોગ કરતાં. વાવનું નિર્માણ મહદ્અંશે ગામોને જોડતાં ધોરીમાર્ગ પર થતું. ધર્મમાં પણ વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા નિર્માણ જેવા પરમાર્થિક કાર્યોનો પૂર્તધર્મમાં સમાવેશ કરવામાં આવેલો છે.

દાવડનો સૌથી પ્રાચીન ઉલ્લેખ સંવત ૧૨૭૮ (ઈ.સ. ૧૧૬૧)ના લેખમાં દયાવડ તરીકે મળે છે. ખંભાતના જૈન ભંડારની એક પ્રતમાં સંવત ૧૩૪૯ (ઈ.સ. ૧૨૯૩)માં દાવડનો દયાવટ ગ્રામ તરીકે ઉલ્લેખ છે. ઉપરાંત પ્રાચીન સમયમાં દિલીપપુર પતન તરીકે પણ ઓળખાતું હોવાની નોંધ મળે છે. વિક્રમ સંવત ૧૩૦૫ (ઈ.સ. ૧૨૪૯)ના પાળિયામાં દાવડ તરીકે ઉલ્લેખ છે.

દાવડની પ્રાચીન વાવ ગુજરાતની વાવોમાં તેનાં શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. રેતિયા પથ્થરમાંથી નિર્માણ પામેલ વાવ ઉત્તરાભિમુખ છે. દક્ષિણમાં કૂવો છે. વાવની લંબાઈ ૩૦ મીટર છે. જ્યારે પહોળાઈમાં વાવ ક્રમશઃ નાની થતી જાય છે, પ્રવેશ ભાગે પહોળાઈ ૭.૮૦ મીટર છે. વાવના પૂર્વમાં હવાડાની રચના છે. જ્યારે ઉત્તર-પશ્ચિમે આરામકક્ષની રચના છે, જેની છત સમતલ છે. જેનો પનિહારીઓ તેમજ વટેમાર્ગુઓ વિસામો કરવા ઉપયોગ કરતાં હશે.

સ્થાપત્યના ગ્રંથોમાં મળતાં વાવના ચાર પ્રકાર - નંદા, ભદ્રા, જયા અને વિજયા - પૈકી એક પ્રવેશ અને ત્રણ કૂટ ધરાવતી નંદા પ્રકારની આ વાવ છે.

વાવમાં પ્રવેશભાગના સમતલ પટ્ટશાલમાં મધ્યભાગે સોપાન શ્રેણીની રચના છે. જેની બંને તરફ અંદર લંબાતા ભદ્ર ઘાટના પ્રકોષ્ઠયુક્ત અધિષ્ઠાનની રચના છે, ત્યાર બાદ પુનઃ સમતલ પટ્ટશાલને મધ્યભાગે જોડાયેલ સવ્યાપસવ્ય કે દ્વિપથી સોપાન શ્રેણીની રચના છે. આ પ્રકારની પુનરાવર્તિત થતી અંગ રચના વાવને દર્શનીય બનાવે છે. તેની ભિત્તિમાં પણ કુંભ, કળશ અને કપોતાલીના સ્તરોમાં પુષ્પક ભાત તથા ચૈત્યાંકન ભાતના કરાયેલ નિરૂપણો તેના સૌંદર્યમાં ઉમેરો કરે છે. વાવમાં ઉપરના માળને ટેકવવા તથા મધ્યકૂટ ઉપરની રચનાના સ્તંભો મિશ્ર પ્રકારના છે. જેમાં ઉપરની કૂટિ સિવાયના સ્તંભો સાદા છે. સ્તંભો નીચે ચોરસ, ઉપર અષ્ટાશ્ર, ષોડાશ્ર અને તેની ઉપરના ભાગે વર્તુળાકાર છે. જેની શિરાવટીમાં મહદ્અંશે કિચકના શિલ્પો છે. ઉપરાંત નાળની પૂર્વ-પશ્ચિમ પડખાની દીવાલને સંલગ્ન દરેક માળને સમાંતર સાંકડો પથ્થરનો માર્ગ છે. જેને નીચે સાદા સૂંઢિયાથી ટેકવેલ છે. ત્રીજા કૂટમાં માત્ર ચાર ભિતિસ્તંભો છે. વાવના વચલા કૂટમાં રમણકને છાવરતા ભિતિસ્તંભોની વચ્ચેના ગાળામાં મનોહર ખત્તકની રચના છે. પર્ણપત્રના ઝીણા કંડારથી શોભતાં જાડ્યકુંભ, કર્ણક અને રત્ન પટ્ટીકાથી સર્જાતી પીઠ ઉપર પત્ર શાખાવાળો ગવાક્ષ, તે પર કૂટછાદ્ય અને મથાળે કૂટક, ઘંટીકા, રથિકા સહિતની સંવરણા છે.

સમગ્ર વાવનું સર્વાધિક સુંદર અને વાવના કાલનિર્ણયને તેની શિલ્પકલા શૈલી દ્વારા પુષ્ટિ આપનાર અંગ



તે વચલાકૂટ ઉપરનો માળ છે. જેનું રચનાવિધાન મારું ગુર્જર શૈલીના મંદિરોના નૃત્યમંડપના આંતર-બાહ્ય સ્તરોદય સ્થાપત્યની યાદ અપાવે છે.

વેદિકામાં દેવ-દેવીની પ્રતિમાઓ ધરાવતી રથિકા છે. મંડપના ઘટપલ્લવ સ્તંભોનો નિખાર સહેજે પાટણની રાણી વાવના સ્તંભોની યાદ તાજી કરાવે છે. જેમાં ઘટપલ્લવની નીચેના ચોરસ ઘાટના મથાળે અર્ધવૃત્ત કૂડચલવેલ, સહિતના સુંદર અંકન છે. મંડપમાં પ્રવેશ માટે પૂર્વ-પશ્ચિમ દ્વારની રચના છે. જેની શાખો ફૂલ-વેલ અને પત્રશાખાથી વિભૂષિત છે. જેમાં નીચેના ભાગે બંને તરફ પરિચારકોના શિલ્પાંકન છે. ઉપરાંત દ્વાર-શાખની બંને તરફ વિવિધ ભૌમિતિક ભાતના ચોરસયુક્ત ઊભી પટ્ટીઓ પણ નોંધપાત્ર છે.

વાવના કૂવાનો વ્યાસ ૪ મીટર છે. જેમાં ઉપરના ભાગે મદલ કાઢેલા છે.

વાવ તેમાં પ્રયોજાયેલ સ્થાપત્યકીય સ્વરૂપની સાથે શિલ્પાંકનની શૈલી જોતાં ઈસુની ૧૧મી સદીમાં મૂકી શકાય.

## પ્રાચીન સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં પોળો

તા. વિજયનગર, જિ. સાબરકાંઠા

પોળો વિસ્તારમાં આવેલા સ્મારકો

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આંતરસુંબા-અભાપુર ગામે આવેલા સ્મારકો

(૧) શિવપંચાયતન મંદિર નં. ૧, (૨) શક્તિ મંદિર, (૩) શિવ મંદિર,

(૪) નવદેરાં, જૈન મંદિર નં. ૧, જૈન મંદિર નં. ૨, જૈન મંદિર નં. ૩, જૈન મંદિર નં. ૪, શિવપંચાયતન મંદિર નં. ૨

(૫) શરણેશ્વર મંદિર, (૬) શિવ-શક્તિ મંદિર, (૭) કુંડ અને મંદિર (લાખેણા વિસ્તાર),

(૮) જૈન મંદિર નં. ૧, (૯) જૈન મંદિર નં. ૨, (૧૦) જૈન મંદિર નં. ૩

### ● સ્થળ પરિચય :

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં ઈડરથી ઈશાને ખેડબ્રહ્મા, અંબાજીના મુખ્ય માર્ગે વિજયનગર જતા ધોરી માર્ગ પર આશરે ૩૭ કિ.મી. દૂર હરણાવ નદી એટલે કે પ્રાચીન હિરણ્યના કાંઠાથી શરૂ કરી છેક પોળોની પ્રસિદ્ધ ડુંગરની ઘાટી સુધીના લગભગ ૧૦ કિ.મી.ના જંગલ વિસ્તારમાં સંતાયેલી કોઈ પ્રસિદ્ધ નગરી અને તેના કેટલાક પ્રાચીન સ્મારકો તથા અવશેષો પથરાયેલા છે.

આ સ્મારકો વિભિન્ન વિસ્તારોમાં ક્યાંક એકલ-દોકલ તો ક્યાંક સમૂહમાં પથરાયેલ છે. આમાં મુખ્યત્વે સૌ પ્રથમ આંતરસુબા આશ્રમ પાસે તથા આંતરસુબા ગામ પાસે હરણાવ (મૂળનામ હિરણ) નદીના બન્ને કાંઠે સ્મારકો આવેલા છે. ત્યાર બાદ આંતરસુબાથી આશરે ૭ કિ.મી. દૂર આભાપુર ગામ તથા તેનાથી ૩ કિ.મી. દૂર લાખેણા તરીકે ઓળખાતા વિસ્તારમાં અન્ય સ્મારકો આવેલા છે.

તમામ સ્મારકો અરવલ્લીની ડુંગરમાળ વચ્ચેથી પસાર થતી હરણાવ નદી અને આસપાસના પ્રાકૃતિક સૌંદર્યથી છલકાતા જંગલ વિસ્તારથી આવૃત છે.

સ્થળ સુધી જવા માટે અમદાવાદથી અંબાજી વાયા ઈડર, ખેડબ્રહ્માના માર્ગે તથા અમદાવાદથી વિજયનગર, રાણી સાથે સંકળાયેલ રાજ્ય પરિવહનની બસ દ્વારા જઈ શકાય છે.



### ● સ્મારક પરિચય :

પોળોના પ્રાચીન સ્મારકોમાં સમાવિષ્ટ સ્મારકોમાં આંતરસુબા અને અભાપુરની આસપાસના વિસ્તારમાં કુલ ૧૪ રાજ્ય રક્ષિત સ્મારકો આવેલા છે. જેમાં શૈવ, શાક્ત, સૂર્ય અને સંપ્રદાયના મંદિરો આવેલા છે. સંપ્રદાય ભેદની માફક જ આ સમૂહના મંદિરોના તલમાન, ઊર્ધ્વદર્શન, સમયાંકન પણ વૈવિધ્ય છે. આ સમૂહના

મંદિરોમાં ઈ.સ.ની ૧૧મી સદીથી ૧૫-૧૬મી સદીની વચ્ચેના સમયગાળાના મંદિરો, સ્મારકોનો સમાવેશ થાય છે. આમ શિલ્પ-સ્થાપત્યમાં રસ, રૂચિ ધરાવનારને આ વિસ્તારના સ્મારકો વિભિન્ન સમયની કલાશૈલીના દર્શન કરાવે છે. સરકાર દ્વારા રક્ષિત કરાયા પહેલાં આ સ્મારકો ગાઢ જંગલના આવરણથી આવૃત હતા. જે તે સમયે તેની સ્થિતિ પણ લગભગ ભગ્નાવસ્થા જેવી હતી. સાકાર દ્વારા સમયાંતરે કરાયેલ માવજતની કામગીરીથી આ સ્મારકો શિલ્પ-સ્થાપત્યના અભ્યાસીઓ માટે એક તીર્થ સમાન બની શક્યા છે. આ સ્મારકોનો પરિચય.

આ વિસ્તારમાં સ્મારકોમાં સૌ પ્રથમ આંતરસુબા મૂકામે આવેલ સ્મારકો આવે છે.

### • શક્તિ મંદિર :

પૂર્વાભિમુખી આ મંદિર તલદર્શને મુખચોકી અને ગર્ભગૃહ એમ બે અંગોથી રચાયેલ હોઈ તેને ધ્વયંગી પ્રકારના મંદિરોની શ્રેણીમાં મૂકી શકાય. સ્તસેધ્યે પીઠ, મંડોવર, છાદ્ય અને શિખર જેવા અંગોથી આ મંદિર રચાયેલ છે. મંડોવરના કુંભકમાં તમાલપત્રની ભાત કંડારેલ છે. અંતરપત્રિકા રત્નમંડિત છે. કપોતમાં ચૈત્યાંકન તેમજ જંઘાની ઉપરનો ભાગ ગ્રાસપટ્ટથી વિભૂષિત છે. છાદ્ય ઉપર નાગર શૈલીનું રેખાન્વિત શિખર એકાંડી પ્રકારનું છે. શિખર આમલકથી વિભૂષિત છે. જંઘાના ભદ્રગવાક્ષોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્માજી બિરાજેલ છે. તેમજ અન્ય નાસિકાઓમાં વાયુ, યમ, અગ્નિ તેમજ અપ્સરાઓના શિલ્પો છે.

કક્ષાસનયુક્ત મુખચોકીના વામન સ્તંભો મિશ્ર ઘાટના છે. તેની સમતલ વિતાનમાં વિકસિત પુષ્પભાત કંડારેલ છે. જ્યારે ગર્ભગૃહની વિતાન ચતુષ્કોણીય છે. ગર્ભગૃહની દ્વારશાખમાં શિવ, વિષ્ણુના વિવિધ સ્વરૂપો જોવા મળે છે. ઉદુમ્બરના બન્ને બાજુએ અનુક્રમે કુબેર અને ગણેશ છે. જ્યારે મધ્યમાં ચંદ્રશાલા તેમજ તેની બંને બાજુ કીર્તિમુખ કંડારેલ છે. મંદિરની સ્થાપત્યશૈલી જોતાં આ મંદિર ૧૦મા શતકનું હોવાનું જણાય છે.

### • શિવ મંદિર :

ગર્ભગૃહ, અંતરાલ અને મંડપ એમ ત્રણ અંગોના સંયોજનથી આ મંદિરને તલમાનની દષ્ટિએ ત્રિઅંગી પ્રકારનું કહી શકાય. પશ્ચિમાભિમુખ આ મંદિરના ગર્ભગૃહના મંડોવરની જંઘામાં ભદ્રગવાક્ષ સિવાયની નાસિકાઓમાં કોઈ શિલ્પાંકન કે રૂપાંકન જોવા મળતું નથી. ઉત્તર બાજુનું ભદ્રગવાક્ષ ખંડિતાવસ્થામાં છે. પૂર્વ-ઉત્તર અને દક્ષિણ બાજુના શિખરના ભદ્રાદીખત્તકમાં અનુક્રમે વિષ્ણુ-લક્ષ્મી, શિવ-પાર્વતી તેમજ બ્રહ્મા-સાવિત્રીના યુગલ શિલ્પો કંડારેલ છે.

અંતરાલમાં બન્ને બાજુએ આવેલા ખત્તક શિલ્પવિહિન છે. દેવાંકનોથી વિભૂષિત ગર્ભગૃહની દ્વારશાખ ત્રિશાખી છે અને પ્રવેશદ્વારનો ઓતરંગ બ્રહ્મા, યમ, પાર્વતી, લક્ષ્મી, વિષ્ણુ વગેરેથી મંડિત છે. મંડપના બન્ને છેડે ગણેશ અને કુબેરના શિલ્પ જોવા મળે છે. ગર્ભગૃહની ઉપર શિખર ભગ્નાવસ્થામાં છે, પરંતુ હાલના વિદ્યમાન ભાગની ઉત્કીર્ણ જાલકભાતનું અંકન જોતાં આ મંદિર ૧૦મી સદીનું હોવાનું જણાય છે.

### • શિવપંચાયતન મંદિર નં.-૧

વિશાળ વ્યાપ અને ઊંચાઈ ધરાવતી જગતી ઉપર નિર્માણ પામેલું આ મંદિર પશ્ચિમાભિમુખી છે. મંદિરના ચારે કોણમાં લઘુપ્રસાદ આવેલા હોઈ આ મંદિર પંચાયતન પ્રાસાદ તરીકે ઓળખાય છે. આ લઘુ પ્રાસાદો ભગ્નાવસ્થામાં છે.

આ મંદિરની પાર્શ્વમાં વિવિધ શિલ્પોમંડિત તેમજ અલંકરણયુક્ત સુંદર કીર્તિતોરણ આવેલું છે. આ તોરણના સ્તંભદંડમાં વિવિધ ઘાટનું સંયોજન જોવા મળે છે. તેના ભદ્રાદી ભાગે કંડારેલ ગવાક્ષોમાં બ્રહ્મા, વિષ્ણુ, દ્વારપાલ, ચામુંડી, ભૈરવ વગેરેનું શિલ્પાંકન જોવા મળે છે. મધ્યના અષ્ટાસ્ત્રદંડમાં સૂર્યની પ્રતિમાઓ છે. તેની ઉપરનું વૃત પુષ્પાંકન, મણીમેખલા, કંદોરા ભાત, કીચક વગેરેથી વિભૂષિત છે. મંદિરના અગ્ર ભાગે હાલમાં કોઈ કીર્તિતોરણ નથી, પરંતુ આવા જ એક ભવ્ય કીર્તિતોરણની રચના અગ્ર ભાગે પણ હોવાનું તેની





જગતીના તલમાન પરથી જણાય છે.

ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને શૃંગાર ચોકી વગેરે અંગો ધરાવતું આ મંદિર ચતુરંગી પ્રકારનું છે. ગર્ભગૃહની પીઠ સાદી છે. મંડોવરની જંઘામાં ઉત્તર, દક્ષિણ અને પૂર્વ એમ ત્રણ બાજુએ ભદ્રગવાક્ષમાં સૂર્ય તેમજ અન્ય નાસિકાઓમાં યમ, કુબેર, ઈન્દ્ર જેવા શિલ્પો કંડારેલ છે. છાદ્ય ઉપરનું શિખર નાગરશૈલીનું શિખરાન્વિત શ્રેણીનું છે.

મંડપની વેદિકામાં દક્ષિણે અદિતિ તેમજ ઉત્તરે શીતળાનું શિલ્પ કંડારેલ છે. શૃંગાર ચોકીની પીઠમાં રાજ સવારીના દૃશ્યનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

ગર્ભગૃહની દ્વારશાખમાં તેમજ ઓતરંગમાં સૂર્યની પ્રતિમાઓ કંડારેલ છે. મંડપ ઉપરનું છાવણ લુપ્તાવસ્થામાં છે. મંડપના તેમજ કક્ષાસનયુક્ત શૃંગાર ચોકીના મિશ્રઘાટના વામન સ્તંભોના સ્તંભદંડનો વૃતભાગ ગ્રાસપટ્ટીથી વિભુષિત કરાયેલ છે.

આ મંદિર ૧૪માં - ૧૫માં શતકનું હોવાનું જણાય છે.

## ● ''નવદેરાં'' કે સદેવંત સાવળિંગાના પ્રાચીન દેરા :

આ સ્થળ આંતરસુબા ગામ પાસે નદીના સામા કાંઠે આવેલું છે. આ સ્થળે કુલ ચાર જૈન મંદિરો અને એક શિવપંચાયતન મંદિર (નંબર-૨) આવેલું છે. 'નવદેરાં', શબ્દપ્રયોગ કુલ નવ દેરીની સંખ્યાનું સૂચન કરે છે. ઉપરાંત આ સ્થળને રાજકુમાર સદેવંત અને તે જ ગામમાં રહેતી સાવળિંગા સાથે થયેલ પ્રણય અંગેની પ્રચલિત ગાથા સાથે વણીને આ પ્રાચીનાવશેષો સદેવંત-સાવળિંગાના મંદિરો તરીકે પણ સ્થાનિકે ઓળખાય છે. જો કે ઉક્ત કિવદંતીને કોઇ પુરાતત્વિક સમર્થન મળતું નથી. અહીં આવેલા જૈનમંદિરો પ્રાકારયુક્ત છે. વિશાળ જગ્યામાં પથરાયેલ મંદિરો તેના ભવ્ય અતિતની ઝાંખી કરાવે છે. આ ચાર દક્ષિણાભિમુખ જૈન મંદિરો અને તેની પૂર્વમાં પૂર્વાભિમુખ શિવપંચાયતન મંદિરનો પરિચય જોઈએ.



### ● જૈન મંદિર નં.-૧ :

મંદિરની પીઠ અને મંડોવરમાં કોઈ વિશેષ રૂપાંકન નથી. મંડોવરના કુંભકમાં અને જંઘામાં સામાન્યતઃ જોવા મળતી ઊર્ધ્વ પલ્લવની તથા સક્કરપારા ભાતનું તક્ષણ અહીં પણ જોવા મળે છે. ગર્ભગૃહ ઉપરનું શિખર, તેની જંઘાનો મહત્તમ ભાગ તથા મંડપ ઉપરનું છાવણ લુપ્ત છે.

### ● જૈન મંદિર નં.-૨ :

બલાનકમાં ઉદ્‌ગમમંડિત ગવાક્ષ શિલ્પવિહિન છે. આ મંદિર, મંદિર નં. ૧ કરતાં કંઈક અંશે સારી સ્થિતિમાં જળવાયેલ છે. મંડપ ઉપરના કરોટકના થરમાં પુષ્પપત્રાવલીનું તેમજ મધ્યશિલામાં ઊર્ધ્વપદ્મ કંડારેલ છે. મંડપના સ્તંભ મિશ્રઘાટમાં છે. સ્તંભદંડના મથાળે માત્ર ગ્રાસ પટ્ટીનું અંકન જોવા મળે છે. જ્યારે તે સિવાયનો ભાગ અલંકરણરહિત છે. ગર્ભગૃહની જંઘા ઈન્દ્ર, વાદક, શિવ, કુબેર, બ્રહ્મા, ભૈરવ, યમ વગેરેના શિલ્પોથી વિભૂષિત કરાયેલ છે. ભદ્રગવાક્ષો શિલ્પરહિત છે. નાગર શૈલીના શિખરાન્વિત પ્રકારના શિખરનો ઉપરનો ભાગ ભગ્ન છે.

### ● જૈન મંદિર નં.-૩ :

આ મંદિરના ગર્ભગૃહનો અંતરાલનો તેમજ ગૃહમંડપનો ઘણોખરો ભાગ ભગ્નાવસ્થામાં છે. કુંભકમાં માત્ર તમાલપત્રનું અંકન છે. કળશ રૂપકામ વિહિન છે.

### ● જૈન મંદિર નં.-૪ :

બલાનકમાં આવેલું ગવાક્ષમાં અંબિકા અને કુબેરનું શિલ્પ કંડારેલ છે. મંડપની પીઠથી ઉપરના થર લુપ્ત છે. ગર્ભગૃહના પૂર્વ તરફના ભદ્રગવાક્ષમાં પાર્શ્વનાથનું શિલ્પ છે. અન્ય રથિકાઓ પ્રમાણમાં સાદી છે. શિખરના ભદ્રાદિ ખત્તકમાં અંબિકા છે. તેના ઉત્સંગમાં બાળક અને હસ્તમાં આમ્રલુંબી ગ્રહણ કરેલ છે. ઉત્તર બાજુએ ગવાક્ષમાં કંડારેલ તીર્થંકરનું લાંછન અસ્પષ્ટ છે. આ સ્મારક સમૂહ ૧૫માં શતકમાં નિર્માણ પામેલું હોવાનું જણાય છે.

### ● શિવપંચાયતન મંદિર નં.-૨ :

જૈન મંદિર સમૂહની પૂર્વે આ પ્રાસાદ આવેલું છે. મધ્યમાં પૂર્વાભિમુખ મુખ્ય પ્રાસાદ અને તેના ચારે કોણમાં લઘુ મંદિરો આવેલા છે. મધ્યમાં આવેલ મુખ્ય પ્રાસાદની સન્મુખે નાના તોરણનું આયોજન જોવા મળે છે. તોરણના ભદ્રાદિ ભાગે વિવિધ દેવ-દેવીઓના શિલ્પો તેમજ તેની બંને બાજુની શાખ ચામરધારિણીઓ અને વાદકોના સંયુક્ત શિલ્પોથી વિભૂષિત કરાયેલ છે. લલાટબિંબમાં મધ્યે ગણેશજી તથા તેની આજુબાજુ માલાધરોનું અલંકરણ જોવા મળે છે. તોરણમાં પ્રવેશ્યા બાદ આવતા મુખ્યમંદિરનો ઘણોખરો ભાગ ખંડિત છે. આ મંદિરની ઉત્તર તરફનો પીઠથી શિખર સુધીનો ભાગ જળવાયેલ છે. જંઘામાં આવેલા ગવાક્ષ શિલ્પરહિત છે. શિખરના ખત્તકમાં બ્રહ્મા-સાવિત્રિનું યુગલ શિલ્પ જોવા મળે છે.

આ પંચાયત મંદિરના દક્ષિણ-પશ્ચિમ કોણમાં તથા ઉત્તર-પશ્ચિમ કોણમાં આવેલા લઘુ મંદિરના ભદ્રગવાક્ષમાં વિષ્ણુના શિલ્પ કંડારેલ છે, પરંતુ પૂર્વ-ઉત્તર અને પૂર્વ-દક્ષિણ કોણમાં આવેલા લઘુ મંદિરોની પીઠ સુધીનો જ ભાગ જળવાયેલ છે. આ મંદિર તેની સ્થાપત્યકીય રચના શૈલી ઉપરથી આશરે ૧૫માં શતકમાં નિર્માણ પામેલું હોય તેમ જણાય છે.

### ● શરણેશ્વર મંદિર :

પશ્ચિમાભિમુખ આ શિવોપાષક પ્રાસાદ પ્રાકરયુક્ત છે. ગર્ભગૃહ, અંતરાલ, પ્રદક્ષિણા પથ, સભામંડપ, શૃંગારચોકી જેવા અંગો ધરાવતું સાંધાર પ્રકારનું આ મેરૂપ્રાસાદ દ્વિભુમુખયુક્ત છે. સ્થાપત્ય કલાવિન્યાસની સરખામણીમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવતું સ્મારક છે. બલાનકની બ્રાહ્ય દીવાલની બંને બાજુએ ઉદ્‌ગમમંડિત શિલ્પવિહિન ગવાક્ષ આવેલા છે. ગવાક્ષની સમાંતર કંડારેલ અર્ધવલાયાકાર પટ્ટ વિકસિત પુષ્પાંકનથી સુશોભિત છે. બલાનકના ભદ્રાદિ ભીતાંસ્તંભોના મદળો ઊર્ધ્વપલ્લવ તથા ઘટ્ટપલ્લવથી વિભૂષિત કરાયેલ છે. બલાનક બાદ ભગ્ન હાલતમાં સ્વતંત્ર અલંકૃત વેદી આવેલી છે. વેદીની સન્મુખ મુખ્ય પ્રાસાદ આવેલું છે. ઊર્ધ્વદર્શને કામદ પ્રકારની પીઠમાં ભીટ્ટ, અંધારિકા, કણી, ગ્રાસપટ્ટી તથા મંડોવરમાં કુંભક, અંધારિકા, કળશ, કપોત, મંચિકા, જંઘા, ઉદ્‌ગમ, ભરણી, શિરાવટી વગેરે થરોની બેવડી રચના જોવા મળે છે. મથાળે કુટછાધ્ય અને તેની ઉપર પાંચાડી શિખરાન્વિત શૈલીનું શિખર જોવા મળે છે. બેવડી જંઘામાં દક્ષિણે ભૈરવ, યમ, બ્રહ્મા, સરસ્વતિ, અપ્સરા પૂર્વે - ઈન્દ્ર, સરસ્વતિ, પાર્વતી, શિવ, અપ્સરા તેમજ ઉત્તરે ઈન્દ્રાણી, ગણેશ, શિવા, પત્રલેખિની, વિષ્ણુ, અપ્સરા જેવા વિવિધ શિલ્પો કંડારાયેલ છે. મંડપના વામન સ્તંભોની ભરણીમાં ભોગાસન, વાદકો, હંસાવલી તથા નરથરનું અંકન જોવા મળે છે. મંડપની વેદિકામાં ઉર્મિવેલ, વિષ્ણુ, શિવ તથા બ્રહ્માના શિલ્પો કંડારાયેલ છે. પીઠીકામાં માત્ર ગ્રાસપટ્ટ જોવા મળે છે. અષ્ટકોણીય સભામંડપના મિશ્રઘાટના સ્તંભોની કુંભી પૂર્ણઘટ તથા અધોમુખી પલ્લવોથી અલંકૃત છે, તેમજ સ્તંભદંડ નીચેથી ઉપર તરફ અષ્ટકોણીય, ષોડસ અને વલાયાકારના છે. તેનો વૃત્તાકાર પટ્ટ ઘંટાસાંકળી, મણિમેખલા અને ગ્રાસપટ્ટીથી અલંકૃત કરવામાં આવેલું છે. મંડપ ઉપરનું છાવણ અસ્તિત્વમાં નથી. સભામંડપમાં ઉત્તર અને દક્ષિણ છેડે શૃંગાર ચોકી છે. ગર્ભગૃહની







કરોટકમાં કીચક અને હંસાવલીના થરોનું આયોજન કરવામાં આવેલું છે. પ્રદક્ષિણા માર્ગમાં અલંકૃત વાતાયનોની સુંદર રચના જોવા મળે છે.

આ મંદિર તેની રચનાશૈલીને આધારે તેનું નિર્માણ ઈસુના પંદરમાં શતકમાં થયું હોવાનું જણાય છે.

### ● શિવ-શક્તિ મંદિર :

શરણેશ્વર મહાદેવ મંદિરથી લાખેણા જવાનો માર્ગમાં હરણાવ સરિતાના કાંઠા સમિપ આ પશ્ચિમાભિમુખ મંદિર આવેલું છે. તલમાને ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને પ્રવેશ ચોકી એમ ચાર અંગો ધરાવતું આ પ્રાસાદ ચૌરંગી પ્રકારનું છે. પીઠ, મંડોવર, છાદ્ય, શિખર જેવા અંગોથી વિભુષિત પ્રાસાદની પીઠમાં ગ્રાસપટ્ટી સિવાય અન્ય કોઈ રૂપાંકન કરવામાં આવેલું નથી. કુંભકમાં અર્ધપર્યંકાસનસ્થ દેવ-દેવીઓના વિવિધ શિલ્પો છે. મંડોવરની નાસિકાઓ શિવા તથા સ્વાહાના અધપર્યંકાસનસ્થ શિલ્પ તેમજ ઊભી સ્થિતિમાં ગણેશ, ઈન્દ્ર, શિવ, દર્પણકન્યા, નૃત્યાંગના, ઈન્દ્રાણી, ગણેશ, પાર્વતી, બ્રહ્મા, બ્રહ્માણી, ભૈરવ, યમ વગેરે શિલ્પકલાથી વિભુષિત કરવામાં આવેલા છે.

પ્રવેશ ચોકીના વામનસ્તંભો મિશ્રઘાટના છે. મંડપ અને અંતરાલ ઉપરનું છાવણ લુપ્ત છે. ગર્ભગૃહની ઉત્તર તરફની ત્રિશાખી દ્વારશાખાના ભદ્રાદી ભાગે સૂર્યાણી તેમજ દક્ષિણ બાજુએ સૂર્યની પ્રતિમાઓ કંડારેલ છે. લલાટમાં મધ્યે ગણેશ તેમજ તેમની આસપાસ માલાધરે, ઓતરંગમાં મધ્યમાં અશ્વારૂઢ સૂર્ય અને તેમની બન્ને બાજુ સૂર્યાણી તથા ગજયુગ્મ દર્શાવેલ છે.

આ સ્થાપત્ય તેની કલાવિન્યાસના આધારે ૧૫મા શતકનું હોવાનું જણાય છે.

### ● કુંડ અને મંદિર :

પૂર્વાભિમુખ આ શિવાલયમાં હાલમાં ગર્ભગૃહ અને મંડપ સ્પષ્ટપણે વિદ્યમાન છે. પરંતુ તેના તલમાન પરથી આ મંદિર ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને પ્રવેશ ચોકી જેવા અંગોથી નિર્માણ પામેલું હોવાનું જણાય છે. ચૌરંગી પ્રકારના મંદિરની શૃંગાર ચોકી તેમજ મંડપ ઉપરનું છાવણ તથા ગર્ભગૃહ ઉપરનું શિખર લુપ્ત થઈ ગયેલ છે. ગર્ભગૃહની ત્રિશાખી દ્વારશાખ અર્ધખંડિતાવસ્થામાં છે. દ્વારશાખ શિવની ઊભી તેમજ અર્ધપર્યંકાસનસ્થ પ્રતિમાઓથી વિભૂષિત છે. ઉદુમ્બરના ઉત્તર-દક્ષિણ છેડે ક્રમશઃ ગણેશ અને કુબેરના અર્ધપર્યંકાસનસ્થ શિલ્પ કંડારેલ છે. ગર્ભગૃહનો ઉત્તર-પૂર્વકોણનો માત્ર જંઘા સુધીનો આંશિક ભાગ જ હાલમાં વિદ્યમાન છે. જેમાં તાપસ, અપ્સરા વગેરેનું શિલ્પાંકન જોવા મળે છે. મંડોવરના કુંભકમાં જાલક ભાત વગરના ઉદ્‌ગમ જેવી ભાત કંડારેલી છે.

મંડપની વેદિકામાં ઉર્મિવેલ તેમજ તેની ઉપર ઘટપલ્લવનું અંકન કરવામાં આવેલ છે. વેદિકામાં નીચેના થરો પંખી, પશુ, શિવલિંગ, પૂર્ણ વિકસિત પુષ્પ, રત્ન, કળશ જેવી વૈવિધ્યપૂર્ણ કલામય ભાતોથી વિભૂષિત કરાયેલ છે.

મંદિરના પાર્શ્વભાગે ભદ્રક ઘાટનો કુંડ આવેલ છે. કુંડના દ્વિતીય પટ્ટશાલમાં હાલમાં માત્ર દક્ષિણ અને પૂર્વ કોણમાં જ દેવકુલિકા વિદ્યમાન છે, પરંતુ તલદર્શન પરથી ચારે કોણમાં દેવકુલિકાઓનું આયોજન હોવાનું જણાય છે. જો કે કુંડનો દક્ષિણ ભાગ લુપ્ત થઈ ગયેલ છે. ચાર પટ્ટશાલ ધરાવતા કુંડના પ્રત્યેક પટ્ટશાલમાં ઉતરવા માટે મધ્યમાં અને ખૂણાઓ ઉપર દ્વિપથી સોપાનની રચના કરવામાં આવેલ છે. કુંડની દીવાલોમાં કોઈ વિશેષ રૂપાંકન જોવા મળતું નથી.

આ સ્મારક તેની નિર્માણશૈલીના આધારે ૧૫ માં શતકનું હોવાનું જણાય છે.



### ● જૈન મંદિર નં.-૧

લાખેણા જૈન મંદિર તરીકે પરિચિત એવા કુલ ત્રણ જૈન મંદિરોનો સમૂહ અહીં આવેલો છે. જેમાં જૈન









મંદિર નં.-૧ અન્ય બે મંદિરો કરતાં વિશાળ વ્યાપ ધરાવે છે.

પશ્ચિમાભિમુખ આ મંદિર પ્રાકારયુક્ત છે. મંદિર ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, ત્રિકમંડપ, સભામંડપ, પ્રવેશચોરી તેમજ બલાનક જેવા અંગો સાથે સંકળાયેલ છે. બે મજલા ધરાવતા ગર્ભગૃહનું શિખર ઉરુઃશૃંગ, પ્રત્યંગા શૃંગિકા વગેરેથી આચ્છાદિત શિખરાન્વિત પ્રકારનું આ શિખર આમલસાર અને કળશથી વિભૂષિત કરાયેલ છે. જંઘાના ખત્તકો શિલ્પવિહિન તેમજ તદ્દન સાદા છે. ગર્ભગૃહમાં કરાયેલ ઝરૂખાની રચના વિશેષ ધ્યાનકર્ષક લાગે છે. ત્રિકમંડપ અને સભામંડપની દીવાલોમાં પથ્થરની અલંકૃત જાળીઓની રચના કરવામાં આવેલ છે. આ જાળીઓમાં સ્વસ્તિકાકૃતિ, ઘટપલ્લવ, વિવિધ પુષ્પાકૃતિઓ, ફૂલવેલ, નર્તકીઓ, પંખીઓ, સર્પાકૃતિઓ, વ્યાલ જેવી ભાતોનું કલાત્મક અલંકરણ જોવા મળે છે. સભામંડપની કરોકટનો આંશિક ભાગ જળવાયેલો છે. જેના વિવિધ થરો કે જે રત્નભાત, હંસાવલી, ઊર્ધ્વ પત્રાંકન જેવી વિવિધ ભાતોથી અલંકૃત કરવામાં આવેલી છે. ત્રિકમંડપની કરોકટમાં સક્કરપારા ભાત, હંસાવલી, કીર્તિમુખ તથા વાદકોનું સંયુક્ત અંકન, ગજતાલ, લુમા તથા મધ્યમાં ઊર્ધ્વ પદ્મભાત કંડારેલી છે.

ગુઢ મંડપની ત્રિશાખી દ્વારશાખમાં યક્ષિણી, પદ્માવતીની પ્રતિમાઓ તેમજ લલાટબિંબમાં પાર્શ્વનાથની પ્રતિમા અંકિત કરેલી છે. તેની ઉપરનો પટ્ટ માલાધરોથી અલંકૃત છે. ગુઢમંડપમાં ભૂમિગૃહમાં જવા માટેની રચના કરવામાં આવેલી છે. મંડપ મિશ્ર ભાતના સ્તંભો ઘંટાસાંકળી, કંદોરાભાત, ગ્રાસપટ્ટીથી વિભૂષિત છે.

સ્થાપત્યકલાના વૈવિધ્યપણાને કારણે વિશિષ્ટ લક્ષણો ધરાવતું આ પ્રાસાદ ઈસુના ૧૫મા શતકનું હોવાનું જણાય છે.

## ● જૈન મંદિર નં.-૨

ઈંટેરી અને પથ્થરનું મિશ્ર બાંધકામવાળું આ મંદિર પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહ, અંતરાલ અને મંડપ જેવા અંગો ધરાવતું આ મંદિર ત્ર્યંગી પ્રકારનું છે. મંડપના પ્રવેશદ્વારના લલાટબિંબમાં મધ્યે તિર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા તથા ઉદુમ્બરના બંને છેડે કૂબેર તથા તેની બાજુમાં કીર્તિમુખ કંડારેલ છે. ગર્ભગૃહની દ્વારશાખમાં પણ આ પ્રમાણેનું જ તક્ષણકાર્ય જોવા મળે છે. મંડપ ઉપરનું છાવણ કાળક્રમે નાશ પામેલા છે. ગર્ભગૃહની જંઘાના ઉદ્‌ગમમંડિત ગવાક્ષ પણ શિલ્પવિહિન છે. શિખરનો દક્ષિણ તરફનો આંશિક ભાગ જ હાલમાં વિદ્યમાન છે.


## ● જૈન મંદિર નં.-૩


આ મંદિર પણ પશ્ચિમાભિમુખ ઈંટેરી-પથ્થરનું મિશ્ર બાંધકામવાળું અને ત્ર્યંગી પ્રકારનું છે. મંડપની દ્વારશાખમાં નીચે ઈન્દ્રને રક્ષકદેવ તરીકે દર્શાવેલ છે. તેની ઉપર ભદ્રાદી શાખમાં યક્ષિણીઓનું શિલ્પાંકન છે. જ્યારે ગર્ભગૃહની દ્વારશાખમાં કર્ણશાખમાં નાની દેરીઓની પ્રતિકૃતિઓ કંડારેલ છે. તેમજ ભદ્રાદીભાગ રૂપકામ રહિત છે. મંડોવરમાં કુંભકમાં અર્ધપર્યંકાસનસ્થ અંબિકા, ચક્રેશ્વરી તથા પદ્માવતી વગેરે યક્ષિણિઓ છે. જંઘામાં કોઈ વિશેષ રૂપાંકન નથી. ઉદ્‌ગમમંડિત ગવાક્ષ શિલ્પરહિત છે. ગર્ભગૃહની ઉપરના શિખરનો સ્કંધ સુધીનો ભાગ જળવાયેલ છે. શિખરાન્વિત પ્રકારનું નાગરશૈલીનું આ શિખર પાંચાડી છે.

ઉપરોક્ત બંને મંદિર નં.-૨ અને ૩, ૧૪માં શતકમાં બંધાયેલ હોવાનું જણાય છે.




વીર નર્મદ





# સુરત જિલ્લાની અસ્મિતા

## • કિલ્લો :

સુરતના ચોકબજાર વિસ્તારમાં સૂર્યપૂત્રી તાપી નદીના કાંઠે હોપપુલ પાસે આવેલો અડીખમ કિલ્લો ઈ.સ. ૧૫૪૦-૪૧માં સુલતાન મહેમુદ ત્રીજાના સમયમાં ફિરંગીઓના હુમલાને રોકવા માટે બાંધવામાં આવ્યો હતો. ફિરંગીઓએ આ પહેલાં સુરત શહેરને ત્રણ વખત લૂંટ્યું હતું. કિલ્લો બંધાયા બાદ સુરતનો વિકાસ વધ્યો. શાહજહાંના સમય દરમિયાન સુરત ભારતના પ્રથમ પંકિતના શહેરો પૈકીનું એક ગણાતું હતું. સુરત બંદરનું જકાતનાકું કિલ્લા સાથે જોડાયેલું હતું, જે હાલમાં ફુરજો છે ત્યાં હતું. જિલ્લાભરનું જમીન મહેસૂલ પણ આ કિલ્લામાં એકત્ર થતું હતું.

## • મુગલસરા :

હાલ મુગલસરા વિસ્તારમાં કાર્યરત સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, જે મૂળ મુગલસરાઈ હતું. ઈ.સ. ૧૦૫૪ (ઈ.સ. ૧૬૪૪)માં તે વખતના સુરતના કિલ્લેદાર ઈશાક બેગ યઝદી ઉર્ફે હકીકતખાને આ ઈમારત મુસાફરો, હાજીઓ, વેપારીઓ વગેરેની સુવિધા માટે બંધાવી હતી. મોગલ સમયની ઈમારત આજે પણ અડીખમ છે. ઈ.સ. ૧૮૬૯ સુધી અંગ્રેજોએ આ સરાઈનો ઉપયોગ કાચી જેલ તરીકે કરેલો. સુરત સુધરાઈની સ્થાપના કલેકટર રોજર્સે તા.૨૪/૩/૧૮૫૨માં કરી હતી. ત્યારે તેની ઑફિસ નાનપુરામાં મુખ્ય પોસ્ટ ઑફિસના મકાનમાં કાર્યરત હતી.

## • કવિ નર્મદનું જૂનું ઘર :

ગોપીપુરા આમલીરાન પાસે વીર નર્મદ તથા અર્વાચીનોમાં આદ્યનું બિરુદ પામનારા કવિ નર્મદનું ઘર, અર્વાચીન યુગની સાહિત્યિક, સામાજિક એવી કોઈ પ્રવૃત્તિ બાકી નહીં હોય કે જેના મંડાણ નર્મદે ન કર્યાં હોય. ઈ.સ. ૧૮૬૫માં સરસ્વતી મંદિર નામનું મકાન બનાવ્યું હતું.

## • મરજાન શામી અને ખુદાવંદખાનના રોજા :

વરિયાવી દરવાજા પાસે જતાં રસ્તામાં મુલ્લા વોર્ડમાં આ બન્ને રોજા આવેલા છે. ખુદાવંદખાનનો રોજો ઈ.સ.૧૫૬૦ પછી તેના પુત્ર અને સુરતના ગવર્નર બનેલા રજબ રૂમીખાન ખુદાવંદખાને બંધાવ્યો હતો. ખુદાવંદખાન ઈ.સ. ૧૫૩૮-૧૫૪૬ સુરતના ગવર્નર હતા. તેમણે સુરતનો કિલ્લો બાંધ્યો હતો. આ ખુદાવંદ રોજાની બાજુમાં જ મરજાન શામીનો રોજો અને મસ્જિદ છે. જે ખુદાવંદખાનના લશ્કરમાં નાયક હતો. જે દમણમાં પોર્ટુગીઝો સાથેની અથડામણમાં દમણના ગવર્નર ગાર્સિયાએ તેમને વીંધી નાખેલા. તેઓને સુરત લાવીને ખુદાવંદખાન પાસે દફનાવાયા હતા.

## • ખ્વાજા દાનનો રોજો :

સુરત બડેખાં ચકલા વિસ્તારમાં આવેલો ખ્વાજા દાનનો રોજો અને મિનારો ઈ.સ. ૧૬૧૧માં નાખુદા અહેમદે બંધાવ્યો હતો. અહીં ૧૦૫ ફૂટ ઊંચો મિનારો ઈ.સ. ૧૭૮૨ના ધરતીકંપમાં પડી ગયો





હતો. આથી ગુલાબ બાબાખાને નવેસરથી બંધાવ્યો હતો. રોજાનો ગુંબજ તથા મસ્જિદ ઈ.સ. ૧૬૩૬માં પાટણના તે વખતના હાકેમ અબ્દુલ્લાખાંએ બંધાવ્યા હતા.

## ● અંગ્રેજોના કબ્રસ્તાનો :

અંગ્રેજોનું કબ્રસ્તાન વધારે વિશાળ છે, જે સુરતથી કતારગામ જવાના રસ્તા પર, કતારગામ દરવાજાની બહાર આવેલું છે. અહીંની વિદેશી કોઠીઓમાં કામ કરનારા યુરોપિયન અધિકારીઓની કબરો એમાં આવેલી છે. નાના-મોટા મિનારાઓવાળી અંદાજે ૧૪ જેટલી કબરો અહીં છે. ઉપરાંત ૮૦ જેટલી સાદી કબરો પણ છે.



## ● ડચ સેમિટરી

સુરત શહેરમાં કતારગામ દરવાજાની બહાર ડચ સેમિટરી આવેલી છે. આ ઈમારતમાં ઉપરના ભાગનાં વીથિકા અને નીચેના ભાગમાં રવેશ કાઢેલ છે. એના થાંભલાઓ પર ફૂલવેલના મનોહર રૂપાંકન કરેલાં છે. મકાનને નકશીકામ વડે સરસ રીતે સજાવેલું છે.

આર્મેનિયમ લોકોનું કબ્રસ્તાન :

સુરતમાં આર્મેનિયમ લોકોની પણ વસતી હતી આથી તેઓનું પણ અલગ કબ્રસ્તાન બનાવવામાં આવ્યું હતું, જે આજે કતારગામ દરવાજાની અંદર ડચ લોકોના કબ્રસ્તાન પાસે આવેલું છે.

## ● ડચ (વલંદા) કોઠી :

વલંદાઓને ઈ.સ. ૧૬૧૬માં કામચલાઉ કોઠી સ્થાપવા રજા મળેલી, હાલમાં જ્યાં જીવનભારતી, કિશોરભવન છે ત્યાં પ્રથમ કોઠી સ્થપાઈ હતી, જે મૂળ હીબરખાનનું મકાન હતું. સુરતના નવાબના

દબાણને લઈને ઈ.સ. ૧૭૬૨માં ત્યાંથી કોઠી ખસેડી ડચો નદી તટે મકકાઈપુલને નાવડી ઓવારા વચ્ચેના સ્થળે લઈ ગયા અહીં તેમણે કોટ બાંધ્યો અને વહાણ બાંધવાનું પણ શરૂ કર્યું હતું. નાવડી ઓવારા પાસે ડચ કોમોડોરનો બંગલો અને તેની સામેના વિસ્તારમાં ડચહાઉસ તરીકે ઓળખાતું મકાન આજે પણ હયાત છે. અહીંની નાનપુરાની મુખ્ય પોસ્ટ ઑફિસ ડચ લોકોના મકાનમાં કાર્યરત છે.

## • સ્ટેટ બેંક :

સુરતના ચોકબજાર વિસ્તારની જો ઓળખ આપવી હોય તો એક કિલ્લો તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાને આપવામાં આવે છે. આ બ્રાંચને હેરીટેજ બ્રાંચનો દરજ્જો આપ્યો છે. કહેવાય છે કે, બ્રિટિશરોના સમય પર અહીં ફલેગ પણ ફરકાવવામાં આવતો હતો. વર્ષ ૧૮૬૦માં બેન્ક ઓફ બોમ્બેની સ્થાપના થઈ જે તરત જ બંધ થઈ ગઈ. પછી તાપી વેલી રેલવે સુરતથી અમલનેર સુધી લંબાવાઈ ત્યારે બેન્ક પુનઃ શરૂ કરવામાં આવી વર્ષ ૧૮૯૭માં બેન્ક ઓફ બોમ્બે તરીકે અસ્તિત્વમાં આવી ત્યારબાદ તા. ૧/૭/૧૯૫૫માં બેન્ક ઓફ મદ્રાસ, બેન્ક ઓફ બંગાલ તેમજ બેન્ક ઓફ બોમ્બેને મર્જ કરીને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી છે, જે આજે પણ કાર્યરત છે અને તે ચોકબજાર મુખ્ય શાખા તરીકે ઓળખાય છે.

## • ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર :

સુરતના પ્રવાસીઓનું મન મોહી લે તેવું શાહપોર વિસ્તારમાં આવેલું ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરના વિભિન્ન ભાગ ઉત્તમ પ્રકારની બારીક કોતરણી અને કાષ્ઠ શિલ્પોથી સમૃદ્ધ છે. તે અતિ પ્રાચીન એમાં પાર્શ્વનાથના અલંકૃત તોરણવાળા ગવાક્ષ, દ્વારશાખ, મદલ વગેરેનો સમાવેશ થાય છે. આ શિલ્પો ૧૬મી સદીના ઉત્તરાર્ધના છે. આ દેરાસર ગુજરાતની મુળકાલીન કાષ્ઠકલા તથા ચિત્રકલાનો સુંદર નમૂનો પૂરો પાડે છે.

## • પારસી અગિયારી :

સુરતના સૈયદપુરા વિસ્તારમાં આવેલી પારસી અગિયારી પારસીઓનું પવિત્ર મંદિર છે. ઈરાનથી આવેલા આ પારસીઓ દૂધમાં સાકર ભળે તેમ સારાય હિન્દુસ્તાનમાં ભળી ગયા છે. ભારત અને ગુજરાતના વિકાસમાં આ સમાજનો ફાળો નાનોસૂનો નથી! એવા સમાજનું પવિત્ર સ્થળ એટલે પારસી અગિયારી.

## • ત્રણ પાંદડાનો વડ :

સુરતના ફૂલપાડા વિસ્તારમાં અશ્વિનીકુમાર સ્મશાનગૃહ પાસે તાપી કિનારે વૈદ્યનાથ મહાદેવના ઓવારાને અડીને ત્રણ પાંદડાંનો વડ આવેલો છે. આ નાનકડા છોડ જેવા વડને નવું પાન ફૂટે એટલે કુદરતી રીતે જ એક પાન ખરી પડે એટલે આ વડ પર કાયમ જ ત્રણ જ પાન રહે છે. બાજુમાં જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની મહાપ્રભુજીની ત્રેપનમી બેઠક છે.

## • બાલકૃષ્ણ લાલજીનું મોટું મંદિર :

ચૌટાપુલ વિસ્તારમાં મોટા મંદિરના નામે જાણીતા બાલકૃષ્ણ લાલજીનું મોટું મંદિર અંગે કવિ નર્મદે ગુજરાત સર્વસંગ્રહમાં જણાવ્યું છે કે, આ મંદિર ઈ.સ. ૧૬૯૫માં બંધાયેલું છે. ૧૮૩૭ની ભંયકર આગમાં આ મંદિરનો ઘણો મોટો ભાગ બળી જતાં અંદાજિત રૂા. ૧ /- લાખના ખર્ચે પુનઃ બાંધવામાં આવ્યું, આ





મંદિરની સ્થાપના બાદ હિંદુ સમાજ અને ખાસ કરીને વણિક સમાજ પર આ મંદિર અને ત્યાંના મહાજનોનો સારો પ્રભાવ છે. આ મંદિરની આસપાસ ચૌટાબજાર તરીકે જાણીતું થયેલું બજાર મહિલાઓનું ખાસ માનીતું છે.

## • અંબિકા નિકેતન :

તાપી નદીના કાંઠે અઠવા ગામને અડીને આવેલું અંબિકા નિકેતન મંદિરના સ્થાપત્યમાં પ્રાચીન-અર્વાચીન પદ્ધતિનું મિશ્રણ જોવા મળે છે. ૬૦૦ ચો.વાર વિસ્તારમાં પથરાયેલા આ મંદિરમાં અંબાજી માતાની સાડા પાંચ ફૂટ ઊંચાઈની મૂર્તિ બેઠેલી સ્થિતિમાં છે.

## • એન્ડ્રુઝ લાઇબ્રેરી :



સુરતના ચોકબજાર બજાર સ્થિત એન્ડ્રુઝ લાઈબ્રેરી અંગ્રેજોના સમયમાં તા.૧-૭-૧૮૫૦થી શરૂ કરવામાં આવી હતી.

શેઠ સોરાબજી જમદેશજી જીજીભાઈ ટ્રેનિંગ સ્કૂલ :

ચોકબજારમાં આવેલી શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ ટ્રેનિંગ સ્કૂલ જે મૂળે ઈ.સ. ૧૮૪૨માં સરકારી અંગ્રેજી શાળા તરીકે શરૂ થઈ હતી. ઈ.સ.૧૯૩૯ પછી આ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં સરકારે પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટેની કૉલેજ અહીં શરૂ કરી છે. હાલમાં જે મકાન છે તે ઈ.સ. ૧૮૭૨માં તૈયાર થયેલું છે.

## • મહુવા વિઘ્નેશ્વર મહાદેવ :

મુસ્લિમ રાજ્યની સ્થાપના પૂર્વે આ નગરનું નામ ''મધપુરી'' હતું. એવું કહેવાય છે કે, અહીંનું જૈનમંદિર બે હજાર વર્ષ જૂનું હોવાનું મનાય છે અને તે દિગંબર જૈનો માટે યાત્રાનું મોટું ધામ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર વિ. સંવત ૧૮૨૭માં થયો તેનો ઉલ્લેખ કાષ્ઠ થંભ ઉપર સંસ્કૃત અને માગધી




ભાષામાં કોતરેલા લેખમાંથી મળે છે. શરૂમાં આ મંદિર ચંદ્રપ્રભુ જૈન મંદિર નામે ઓળખાતું, એવા અનેક વિદ્વાનો અને ભુટારકોના હસ્તલિપિ ગ્રંથોમાં તેનો ઉલ્લેખો છે. હાલ આ મંદિર વિઘ્ન પાર્શ્વનાથ નામે ઓળખાય છે.

## ● સિદ્ધનાથ મહાદેવ (સરસ) :

ખંભાતના અખાતના કિનારે ઓલપાડથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલું સરસ ગામ સિદ્ધનાથ મહાદેવના મંદિરના કારણે પ્રખ્યાત છે. સિદ્ધ સોમનાથ મહાદેવનું મંદિર ઐતિહાસિક અને પ્રાચીન છે, જે મયૂરધ્વજ રાજાના સમયમાં બંધાયેલું હોવાનું મનાય છે. મંદિરના આંગણામાં બાણગંગા નામે ઓળખાતો કૂવો છે, જેને માટે લોકવાયકા છે કે, શ્રી રામે રાવણને હરાવીને લંકાથી પાછા ફરતાં આ કૂવો ખોદાવ્યો હતો. આ સિદ્ધેશ્વરનું લિંગ ગોકર્ણ ઋષિની સમાધિના તેજના સમૂહથી પૃથ્વી ફાડીને ઉત્પન્ન થયું છે. કહેવાય છે કે, આ મંદિરની શિવલિંગ તળે પાતાળ ગંગા વહે છે અને આ શિવલિંગમાંથી નીકળતું પવિત્ર જળ ખૂબ મીઠું છે.















# સુરેન્દ્રનગર જિલ્લાની અસ્મિતા

## ● ઝીંઝુવાડા દરવાજા :

ગુજરાતના પ્રાચીન બંદરો ઉપરના સેટેલાઈટ દ્વારા કરાયેલા એક રિમોટ સેન્સિગ અભ્યાસમાં જણાયું છે કે, હજારો વર્ષ પૂર્વે મૌર્યકાલિન સમયમાં ઈ.સ. ૩૧૨ થી ૧૮૦ દરમિયાનના સમયગાળામાં નદીઓ તથા સમુદ્રોના જળમાર્ગે ગુજરાતનો વ્યવહાર અને વહાણવટું વિકસેલા હતા. દરિયાઈ વ્યાપાર માટે અરબ મહાસાગરનો વ્યાપક ઉપયોગ હતો. ગુજરાતને સુમેર, ફિનિશિયા, રોમ, ઈજિપ્ત, અરેબિયા, ઈરાન, પૂર્વ આફ્રિકા, લંકા, બ્રહ્મદેશ, મલાયા, જાવા, સુમાત્રા અને ચીન જેવા પ્રાચીન રાષ્ટ્રો સાથે દરિયાઈ વ્યાપારના સંબંધો હતા.

મધ્યકાલિન સમયમાં ગુજરાતના સાગર કિનારે ૮૪ જેટલાં નાના-મોટા બંદરો હતા, આમાના ૬૨ બંદરો ૧૮૪૨ સુધી સૌરાષ્ટ્રના કિનારે હતા, ભૌગોલિક ફેરફારના કારણે જમીનના તળમાં ફેરફાર થયા અને સમુદ્ર દૂર થતો ગયો. આ વખતે સૌરાષ્ટ્ર કાંઠાના બંદરો નામશેષ બનતા ગયા. આ નામશેષ બંદરોમાંનું એક નામ છે ઝીંઝુવાડા.

રાજબાઈ માતાના મંદિરે આવેલા ઝીંઝુવાડાના ભવ્ય કિલ્લાના બુરજ ઉપર એક પ્રાચીન સ્તંભના આકારમાં ઉભેલી ધાતુની દંડ જેવી રચના દીવાદાંડી હોવાનું આજે ગામ લોકો જણાવે છે.

સોલંકી સિદ્ધરાજ જયસિંહે સંવત ૧૧૬૫ (સને ૧૧૦૯)ના મહા સુદી-૪, રવિવારે ઝીંઝુવાડાનો ગઢ બાંધવાનું મુહૂર્ત કર્યું અને ઉપાધ્યાય ભાણાના પુત્ર વાસેશ્વર વોહરાને સોંપ્યું. કિલ્લાના ચાર હયાત દરવાજાની ભવ્યતા, એની અપ્રતિમ કોતરણી, કિલ્લાની રચના, એનું અદ્‌ભુત સ્થાપત્ય, સિંહસર તળાવના ઓવારા ઉપર સુંદર કોતરણી એ બધું નજરને સહજ બતાવવાનો વિષય છે, એનું વર્ણન કરવા શબ્દો શોધવા પડે.

## ● સૂર્ય મંદિર - સુરજ દેવળ :

થાન જોજનો પહોળા અવની પટ ઉપર વિસ્તરેલું હતું, અહીં ૫૧ હજાર જેટલા વણિકો, ૩૬ હજાર બ્રાહ્મણો, ૭૨ હજાર ક્ષત્રિયો અને ૯૦ હજાર શુદ્રો મળી કુલ ૨,૫૦,૦૦૦ જેટલા માનવીનો નિવાસ હતો. સ્વયં નારાયણ અને લક્ષ્મીજીએ આ પ્રદેશની મુલાકાત લીધી હોવાની દંતકથા પણ છે. થાનનો મધ્યમ કિલ્લો કંડોલ કહેવાતો. આ કંડોલ પાસે જ સૂરજદેવળનું સ્થાન આજે પણ વિદ્યમાન છે.

થાનને ભારતના અતિ પ્રાચીન પ્રદેશોમાંનું એક ગણવામાં આવ્યું છે. એની આસપાસનો સમગ્ર પ્રદેશ જે પવિત્ર સ્થાનો સાચવીને બેઠો છે એની મહત્તાએ આ નગર થાનને એક વિશિષ્ટ મહત્ત્વ આપ્યું છે. થાન એટલે આ પ્રદેશના પવિત્ર યાત્રા સ્થળોની મુલાકાતે આવતા અને અહીં જ વસતાં સંતોની ભૂમિ.

આ પવિત્ર સ્થળો એટલે ભગવાન ત્રિનેત્રેશ્વરનું સ્થાન એવું તરણેતર, કંડોળા ખાતેનું સૂર્યદેવની ભવ્ય પ્રતિમા ધરાવતું સૂર્ય મંદિર, સર્પબંધુઓ, વાસુકી અને બાંડુકા જેને અત્યારે વાસંગી અને બાંડીયાબેલી તરીકે ઓળખીએ છીએ. તેમની ભૂમિ જેવા પાંચાળના પવિત્ર તીર્થો.






પાંચાળ પ્રદેશની દ્રૌપદીના વિખ્યાત સ્વયંવરની આ વાત પાંડવકાળની એક અદ્‌ભુત રમ્ય શૌર્યકથા છે. કિંવદંતી અનુસાર સતયુગની વાત સાથે આ પ્રદેશ જોડાયેલો છે. એવી પુરાણ ખ્યાત કથા છે કે સતયુગમાં સૂર્યવંશના પ્રતાપી રાજવી માંધાતાના હાથે અહીંના સૂર્ય મંદિર (સુરજ દેવળ)નું નિર્માણ થયું હતું. એક કથા એવી છે કે, વાલોજી નામના કાઠીની પાછળ પાવાગઢથી જામ આબડાનું કટક પડેલું. જામ વાલોજીએ થાનના કિલ્લામાં આશ્રય લીધો હતો. જામ આબડો ગઢને ઘેરો નાખી પડ્યો હતો. ચિંતિત વાલોજીને કાઠીઓના કૂળ દેવતા સૂર્યદેવે સ્વપ્નમાં આવી દર્શન દઈ સહાયની ખાતરી આપી, વાલોજી કાઠી હિંમતથી જામ આબડા સાથે લડ્યા. જામને કચ્છમાં નાસી જવું પડ્યું અને ઉપકારવશ વાલોજીએ કંડોલા ટેકરી પરના પ્રાચીન સૂર્ય મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

સમયાંતરે અહીં આવેલા અને લાખામાચીના નિર્માણમાં સહયોગી બનેલા લાખા ફુલાણીએ પણ આ મંદિરનું સમારકામ કરાવ્યાનો ઉલ્લેખ છે.

અવાર નવાર થયેલા જીર્ણોદ્ધાર-સમારકામોએ મૂળ મંદિરને ખૂબ જ અસર કરી છે અને હાલ એ પૂરાતન સૂર્ય મંદિરની ભવ્યતા એવા અવશેષમાં ખોવાયેલી મંદિરની આસપાસ નજરે પડે છે. હાલ આ મંદિર પુરાતત્ત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે  છે.

## • અનંતેશ્વર મહાદેવ



ચોટીલાની દક્ષિણે લગભગ ૨૫ કિ.મિ. દૂર ઠાંગાની ટેકરીઓના નીચાણમાં આવેલું અણહિલવાડના રાજવીઓનું એક થાણુ હતું. અહીંનું વિખ્યાત અનંતેશ્વર મહાદેવનું મંદિર સિદ્ધરાજ જયસિંહે બનાવ્યાનું કહેવાય છે. પણ લોકમુખની વાતો કહે છે કે, તેનું નિર્માણ ૧૦૬૮ વિક્રમ સંવતમાં અનંત કે આનંદ ચુડાસમાએ કર્યું હતું. મહંમદ ગઝનીની ચડાઈઓનો ભોગ આ મંદિર બન્યું હતું.

## • ગંગવો કુંડ- દેદાસરા :

વઢવાણથી ૧૨ કિ.મી. અંતરે દેદાસરા ગામ આવેલું છે. ગામની દક્ષિણે ગંગવાકુંડ તરીકે વિખ્યાત કુંડ આવેલો છે. કુંડની ચારે બાજુએ સુંદર સ્થાપત્ય ધરાવતા ચાર મંદિરો છે. જે ચાલુક્ય કાળના હોવાની માન્યતા છે. એક હજાર વર્ષ પહેલાંનું આ તમામ સ્થાપત્ય પુરાતત્ત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.

## • રાજબાઈ વાવ

તાલુકાના રામપરા ગામે આવેલી સુંદર સ્થાપત્ય, કોતરણી તથા બેનમૂન કારીગરીથી બનેલ રાજબાઈ વાવ ઇતિહાસના ઓવારણા સમાન છે. આ વાવ પુરાતત્ત્વ્ વિભાગ દ્વારા રક્ષિત છે.





## ● નવલખા શિવ મંદિર :

સાયલાથી ૧૮ કિ.મી. દૂર આવેલ સેજકપર પ્રાચીન ગામ છે. અહીં પ્રાચીન સ્થાપત્યકલાનું બેનમૂન નવલખા મંદિર ભગવાન શિવજીનું મંદિર આવેલું છે. આ મંદિરનું શિખર સંપૂર્ણ કોતરણી વાળા પથ્થરોથી બનેલું છે. શિખર પરનો એક પણ પથ્થર તેમાં સાદો મૂકવામાં આવેલો નથી. મંદિરના પ્રવેશ પગથિયાં પહેલાં ગણેશજીની મૂર્તિ સ્થાપવામાં આવેલી છે. મંદિરની ફરતે દિવાલો પર પણ વિવિધ ડિઝાઈનો તથા વિવિધ મુદ્રામાં ઉભેલી આભૂષણધારી માનવાકૃતિની અદ્‌ભુત કોતરણી કરવામાં આવેલી છે. અનેક સ્તંભો પર ઊભું કરવામાં આવેલા આ મંદિરના દરેક સ્તંભો પર પણ વિવિધ કોતરણી કંડારવામાં આવેલી છે.

## ● રાણકદેવીનું મંદિર :

ભોગાવો નદી કાંઠે વસેલું વઢવાણ શહેર વર્ધમાનપુરી નામથી ઓળખાતું હતું. એક વાયકા પ્રમાણે જૂનાગઢના રાજા અને રાણકદેવીના પતિ રા'ખેંગાર અને તેના બે પુત્રોની હત્યા બાદ સિદ્ધરાજ જયસિંહ રાણકદેવીને પકડીને લઈ જતા હતા ત્યાં માર્ગમાં વઢવાણ નજીક ભોગાવો નદીમાં તેણી સતિ થઈ હતી. ભોગાવો નદીના દક્ષિણ કાંઠે રાણકદેવીનું મંદિર આવેલું છે.

## ● ગંગાવાવ તથા માધાવાવ

અહીં બાંધવામાં આવેલી ગંગાવાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઈ.સ. ૧૨૭૫)ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની દંતકથા ધરાવતી માધાવાવ રાજ્ય સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા સુરક્ષિત છે.

## ● હળવદના પાળીયા :

હળવદ એક પ્રાચીન શહેર છે અને તે સતિના પાળિયા માટે જાણીતું છે. રણભૂમિમાં લડતાં લડતાં શહીદ થયેલ કે મરણ પામેલા પોતાના પતિઓ પાછળ સતિ થયેલ એટલે કે મૃત્યુ પામેલ મહિલાઓના સ્મૃતિ ચિહ્નોરૂપ પાળિયા અહીં આવેલા છે જે ૧૫મી સદીના હોવાનું મનાય છે.



# ગુજરાત રાજ્યના રક્ષિત સ્મારકોની યાદી :

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો | જાહેરનામા ક્રમાંક |
|---|---|---|---|---|
| ◆ અમદાવાદ જિલ્લો ◆ | | | | |
| ૧ | અમૃતવર્ષિણી વાવ | અમદાવાદ | અમદાવાદ | ૫ |
| ૨ | ડચ ટોમ્બ | અમદાવાદ | અમદાવાદ | ૯ |
| ૩ | પ્રાચીન મસ્જિદ | ઈસનપુર | અમદાવાદ | ૩૦ |
| ૪ | પ્રાચીન વાવ | કઠવાડા | અમદાવાદ | ૩૨ |
| ૫ | જળદ્વારવાળું ખાન તળાવ | ધોળકા | ધોળકા | ૫ |
| ◆ આણંદ જિલ્લો ◆ | | | | |
| ૧ | ભદ્રકાલી માતાની વાવ | ઉમરેઠ | ઉમરેઠ | ૧ |
| ◆ કચ્છ જિલ્લો ◆ | | | | |
| ૧ | ભડેશ્વર મંદિર | અંજાર | અંજાર | ૧૮ |
| ૨ | નાયબ કલેકટરની કચેરીના મકાનમાંના દીવાલ ચિત્રો | અંજાર | અંજાર | ૧૪ |
| ૩ | ભુવડેશ્વર મહાદેવ મંદિર | ભુવડ | અંજાર | ૨૫ |
| ૪ | પુંઅરેશ્વર મંદિર (પુંઅરાગઢ નજીક) | મંજલ | નખત્રાણા | ૧૦ |
| ૫ | વડીમેડી (શૈવ મઠ) (પુંઅરાગઢમાં) | મંજલ | નખત્રાણા | ૧૦ |
| ૬ | પાધરગઢ | પુંઅરેશ્વર નજીક | નખત્રાણા | ૨૪ |
| ૭ | કંથકોટનો દરવાજો કિલ્લામાં | કંથકોટ ડુંગર પર | ભચાઉ | ૧૦ |
| ૮ | જૈન મંદિર | કંથકોટ | ભચાઉ | ૧૦ |
| ૮ | સૂર્ય મંદિર | કંથકોટ | ભચાઉ | ૧૦ |
| ૧૦ | શોભારેલનો ટીંબો | ચાંપર નજીક | ભચાઉ | ૨૪ |
| ૧૧ | શિવ મંદિર | કેરા | ભુજ | ૧૦ |
| ૧૨ | રામ કુંડ | ભુજ | ભુજ | ૧૦ |
| ૧૩ | આઈનો ડેરો (શિવમંદિર) | ચિત્રોડ-મેવાસા | રાપર | ૧૬ |
| ૧૪ | પાબુમઠનો ટીંબો | સુવઈ | રાપર | ૨૧ |
| ૧૫ | કિલ્લો-લખપત | લખપત | લખપત | ૨૫ |
| ૧૬ | ગુરુદ્વારા | લખપત | લખપત | ૨૬ |
| ૧૭ | શૈલ ગુફાઓ (જૂના પાટગઢ પાસે) | સિયોત | લખપત | ૧૦ |



| | | | | |
|---|---|---|---|---|
| | **◆ ખેડા જિલ્લો ◆** | | | |
| ૧ | કુંડ અને તોરણ | કપડવંજ | કપડવંજ | ૫ |
| ૨ | વાવ | કપડવંજ | કપડવંજ | ૫ |
| ૩ | વાવ | મહેમદાવાદ | મહેમદાવાદ | ૫ |
| | **◆ ગાંધીનગર જિલ્લો ◆** | | | |
| ૧ | પ્રાચીન વાવ | અંબાપુર | ગાંધીનગર | ૧૯ |
| ૨ | પ્રાચીન વાવ | માણસા | માણસા | ૫ |
| | **◆ જામનગર જિલ્લો ◆** | | | |
| ૧ | કોઠો (ભૂજિયો) | જામનગર | જામનગર | ૨ |
| ૨ | ખંભાળિયો દરવાજો | જામનગર | જામનગર | ૨ |
| ૩ | લખોટા ટાવર | જામનગર | જામનગર | ૨ |
| ૪ | કાલિકા માતાનું મંદિર | ધ્રાસણવેલ | દ્વારકા | ૨ |
| ૫ | ગણેશ મંદિર | ઘૂમલી | ભાણવડ | ૧૪ |
| ૬ | નવલખા મંદિર | ઘૂમલી | ભાણવડ | ૧૪ |
| ૭ | પ્રાચીન મંદિર (છેલસર તળાવ કાંઠે) | ઘૂમલી | ભાણવડ | ૧૦ |
| ૮ | રામપોળ દરવાજો | ઘૂમલી | ભાણવડ | ૧ |
| ૯ | કિલ્લો | મોડપર | ભાણવડ | ૨ |
| ૧૦ | પનોતીનું મંદિર | હાથલા | ભાણવડ | ૨ |
| ૧૧ | શનિની વાવ | હાથલા | ભાણવડ | ૨ |
| | **◆ જૂનાગઢ જિલ્લો ◆** | | | |
| ૧ | અડીકડીની વાવ (ઉપરકોટ) | જૂનાગઢ | જૂનાગઢ | ૧ |
| ૨ | જુમ્મા મસ્જિદ અને તોપ નીલમ અને કડાનલ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ | ૧ |
| ૩ | નવઘણ કૂવો | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ | ૧ |
| ૪ | રા'માંડલિકનો સંવત ૧૫૦૭નો શિલાલેખ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ | ૧ |
| ૫ | લશ્કરી વાવ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ | ૧૦ |
| ૬ | દામોદર કુંડ જતાં રસ્તા ઉપર | જૂનાગઢ (ગિરનાર) | જૂનાગઢ | ૧ |
| ૭ | બોરિયા સ્તૂપ, લાખામેડી અને વડી (લાખામેડી નજીક) | જૂનાગઢ (બારદેવી) | જૂનાગઢ | ૧૧ |
| ૮ | નરસિંહ મહેતાનો ચોરો | જૂનાગઢ | જૂનાગઢ | ૧ |



| | | | | |
|---|---|---|---|---|
| ૯ | નવાબ મહોબતખાનજી પહેલાંના બાબી રાજાના મકબરા | | | |
| | જૂનાગઢ | જૂનાગઢ | ૧ | |
| ૧૦ | નાજીબીબીના મકબરા સાથે બારા સૈયદ | જૂનાગઢ | જૂનાગઢ | ૧ |
| ૧૧ | મહોબત મકબરો | જૂનાગઢ | જૂનાગઢ | ૧ |
| ૧૨ | અશોક શિલાલેખની પ્રતિલિપી | જૂનાગઢ | જૂનાગઢ | ૧૧ |
| ૧૩ | હિ.સ. ૬૮૫ના શિલાલેખ સાથે માઈ ગઢેચી | જૂનાગઢ | જૂનાગઢ | ૧ |
| ૧૪ | કાલિકા માતા | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૧૫ | ગુરુ દત્તાત્રેય | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૧૬ | ગોરખ ટૂંક | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૧૭ | ગૌમુખી | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૧૮ | ભીમકુંડ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૧૯ | ભૈરવ જપ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૨૦ | સ્તંભ ઉપરના સંવત ૧૩૩૩, ૩૫ અને ૩૯ના ત્રણ શિલાલેખ સાથેનું નેમિનાથ મંદિર | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૨૧ | સંવત ૧૨૮૮ના છ શિલાલેખ સાથેનું વાસ્તુપાલનું મંદિર | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૨૨ | રા’ખેંગાર મહેલ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ | ૧ |
| ૨૩ | જૈન મંદિર | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧૦ |
| ૨૪ | નગરાનો ટીંબો | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૨ |
| ૨૫ | પ્રાચીન ગુફાઓ | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૨ |
| ૨૬ | પ્રાચીન જૈન મંદિર (સંગ્રહાલયનું મકાન) | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૨ |
| ૨૭ | માઈપરી મસ્જિદ | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧૦ |
| ૨૮ | માંગરોલી શાહનો મકબરો અને શિલાલેખ સાથેની શાહી કબરો | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧ |
| ૨૯ | મુઝફ્ફરની મસ્જિદમાં આવેલી શિલાલેખ | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧ |



| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | મોટા દરવાજા પાસેનો શિલાલેખ | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧ |
| ૩૧ | રૈયાપીરની મસ્જિદની છત | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧૦ |
| ૩૨ | વેરાવળ દરવાજો | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧૦ |
| ૩૩ | સૂર્ય મંદિર | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૧૦ |
| ૩૪ | સાવનો ટીંબો | પ્રભાસ પાટણ | વેરાવળ પાટણ | ૨ |
| ૩૫ | સૂર્ય કુંડ | ધંધુસર | વંથલી | ૧ |
| ૩૬ | રા'ખેંગાર વાવ | વંથલી પાસે | વંથલી | ૧ |
| ◆ **પાટણ જિલ્લો** ◆ | | | | |
| ૧ | ફાટીપાળ દરવાજો | પાટણ | પાટણ | ૨૩ |
| ૨ | છીંડિયા દરવાજો | પાટણ | પાટણ | ૨૩ |
| ૩ | બગવાડા દરવાજો | પાટણ | પાટણ | ૨૩ |
| ૪ | અઘારા દરવાજો | પાટણ | પાટણ | ૨૩ |
| ૫ | ત્રીપોલિયા દરવાજો | પાટણ | પાટણ | ૨૩ |
| ૬ | ઝાલોરા ગઢનો ટીંબો | ઝાલોરા ગઢ | રાધનપુર | ૨૦ |
| ◆ **પોરબંદર જિલ્લો** ◆ | | | | |
| ૧ | ખીમેશ્વર મહાદેવ મંદિર | કુછડી | પોરબંદર | ૫ |
| ૨ | ચાડેશ્વર મહાદેવ મંદિર | છાયા | પોરબંદર | ૫ |
| ૩ | ધિંગેશ્વર મહાદેવ મદિર | છાયા | પોરબંદર | ૫ |
| ૪ | શ્રીમતી કસ્તુરબાનું ઘર | પોરબંદર | પોરબંદર | ૨ |
| ૫ | સરતાનજીનો ચોરો | પોરબંદર | પોરબંદર | ૨ |
| ૬ | પાંચ મંદિરો | બળેજ | પોરબંદર | ૩ |
| ૭ | નંદેશ્વર મહાદેવ મંદિર | બોખીરા | પોરબંદર | ૫ |
| ૮ | સાત મંદિરો | ભાણસરા | પોરબંદર | ૫ |
| ૯ | પ્રાચીન મંદિરો | માધવપુર (ઘેડ) | પોરબંદર | ૨ |
| ૧૦ | બિલેશ્વર મહાદેવ મંદિર | બિલેશ્વર | રાણાવાવ | ૨ |
| ૧૧ | જાંબુવતી ગુફાઓ | રાણાવાવ | રાણાવાવ | ૨ |
| ◆ **પંચમહાલ જિલ્લો** ◆ | | | | |
| ૧ | વણઝારી વાવ | કાંકણપુર | ગોધરા | ૨૭ |
| ૨ | મંદિર સમૂહ | કાંકણપુર | ગોધરા | ૨૭ |
| ૩ | અર્જુનચોરી | લવાણા | લુણાવાડો | ૫ |
| ૪ | કુંડ | લવાણા | લુણાવાડા | ૫ |
| ૫ | ત્રણ પ્રવેશદ્વારવાળું મંદિર | લવાણા | લુણાવાડો | ૫ |



| | | | | |
|---|---|---|---|---|
| ૬ | પ્રાચીન મંદિર | લવાણા | લુણાવાડો | ૫ |
| ૭ | ભીમ ચોરી | લવાણા | લુણાવાડો | ૫ |
| ૮ | વહુની વાવ | લવાણા | લુણાવાડો | ૫ |
| ૯ | શિકાર મઢી | લવાણા | લુણાવાડો | ૫ |
| ૧૦ | શિલાલેખવાળું મંદિર | લવાણા | લુણાવાડો | ૫ |
| ૧૧ | સાસુની વાવ | લવાણા | લુણાવાડો | ૫ |
| ૧૨ | પગથિયાવાળી ગેબનશાહની વાવ | ચાંપાનેર | હાલોલ | ૮ |
| ૧૩ | પાવાગઢ કિલ્લો | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૧૪ | માંચી કિલ્લો | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૧૫ | બાવમાન કિલ્લો | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૧૭ | ખુણેશ્વર કિલ્લો | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૧૮ | મલિક નાગરની હવેલી | પાવાગઢ/ચાંપાનેર | હાદજલોલ | ૩૫ |
| ૧૯ | ગડી કુંડલ દરવાજા | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૨૦ | મેઢી તળાવ ઉપર પેવેલિયન | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૨૧ | માંચી હવેલી આગળની મસ્જિદ | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૨૨ | મરાઠાનો મહેલ | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૨૩ | ઈંટેરી મસ્જિદ અને તેની નજીકની ઈમારત | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| ૨૪ | નવલખી તળાવથી જમુના કુંડ સુધીનો ભૂગર્ભીય ચેનલ | પાવાગઢ/ચાંપાનેર | હાલોલ | ૩૫ |
| **◆ બનાસકાંઠા જિલ્લો ◆** | | | | |
| ૧. | પ્રાચીન શિવ મંદિર | કસરા | કાંકરેજ | ૧૫ |
| ૨. | કુંભેશ્વર મહાદેવ મંદિર | કુંભારિયા | દાંતા | ૧૦ |
| ૩. | મંદિર નં. ૧ કાંટીવાસ નજીક | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૪. | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૫. | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૬. | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૭. | મંદિર નં. ૫ | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૮. | મંદિર નં. ૬ | તરસંગના જંગલમાં | દાંતા | ૮ |
| ૯. | મંદિર નં. ૧ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા | ૮ |
| ૧૦. | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા | ૮ |



| | | | | |
|---|---|---|---|---|
| ૧૧. | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા | ૮ |
| ૧૨. | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા | ૮ |
| ૧૩. | વાવ | હળાદ | દાંતા | ૭ |
| ૧૪. | પ્રાચીન મંદિર | હળાદ | દાંતા | ૭ |
| ૧૫. | મીઠી વાવ | પાલનપુર | પાલનપુર | ૧૯ |
| ૧૬. | મુલેશ્વર મહાદેવ મંદિર | પાટણ | વાવ | ૧૮ |
| ૧૮. | કપિલેશ્વર મહાદેવ મંદિર | વાવ | વાવ | ૧૮ |
| **◆ ભરૂચ જિલ્લો ◆** | | | | |
| ૧ | કડિયા ડુંગરની ગુફાઓ | ઝાઝપોર | ઝઘડિયા | ૫ |
| **◆ ભાવનગર જિલ્લો ◆** | | | | |
| ૧. | છત અને દીવાલ ઉપરનાં ચિત્રો | ગોપનાથ મંદિર | તળાજા | ૧૪ |
| ૨. | હડપ્પીય ટીંબો | બુધેલ | ભાવનગર | ૧૭ |
| ૩. | ગંગા છત્રી | ભાવનગર | ભાવનગર | ૨ |
| ૪. | જૂના દરબારગઢની કોતરણી | ભાવનગર | ભાવનગર | ૨ |
| ૫. | ભવનાથનું મંદિર | ભાવનગર | ભાવનગર | ૨ |
| ૬. | પ્રાચીન મંદિર | ગુંદી | ભાવનગર | ૩૧ |
| ૭. | ફિરંગી દેવળ | કળસાર | મહુવા | ૨ |
| ૮. | મિનારો | લોલીયાણા | વલ્લભીપુર | ૨૮ |
| ૯. | બ્રહ્મકુંડ | શિહોર | શિહોર | ૨ |
| ૧૦. | સાતશેરી | શિહોર | શિહોર | ૨ |
| **◆ મહેસાણા જિલ્લો ◆** | | | | |
| ૧ | વાવ | મોઢેરા | બેચરાજી | ૫ |
| ૨ | હવા મહેલ | મોઢેરા | બેચરાજી | ૫ |
| ૩ | શક્તિકુંડ | આખજ | મહેસાણા | ૬ |
| ૪ | શિતળા માતા મંદિર | બુટા પાલડી | મહેસાણા | ૭ |
| ૫ | નાગફણી માતા મંદિર (મૂર્તિ સાથે) | મેઉ | મહેસાણા | ૧૦ |
| ૬ | શિતળા માતા મંદિર | લીંચ | મહેસાણા | ૧૫ |



| | | | | |
|---|---|---|---|---|
| ૭ | આમથેર માતાનું મંદિર તથા નાના મંદિરો | વડનગર | વડનગર | ૧૦ |
| ૮ | રાજગઢીના ટીંબા ઉપર જૈન મંદિર | ઉમતા | વિસનગર | ૩૩ |
| | **◆ રાજકોટ જિલ્લો ◆** | | | |
| ૧ | શૈલ ગુફાઓ | ખંભાલીડા | ગોંડલ | ૧૦ |
| ૨ | મીનળ વાવ | વિરપુર | ગોંડલ | ૧૦ |
| ૩ | જામ ટાવર | રાજકોટ | રાજકોટ | ૩૪ |
| | **◆ વડોદરા જિલ્લો ◆** | | | |
| ૧ | વિદ્યાધરની વાવ | સેવાસી | વડોદરા | ૧૩ |
| ૨ | સૂર્યનારાયણ મંદિર | વડોદરા | વડોદરા | ૨૯ |
| | **◆ વલસાડ જિલ્લો ◆** | | | |
| ૧ | રાધાકૃષ્ણ મંદિર | ધરમપુર | ધરમપુર | ૩૧ |
| | **◆ સાબરકાંઠા જિલ્લો ◆** | | | |
| ૧ | કુંડ | ઈડર (ગંભીરપુરા) | ઈડર | ૪ |
| ૨ | વાવ | ઈડર (ગંભીરપુરા) | ઈડર | ૪ |
| ૩ | વાવ | ચોરીવાડ | ઈડર | ૪ |
| ૪ | પ્રાચીન વાવ | દાવડ | ઈડર | ૧૫ |
| ૫ | મહાદેવ મંદિર | આગિયા | ખેડબ્રહ્મા | ૮ |
| ૬ | વાવ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | ૮ |
| ૭ | શિવ મંદિર | દેત્રાણ | ખેડબ્રહ્મા | ૧૨ |
| ૮ | નિલકંઠ મહાદેવ મંદિર | પોશીના | ખેડબ્રહ્મા | ૧૦ |
| ૯ | પ્રાચીન મંદિર | શામળાજી | ભિલોડા | ૫ |
| ૧૦ | વાવ | શામળાજી | ભિલોડા | ૬ |
| ૧૧ | હરિશ્ચંદ્રની ચોરી | શામળાજી | ભિલોડા | ૨૨ |
| ૧૨ | મંદિર સાથે કુંડ | અભાપુર | વિજયનગર | ૪ |
| ૧૩ | જૈન મંદિર નં. ૧ | અભાપુર | વિજયનગર | ૫ |
| ૧૪ | જૈન મંદિર નં. ૨ | અભાપુર | વિજયનગર | ૫ |
| ૧૫ | જૈન મંદિર નં. ૩ | અભાપુર | વિજયનગર | ૫ |
| ૧૬ | શરણેશ્વર મંદિર | અભાપુર | વિજયનગર | ૫ |
| ૧૭ | શિવશક્તિ મંદિર | અભાપુર | વિજયનગર | ૫ |
| ૧૮ | જૈન મંદિર નં. ૧ | આંતરસુબા | વિજયનગર | ૫ |



| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | જૈન મંદિર નં.૨ | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૦ | જૈન મંદિર નં. ૩ | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૧ | જૈન મંદિર નં. ૪ | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૨ | શક્તિ મંદિર | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૩ | શિવ મંદિર | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૪ | શિવ પંચાયતન મંદિર નં. ૧ | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૫ | શિવ પંચાયતન મંદિર નં. ૨ | આંતરસુબા | વિજયનગર | ૫ |
| ૨૬ | નાગરાણી વાવ | ખેડ-ચાંદરણી | હિંમતનગર | ૫ |
| ◆ સુરેન્દ્રનગર જિલ્લો ◆ | | | | |
| ૧ | જીન દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૨ | ઢીંક દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૩ | દક્ષિણ દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૪ | પશ્ચિમ દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૫ | મડાપોળ દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૬ | રાજેશ્વરી દરવાજો | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૭ | સરોવર | ઝીંઝુવાડા | દસાડા | ૧૪ |
| ૮ | જીણાનંદ કુંડ (બે) | ઝીંઝુવાડા | દસાડા | ૨ |
| ૯ | ગંગવો કુંડ અને તેની ઉપરના ચાર મંદિરો | દેદાદરા | વઢવાણ | ૧૪ |
| ૧૦ | મણવા મામાનું મંદિર | દેદાદરા | વઢવાણ | ૧૪ |
| ૧૧ | રાતબા ઉર્ફે રાજબાઈની વાવ | રામપુરા | વઢવાણ | ૧૦ |
| ૧૨ | ગંગાવાવ | વઢવાણ | વઢવાણ | ૨ |
| ૧૩ | માધા વાવ | વઢવાણ | વઢવાણ | ૨ |
| ૧૪ | સ્મશાન પાસેના પાળિયા | હળવદ | હળવદ | ૨ |



# કેન્દ્ર રક્ષિત સ્મારકો

## ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગ, વડોદરા વર્તુળ, વડોદરા

◆ અમદાવાદ જિલ્લો ◆

| ક્રમ | સ્મારક તથા સ્થળનું નામ | તાલુકો | સ્થળ | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧ | ત્રણ દરવાજા, ભદ્રકાળી મંદિર પાસે | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨. | ભદ્ર ટાવર, ભદ્રકાળી મંદિર પાસે | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩. | સીદી સૈયદની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪. | અહમદશાહની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૫. | ત્રણ દરવાજા અથવા ત્રિપોલીયા દરવાજા | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૬. | શાહ કૂપી મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૭. | જામી મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૮. | અહમદ શાહની રાણીનો મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૯. | અહમદ શાહનો મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૦. | પાંચ કૂવા દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૧. | રાણીની મસ્જિદ, સારંગપુર | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૨. | રાણીની મસ્જિદ પાસેનો મકબરો, સારંગપુર | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૩. | ઈંટેરી મિનારા | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૪. | સીદી બસીરનો મિનારો અને મકબરા (ઝૂલતો મિનારો) | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૫. | દિલ્હી દરવાજા | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૬. | કુતુબ શાહની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૭. | દાદા હરીરની મસ્જિદ અને મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૮. | દાદા હરીની વાવ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૧૯. | કાલુપુર દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૦. | સારંગપુર દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૧. | દરિયાપુર દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૨. | પ્રેમાભાઈ દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૩. | માતા ભવાનીની વાવ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૪. | અચ્યુતબીબીની મસ્જિદ અને મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |



| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | દરિયાખાનનો મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૬. | મુહાફીઝખાનની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૭. | રાની રૂપવંતીની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૮. | શાહપુર અથવા કાઝી મહંમદ ચીસ્તીની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૨૯. | સૈયદ ઉસ્માનની મસ્જિદ અને મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૦. | શાહઆલમનો મકબરો, સમૂહના આજુબાજુનાં મકાનો સહિત | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૧. | નાની પથ્થર મસ્જિદ (રાણી મસ્જિદ) | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૨. | આઝમખાન મૌઝમખાનનો રોઝો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૩. | દસ્તુરકાનની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૪. | રાણી સીપ્રીની મસ્જિદ અને મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૫. | આસ્ટોડિયા દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૬. | મલિક આલમની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૭. | રાયપુર દરવાજો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૮. | કાંકરીયા તળાવની નાળ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૯. | બીબીજીની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૦. | હેબતખાનની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૧. | બાબા લુલુઈની મસ્જિદ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૨. | નવાબ સરદારખાન મસ્જિદ અને બહારનો દરવાજો. સર્વે નં. ૬૮૧૪ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૩. | નવાબ સરદારખાનનો રોઝો કમ્પાઉન્ડ સાથે સી.સ. નં. ૬૮૧૧ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૪. | મીર અબુ તુરાબનો મકબરો | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| ૪૫ | જેઠાભાઈની વાવ | અમદાવાદ | ઈસનપુર | અમદાવાદ |
| ૪૬. | નાની પથ્થરની મસ્જિદ (ગુલમ મસ્જિદ) | અમદાવાદ | ઈસનપુર | અમદાવાદ |
| ૪૭. | દરગાહ (કુતુબ-ઈ-આલમ) | અમદાવાદ | વટવા | અમદાવાદ |
| ૪૮. | મોટી મસ્જિદ | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૪૯. | મોટું તળાવ, મહેલ અને હરમ (રાણીવાસ) | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૫૦. | ગંજબક્ષના મકબરાની સામેનો મંડપ | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |



| | | | | |
|---|---|---|---|---|
| ૫૧. | બાબા ઈશાક અને બાબા ગંજબક્ષનો રોઝો, ગંજબક્ષની દરગાહ સામે | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૫૨. | બીબી (રાણી) રાજબાઈનો મકબરો, ગંજબક્ષના મકબરા સામે | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૫૩. | મહંમદ બેગડાનો મકબરો, ગંજબક્ષના મકબરા સામે | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૫૪. | શેક અહમદ ખટ્ટુનો મકબરો, ગંજબક્ષના મકબરા સામે | અમદાવાદ | સરખેજ રોઝા | અમદાવાદ |
| ૫૫. | જામી મસ્જિદ | ધોળકા | ધોળકા | અમદાવાદ |
| ૫૬. | મલાવ તળાવ | ધોળકા | ધોળકા | અમદાવાદ |
| ૫૭. | ખાન મસ્જિદ | ધોળકા | ધોળકા | અમદાવાદ |
| ૫૮. | બેહલોલખાન કાઝીની મસ્જિદ | ધોળકા | ધોળકા | અમદાવાદ |
| ૫૯. | ખંડેર મકાન | ધોળકા | ધોળકા | અમદાવાદ |
| ૬૦. | પ્રાચીન સ્થળ-લોથલ | ધોળકા | સરગવાલા | અમદાવાદ |
| ૬૧. | રઘુશાહપીરની મસ્જિદ | ધંધુકા | રાણપુર | અમદાવાદ |
| ૬૨. | જામી મસ્જિદ | વિરમગામ | માંડલ | અમદાવાદ |
| ૬૩. | કાઝી મસ્જિદ | વિરમગામ | માંડલ | અમદાવાદ |
| ૬૪. | સઈદની મસ્જિદ | વિરમગામ | માંડલ | અમદાવાદ |
| ૬૫. | મનુસર તળાવ અને મંદિરો | વિરમગામ | વિરમગામ | અમદાવાદ |
| | ◆ **અમરેલી જિલ્લો** ◆ | | | |
| ૧. | પ્રાચીન સ્થળ - ગોહિલવાડનો ટીંબો | અમરેલી | અમરેલી | અમરેલી |
| ૨. | ભીંતચિત્રો-કાશી વિશ્વનાથ મંદિર | લાઠી | પાડરસીંગા | અમરેલી |
| ૩. | પ્રાચીન સ્થળ | અમરેલી | વેણીવદર | અમરેલી |
| | ◆ **આણંદ જિલ્લો** ◆ | | | |
| ૧. | વાવ | બોરસદ | બોરસદ | આણંદ |
| ૨. | જામી મસ્જિદ | ખંભાત | ખંભાત | આણંદ |
| | ◆ **કચ્છ જિલ્લો** ◆ | | | |
| ૧. | રાવલાખાની સમાધિ તથા છત્રી | ભુજ | ભુજ | કચ્છ |
| ૨. | શિવ મંદિર | ભુજ | કોટાઈ | કચ્છ |



| | | | | |
|---|---|---|---|---|
| ૩. | ઉત્ખનિત સ્થળ | ભુજ | સુરકોટડા | કચ્છ |
| ૪. | પ્રાચીન સ્થળ (કોટડા હડપ્પાકાળની વસાહત) | ભચાઉ | ધોળાવીરા | કચ્છ |
| | ◆ ખેડા જિલ્લો ◆ | | | |
| ૧. | વિઠ્ઠલભાઈની હવેલી | નડીયાદ | વસો | ખેડા |
| ૨. | ભમરિયા કૂવો | મહેમદાવાદ | મહેમદાવાદ | ખેડા |
| ૩. | ગળતેશ્વર મંદિર | ઠાસરા | સરનાળ | ખેડા |
| ૪. | સૈફ-ઉદ્દીન અને નિઝામ ઉદ્દીનની કબર | મહેમદાવાદ | સોજાલી | ખેડા |
| ૫. | મુબારક સઈદનો મકબરો | મહેમદાવાદ | સોજાલી | ખેડા |
| | ◆ ગાંધીનગર જિલ્લો ◆ | | | |
| ૧. | રૂડાબાઈની વાવ શિલાલેખ સાથે | ગાંધીનગર | અડાલજ | ગાંધીનગર |
| | ◆ જામનગર જિલ્લો ◆ | | | |
| ૧. | દુર્વાસા ઋષિનો આશ્રમ અને તેનું સ્થળ | કલ્યાણપુર | પીંડારા | જામનગર |
| ૨. | કાલિકા માતાનું મંદિર | દ્વારકા | નવી ધ્રઈવડ | જામનગર |
| ૩. | ગોકેશ્વર મહાદેવ મંદિર | દ્વારકા | લોરાલી | જામનગર |
| ૪. | ગઢની રાંગ અને મંદિર સર્વે નં. ૧૦૬ | દ્વારકા | જૂની ઢીંકી | જામનગર |
| ૫. | રામ મંદિર | દ્વારકા | બરડીયા | જામનગર |
| ૬. | દ્વારકાધીશ મંદિર સમૂહ બહારના કમ્પાઉન્ડ સાથે સર્વે નં. ૧૬૦૭, ૧૬૦૮ અને ૧૬૦૯ | દ્વારકા | દ્વારકા | જામનગર |
| ૭. | ક્ષત્રપ શિલાલેખ | દ્વારકા | દ્વારકા | જામનગર |
| ૮. | રુકમણિ મંદિર | દ્વારકા | દ્વારકા | જામનગર |
| ૯. | મગદેરૂ મંદિર ધ્રાશણવેલ | દ્વારકા | ધ્રાશણવેલ | જામનગર |
| ૧૦. | ગુહાદિત્ય મંદિર સર્વે નં. ૬૫૫ | દ્વારકા | બરવાળા | જામનગર |
| ૧૧. | જુનાગઢી (જૈન મંદિર) | દ્વારકા | વસઈ | જામનગર |
| ૧૨. | કંકણેશ્વર મહાદેવ મંદિર અને અન્ય મંદિરો | દ્વારકા | વસઈ | જામનગર |
| ૧૩. | ગોપ (સૂર્ય) મંદિર | જામજોધપુર | નાની ગોપ | જામનગર |
| | ◆ જૂનાગઢ જિલ્લો ◆ | | | |
| ૧. | અશોકનો શિલાલેખ | જૂનાગઢ | જૂનાગઢ | જૂનાગઢ |
| ૨. | બૌદ્ધ ગુફા | જૂનાગઢ | જૂનાગઢ | જૂનાગઢ |



| | | | | |
|---|---|---|---|---|
| ૩. | બાવા પ્યારા, ખાપરા કોડિયા ગુફાઓ | જૂનાગઢ | જૂનાગઢ | જૂનાગઢ |
| ૪. | પ્રાચીન ટીંબો | જૂનાગઢ | ઈટાવા | જૂનાગઢ |
| ૫. | જામી મસ્જિદ | માંગરોળ | માંગરોળ | જૂનાગઢ |
| ૬. | બીબી મસ્જિદ | માંગરોળ | માંગરોળ | જૂનાગઢ |
| ૭. | રવેલી મસ્જિદ | માંગરોળ | માંગરોળ | જૂનાગઢ |
| ૮. | રણછોડજીનું મંદિર, મહાદેવ મંદિરના ચોક પાસેની ખરાબાની જમીન સાથે | કોડીનાર | મૂળ દ્વારકા | જૂનાગઢ |
| **◆ દાહોદ જિલ્લો ◆** | | | | |
| ૧. | મહાદેવનું પ્રાચીન ભગ્ન મંદિર | દાહોદ | બાવકા | દાહોદ |
| **◆ પાટણ જિલ્લો ◆** | | | | |
| ૧. | ખાન સરોવરનો દરવાજો | પાટણ | પાટણ | પાટણ |
| ૨. | રાણીની વાવ | પાટણ | પાટણ | પાટણ |
| ૩. | સહસ્રલિંગ તળાવ (ઉત્ખનિત) | પાટણ | અનાવાડા | પાટણ |
| ૪. | શેખ ફરીદનો મકબરો | પાટણ | પાટણ | પાટણ |
| ૫. | નિલકંઠેશ્વર મહાદેવ મંદિર | પાટણ | સુણક | પાટણ |
| ૬. | સવાઈ માતાનું મંદિર | પાટણ | સુણક | પાટણ |
| ૭. | જામી મસ્જિદ | સિદ્ધપુર | સિદ્ધપુર | પાટણ |
| ૮. | ભગ્ન રૂદ્ર મહાલય મંદિર | સિદ્ધપુર | સિદ્ધપુર | પાટણ |
| ૯. | નિલકંઠેશ્વર મહાદેવ મંદિર | ચાણસ્મા | રૂહાવી | પાટણ |
| ૧૦. | સંડેરી માતા મંદિર પાસેના બે નાના મંદિરો | ચાણસ્મા | સંડેર | પાટણ |
| ૧૧. | સીતા માતા મંદિર | પાટણ | પિલુદરા | પાટણ |
| ૧૨. | સૂર્ય મંદિરનું તોરણ | પાટણ | સિદ્ધપુર | પાટણ |
| **◆ પોરબંદર જિલ્લો ◆** | | | | |
| ૧. | મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ (ઘર) | પોરબંદર | પોરબંદર | પોરબંદર |
| ૨. | જૂનું પાર્શ્વનાથ મંદિર | પોરબંદર | મિયાણી | પોરબંદર |
| **◆ પંચમહાલ જિલ્લો ◆** | | | | |
| ૧. | સિકંદર શાહનો મકબરો | હાલોલ | હાલોલ | ગોધરા |
| ૨. | એક મિનારની મસ્જિદ | હાલોલ | હાલોલ | ગોધરા |



| | | | | |
|---|---|---|---|---|
| ૩. | પંચ મહુડાની મસ્જિદ | હાલોલ | હાલોલ | ગોધરા |
| ૪. | મકબરો, પંચ મહુડાની મસ્જિદ પાસે | હાલોલ | હાલોલ | ગોધરા |
| ૫. | સર્પાકાર પગથિયાવાળી વાવ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૬. | સકરખાનની દરગાહ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૭. | શહેરી દરવાજો | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૮. | ભદ્ર કિલ્લાની દીવાલ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૯. | ભદ્ર કિલ્લાના દક્ષિણ પૂર્વમાં આવેલો શહેરી કિલ્લો | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૦. | પૂર્વ અને દક્ષિણના ભદ્ર દરવાજા | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૧. | શહેર કી મસ્જિદ (વોહરાની) | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૨. | ત્રણ ભોંયરા | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૩. | માંડવી અથવા જકાત નાકું | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૪. | જામી મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૫. | વાવ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૬. | કેવડા મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૭. | મધ્યમાં તેમજ ખૂણામાં આવેલી ઈંટેરી ઘુમ્મટ સાથેની દરગાહ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૮. | કેવડા મસ્જિદનો સેનોટાફ (ઘુમ્મટ) સ્મરણ સ્તંભ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૧૯. | નગિના મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૦ | નગિના મસ્જિદનો સેનોટાફ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૧. | લીલી-ગુંબજ-કી-મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૨. | કબુતરખાના મંડપ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૩. | કમાની મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૪. | બાવમાનની મસ્જિદ | હાલોલ | ચાંપાનેર | પંચમહાલ |
| ૨૫. | દરવાજા નં.-૧, અટક દરવાજો (બે પ્રવેશદ્વાર સાથે) | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૨૬. | દરવાજા નં. ૨, (ત્રણ પ્રવેશદ્વાર સાથે) બુધિયા દરવાજો | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૨૭. | દરવાજા નં. ૩, મોટો દરવાજો, સદનશાહ દરવાજો | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |



| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | દરવાજા નં. ૪, મોટો બુરજ અને આંતરિક ભોંયરા સાથે | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૨૯. | સાત મંઝિલ બુરજ સુધીના પગથિયા સાથે | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૦. | ટંકશાળ, ગેટ નં. ૪ નજીક | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૧. | ગુલન બુલન દરવાજા નં. ૫ | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૨. | બુલંદ દરવાજા નં. ૬ | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૩. | મકઈ કોઠાર | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૪. | પતઈરાવળનો મહેલ તળાવ સાથે | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૫. | દરવજા નં. ૭ મકઈ દરવાજો | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૬. | દરવાજા નં. ૮ તારાપુર દરવાજો | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૭. | પાવાગઢનો કિલ્લો અને પાવાગઢ ડુંગર પરના ખંડેર હિન્દુ મંદિરો અને જૈન મંદિરો | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૮. | નવલખા કોઠાર | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૩૯. | ટોચ ઉપર આવેલ કિલ્લાની દીવાલ | હાલોલ | પાવાગઢ ટેકરી | પંચમહાલ |
| ૪૦. | રૂદ્ર મહાલય મંદિર | હાલોલ | દેસર | પંચમહાલ |
| ૪૧. | કંકેશ્વર મહાદેવ મંદિર | ગોધરા | કાંકણપુર | પંચમહાલ |
| ૪૨. | પ્રાચીન રત્નેશ્વર મહાદેવ મંદિર શિલ્પોના પટ્ટ સાથે | હાલોલ | રતનપર | પંચમહાલ |
| | ◆ ભરૂચ જિલ્લો ◆ | | | |
| ૧. | જામી મસ્જિદ | ભરૂચ | ભરૂચ | ભરૂચ |
| | ◆ ભાવનગર જિલ્લો ◆ | | | |
| ૧. | પ્રાચીન સ્થળ/ટીંબો | શિહોર | શિહોર | ભાવનગર |
| ૨. | દરબારગઢ | શિહોર | શિહોર | ભાવનગર |
| ૩. | પ્રાચીન સ્થળ/ટીંબો | વલભીપુર | વલભીપુર | ભાવનગર |
| ૪. | જૈન મંદિરો | તળાજા | તળાજા | ભાવનગર |
| ૫. | તળાજાની ગુફાઓ | તળાજા | તળાજા | ભાવનગર |



| | | | | |
|---|---|---|---|---|
| | ◆ મહેસાણા જિલ્લો ◆ | | | |
| ૧. | મલાઈમાતા મંદિર | મહેસાણા | પાલોદર | મહેસાણા |
| ૨. | હિંગળાજ માતાનું મંદિર | વિસનગર | ખંડોસણ | મહેસાણા |
| ૩. | સભામંડલ (દ્વિજોડ્યા) અને પ્રાચીન મંદિરો | વિસનગર | ખંડોસણ | મહેસાણા |
| ૪. | જસમલનાથજી મહાદેવ મંદિર | વિજાપુર | અસોડા | મહેસાણા |
| ૫. | અજેપાલ કુંડ | વડનગર | વડનગર | મહેસાણા |
| ૬. | શિલાલેખ અને અર્જુન બારી દરવાજો | વડનગર | વડનગર | મહેસાણા |
| ૭. | તોરણ | વડનગર | વડનગર | મહેસાણા |
| ૮. | કુંડ | વિજાપુર | વિજાપુર | મહેસાણા |
| ૯. | સૂર્ય મંદિર, સૂર્યકુંડ સાથે જોડાયેલા મંદિરો અને છૂટા શિલ્પો | બેચરાજી | મોઢેરા | મહેસાણા |
| | ◆ રાજકોટ જિલ્લો ◆ | | | |
| ૧. | ઢાંકની ગુફા | ઉપલેટા | ઢાંક | રાજકોટ |
| | ◆ વડોદરા જિલ્લો ◆ | | | |
| ૧. | ભાઉ તાંબેકરવાડાની દીવાલો પરના ભીંતચિત્રો | વડોદરા | વડોદરા | વડોદરા |
| ૨. | ઐતિહાસિક સ્થળ સર્વે નં. ૪૩૧ થી ૪૩૫ | વડોદરા | વડોદરા | વડોદરા |
| ૩. | હજીરા અથવા કુતુબુદ્દીન મહંમદખાનનો મકબરો | વડોદરા | દંતેશ્વર | વડોદરા |
| ૪. | પ્રાચીન સ્થળ (ઉત્ખનિત) | ડભોઈ | કાયાવરોહણ | વડોદરા |
| ૫. | તોરણ - પ્રવેશદ્વાર | ડભોઈ | કાયાવરોહણ | વડોદરા |
| ૬. | પ્રાચીન સ્થળ - સાંઢિયાપુરા | વડોદરા | ગોરજ | વડોદરા |
| ૭. | વડોદરા દરવાજો અને તેની સાથેનું બાંધકામ | ડભોઈ | ડભોઈ | વડોદરા |
| ૮. | હીરા દરવાજો સર્વે નં. ૩૮, ૪૧, ૪૫, ૪૭ અને ટીકા નં. ૧૦૨ અને ૧૦૩ | ડભોઈ | ડભોઈ | વડોદરા |




| | | | | |
|---|---|---|---|---|
| ૯. | મહુડી (ચાંપોરી) દરવાજો અને તેની સાથેનું બાંધકામ | ડભોઈ | ડભોઈ | વડોદરા |
| ૧૦. | નાંદોદી દરવાજો તથા તેની સાથેનું પ્રાચીન બાંધકામ | ડભોઈ | ડભોઈ | વડોદરા |
| ૧૧. | સપ્તમુખી વાવ | ડભોઈ | ડભોઈ | વડોદરા |
| ૧૨. | માઈક્રોલિથિક સાઈટ સર્વે નં. ૩૧૧, ૧૨, ૧૩ અને ૨૯૮ | સાવલી | અમરાપુરા | વડોદરા |
| **◆ સાબરકાંઠા જિલ્લો ◆** | | | | |
| ૧. | સિકંદરશાહની કબર | પ્રાંતિજ | પ્રાંતિજ | સાબરકાઠા |
| ૨. | મંદિર સમૂહ | હિંમતનગર | ખેડ અને રોડા | સાબરકાંઠા |
| **◆ સુરત જિલ્લો ◆** | | | | |
| ૧. | ખ્વાજા દાના સાહેબનો રોઝા તરીકે ઓળખાતી દરગાહ | સુરત | સુરત | સુરત |
| ૨. | અંગ્રેજોનું પ્રાચીન કબ્રસ્તાન | સુરત | સુરત | સુરત |
| ૩. | ખ્વાજા સફર સુલેમાનની કબર | સુરત | સુરત | સુરત |
| ૪. | પ્રાચીન ડચ અને આર્મેનિયન કબર અને દફન સ્થળ | સુરત | સુરત | સુરત |
| ૫. | પ્રાચીન સ્થળ સર્વે પ્લોટ નં. ૫૩૫ સહિત | સોનગઢ | કામરેજ | સુરત |
| ૬. | ફતેહ બુરજ | સોનગઢ | વ્યારા | સુરત |
| **◆ સુરેન્દ્રનગર જિલ્લો ◆** | | | | |
| ૧. | રાણકદેવીનું મંદિર | વઢવાણ | વઢવાણ | સુરેન્દ્રનગર |
| ૨. | પ્રાચીન ટીંબો | લીંબડી | રંગપુર | સુરેન્દ્રનગર |
| ૩. | સૂર્ય મંદિર (સૂરજદેવળ) | ચોટીલા | થાનગઢ | સુરેન્દ્રનગર |
| ૪. | નવલખા મંદિર | સાયલા | સેજકપુર | સુરેન્દ્રનગર |
| ૫. | પ્રાચીન વસાહત/ટીંબો (ગામમાં) | સાયલા | સેજકપુર | સુરેન્દ્રનગર |
| ૬. | દરબારગઢ | હળવદ | હળવદ | સુરેન્દ્રનગર |
| ૭. | અનંતેશ્વર મંદિર | ચોટીલા | ભડિયા અણંદપુર | સુરેન્દ્રનગર |














પ્રકાશક : માહિતી નિયામક. ગુજરાત રાજ્ય, ગાંધીનગર ● પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ